॥ શ્રી ॥

સત્‌મુખ સંહાર,

અને

ઈશ્વર ભક્તિ.

રચી, છપાવી પ્રસિદ્ધ કરનાર,
કવિ રેવાશંકર લાધારામ જોશી. રતઐશ્વર્ય સારસ્વત.
સ્થાનિકગુરૂ. મુ. તુણાબંદર—કચ્છ.

પ્રથમ આવૃત્તિ. પ્રત પાંચસો.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

અમદાવાદ,
ટંકશાળમાં શ્રી "યુનિયન" પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ શામળદાસે છાપ્યું.

કીંમત રૂા. ૧—૦—૦

અર્પણ પત્રિકા.

સદ્દગુણ સંપન્ન અને માનવંતા મહાશય શેઠજી સાહેબ

રા. રા. રાઘવજીભાઇ પુરૂષોત્તમ દેવજી.

નીવાશી કચ્છ તુણાબંદર, હાલ મુંબઇ.

આપ સ્વધર્મ રક્ષક કુળવાન તેમ સ્વજ્ઞાતી અને વિદ્યા પ્રત્યે અપુર્વ પ્રેમ દર્શાવનાર વળી પરોપકારમાં પુરો ઉત્સાહ ધરાવનાર હોવાથી દરેક વ્યક્તિનું ચિત્તાકર્ષણ આપના પ્રતિ થાય એ સ્વભાવીક છે.

મારા મુંબઇ આવ્યા પછી આપની પેહેલી મુલાકાત વખતેજ આપના વિનય સંપન્ન શબ્દોએ અને મમતા મહોદધીએ મારા હૃદયમાં ઉંડી અસર કરી ત્યાર પછી પણ આપની સાથે હમેશનો સહવાસ હોતાં પ્રતિદીન આપના સદ્દગુણોનું મને પરીપુર્ણ દીગદર્શન થયું. એ આપના ઉત્તમોત્તમ ગુણોએ અને અવિચ્છન પ્રીતીએ મારા હૃદયનું આક્રમણ કર્યું છે.

આ ભક્તિ માગે પ્રેરક પુસ્તક કોઇ વિદ્વાન કુળવાન અને ઉત્તમ સાત્વીક વૃતીવાળા સદ્દગૃહસ્થને અપાય તો ઘણું સારૂં એવી મારી પેહેલેથી ધારણા હતી. પણ હાલના સમયમાં વિદ્વાન કુળવાન અને ધનવાન ગૃહસ્થો ઘણાં છે. પરંતુ સર્વત્ર જેટલા પ્રમાણમાં જોઇએ તેવી નીતિ, ભક્તિ, દયા અને સત્ય જોવામાં આવતાં નથી તેથી થોડો વખત મારે મુંઝાવું પડયું. પણ પછી પ્રભુ કૃપાથી આપનો પરિચય થતાં મારી ઉપરોક્ત ધારણાને ટેકો મળ્યો અને મનોભાવ સફળ થયો. તેથી આ પ્રભુ ગુણ પ્રેરક લઘુ લેખ આપને સમર્પણ કરતાં હું અત્યાનંદ આભાર માનું છું. લી. હું છું આપનો સદા હિતચિંતક,

જોશી રેવાશંકર લાધારામ રતૈશ્વર્ય.

કચ્છ-તુણાબંદર. સ્થાનિક ગુરૂ.

શેઠ રાઘવજીભાઇ પુરૂષોત્તમ પ્રત્યે સ્વયં ઉદ્‌ભવતા આશિર્વચન.

દોહરા.

ઠ રો સદા સુભ:ઠામમાં.
ક રો સુશોભિત નામ.
ર ક્ષા કરે રમાપતિ.
રા ઘવજી ગુણુધામ.
ઘ ણું ઘણું શુભ કાર્યમાં.
વ ધતું રાખી વાલ.
જી વન આ ઝળકાવીઉ.
ભા ગ્યવંત-વિસાલ.
ઇ શ્વર આ સંસારમાં,
પુ રે સૌ મન કામ.
ર ક્ષણુ કરતા રામજી.
શો ક નીવારે શ્યામ.
ત્ત પો તેજ તરણી સમું.
મ ળે મહીમાં માન.
શે વક સુત ધન ધાન્યથી.
ઠ રી થજો કલ્યાણુ.

સદ્‌ગુણુતા જેમાં સદા વિનય વીવેક વીશાલ,
(તે) સુખી રહો સ્રષ્ટી વીષે પ્રતિદીન રાઘવલાલ;
જ્ઞાતી હીત ચીંતક સદા વળી વિશેષ દયાલ,
પુરષોત્તમ સુત સુખી રહો પ્રતિદીન રાઘવલાલ.

લી આપનો હિતચિંતક,
જોશી રેવાશંકર લાધારામ.
કચ્છ-તુણાબંદર સ્થાનિકગુરૂ.

ઉપોદ્ઘાત.

આ પુસ્તક પરમાત્મા પ્રેરક હોવાથી તે વિષે બે બોલ લખ્યા હોય તો અયોગ્ય ન ગણાય માટે લખું છું. પ્રથમ તો ભક્તિ એટલે શું તે જાણવું જોઇએ કે એક અનન્ય પ્રેમ તેનું નામ ભક્તિ છે. તે ભક્તિ ઘણા પ્રકારની છે, જેમકે સ્વદેશ ભક્તિ, ન્યાતી ભક્તિ, પતિ ભક્તિ, બંધુ ભક્તિ, પિત્ર ભક્તિ, વગેરા એવા તેના અનેક પ્રકાર છે. પણ સર્વ કરતાં પ્રભુ ભક્તિ–જે પ્રભુ પ્રત્યેનો અનન્ય પ્રેમ તે તો સર્વ કરતાં શ્રેષ્ટ અને આ લોક તેમ પરલોકમાં કલ્યાણ કરતા છે એમ આપણા સતશાસ્ત્રો અને અનુભવ પામેલા મહાત્મા પુરૂષો કથન કરે છે. માટે દરેક મનુષ્યને પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ દરશાવવાની ઘણીજ અગત્ય છે.

આ સંસારમાં જનમી આપણે અનેક પ્રકારના મોહમાં ફસાઈ કયો માર્ગ આપણું કલ્યાણ કરતા છે તે ભુલી જઈ અનેક વિષયોના ફાંદામાં ફશાઇ અધોગતીને પામીએ છીએ. ફરી કોઇવાર સત્સંગના પ્રભાવથી જ્યારે આપણે સમજીએ છીએ, ત્યારે જેમ પ્રમાદ (નીશા) વાળી વસ્તુ ખાધાથી કોઇ અઘટીત કૃત્ય કરી તે પ્રમાદ નાશ પામતાં આપણને તે કૃતવ્ય વિષે અવર્ણનીય શોચ થાય; તેમ આપણે ઘણી વખત કરીએ છીએ. અને પછી આપણી વૃતી સુધારવાને પ્રયત્ન પણ આચરીએ છીએ, પણ તે ઘણોજ થોડો કે જેથી ફરી પાછું ચંચળ મન વિષયોના રાગપ્રતિ દોરાઇ ઉત્પન્ન થયેલા ઉત્કૃષ્ટ વિચારને થોડા વખતમાં તોડી પાડે છે. એમ પ્રતિ વખત બન્યા કરે છે. પણ નીર્ભયતા મળતી નથી. માટે પહેલું આપણું એજ કૃતવ્ય છે કે જગન્નીયંતા શ્રીહરીને શર્ણ થવું. કેમકે આ ખરી લાગતી સંસારની રચના એક સ્વપ્ન જેવી છે અને ભ્રાંતીરૂપ છે. આપણી દ્રષ્ટી સમક્ષ આ સંસારચક્રનું પરિવર્તન થાય છે. જેમકે બાળકો યુવાવસ્થાને પામી મસ્ત બને છે. મસ્ત બનેલા યુવકો પાછા વૃદ્ધાવસ્થાને પામી શ્રીહત થઇ લાચાર સ્થિતીમાં જોવામાં આવે છે. અને અવસાન આવતાં હતા નહતા થાય છે.

વળી બીજા કેટલાક જન્મે છે અને એજ દશાનું અનુકરણ કરે છે. એમ પ્રતિ વખત બને છે અને તે આપણને સ્પષ્ટ જણાય છે. આપણે તેવું હમેશાં જોઇએ છીએ, અનુભવીએ છીએ, અને આપણા કોઇ સમ્બધના અવસાન સમયે આ સંસાર વૃથા છે, તદ્દન ખોટો છે, નશ્વર છે, સ્વપ્ન જેવો છે, અસાર છે, બધા માયાના પ્રપંચ છે, ૠણાનુંબંધથીજ બનેલો છે, એવા એવા હજારો ઉદગારો આપણા સ્વમુખેથીજ બહાર પડે છે, અને કાંઇક મન પણ નરમ પડે છે. તેજ આપણે પાછા થોડો કાલ વ્યતિત થતાં સર્વે ભૂલી જઇ, એ ખોટા સંસારમાં તનમનથી ઝંપલાઇ પડીએ છીએ. તે કેટલું બધું ખોટું ? એ આપણી કેવડી મોટી ભૂલ છે કે છતી આંખે દીવો લઇ કુવામાં પડવા જેવું કરીએ છીએ.

વાંચનાર ! તું એમ ના સમજતો કે ત્યારે તે સંસાર ખોટો છે એમ સમજી તેને તજી બાવા બની જવાથી આપણું કલ્યાણ થાય છે, કે બીજા ઘણા બાહ્યાચાર કરવાથી પ્રભુભક્તિ સાધી શકાય છે, તેવું કાંઇ નથી. વેષ બદલ કરવાથી, કે અરણ્યમાં વસવાથી, કે મનની સુદ્ધતા કર્યા શીવાય બીજા અનેક બાહ્યાચાર કરવાથી કોઇનું કલ્યાણ થયું નથી, અને થવું પણ નથી. કેમકે—

શ્લોક.

वनेऽपि दोषा प्रभवंती रागीणां ।
ग्रहेऽपि पंचेन्द्रिय निग्रहस्तप ॥
अकुत्सि ते कर्मणि यप्रवर्तते ।
निवृत्त रागस्य ग्रहं तपोवनम् ॥

ઇંદ્રીઓને વશ ન રાખનારને વનમાં પણ વિકારરૂપ દોષ થાય છે. અને પાંચે ઇંદ્રીયોને નીયમમાં રાખી પોતાના ઘરમાં રહી શુભ કામમાં પ્રવર્તે થનાર સજ્જનને ઘર પણ તપોવન જેવુંજ છે. માટે એથી ઘરમાં રહીને પણ પોતાનું કલ્યાણ સાધી શકાય એમ સમજવું જોઇએ. આ સંસારમાં રહી દરેક કાર્ય કર્યા છતાં પ્રભુ ભક્તિ થાય છે, અને ઉત્તમ ગતી પમાય છે.

કેમકે સંસારમાં એકદમ લુબ્ધ બની જકડાઇ જવાથીજ અધોગતી થાય છે, પણ તેમાં રહ્યા છતાં નીષ્પ્રહતા રાખવાથી તેમ થતું નથી. જેમ જલમાં કમળ રહ્યા છતાં તેનાથી તે લેપાતો નથી, તેમ જો મનુષ્ય સંસારની અંદર રહે તો તેના ભયાનક વ્યતિકરો–રાગદ્વેષાદી તેને પરાભવન કરતાં સારી રીતે પ્રભુભક્તિ આચરી શકે છે, અને આ સંસારના જન્મ મરણના ચકૃથી મુક્ત બની શકે છે. આપણે આ સંસારની અંદર કેમ રહેવું તે પ્રથમ જાણવું જોઇએ. કેમકે એક કરોડપતિ સેઠ સાધારણ સ્થીતીવાળાને પોતાનો મુનીમ રાખે, હવે તે મુનીમ વેપારનો બધો કારભાર કરે તેમાં કહેશે કે અમારાં વહાણ અમુક બંદરેથી અમુક માલ ભરી આવનાર છે, આ સાલમાં અમને પંદરલાખની પેદાશ હતી, કે અમુક વેપારમાં અમને આટલી ખોટ ગઇ, એમ તે પોતાનું કરીનેજ બોલે છે; પણ મનમાં તો તે બરાબરજ જાણે છે, કે આમાં ખોટ કે લાભ બધું શેઠને છે. તેમાં મારે કંઇ પણ લેવા દેવા નથી. તેથી મારે તો મારી સ્થિતી પ્રમાણેજ રહેવું. તેમ આ સંસારમાં જન્મ પામેલા આપણે મુનીમ છીએ ને શેઠ તો શ્રીમન્ પરમાત્મા છે. તેણે અહીં આપણને વેપાર કરવા નીમીતે મોકલ્યા છે, અને આંખો, નાક, કાન, હાથ પગ, દાંત, જીભ સહીત સરીર અને જ્ઞાન વગેરે કરોડોની સંપતિ આપણને સોંપી છે. વળી માતા, પીતા, સ્ત્રી, પુત્ર, ભાઇ, બેન, કાકા, મામા, વગેરે તે વેપારના સહાયકો પણ આપ્યા છે. ત્યાં જો ભક્તજન તે સર્વ તેનું છે. મારૂં કંઇ પણ નથી. એમ સમજી; વ્યવહાર રૂપ વેપાર ચલાવે, અને તે સહાયકો કે સંપતી (શરીર) નાશ થવાની અણીપર હોય, છતાં તે વિષે જરા સરખો એ અપશોષ ન કરે, અને વૃદ્ધી થાય તો પણ હર્ષ ન પામે તે પોતાના મનથી નિશ્ચય માને કે આ સર્વ તેની સંપત્તી છે. તેમાં મારે કંઇ લેવા દેવા નથી. હું તો વેપાર ચલાવનાર તેનો મુનીમ-સેવક છું. ખોટ આવે કે વૃદ્ધી થાય તેનો માલીક તે છે. તેમાં મારે કશુંએ નથી. આમ સમજનાર ખરેખરો ભગવદ્ ભક્ત નિષ્પ્રહતા વાળો ગણાય છે. વળી બીજી રીતે જેમ કોઈ નાટ્યકાર હરીશ્ચંદ્રનો ખેલ કરે તેમાં કોઇ બ્રાહ્મણ હોય ને ભંગીનો પાઠ કરે ને શુદ્ર હોય તે વસીષ્ટ રૂશી થાય, તે બંનેને બરાબરજ

તે પાર્ટ બજાવવો જોઇએ. તેથી સુદ્ર બરાબર ફ્શીપણું કરી બતાવે, અને પેલો બ્રાહ્મણ બરાબર ભંગીપણું કરી બતાવે; પણ તે બંને પોતાના મનમાં તો ચોક્કસ સમજે કે અમે આ પાર્ટ ભજવીએ છીએ તે નથીજ, પણ અમુક જ છીએ. ખેલ ખલાસ નથી થયો ત્યાં લગીજ અમારે આ કાર્ય કરવાનું છે. તેમ દરેક મનુષ્ય આ પ્રથ્વીપર પાર્ટ બજાવવા આવે છે જેમકે કોઇ બ્રાહ્મણ કે ક્ષત્રી, વૈશ કે શુદ્ર, યુરોપીયન કે શીધી, પારશી કે મુસલમાન, ગમે તે હો, તે સૌને પોતપોતાનો પાર્ટ પુરો કરવાનો છે. તેમાં જે સારૂં કામ કરનાર હોય, તેને ઇનામ મળે છે, તેમ આ ઠેકાણે પણ પોતપોતાના ધર્મ પ્રમાણે પ્રભુના ફરમાન મુજબ વરતવાથી તેની કૃપારૂપ ઇનામ મળતાં અનંત લાભ થાય છે. હવે વાંચક પણ તે પાર્ટ બજાવનારે મનમાં સમજવું જોઇ કે આ ખેલ ખલાસ થતાં (અંતસમય આવતાં) હું આ પાર્ટ ભજવું છું તે નથી, પણ બીજો છું. એમ માને, અને પોતાપણું ભૂલી ન જતાં મેનેજરરૂપ ઇશ્વર પ્રત્યે સુભ લાગણી ધરાવી સેવા બજાવે, તો અનંત કલ્યાણ થાય. પણ પ્રભુએ આપણને વેપાર કરવા સંપતી આપી તે મારીજ છે, એમ ખોટિખોટું માની બેસનાર તો દુઃખીજ થાય, અને સંસારરૂપ ચક્રમાં જન્મમરણરૂપ કષ્ટ પામે તેમાં નવાઇ શું !

હવે આપણે આટલું જાણીએ છીએ, સમજીએ છીએ, છતાં સંસારમાં ફસાઇ અનંત દુઃખ શામાટે ભોગવીએ છીએ ? અને આ માટે નિયંતા પ્રભુ તરફ આપણો અચળ પ્રેમ નથી થતો ? એ સમજવું જોઇએ. પ્રથમ તો આ સંસારની અંદર આપણા અનંત જન્મો થયેલા હોવાથી માત્ર, અહાર, નિદ્રા, ભય અને મિથુન, એજ સંસ્કાર અત્યંત પડેલા છે. કેમકે જ્ઞાન પ્રાપ્તી મનુષ્ય વગર ઇતર–બીજા જન્મોમાં થતી નથી. તેથી આપણે વારંવાર સમજીને પણ પુર્વના સંસ્કાર જોગે ભુલી જઇએ છીએ. અને બીજી રીતે પરમાત્માની અજીત માયા જોગે આપણે સમજીને પણ મૂઢ બનીએ છીએ. અને ત્રીજી રીતે જોતાં હાલના ભક્તી માર્ગોપદેશક આપણે એવા માન્યા છે કે તેઓ આપણા કરતાં પણ માયામાં વધારે ગુંથાએલા પડ્યા છે, તે આપણને શો બોધ આપી શુભ માર્ગે બતાવી શકે ? તેઓ તો કેવી

રીતે પોતાના સેવકો પાસે ધન કઢાવી સુખી થવાય. એજ પેરવીમાં હોય છે. અને ખરો માર્ગ બતાવનારા હોય તેને આપણે જાણી શકતા નથી; તેથીજ આવું થાય છે. આપણે હાલ શ્રદ્ધા લાવી જેની સેવના કરીએ છીએ, તેવા ગુરૂઓ કે સંતો તો "મેરે લાલજીકું અચ્છા ભોગ ચૈએ ગુડ તો બોત ગરમ લગતા હે" એ પ્રકારના નિજ સ્વાર્થ સાધુઓ હોય છે. કોઇ કહેશે કે અમારે ઠાકોરજીનું મંદીર કરવું છે, તો કોઇ કહેશે કે અમારે મંડપ કરવો છે, ત્યારે કોઇ કહેશે કે અમારે ઘણી ગાયોને નીભાવવી છે, ને કોઇ કહેશે કે અમારે ત્યાં ઘણાં સંત રહે છે, તેથી ટેલ કરવા આવ્યા છીએ. એમ સૌ આપણે ગણેલા ભક્તિ માર્ગ પ્રબોધક ગુરૂઓ લક્ષ્મિબાઇના સાધનને મેળવવા દોડે, ત્યારે પછી લક્ષ્મિવરને મેળવવાની કયાંથી વાત આવે? વળી કેટલાક તો તેથી પણ અત્યંત અનીતી આચરનાર હોય છે. કે સ્વધર્મ પરાયણ કુળવાન બાળાઓ, કે બાળવિધવાઓને એવો નીચ બોધ આપે છે કે, તેથી તેઓ પોતાની કુળ મર્યાદા, કે સ્વધર્મને પણ ત્યાગે છે. અને તે સ્વાર્થી સાધુઓની સિષ્યા બની પોતાના અમૃતમય સંસારને હળાહળ ઝેર સમાન બનાવે છે. અને કલંકનો કાળો ડાઘ કપાળપર લાવી બે શરમ થઈ ફરે છે. તેમ પતિને હડધુત કરી તેની સેવા બજાવવાને બદલે પેલા પાખંડી પોઠીઆઓની બજાવે છે. એવો એકાદ પ્રસંગ મારા જાણવામાં આવતાં પ્રસંગાનુસાર મારાથી લખાયું છે કે,—

સવૈયા.

નારી ભઈ અવીચારી યે કાલમેં, સ્વામીકું છાંડકે સંતપેં ધાવે;
માર પેજાર પતિ શીરકે પર, પ્યારસેં સાધુકે પાય દબાવે.
યે કુલટા કુલ હીન કુલક્ષન, માત પીતાકોહી નામ લજાવે;
રેવાશંકર સત્ય કહે, અહી કુર કુબોધ કહાં સુખ પાવે.

આ પરથી વળી સ્ત્રીઓનો સ્વધર્મ શું છે, તે વિષે લખવાની મારી મરજી થતાં "સત સુખ સંહાર" નું આખ્યાન લખ્યું અને તેના પુર્વ રંગ તરીકે "પતિવ્રતાનો પવિત્ર ધર્મ અને બ્રહ્મચર્ય મહિમા" પણ લખાયું છે.

નહીંતો પ્રથમ મારે માત્ર ભક્તિ માર્ગનાં પદજ છપાવવાનો વિચાર હતો પણ ઉપરોક્ત કારણથી આ બે વિષયનો એકજ પુસ્તકમાં સમાવેશ કર્યોછે.

હવે એવા ઉપરોક્ત કારણથી આપણને આપણા શ્રેયની સુઝ પડતી નથી. અને ભરમમાં પડી ભવાટવીમાં ભટકીએ છીએ. વાચનાર આ સ્થળે મારે જણાવવું જોઇએ કે, સાધુ, જોગી, વેરાગી, પ્રત્યે મારો કંઈ તીરસ્કાર નથી. તેમ હું સંન્યાસીઓનો શત્રુ પણ નથી. સુદ્ધાચરણથી વિચરતા મહાત્માઓનો હું પરમભક્ત છું, નમ્રસેવક છું, અને તેઓના દર્શનની અભીલાષા ધરાવનાર છું, પણ જેના જોગે જે ખરા મહાત્માઓ અને સંત પુરૂષો નીંદાય છે, અને સંસારમાં પણ અનેક પ્રકારની અનીતીઓ થાયછે. માત્ર પેટ ભરવા, અને ધન સંપાદન કરવા, વળી પોતાની સિષ્યાઓ કે સેવકોની સ્ત્રીઓને દુરાચારમાં ઉતારનાર નીચ, નરાધમો જે કહેવા માત્રજ સાધુ છે તેને માટે આ મારા લખવાનો પ્રયાસ છે એમ સમજવું.

સજ્જનો ! જેથી ખરા મહાત્માઓ પાસે પરમાત્માની વિસુદ્ધ ભક્તિનો ઉત્તમબોધ ગ્રહણ કરી, તેના પ્રતિ અનન્યતા મેળવવા આપણી ફરજ છે. અને તેથીજ મેં આ ભક્તિ માર્ગમાં પ્રેમ વધારનાર પદો રચવાનો પ્રયાસ કર્યો છે. જે આપને શુભમાર્ગમાં કંઇપણ સહાયભૂત થાય, એવી મારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

આ પુસ્તકને આશ્રય આપવાને તૈયાર થયેલા ઉદારચિત્ મુંબઇ નીવાસી સદ્ગ્રહસ્થો, કે જેણે આ પુસ્તકની છપાઇને માટે પરમાત્માના શુભ પ્રેમપ્રતી દોરાઇ હાથ લંબાવ્યો છે. તેનો હું આ વખતે અંતઃકરણ પુર્વક આભાર માનું છું. અને તેઓ હમેશાં એવાં પરોપકારનાં સુભકામો કરી ઉત્તરોત્તર ઉત્તમ સ્થિતી મેળવે એવી ઇશ્વર પ્રત્યે મારી અભ્યર્થના છે.

તે ઉદારચિત આશ્રય દાતાઓનાં નામ અને તેઓએ ભરેલી રકમ.

શેઠ પુરૂષોત્તમ દેવજી	(કચ્છ તુણાબંદ નીવાશી)	રૂ. ૫૧
શેઠ ડુંગરશી ગાંગજી	(કચ્છ વરસામેડી નીવાશી)	રૂ. ૫૧

હાં. શેઠલાલજી ડુંગરશી.

શેઠ નારાણજી અભજી હાં. ગોપાલજી તથા વલભદાસ રામજી	(કચ્છ વાઘોરાવાલા)	રૂા. ૨૫
શેઠ મનજી હીરજીની કુંપની તરફથી હ. શેઠ રામજી	(ભદરેશ્વર કચ્છ)	રૂા. ૧૫
શેઠ કેશવજી રવજી	(કચ્છ વરશામેડીવાલા પટેલ)	રૂા. ૧૦
શેઠ કરમશી દામજી. જે. પી.	(કચ્છ વાઘોરા)	રૂા. ૫
શેઠ પરધાન અખે	(કચ્છ કીડાણા)	રૂા. ૫
શેઠ દયાળ ઉર્ફે ઘેલા અખઇ	(કચ્છ તુણા બંદર)	રૂા. ૫
શ્રી ભૂલેશ્વર લતાના ઘીના વેપારીઓ તરફથી		રૂા. ૫

એ ઉપરાંત બીજા બે ત્રણ ગ્રહસ્થો તરફથી પણ સારી મદદ મળી છે. પણ પ્રસિધીમાં આવવાની તેઓની અનેચ્છા હોવાથી અહીં તેઓનાં નામ આપ્યાં નથી. ઉપરોક્ત ગ્રહસ્થો જે લુહાણા જ્ઞાતીના નર રત્નો છે. તેઓ હમેશાં પરમાત્મા નીમીત્તે ઉત્તમકાર્યમાં પોતાનો હાથ લંબાવતા રહેછે. તો ઇશ્વર તેમનું જીવન સુખ સમૃદ્ધિ યુકત કરી, આનંદમય બનાવે. એવી મારી વાંચ્છના છે.

વળી આ પુસ્તકને ઉત્તેજન મળે, અને જલદી બહાર પડે એવું જોવાને ઉત્સુક શેઠ ગોવીંદજી રામજી માસ્તર (નીવાસ ભુજ) તથા માસ્તર મોતીચંદભાઇ રણછોડદાસ ધી. બી. એન. કું. ના એજંટ તુણા અને તાર માસ્તર છગનલાલભાઇ તે ગ્રહસ્થોને આ પુસ્તક પ્રત્યે અપુર્વ પ્રેમ છે.

હવે છેલ્લે કવીવરો અને વિદ્વાન વર્ગ પ્રત્યે મારી પ્રાર્થના છે કે આ પુસ્તક રચવાનો મારો પ્રયાસ કવી થવાને, કે વિદ્વાનો વર્ગમાં મુકાવાને કે લેખક તરીકે પ્રસીધ થવાને નથી. પણ નીચેના આશયથી છે. એમ સમજી મારી અનંત ભૂલો પ્રતી રોષદૃષ્ટી ન કરતાં આપની ઉત્તમતા જણાવવા, સુધારવા જેવો વિષય આપને જણાય, તો સુચના કરશો કે આ શેવક બીજી આવૃતીમાં સુધારી આપનો ઉપકાર માનશે.

મારો ગ્રંથ રચવાનો આશય.

સવૈયા.

પીંગલ પાઠ વિષે ન પ્રવીણ નહીં અતીશાસ્ત્રની શોધ કરી છે,
લેખકના પણ લાયકતા નહીં ના રસની ચિત્ત ચાહ ધરી છે.
સંગીતની જરી શાન નહીં પણ એકજ વાત ઉરે ઉભરી છે;
કષ્ટ નીકંદન નાથ નીરંજનના ગુણમાં ગણી ખુબી ખરી છે.

દોહરો.

કવિ થવાને કારણે કિંચીત નહીં પ્રયાસ,
માત્ર ગુણો ગોવિંદના ગાવા ધારી આશ.

લી. આપનો કૃપા કાંક્ષી,

જોશી રેવાશંકર લાધારામ રતેશ્વર.

॥ श्री हरी ॥

સતમુખ સંહાર અને ઈશ્વર ભક્તિ.

પ્રભુ પ્રાર્થના—મંગલ સ્તવન.

ॐ नमस्ते सते ते जगत्कारणाय नमस्ते चिते सर्वलोकाश्रयाय ।
नमोद्वेत तत्वायमुक्ति प्रदायं नमोब्रह्मणे व्यापिने सास्वत्ताय ॥

હે સતરૂપ જગતના કારણ, જ્ઞાન સ્વરૂપ, સર્વ લોકના આશ્રય, અદ્વિતીય, મુક્તિદાતા, નિત્ય તથા સર્વ વ્યાપિ પરબ્રહ્મ તને નમસ્કાર છે.

त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं त्वमेकं जगत्पालकं स्व प्रकाशम् ।
त्वमेकं जगत्कर्तृ प्रातृप्रहर्तृ त्वमेकं परं निश्चलं निर्विकल्पः ॥

તું એકજ સર્વનો રક્ષક, મુખ્ય જગતનો પાલક, સ્વપ્રકાશ, જગતની સૃષ્ટિ સ્થિતિ તથા પ્રલય કર્તા, શ્રેષ્ટ, નિશ્ચળ તથા નિર્વિકલ્પ છે,

भयानांभयं भीषणं भीषणानां गतिः प्राणिनां पावनं पावनानाम् ।
म नोच्चैः पदानां नियंतृत्वमेकं परेषां परं रक्षणं रक्षणानाम् ॥

વળી તું એકજ ભયનો પણ ભય; ભયંકરનો પણ ભયંકર, પ્રાણીઓની ગતી રૂપ, પવિત્રનો પણ પવિત્ર ઉંચામાં ઉંચા સ્થાનનો નિયંતા, શ્રેષ્ટમાં શ્રેષ્ટ તથા રક્ષણનો પણ રક્ષણ છે.

वयं त्वां स्मरामो वयंत्वां भजामो वयंत्वांजगत्साक्षि रुपंनमामः ।
सदेकं निधानं निरालंब मीशं भवां भोधिपोतं शरण्यं बृजामः ॥

માટે જગતના શાક્ષિ રૂપ, તને અમે યાદ કરીએ છીએ, નમીએ છીએ, તથા ભજીએ છીએ અને તું સત્ય સ્વરૂપ, વિશ્રાંતિ સ્થાન, નિરાલંબ, ભવસાગર તરવાની નૌકા તથા રક્ષક, એક ઇશને શરણ છીએ.

विदुर्य न चित्तेंद्रियाणीन्द्रियेशं विजानाति यस्तानिनित्यं नियंता ।
जगत्साक्षिणं व्यापकं विश्ववंद्यं चिदानंद रुपं तमीशं प्रपद्ये ॥

જે ઇન્દ્રીયના ઇશને મન તથા ઇન્દ્રિયો જાણતી નથી, પણ જે નિયંતા નિત્ય તેમને જાણે છે, તે જગતના શાક્ષિ, વ્યાપક, તથા વિશ્વને નમવા લાયક, ચિદાનંદ રૂપ ઇશને શરણ છું.

अणोरप्यणीयान्महद्भ्यो महीयान् रवीन्दुग्रहज्याम गोलादिकर्ता ।
यदंशोहि सृष्ट्यादि मध्यान्त संस्थ श्चिदानंद रुपं तमीशं प्रपद्ये ।

જે નાનાથી નાનો, મોટાથી મોટો, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, પૃથ્વી, તથા નક્ષત્રાદિ ગોળનો કર્તા, નિયંતા અને સૃષ્ટિના આદિ, મધ્ય તથા અંતમાં રહેલો છે તે ચિદાનંદ રૂપ ઈશને શરણ છું.

यतोजायते विश्वमेतत्समस्तं स्थितं यत्र यस्मिल्लयं याति काले ।
अनादिं विभु आदि मध्यांन्तशून्यं चिदानंद रुपं तमीशं प्रपद्ये ॥

જેનાથી આ સમસ્ત વિશ્વ ઉત્પન્ન થાય છે, જેમાં રહ્યું છે ને કાલે કરી જેમાં લય પામે છે, તે અનાદિ વ્યાપક અને આદિ, મધ્ય, તથા અંત શૂન્ય ચિદાનંદ રૂપ ઇશને શરણ છું.

वशेयस्य विश्वं समस्तं सदास्ते यदाभासतो भाति यद्वै विचित्रम् ।
नजानंतियं तत्त्वतो योगिनोऽपि चिदानंद रुपं तमीशं प्रपद्ये ॥

જેને સદા સમસ્ત વિશ્વ વશ છે, અને જેના આભાસથી આ વિચિત્ર વિશ્વ ભાસે છે વળી જેને યોગી જનો પણ તત્ત્વથી જાણતા નથી. તે ચિદાનંદરૂપ ઇશને શરણ છું.

गणाधिप अभ्यर्थना.

प्रणम्यं शिरशा देवं गौरीपुत्रं विनायकं ।
भक्ता वासः स्मरेनित्यं मायुष्कामार्थ शिद्धिदम ॥

વસંતતિલકા છંદ.

વંદુ શ્રી શંભુ સુતને નિત હર્ષધારી, કાપેજ વિઘ્ન મુજ કાર્ય સમે વિચારી;
શ્રદ્ધા ધરી ફરિ ફરિ કરીને પ્રણામ, હરખે' જપું હિંમ સુતા સુત કેરૂં નામ.

સરસ્વતી સ્તવન.

શ્વેતાંમ્બરી સરસ્વતિ મતિ આપનારી, વાણી વિલાસ વસુધા મહીંતે પ્રચારી;
તારી કૃપાથી બળવંદ સુબુદ્ધિ પામી, હરખે' જપે હ્રદયમાં નિત હંશ ગામી.

શીવ સ્તવન.

બાલેંદુ ભાલ મહીં ભવ્ય ભવાની નાથ, શ્વેતાંગ ભસ્મ કર ખપર શૂલ સાથ;
ગળા મહીં ગરલ રમ્ય દિશે અપાર, એવા ઉદાર વિભુને નમુ વાર વાર.

गुरुदेव स्तवन.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवोमहेश्वरः गुरुरेवपरंब्रह्म तस्मैश्रीगुरुवेनमः ।
वसुदेवसुतंदेवंकंस चाणूरमर्दनम् देवकीपरमानंदं कृष्णंवंदेजगद्गुरुम्॥

વાર્તા લખવાનો આશય.

પ્રિય પાઠકો આ પુસ્તકના પુર્વાર્ધમાં "પતિવ્રતા વ્યાખ્યાન અને બ્રહ્મચર્ય મહિમા" તેમ, 'ભક્તિમાર્ગ દર્શન" એ લખવાનો વિચાર થતાં તે વિષયો ને "વાર્તા" ના રૂપમાં આપવું, એ મને વધારે ઉચીત લાગ્યું કેમકે, સહેજ જ્ઞાન કે ભક્તિ માર્ગનું વર્ણન આપ્યું હોય તો, તે તરફ હાલના શૃંગારીક નોવેલો વાંચનાર સજ્જનો અભાવિક બને છે. તેમ કેટલા આ પુસ્તકના આશ્રયદાતા ગ્રહસ્થો તરફથી પણ સુચના કરવામાં આવી હતી કે એ વિષય વાર્તાના રૂપમાં લખાય તો ઘણું સારૂં એ કારણને લઇ આ "સુરેંદ્ર મણીની વાર્તા" નો પ્રથમ ભાગ લખવામાં આવ્યો છે.

આ વાર્તાના અવલંબનમાં કદી પ્રથમ મધ્યસ્થ કે અંતમાં ક્યાં પણ, શૃંગારિક કે પ્રપંચીક વિષયોને જોઈ વાંચનાર ગ્રહસ્થોએ ભક્તિના કે પતિ-

વૃતા જેવા પવિત્ર વિષયોમાં આ પ્રકરણો શા માટે ! એમ વિચારી આશ્ચર્યચકીત બનવું નહીં કારણ કે ઉપર બતાવ્યા પ્રમાણે સકારણ લખવામાં આવ્યું છે. વળી તેનું છેવટ ભક્તિની દ્રઢતા અને જ્ઞાનના અવલંબન પરજ આવશે જેમકે કોઈ "વૈરાગી" આપણી પાસે આવી યાચના કરે કે "દાતા" મેં દો દીનકા ભુખા હું મુજે "શેરભર આટા ઓર પાવભર ઘી દીલા દે" આજ તેરાહી ભોજન પાયકે પ્રભુકા ભજન કરેંગે ફરી કહેશે કે બાબા મેં કાશીકું ગયાથા વહાં વિશ્વનાથજીકા દર્શન કરકે રામેશ્વરકું ગયે ફીર જગદિશકા દર્શન કરકે પ્રયાગકે કુંભમેં સંતોકા દર્શન કીયા, અબીકે ચડાવમેં તો દો લાખ આદમી જમાં હુવેથે એસે તો મહાત્મા આયે થે કે હમને તો કભી એસે સંત દૃષ્ટસે બી નહી દેખેથે, વહાં કોઇ દુષ્ટને હમારા લોટા ઓર ચદર ચુરા લીયા, તો મારે ઠંડકે બોત હેરાન હોતે હે. કોઈ આપ જેસા "દાતા" ને દીયાથા વો પાપી ચંડાળ લે ગયા આજ યે સહેરમેં આયે હમકો દો દિન હો ગયા કહાં ખાનેકું બી નહી મીલા, એસે લખપતી શેઠ પડેહે, મગર હમારા તો કીસીને ભાવ બી નહી પુંછા. આપકો નશીબદાર ઓર ધર્માત્મા દેખકર સવાલ કીયા હે તો હમકો "શેર ભર આટા ઓર પાવ ભર ઘી" દીલા દો પરમાત્મા આપકા ભલા કરેગા. વાંચનાર! આટલી લાંબી લચ જેવી વાત કરી પણ તેનો વાસ્તવિક સાર માત્ર "શેરભર આટા ઓર પાવભર ઘીનો જ છે". બીજી વાતો તો સાંભળનાર પોતાની વાત પર લક્ષ આપે એવા હેતુથી જ તે બોલ્યો હતો. તેમ આમાં પણ સમજવું કે, શૃંગારિક કરૂણા વગેરા બીજા પણ વિષયોથી લખાયલી આ વાર્તાનો મુળ ઉદ્દેશ ભક્તિ અને જ્ઞાન છે. તેમ લખવાથી વાંચક વૃંદને સહેલાઈથી સમજાય જેમ ઔષધની કડવાશથી દરદી કંટાળી જઈ તેનો પરીત્યાગ કરવાથી વખતે રોગનો ભોગ બને છે. ત્યારે તેવા બીમારોને વિચારવાન સદ વૈદ્યવરો તેવું જ ઔષદ સાકર જેવી મીઠાશવાળી વસ્તુની સાથે આપે જેથી રોગનો પણ નાશ થાય અને દવાની કડવાશ પણ ન જણાય, તેવા કારણોને અનુસરીને મારી અલ્પમતિ અનુસાર આ કલ્પીત કથા રચી આપ સુજ્ઞ ગ્રહસ્થોની સમક્ષ મુકવાની આજ્ઞા લઉં છું.

વાર્તાની શરૂઆત—સુરેંદ્ર મણી.

પ્રકરણ ૧ લું.

પ્રેમી જોડું.

આર્યા વર્તના વિશાળ પ્રદેશની પશ્ચિમ દિશામાં આવેલા નૌત્તમ નગરની અલૌકિક રચના જોનાર મનુષ્યનું આકર્ષણ કરનારી હતી. તેની ભવ્ય બાંધણી અને કીલ્લેબંધીની કુદરત જોતાં તેના બનાવનારની કારકીર્દીને, દરેક જન ધન્યવાદજ આપતા. ચૌટા, હવેલી, રાજમહાલય, સભા સ્થાન, (કચેરી) મીનારાં, દેવાલયો, મસ્જીદો; વગેરે સ્થળો મનોરંજક અને શોભામાં અપ્રતીમ અપુર્વતા બતાવતા. તેમ શહેરની બહાર પણ ઘણો સુંદર અને ચિતાકર્ષ ચિતાર દષ્ટીગોચર થતો. તે શહેરના પુર્વ દરવાજાને "ચંદ્રશેખર"નો દરવાજો કહેવામાં આવતો કારણ કે તે દરવાજેથી અર્ધ માઈલપર "ચંદ્રશેખર" મહાદેવનું સુંદર દેવાલય હતું રસ્તામાં બગીચા અને બંગલા છેક સુધી હોતાં, દરેક જણ તે તરફ જવાની ઇચ્છા ધરાવતાં, તેમ તે તરફ બગીચાઓમાં થોડી ઘણી વસ્તી હોવાને લીધે તથા વચમાં રાત્રી વખતે પોલીસ ચોકીની હાજરીના કારણથી સાંજના સાત વાગ્યા સુધી પણ ત્યાં દર્શન કરનાર શ્રદ્ધાળુ સ્ત્રી પુરૂષો જવાને ચુકતા નહી. તે મહાદેવશ્રી ચંદ્રશેખરજીના દેવળથી પેલીમેર "વેગવતી" નામની નદી નિર્મળ જળથી પુરીત થઈ, અસાધારણ વેગથી વહન કરતી હતી. મહાદેવ શ્રીના મંદીરને નદીના વેગથી નિર્ભય બનાવવા, અને શહેરીઓને સુખકર હવાનુ સ્થાન કરવા નૌતમ નગરના મહારાજા સિંહરાજે તે નદીનો કીનારો બંધાવી તે પર લોખંડનો કઠેરો બનાવી, તેની બાજુમાં કેટલાક સ્ત્રી પુરૂષોને બેસવા લાયક ફરશબંદીની બેઠકો બંધાવી હતી. દેવાલય અને નદીના કેટલાક ભાગપર વૃક્ષોની સુંદર ઘટા પણ એવી છવાઈ રહી હતી કે, જોનારને છક્કજ કરી મુકતી તેનાપર બેઠેલા શુક (પોપટ) કોયલ અને કલાપી (મોર) જેવા સુંદર પક્ષિઓનો મીઠો ધ્વની ક્ષણભર

દુઃખી મનુષ્યોના દર્દને પણ ભુલાવી આપે એવો લાગતો હતો. અરતાચળમાં પ્રવેશ કરવાની ઇચ્છા ધરાવતા, આદિત્યનારાયણના સોનેરી અને સુશોભિત કિરણો "વેગવતી" ના નિર્મળ જળ પર પડતાં સુવર્ણની રેખા સમાન જણાતા હતાં. આ સમય શાંજના પાંચ વાગવાનો હોવાથી નૌતમ નગરના ભાવિક ભક્તો ભોળાનાથ ચંદ્રશેખરના દર્શન કરવાને ઉત્સાહ ભેર આવતા જણાતાં હતા. તેઓએ દર્શન કર્યા છે એવું સર્ટિફીકેટ મંદિરમાં ટાંગેલો ઘંટ આપતો હોય તેમ થોડી થોડી વારે ત્યાંથી ઘણણણણ ઘણણણ કરતો અવાજ આવતો, મંદ મંદ પવનની લહેરીઓ આખા દિવસના કામથી કંટાળેલા મનુષ્યને ઔષધ રૂપ બની શ્રમ વિરક્ત કરી આનંદ આપતી, આવા સ્વર્ગીય સ્થાનમાં સ્વતંત્ર રીતે આનંદ લેતાં સ્ત્રિપુરૂષો સ્વેચ્છાનુસાર પોતાના ઘર તરફ કોઇ શીધારે છે, ત્યારે બીજા કેટલાક આવે છે, તેમાં કોઈ સુધ હૃદયના ભાવિકો દેવાધી દેવના દર્શન પામી પોતાને કૃતાર્થ થયેલા માને છે, ત્યારે કેટલાક યુવકો તો ચંદ્રશેખર બદલ ચંદ્રમુખીયોનાં જ દર્શન કરી ત્રમી માને છે. કોઇ તો માત્ર હવાની ખાતર જ આવે છે ત્યારે કેટલાક પ્રેમના પક્ષિઓ પોતાની પોયણીને પોશવા અને સ્નેહ દ્વારમાં સપાટાબંધ પ્રવેશ કરવાની ઇચ્છા કરી અહીં લગી આવે છે. વાંચનાર ! જો પહેલો મંદીરમાથી નીકળી નદીના તટ તરફ જતો યુવક, કે જેનું કદ સાધારણ અને મુખની કાંતી સારી છે તેના ઉંચા કપાળ પર ઝુકી રહેલ ભમરાની પાંખ જેવા સુંદર બાલો તેની મોહકતામાં વિષેશ વૃદ્ધી રહ્યાં છે. વળી તેની મુંછો જાણે કે થોડાજ સમયથી પ્રકાશમાં આવી મુખમંડળને જેમ બને તેમ દીપાવવાનો પ્રયત્ન કરતી હોય તેમ જણાય છે, તેના દેખાવ પરથી એનું વય પ્રમાણ એકવીશ વર્ષનું હોય એમ જણાય છે. તેને આજ કાંઈ અપુર્વ આનંદ થવાનો હોય તેમ ઉત્સાહના ઉમળકામાં તેના વદન પર ખુશાલી અને ચાલવામાં પ્રબળતા પ્રત્યક્ષ નજરે પડે છે. વાંચક મીત્ર ! હવે આપણને આ સખ્સ સાથે ઘણું કામ છે કારણ કે આપણી વાર્તાનો નાયક એજ યુવક હોવાથી, તે હવે શું કરે છે તે નીહાળીએ સ્વયં ઉત્પન્ન થતા આનદના ઉમળકામાં ઇચ્છાનુસાર ચાલતો યુવક આગળ જતો હતો, પણ વિશેક કદમ

દુર ગયો નહીં, ત્યાં તો એકદમ અટક્યો તેની સાથે સ્વયં પ્રેરક હર્ષ તરંગો પણ અટકી જઇ, તિરસ્કારનાં ઉન્નત મોજાંઓ ઉછરવા લાગ્યા અરે! આ નીચ અહીં ક્યાંથી, આમ મનમાં બોલાઇ જવાયું. પગ ખંચાયો, ત્યાં તો ચોતરા પર બેઠેલા સખ્સે (જેનાથી આઘાત થયો હતો તેણેજ) બોલાવ્યો. કેમ સુરેંદ્ર ભાઈ શું કંઈ યાદ આવ્યું કે! એકદમ ચાલતાં ઉભાજ થઇ રહ્યા? આવો–આવો–દુર ન જતાં અહીં બેસો. સુરેંદ્રની અનેચ્છા છતાંએ તેના આગ્રહને પરાણે સ્વીકારવો પડયો તેની બાજુમાં બેસતાં સુરેંદ્ર બોલ્યો, મગન મારે આગળ જવું હતું પણ, તને અહીં જોઇ હું અટક્યો છું.

સુરેંદ્રભાઈ તમારા માટે મોહનભાઇ ગુમાનસિંહને ઘણુંએ સમજાવે છે પણ શું જાણે શા કારણથી તેને જરાએ મનમાં ઉતરતુંજ નથી મગને વિષયને ચાલુ કરતાં જણાવ્યું.

મોહન તો ગુમાનસિંહની જીભ ગણાય છે છતાં, તેની વાતનો ગુમાનસિંહ અસ્વીકાર કરે એ સંભવિત કહી શકાય નહિં સુરેંદ્રે શંકા યુક્ત કહ્યું.

નહીં! નહીં! સુરેંદ્રભાઇ એ આપનું માનવું ભુલ ભરેલું છે; હું આપના સોગન લઇને કહું છું કે, મારી રૂબરૂમાં ગુમાનસિંહને તમારા માટે ખરા અંતઃકરણથી મોહનભાઇએ કહ્યું છે, પણ એકે વખત તેનો જવાબ સરખોએ આપ્યો નથી. જ્યારે તે વાત કહેવામાં આવે ત્યારે તદન અરૂચી બતાવી તરત બીજોજ વિષય કાહાડી ચાલતા પ્રસંગને ઉડાવીજ મુકે છે. હુંતો નિશ્ચય પૂર્વક કહું છું કે તમારા માટે તેઓને કોઇએ ઘણીજ ખોટી અસર કરી આપી છે, નહીં તો આ પ્રમાણે કદી પણ બંનેજ નહિ અમે તો તમારી સપત્તિ તમને પાછી મળે એજ ઇચ્છીએ છીએ.

મોઢેથી મીઠા અને હૃદયમાં હળાહળ ઝેરથી ભરેલા (મયુરના જેવા) મગનના વચનોથી આપણો સુરેંદ્ર ઠગાય તેમ ન હતું. તેઓના પોતાની તરફ કુટીલ કૃતવ્યોને તે સ્પષ્ટ રીતે જાણી ગયો હતો, તેમ રાજ્યની અંદર તેઓના કરેલાં કાળાં ધોળાં પણ તેનાથી અજ્ઞાત નહીં હતાં, પણ પ્રસીદ્ધ દ્વેશ ન જણાવતાં પરોક્ષેજ તેમ થતું તે વેરનું કારણ આગળ વાંચવાથી

આપણે સહેજ વિચારી શકીશું. હવે સુરેંદ્ર પણ તેના વચનોને અનુસરીને જ બોલ્યો જ્યારે તમારા જેવા સન્મીત્રો આવા કાર્યમાં સહાનુભુતી નહીં આપે, ત્યારે બીજું કોણ આપશે. મેં તો કોઈનું બુરૂં કર્યું નથી કે ગુમાનસિંહને ઉંધું ચિત્તું સમજાવી મને નુકસાન કરવાની કોઈને ફરજ પડે, છતાં કોઈ તેમ કરતું હોય તો તે ભલે કરે. બીજાનું બુરૂં કરવાથી કોણ સુખી થયું છે પોતાના કરેલા પોતેજ ભોગવી અંતે પસ્તાય છે.

હા તે તો ખરૂં છે. પણ હજુ મેં તો ધાર્યું છે કે મોહનભાઈને કહી અમો બંને જણ કંઇ પેરવી કરી તમારૂં ગામ તમને પાછું અપાવીશું. કારણ કે તમારા પીતાએ શું ગુમાનસિંહના પીતા સિંહરાજ પર થોડા ઉપકાર કર્યા હતા? મગન પોતાની છુપી ધારણા પાર પાડવા તેને સારૂં લાગે તેવું બોલ્યો.

બાપુ! ઉપકાર તરફ જોવાય છે ક્યાં? નહિં તો મહારાજા સિંહરાજે પોતાની જીંદગીના બચાવ બદલ આપેલું ગામ ગુમાનસિંહથી લેવાય ખરૂં કે? પણ ઠીક છે તમારા બે જણથી જે પ્રયત્ન થાય તે કરો. ઇશ્વર કૃપાથી મળી જાય તો ઘણું સારૂં. કંઈ ચિંતા નહીં, અમારાથી બનશે તે તમામ ઉપાય કામે લગાડી આપનું કામ કરીશું. પણ સુરેંદ્રભાઇ એક વાતથી મોહનભાઇને આપના તરફથી અસંતોષ માનવા જેવું થયું છે, તે એ કે "અર્થાવસલાલ" ની "મણી" સાથે વેવીશાળ કરવા તેમના પીતા "શ્યામરદય" વાત ચલાવી રહ્યા છે તેમાં તમારા કાકા "ગીરધરલાલ" તમારી વાત નાંખી આ કામ થવા દેતા નથી એ શું સારૂં ગણાય? મગને વખત વિચારી સુરેંદ્રનો મનોભાવ જોવા ચિનગારી મુકી.

મગન તેમાં તારી મોટી ભુલ છે. કારણ કે અર્થાવસલાલે મારા પીતાની સમક્ષ (રૂબરૂમાં) વચનથી બંધાઇ તેની મણીનું વેવીશાળ મારી સાથે ઘણો વખત થયા કરી આપ્યું છે એ જોડાયલા સમ્બંધને તોડવાની "શ્યામરદય" જેવા કોશેષ કરે છે, તે કેટલો અન્યાય ગણાય! હું નથી ધારતો કે મારા કાકા આ પ્રસંગમાં જરા પણ મિથ્યાવાદ કરતા હોય.

જ્યારે તેમ બનેલું હોય ત્યારે "અર્થાવસલાલ" "શ્યામરદય" ને સ-

મ્બંધ જોડવા હા શા માટે કહે તેમ તમારા મોઢા સિવાય તમારો સમ્બંધ થવાનો બીજો કોઇ પુરાવો પણ મળતો નથી માટે તે તો મોઢાના ગપાષ્ટકજ ગણાય. સુરેંદ્રભાઇ ! ગયા અઠવાડીયામાં મોહનભાઇનું વેવિશાળ કરવાની સર્વે તૈયારી થઈ ગઈ હતી, દિવસનો પણ નિર્ણય થઇ ગયો હતો, તેવા પ્રસં-ગમાં તમારા કાકાએ ભંગાણ પાડી બનેલી વાતને વિખેરી નાંખી. મોહન-ભાઇએ તે વિષે તમને કહેવા વિચાર રાખ્યો હતો, પણ તમે તેમને મળ્યા નથી જેથી હું આપને કહું છું. આપણે તો એકજ છીએ તેમાં આવોદ્વેશ પાથરવો એ વ્યાજબી ગણાય નહીં મગન પોતાની કપટ પટુતા વ્યક્ત કરીને બોલ્યો.

મગન ! "અર્થાવસલાલ" તો મહા લોભી છે તેણે "શ્યામરદય" ના ધ-નની લાલચમાં લોભાઇ, પોતાની મતી બગાડી હા કહી હોય, તો તેમાં કંઈ સંશય જેવું નથી. પણ તેથી શું ? આ થયેલા સમ્બંધને તોડી શકાશે ખરો કે ! શું ધનવાનો અને ન્યાતના ગણાતા અગ્રેસરોની નીતી એવી જ હશે કે ? ધનના કે રાજ્યના સંયોગને પામી દરેક મનુષ્યો આમજ કરતા હશે કે ? ઉત્તમ ગ્રહસ્થની અને ન્યાતના અગ્રેસરોની તો એ ફરજ છે કે સ્વધર્મ અને નીતીને જાળવવા પોતાનો જાતિભોગ આપવો હોય તો તે પણ આપે. ન્યાયને માર્ગે થતી કંગાલની વાતને પણ ગ્રહણ કરે અને અનીતિનું પગલું સરખુંએ ભરે નહિ. મગન ! તું મોહનને કહેજે કે આ અન્યાયને માર્ગે ચાલવાથી અવસ્ય પસ્તાવું પડશે જ્ઞાતીની અંદર કંઇ કન્યાનો કાળ નથી, તમારામાં સદ્‌ગુણતા હશે તો એક બદલ અગ્યાર મળશે, પણ આવું અ-ધમ કૃત્ય કરવાથી અપયશ અને વિરોધ શિવાય બીજું કંઈ મળશે નહીં. સુરેંદ્રે હવે સ્પષ્ટતાથી ચોખ્ખું જણાવી દીધું અને ત્યાંથી ઉભો થયો. મગને પોતાનો ઉભરો મનમાંજ સમાવી ફક્ત એટલુંજ બોલ્યો કે આપનું કહેવું તો વ્યાજબી છે, પણ મોહનભાઇને આ વાત ગળે ઉતરે એમ જણાતું નથી, અને તેથી તમારા લાભને નુકસાની તો થવાનીજ.

જેવી ઇશ્વરેચ્છા. એમ કહી સુરેંદ્રે ત્યાથી ચાલવા માંડયું. થોડી વાર તો મગન તેની પાછળ જોઈ રહ્યો પણ જરા વારમાં તો તે તેની નજરથી

અદૃષ્ટ થઇ વટાવી ગયો. સુરેંદ્ર મહાદેવજીના મંદીરને મુકી એ બગીચાઓની વચમાં થઇને જતા આડા રસ્તા પાસે આવ્યો, ત્યાં ઉભો રહ્યો, અને સુર્ય તરફ નજર ફેંકી તો તે અસ્ત થવાની તૈયારીમાં હતો. પાછળ જોયું તો કોઈ નથી, જેથી બેધડકપણે તેણે મધ્યસ્થ માર્ગમાં પ્રતિક્રમણ કર્યું. તે બગીચાઓ વટાવી આગળ ગયો. ત્યાં એક ધર્મશાળા અને બાજુમાં વાવ હતી ત્યાં આવ્યો એ " ધર્મશાળા " "શેઠની ધર્મશાળા" ને નામે પ્રસીદ્ધ હતી. ત્યાં આવતા જતા વિદેશી ઉતારૂઓને આશ્રય મળતો તેઓની સગવડ સાચવવા ગંગાબાઇ નામની વૃદ્ધ ડોશીને રાખવામાં આવા હતી. તેને રહેવા માટે ધર્મશાળામાં એક ઓરડી કાઢી આપવામાં આવી હતી. આજે કોઇ ઉતારૂ ત્યાં જોવામાં આવતો નહતો. સુરેંદ્રને આવતો જોઈ ડોશી બોલી આવો સુરેદ્રભાઇ આજે તો તમારૂં અહીં સુધી આવવું થયું?

હા, ગંગામા આજે અહીં જરા કામ હોવાથી આવ્યો છું. આપને પણ કંઇ કહેવું છે તે કહીશ. પણ આપ બતીનું કામ પુરૂં કરો કારણ કે અંધારૂં થવા આવ્યું છે ત્યાં લગી હું બહારની વાવ પાસે થઇને આવું છું.

ભલે બા; તમારે જે કહેવું હોય તે ખુશીથી કહેજો. મારાથી બનશે તે પ્રાણાંતે પણ તમારૂં કાર્ય કરવાને હું તૈયાર થઇશ તમારી માતાના ગુણો મને યાદ છે. નવલ બેનની પેઠે મારૂં હૃદય એવું કઠોર નથી કે પંડીતશ્રીની ઉદારતા અને વિદ્યાલક્ષ્મિના વિનયને ભુલી જઉં. સુરેંદ્રભાઇ, કર્મ પાશે કોઇનું ચાલતું નથી! નહિ તો આ નૌતમપુરમાં પંડીતજીની કેવી સત્તા હતી. મહારાજા સિંહરાજ પોતે તેઓની આજ્ઞા વિના કંઈ પણ કાર્ય કરતા નહીં ત્યારે બીજા પ્રજા વર્ગનું તો કહેવું જ શું. બાપુ તે તો તમામ ચક્ર બદલાઇ ગયું ત્યારે કોનો અફસોસ કરવો. સિંહરાજ જેવા સિંહ સ્વર્ગસ્થ થયા "મનોજસિંહ" જેવા નીતિમાન રાજ રત્નોને દેશ પાર કરવામાં આવ્યા અને હંસને બદલે કાગડા ગોઠવાયા ત્યાં ઉપાય શું. આ થોડાજ વખતમાં રાજતંત્ર બદલાઇ ગયું અને તે કેવી રીતે કોણે તેમાં મુખ્ય ભાગ ભજવ્યો તે પણ મારાથી અજાણ્યું નથી પણ વખતને વિચારી ચુપચુપ બેશી રહેવું એ ડાહ્યા માણસનું કામ છે. ભાઈ! તમારા પિતાના વતવાશી થવા પછીજ,

આ બધી ખટપટો ઊભી થવા પામી હતી. આ ખટપટમાં તમને પણ ખમવું પડયું, ક્યાં પેલા સ્વર્ગીય સુખના દિવસો અને ક્યાં હવે પરાધિન કષ્ટમય જીંદગી.

જ્યારે સુખ લખ્યું હોય, ત્યારે મા અને બાપ બંનેનો વિયોગ શા માટે થાય ? એમ કહી પેલી ડોશી અશ્રુ સારવા લાગી. સુરેંદ્રને પણ ઝળઝળીયાં આવી ગયાં તેને આગળનાં તરંગો દૃષ્ટીગોચર થવા લાગ્યાં; આગળની અને હાલની સ્થિતિનું અંતર તે જોવા લાગ્યો; દૈવની વિચીત્રતાનો પ્રભાવ નજર પાસે તરવા લાગ્યો પણ ધિરજ રાખી રૂમાલ વતે આંખો લો'તો સુરેંદ્ર બોલ્યો માજી ! જેવી દૈવની ઇચ્છા; માબાપ ગયાં ગામ ગયું અને પરવશ પડયો; એેસો કર્મના કૃતવ્ય છે; ત્યાં મનુષ્ય શું કરી શકે; માટે સંકટ પડે ત્યારે સબુરી રાખવી. એ ઉત્તમ પુરૂષોનું મહા વાક્ય સર્વને સ્વીકારવુંજ જોઇએ. પણ માજી તમને જે અગત્યની વાત કહેવાની છે તે કહીશ ભલે હમણાં તમે બત્તી કરો; અંધારૂં થવા આવ્યું છે, ડોશી બોલી કહેજો ખુશીથી ભા તમારૂં અન્ન મેં ઘણા દહાડા ખાધું છે. તમારી માતાએ મને પોતાની મા કરતાંએ વધારે રાખી હતી અને આ નોકરી કરવાનો પણ વખત આવવા ન દેત, પણ પ્રભુ ઇચ્છાને કોણ પહોંચી શકે ? એમ કહી ડોશી ત્યાંથી ઉઠી; સુરેંદ્ર પણ કંપાઊન્ડની બહાર આવી ગામ તરફ જોવા લાગ્યો પણ કોઇને ન જોતાં ઘડીયાળ કહાડી જોયું; નિશ્વાસ નાંખ્યો અને બોલ્યો અરે દૈવ અહીં પણ તારી અજબ શક્તીનો આવિર્ભાવ એક દુઃખીયાનેજ દુઃખી કરવામાં વાપરે છે. ક્યારેક તો દયા રાખ; શું તારા હૃદયમાં દયાનો નિવાસ જ નહિ હોય; પ્રભુ; પ્રભુ; તારા આ અબળ બાળકને સુખી કરવામાં સહાયભૂત કેમ થતો નથી ? તારી અપાર કૃપાનો ભંડાર શું ખાલીજ થઇ ગયો છે ? દરેક કાર્ય શાનુકુલ કરવાની તારી શક્તિ નથી શું ? એક નિરાધાર અને અજ્ઞાન બાળકના કાર્યોત્સાહમાં તને મદદ કરવી નહીં જોઇએ ? અરે પણ તેણીએ ગમે તેમ કરી આજે મળવાનું કહ્યું છે, છતાં કેમ આવી નહીં. તે પણ મને વિસારી દુઃખી કરશે ? મારૂં નેત્ર મણી પથ્થર નિવડશે; ના; ના; તેમ તો, બનેજ નહિ પણ ત્યારે હજુ લગણ કેમ આવી નહીં. ફરી તેણે

નૌતમ નગર તરફ દૃષ્ટી કરીને જોયું પણ નિષ્ફળ નિવડયો. હૃદયની અસ્વસ્થતાને લીધે દરેક ક્ષણે તેનું ધૈર્ય ઘટવા લાગ્યું. પ્રેમાગ્નીમાં તપતા સુરેંદ્રના હૃદય પટપર એક ક્ષણમાં હજારો તરંગ પર તરંગો પસાર થવા લાગ્યા. નિરાશાનાં નાવમાં ડોલાં ખાતો આ નવીન પ્રેમી પ્રીયાંગનાની ધુનમાં પરવશ જેવો બન્યો. ઘડીકમાં દૈવને દોષ આપતો, ઘડીમાં પ્રેમને વખોડતો અને ઘડી પછી આશાવંત બનતો સુરેંદ્ર કંઈ કંઈ બોલવા લાગ્યો-

વા'લી વિયોગ મુજ અંતર માંહીં શાલે
ઉભો છું શુન્ય હૃદયે કર દઇ કપાલે;
ગમે નહીં ઘર વિહાર બહાર કયાંઇ,
પ્યારી "મણી" તણી થતાં જરીએ જુદાઇ.

પ્રભુ ! અપાર સત્તા ધારી વિભુ! મણી જેવું અમુલ્ય રત્ન; તારા આ એક રંક સેવક માટે જ સરજ્યું છે કે અમસ્થા આશાના પાસમાં ફસાવી દુઃખી કરવા માટેજ. મારી મનો ધારણા પાર પડે તો મારા જેવો ભાગ્યશાળી બીજો કયો પુરૂષ ગણાય ! કેવી મધુરી કૃતી કેવી મનહર મુર્તી ફરી તેના અધરોષ્ટ ચાલવાની–સાથે શબ્દો આવી પડવા લાગ્યા.

લલના લલાટ મહીં એક મયંક ભાષે,
ગાલો ગુલાબ સરખા સ્મિતથી પ્રકાસે;
અધરોષ્ટ રક્ત ફલ બિમ્બ તણી સમાન,
વેણી ફણીંદ્ર ભ્રુવ ચક્ષુ ચિત્તે કબાન.

રમણી ! હૃદય મણી ! તારી અપ્રતિમ પ્રતિમા આ સુરેંદ્રના હૃદયમાંથી કોતરાઇ રહેલી છે; તે કદીએ ખસવાની નથી. વ્યવહારીક નિયમ છે કે "દિલબર દિલ" એ શું ખરેખરી બીના છે ? જો તેવી કહેવત ખરીજ હોય તો એક સત્ય અને પ્રેમસાગરમાં ડુબતા "પ્રેમી" ને વિસારી આપેલી કબુલાતને વૃથા કરી મારી મનોદેવી મણી કેમ આવી નહીં ? જેના માટે મારૂં હૃદય વ્યથિત થાય છે. ત્યારે તેનું હૃદય મારા પ્રતિ કેમ આકર્ષણ થતું નહીં હોય ? દૈવ ! દૈવ ! આમાં મને તો તારૂંજ વિચિત્રપણું જણાય છે. શું તેને અહીં આવતાં કોઇએ અટકાવી હશે ? શું તે મારા પ્રત્યે મારા

જેવા અચળ પ્રેમથી નહીં ચા'તી હોય ? પ્રાણપ્રોયા મણી જો તેમજ હોય તો તારા હૃદયને વાંચવામાં મારૂં કેવળ અજ્ઞાનપણુંજ કહેવાય. સરલ પ્રેમી પ્રત્યે કઠોરતા ધરવી એ સત્ય પ્રેમને કલંકીત કરવા જેવુંજ ગણાય; આમ શબ્દોચ્ચાર કરતા સુરેંદ્રના મનની વ્યથા પ્રતિક્ષણે વધતાં તે પોતાના શરીરનું ભાન દરેક પળે વિસરવા લાગ્યો તેની સાથે સ્વયંપ્રેરક શબ્દો સરવા લાગ્યા.

વિસરી વનિતા તું મુજને કાં પ્રીય સહુ પ્રેમ નિવારી,
ચાતક સ્નેહ બુંદ વિણ તલસે કેમ ન વરષે વારી......
થઇશું તું ન્યારી......થાય આઘાત ઉરે ભારી;

આ છેલા શબ્દો બોલવાની સાથે તેના હૃદયનું વિકલપણું વધી જતા તેનાં નેત્રમાં અશ્રુઓ ટપકવા લાગ્યાં, અને અત્યંત નિરાશ થઇ અભાનાવસ્થાને અનુભવવા લાગ્યો. એટલામાં પાછળના વૃક્ષોની ઘટામાંથી સપાટાબંધ નિકળી એક વ્યક્તિએ તેના વામ–સ્કંધ પર (ડાબા ખભાપર) પોતાના કોમળ કરો ભેરવી બોલાવા લાગી; ક્યાં ગયો વા'લા; પ્રેમ તે ક્યાં ગયો; બતાવો, બતાવો; પ્યાર તે ક્યાં જવાનો છે; આપની સાચી "મણી" "પથ્થર" તે કેમ નિવડશે. તેને તો "નિચંતાએ" સુરેંદ્રની સેવા કરવા જ સરજેલી છે. એમ કહી એક બાળાએ સુરેંદ્રને પરમ પ્રેમ દરશાવતાં કોટી કરી.

એકાએક પોતાની પ્રીયતમાને ભેટતી જોઇ સ્નેહમગ્ન થઇ પોતાની મેળેજ તેનાથી બોલાઇ જવાયું.

શું પ્રેમ સમુદ્રમાં ડુબતા પ્રવાશીને એકાએક સુંદર નાવ મળ્યું ? શું જીંદગી ભર પ્યાસા ચાતકને અચાનક વર્ષા બીંદુ પ્રાપ્ત થયું ? શું પ્રેમાંધ પ્રીયતમને નેત્રમણી મળી ગયાં ! એમ બોલતો સુરેંદ્ર તેને ભેટી પડયો, તેના અસ્વસ્થ ચિત્તમાં અનંત હર્ષ ભરાયો, જાણે કલ્પતરૂની કૃપા મેળવી નિશ્ચિંત બન્યો હોય તેમ પરમાનંદમાં મગ્ન થયેલો સુરેંદ્ર પોતાને આ ક્ષણે અહોભાગ્ય માનવા લાગ્યો; અને બોલ્યો.

પ્રીય મુગ્ધા; વા'લી મણી; હું તને મારી મનોદેવી કહું; ભાગ્યદેવી કહું; કે રક્ષકદેવી કહું; તે મને સુઝ પડતી નથી. મેં તારા રસ્તાનું નિરીક્ષણ કરવામાં જરા પણ કચાસ રાખી નથી; છતાં આમ એકાએક મારા જીવનને આધાર દેવા અકસ્માત ક્યાંથી આવી ?

પ્યારા નાથ; આપનો પ્રેમ નિહાળવા આપની પ્યારી; આપનાં પહેલાંજ અહીં હાજર થઇ હતી. સત્ય સ્નેહ સમર્પક સ્વામી ! આપ ગમેતેમ કહો પણ હું તો આપની ચર્ણરજ દાસી છું; પ્યારા આપ મારા પ્રભુ છો; આપ હૃદયના આધાર છો—

એટલામાં કંઇ વિચાર આવતાં મણીને બોલતી અટકાવી સુરેંદ્ર બોલ્યો; ભોળી બાળા જરા સબુર અને શાંત થા. મારા હવેનાં મનોગત વિચારો સાંભળ અને તારી ઇચ્છા પ્રમાણે તારા ભવિષ્યને સુધારવા પ્રયત્ન કર મને મારી ભુલ હવે સમજાઇ છે. અને સમજ્યા પછી પણ વિશ્વાસઘાત કરવો એ પુરેપુરી કૃતઘ્નતા ગણાય. માટે હું કહું તે લક્ષમાં લે અને પછી તારા હિતનું ચિંતવન કરી મરજી પ્રમાણે કરવા મુખત્યાર છો. તારો અને મારો સમ્બંધ આપણા બે કુટુંબો શિવાય થયો છે. એમ અન્ય કોઇપણ જાણી શક્યું નથી. તેથી પૈસાના લોભે તારા પીતા થયેલા સમ્બંધને તોડી, તને બીજે ઠેકાણે વરાવે એ એક સમ્ભવિત વાત છે કારણ કે "શ્યામહૃદય" પોતાના પુત્રનું વેવિશાળ તારી સાથે કરવા; તારા પીતાને, પૈસાની, મોટી મોટી લાલચો આપી, ફસાવે છે. એમ, મારા સાંભળવામાં; આવ્યું છે. અને પૈસો એ આ સંસારમાં અડગ પુરૂષોના ચિતને પણ ફેરવી આપે ત્યારે લોભ વૃત્તીને અનુસરતા તારા પીતાનું મન દુષીત થઇ આ કૃતવ્ય ન કરે એમ માની શકાય નહીં; પ્રીય સ્ત્રી વળી હુંતો આ વખતે પરાધીન અને દ્રવ્યહીન છું. માત્ર કાકાના આશ્રયમાં રહી મારો નિભાવ કરૂં છું. તેમ મારી કાકીનો પણ મારી પ્રત્યે તદ્દન અભાવ છે. જો દૈવ જોગે તારા પીતાનું મન અચળ રહી આપણી ધારણા સફળ થાય તોપણ તારા માટે સુખના સાધન મેળવવાની મારા પાસે કંઇપણ જોગવાઇ નથી. માટે પહેલો તે સર્વ વિષયપર પુરેપુરો વિચાર કરી પછી કોઇપણ વાતમાં આગળ વધવું સારૂં છે. તારા જેવી ભોળી અને પ્રેમજાળમાં ઝંપલાવનારી એક બાળાનું ભવિષ્ય બગાડતાં અને સંકટના સમુદ્રમાં ફેંકતાં મને પ્રભુનો ઘણોજ ડર લાગેછે. જો કે હું તારા પ્રેમનું પ્રતિક્રમણ કરી (મુકી દઇ) સંકટ તો ભોગવીશ તોપણ તારા ભવિષ્યને ધુળમાં મેળવવાની મારી મનોવૃત્તી નથી. એ જણનું બગા-

ડવા કરતાં એકનું સુધારે તે શાણો ગણાય માટે વા’લી બાળા હું તને સત્ય કહું છું કે, તું તારા પિતા કોઇ ધનવાનની સાથે વરાવે ત્યાં જા. અને મારા અલ્પ સમયના પ્રેમને વિસારી તારા પ્રારબ્ધને આધીન થઇ ક્યાં પણ સુખી થા. હું પણ કેવો પાપી કે તારા જેવી સુશીલ અબળાને પ્રેમ પાસમાં પરવશ બનાવી હવે નિરાશ કરૂં છું મને પહેલાંથીજ આ વિચાર આવ્યો હોત તો કેવું સારૂં! પણ થયું તે થયું; ભુલ્યા ત્યાંથી ગણવું એ પણ અયોગ્ય ન ગણાય. શાણી મણી હવેથી તારા શુદ્ધ પ્રેમનો પ્રવાહ આ કંગાલ અને નિર્માલ્ય પ્રેમી તરફ ન વહેવળાવતાં ગમે ત્યાં પણ તારા ભવિષ્યના સુખની શોધ કર.

સુરેંદ્રના વિચિત્ર વચનો સાંભળી મણીના હૃદયમાં કંપ થયો તેનું કોમળ કાળજું વાક્ય બાણથી ભેદાવા લાગ્યું, તેનું પ્રેમથી ઉછળતું હૃદય ગતી શુન્ય બની ગયું, દિન વદનથી હાથ જોડી નેત્રમાં અશ્રુ સારતી મણી સુરેંદ્રને વિનવતી બોલવા લાગી.

વા’લા સુરેંદ્ર હું ન જાણુતી હતી કે આપના વદન કમળમાંથી ક્યારે પણ આવા હૃદયહત શબ્દો નીકળશે. પ્યારા આ ઉદ્‌ગારોનો વજ્રપાત કરવા કરતાં આપ અશી (તલવાર)ના પ્રહારથી મને ઉછેદિત કરી (મારી) નાંખી હોત તો મને જરાએ સંકટ જણાત નહીં તે સહન કરવાની મારામાં અપાર શક્તિ છે. સુજ્ઞ નાથ આપ આ શું બોલો છો અને તે બોલવા પહેલાં જરા વિચાર તો આણો કે આ વચનો એક વિશુદ્ધ વનિતાનું હૃદય વિદારનારા છે કે કેમ? પ્યારા સુરેંદ્ર આપ મારા પતિ છો; આપ મારા પ્રભુ છો; આપ હૃદયના આધાર છો; આ જગતમાં રહેલું સર્વસ્વ—સુખનું સાધન ગણાય તે સર્વને હું આપનામાંજ જોઉં છું વહાલા મનથી વરેલો તેજ પતિ ગણાય હું કાંઇ ધનની ઇચ્છા ધરાવતી નથી સતી સ્ત્રીનો સ્નેહ એકજ સ્થળે અચળ હોય છે મેં આપને જોયા ત્યારથી આપના પ્રત્યે મારો પુન્ય ભાવ પ્રગટ થયો છે તે હવે આ જીંદગીના અંત લગી પણ નાશ થવાનો નથી આપ મને મીથ્યા સતાવશો નાહ, પ્રભુ કૃપાએ મારૂં હૃદય ક્ષુદ્ર નથી કે ધનની આશામાં તણાઇ મારા ધર્મના નાશ કરૂં પ્યારા આપ પરવશ હશો

અને સંકટ સહન કરતાં હશો તો આપની દાસીને પણ તે કષ્ટનું વહન કરવામાં વિકટપણું જણાશે નહીં. આપ વિદ્વાન અને ગુણજ્ઞ છો તો પ્રભુ આપણી સહાય નહિ કરે શું ? કરશેજ. મારા પુજ્ય પિતા સ્વાર્થને સ્વીકારી સ્વધર્મને ત્યાગી પોતાનું વચન વિસારી ભ્રષ્ટ બનશે પણ હું કદીએ તેમ થવાની નથી મને મારા ધર્મ પર ઘણીજ શ્રદ્ધા છે. હૃદયાધાર દુરાચારી અને નીચ વૃત્તીને સેવન કરતી કુલટાઓના જેવી મને ગણતા ના. મારા પ્રભુ મારા પિતાનો—મારા પર કોપ ઉતરશે. મને બળાત્કારે મારા વિચાર ફેરવવાની ફરજ પાડશે તોપણ આ ક્ષણ ભંગુર દેહની દરકાર રાખ્યા વિના, મારા પવિત્ર પ્રેમને કલંકિત કરીશ નહીં. મારા આત્માએ એકવાર આપને પતિ તરીકે સ્વીકાર્યા પછી કોઇપણ કારણથી જો તેથી વિરૂદ્ધ વર્તન કરૂં તો, મારા જેવી ધિક્કારપાત્ર અને પાપીષ્ટ પ્રેમદા બીજી કઈ ગણાશે ? આપણું પ્રેમયંત્ર એક છે ત્યાં કોઇની તાકાત નથી કે તેમાં ભીન્નતા લાવી શકે પ્રાણેશ મારી નમ્ર પ્રાર્થનનો સ્વીકાર કરી મને સદાને માટે આપની સેવામાં કબુલ કરી નિર્ભય બનાવો.

હજુ પણ સુરેંદ્રને વિચારમાં ગુંથાયલો અને નિષ્પ્રેમ જોઇ ગળગળે સાદે રડતાં રડતાં શરૂ કર્યું.

વા'લા મારા હૃદયના સ્વામી મારી પ્રાર્થનાને જો આપ ચિત્તમાં નહીં લાવો અને મારો સ્વાકાર નહીં કરો, તોપણ હું કાંઇ અન્યની સાથે જોડાવાની તો નથીજ. આપ ભલે ક્રુર થશો મને ભલે તજી દેશો પણ, હું આપને તજીશ નહીં. આપનુંજ ભજન કરીશ, આપનેજ પુજીશ, આપનેજ મારા હૃદય મંદિરમાં સ્થાપન કરીશ, અને આપના નામ પરજ આ પ્રાણને પર હરીશ, પણ નરક નીવાશીની અધમ સ્રીઓની પેઠે વિષય વાસનાનો મલીન વિકાર મારા હૃદયમાં ક્ષણ માત્ર પણ ઠરવા આપીશ નહીં. મને આ જગતમાં બીજું કોઇ દુ:ખ નથી બીજી કોઇપણ ચિંતા નથી બીજી કોઇપણ લાલશા નથી, માત્ર આપના પ્રેમનીજ ઇચ્છા છે. દયા કરો નાથ આપના વિચારવમળને તોડી, અને આપની ચર્ણરજ કિંકરીનો સ્વીકાર કરો. એમ કહી નિરાશાથી વ્યાકુળ બનેલી મણી લથડીયાં ખાઈ પડી જતી જોઈ સુરેંદ્ર

તેને પોતાના બંને હાથો વતે ઝીલી અને બોલ્યો, 'વા'લી ધીરજ ધર સત્ય પ્રેમને સ્વીકારનાર સતી તને ધન્ય છે, આજે તારા ખરા પ્રેમને મેં જાણ્યો, તું એક શુદ્ધ હૃદયની સરલ બાળા છે. પ્યારી આજથી તું મારી જ છે. તારે હવે જરા પણ ચિંત્તા કરવી નહિ. તારા હૃદયસ્થ પ્રેમને પ્રગટ જોવા માટે જે શબ્દો હું બોલ્યો છું અને કઠોરતા બતાવી છે તે દરગુજર કર, એમ કહી સુરેંદ્રે તેના ગુલાબી ગાલ પર પોતાના નિર્મળ હૃદયના શુદ્ધ પ્રેમનો પ્રવાહ બતાવવા ચુમ્બન કર્યું.

વાંચનાર ? પ્રેમ એ કેવી વસ્તુ છે ? ક્ષણમાં ચિંતા અને ક્ષણે અફસોસ. ક્ષણમાં આનંદ અને ક્ષણમાં રોષ. અહા ! અજબ પ્રેમ તને ધન્ય છે. હમણાજ નિરાશાના નાવમાં ડુબકાં મારતી અને પરવશ થઇ પડી જતી પ્રેમદા પતિના પ્રેમી વચનોથી અતી હર્ષમાં છલકાઇ જતી આપણે જોઇએ છીએ. હમણાજ જેના વહેતા અશ્રુઓથી આંખો લાલ અને મોઢું ઉપસેલું જણાતું હતું તેજ તરૂણી પતિના પ્રેમયુક્ત બે શબ્દો વડેજ અપૂર્વ કાંતિમય થઇ વદન સુધા વિકશાવી રહી છે. જેની પ્રભા સામે ઉદય થતા ઇંદુના જેવી જણાયછે. અસ્વસ્થતામાં છુટેલા ભ્રમરની પાંખ સમાન કેશકલાપ મુખમંડલને ઘેરી રહ્યાં હતાં, તેને પોતાના કોમળ કર વતી સરખા કરતી કરતી મણી બોલી.

નાથ, શું તમે પણ મારી પેઠે પ્રેમનું નિરીક્ષણ કરવા આ પ્રપંચ ઉઠાવ્યો કે ?

હા; વા'લી. પણ તું તેથી ગુસ્સે તો નથી થઇને ?

ના: ના; પ્રિયતમ: નહી. આ થયેલા દુ:ખને હું સુખસ્વરૂપજ માનીશ. પણ વાલા ? હવે તો વેળાસર નિર્વીઘ્ને આપણા મનોવિચાર પાર પડે એવી કંઇ યુક્તિ રચો તો સારૂં. કારણ કે મારો અભ્યાસક્રમ પુર્ણ થતાં અહરનિશ આપનુંજ ચિંત્વન રહ્યા કરે છે. હવે બીજો કોઇ પ્રકાર અંતરમાં ફરતો નથી માત્ર પરમાત્મા આપના ચરણ સેવનની તક સત્વર આપે એજ પ્રબળ ઇચ્છા થાય છે.

હૃદય પ્રકાશક મણી હું પણ એજ ઇચ્છા ધરાવું છું, પ્રભુ જાણે આ-

પણી મનેચ્છાઓ ક્યારે પાર પડી ક્યારે પરસ્પરના વિયોગનો અંત લાવી દૈવ આપણુને સદાને માટે આનંદમાં માહાલતા કરશે. આ વિષય પર મારા કાકાનો પુરો લક્ષ હોવાથી આશા રહે છે કે જલદી વિયોગ મુક્ત બનીશું, પછી તો જેવી ઇશ્વરેચ્છા.

એમ બોલતો સુરેંદ્ર મણીનો હાથ પકડી પાસેના એક વૃક્ષ પાસે ગયો, ત્યાં કમ્પાઉન્ડ પર ગોઠવવા માટે મોટો પથ્થર આવેલો હતો તેના પર બંને પ્રેમીઓ પોતાના દિલની કિલટ ખોલવા બેઠાં.

મારી મોહક મયુરી આ ગહન વૃક્ષોની કુંજલતામાં સંતાઇ સ્નેહીને ઠગવામાં તો હુશીયાર છે હોં! "સુરેંદ્રે ચાલુ કરતા કહ્યું." પતિના ગાલપર હળવેથી સ્પર્શ કરતી અને હસતી મણી બોલી હા; નાથ; કલાપિ (મો'ર) ના મનોમય (આંતરિક) પ્રેમનો કેકારવ (મધુરૂં ગાન) સાંભળવાની ઇચ્છાથીજ વાલા.

ત્યારે કલાપીનો નાદ સાંભળી મયુરીને તો સત્વર ટહુકાર કરવોજ જોઇએ છતાં મૌન (ચુપ) કેમ રહી એ શું ઠગાઇ ન ગણાય?

ના; ના; એ ઠગાઇ કેમ ગણાય. મયુરીના ટહુકારથી કલાપિ ચેતી જાય અને પોતાનું હૃદય દ્વાર ખોલતો બંધ કરે તેથી વાણી અને મન બેઉ નિયમમાં રાખ્યાં એ સમયાનુસાર યોગ્યજ ગણાય. ઠીક, પણ સુંદરી વાણી અને મનનો નિગ્રહ કરનાર તો તપસ્વીની ગણાય; એ નવિન પાઠ તું ક્યારે શીખી?

વા'લા આપના પ્રેમની પુજારી થવા પછીજ.

ત્યારે હવે તો તું હમેશાં તેમજ કરશેને. ?

નહી, નહી, નાથ. મારા હૃદયના આધાર હમેશાં તે એવું હોય; આતો પ્રેમનું તત્વ તપાસવા માટેજ હતું. હવે તો તન, વાણી અને મન એ સર્વ આપનેજ સ્વાધિન થયાં છે.

ત્યારે હમણા સુધી તારા મન, વચન ને તન તેં કોને સ્વાધિન કર્યાં હતાં? સુરેંદ્રે હસતાં હસતાં કહ્યું.

મારે પોતાને સ્વાધિન બીજા તે કોને મણીએ સ્વાભાવિકપણે જણાવ્યું.

તુંતે કોણ. ?

આ આપની સામે બેઠી છે તેજ આપની પ્રીયતમા બીજી તે કોણ.

પ્રિયતમા તો ખરી તે કોણ અને ક્યાં છે. ?

સમજી, સમજી, વા'લા સમજી. હવે તો તમે એ જાણે જ્ઞાનીયોના પણ ગુરૂ થવા બેઠા છો.

પણ કહે તો ખરી.

શું કહું પ્રથમ બોલવામાં મારી ભુલ થઇ છે જ્યાં હું હાથ રાખીશ તે શરીરના દરેક અવયવ ગણાશે, પણ હવે હું કહું છું કે તન, મન, અને વાણી એ મારા આત્માને સ્વાધિન હતા અને તે આપને હું બતાવી શકિત નથી કેમ કે તે બતાવી શકાય તેવી વસ્તુ નથી.

સમજી તો ખરી સુરેંદ્રે સ્મીત કરતાં કહ્યું.

ત્યારે મનોજભવે તો મને મુર્ખજ ગણી કે ?

નહિં, એમ તે હોય. તું તો ઘણીજ શાણી અને જ્ઞાનનો ભંડાર છે; એમ કહી તેને હૃદયસ્થ બાંધી તેનું સાંત્વન કર્યું. એટલામાં શામેના વૃક્ષો-માંથી ખડખડાટ થયો. પાછળથી પણ કોઇના પગલાંનો અવાજ સંભળાયો, મણીએ પાછળ જોયું, એકદમ ઉભી થઇ ગઇ, સુરેંદ્ર પણ ઉભો થયો, ને રંગમાં ભંગ પડયો.

વાંચનાર, સાચું સુખ તે શામાં છે. આ વખતે અપાર સુખમાં મહા-લતા પ્રેમી પક્ષીયોના હૃદય ધડકવા લાગ્યાં છે. અને અત્યંત ભયગ્રસ્ત બન્યા છે. શું આ સાચું સુખ હતું ? શું તેઓના મનોવિચાર સાચા નિવડશે ? તેની તો પાછળ વાત, પણ જો એ સાચું સુખ હોય તો તેમાં ભયનો આ-વિર્ભાવ શાથી ? ત્યારે નિશ્ચય પુર્વક જણાય છે કે આ કાંઇ સાચું સુખ નહો'તું પણ માની લીધેલું ક્ષણીક સુખ હતું. ત્યારે ખરૂં સુખ કયું ? ક્યાં છે ? કેમ મળે ? એ દરેક વ્યક્તિને જાણવાની ઇચ્છા રહેજ એ સ્વભાવિક છે, કારણ કે ખરૂં અને અખંડ સુખ હોય ત્યાં અવિછિન્ન પણ ભયનો ભાપ થતોજ નથી. ત્યારે એ જાણવું તો અગત્યનુંજ ગણાય, તે પણ આગળ જણાશે. પણ હાલ આ દંપતિના ઉદ્દભવતા પ્રેમમાં વિક્ષેપ કેમ પડયો તે તપાશીએ.

સુરેંદ્રે નિહાળ્યું અને મણી તરફ ફરીને બોલ્યો. પ્યારી તું ડરીશ નહિ, એતો મારી અને તારી માતા સમાન આ ધર્મશાળાના રક્ષક ગંગામા છે એઓ મારા પ્રત્યે પુર્ણભાવ ધરાવે છે પણ આપણા ખાનગી પ્રસંગ વચ્ચે તેઓ શા માટે આવતા હશે ? તેમાં જરૂર કંઇ ભેદ હોવો જોઇએ. એટલામાં ગંગા ડોશી આવી અને બોલી મારા પ્યારા બચ્ચાઓ, હવે જલદી ઘેર જાઓ. તમારો કોઈ પ્રતિ પક્ષી તમારા આ કાર્યને નિહાળવા તમારી પુંઠેજ ભમે છે. માટે જુદે જુદે રસ્તે થઇને નિકળી જાઓ.

જરા ભય પામેલો સુરેંદ્ર આશ્ચર્ય થતાં હિંમત ધરીને બોલ્યો; માજી આપે તે કેમ જાણ્યું. ?

બેટા, હું ધર્મશાળાના પાછળના ભાગમાં કુવો છે ત્યાં પાણીની ગાગર કા'ડવા ગઇ હતી. તે કુવાપર ચાર પગથીયાંવાળો ઉંચો પડથાલ છે. તેનાપર થઇ પાણી ભરવાને ગરેડીપર દોરને મુકયો તેનો જરા અવાજ થયો કે કંપાઉન્ડની બાજુના વૃક્ષો નિચે તેનાં સુકાં પાતરાં ખડ ખડવાનો અવાજ આવ્યો તે દિશા તરફ જોયું તો એ વૃક્ષને છોડી સામેની ઝાડીમાં-જતો મેં એક જણને જોયો.

આ સાંભળી મણીને ફાળ પડી અને ભય પામતાં બોલી, પ્યારા હવે શું થશે? તે કોણ હશે ? શા માટે આપણી પાછળ આવ્યો હશે ?

સુરેંદ્ર તેને ધિરજ આપતો બોલ્યો. આટલાથીજ ડરે છે તો તારા બોલેલા વચનો તું કેમ સત્ય કરી શકીશ. સુરેંદ્રે તેનું અધૈર્ય ટાળવા કહ્યું.

પ્યારા નાથ એતો છેવટની વાત છે પણ જ્યાં સુધી મર્યાદામાં રહી પોતાનું ધાર્યું થતું હોય તો વ્યર્થ બહાર પડવાની જરૂર શી ?

ખરૂં છે સુરેંદ્ર ભાઇ. ડોશી તે વાતને ટેકો આપતાં બોલી અને ફરી કહ્યું કે તમારે હજુ પણ રોકાવાની અગત્ય હોય તો પણ ફરીને મળજો પણ હમણાં તો જલદી ઘેર જાઓ એમ મારૂં હૃદય કહે છે, તમારા માટે મેં પેલી ગાગર પણ કુવામાંથી કહાડી નથી અને અહીં કહેવા આવીછું.

ચાલ બેન, મણી ચાલ. હું તને સિધે રસ્તેથી દરવાજા લગણ મુકી આવું. એમ કહી મણીનો તેણે હાથ પકડયો.

ગંગામા જરા ખ્યાલ રાખજો તેને રસ્તામાં કંઇ હરકત ન થાય. "સુરેંદ્ર ડોશીને ભલામણ કરવા લાગ્યો."

કંઇ ચિંતા નહિ. બા સુખેથી જાઓ મારા હૃદયમાં પ્રાણ છે ત્યાં લગણ તમારી મણીને તમે નિર્ભયજ માનજો તમે સંભાળીને જજો એમ કહી ગંગાડોશી મણીને લઇ ચાલવા લાગી તે બે વ્યક્તિઓ અનીચ્છાથી પણ જુદી પડી. સ્થુળ શરીર તો વિખુટાં પડયાં; પણ અંતરાત્માએ એકત્ર થવાને પુરો પ્રયાસ કર્યો. જતાં જતાં એ પ્રેમરૂપ ઇલેટ્રીક—વિજળીનું ચક્ષુઓદ્વારા અનુસંધાન થયું; છેવટ તે પણ અદૃશ્ય થયાં; અને માર્ગ પ્રતિક્રમણ કરતાં બંને પ્રેમીઓએ પોત પોતાને રસ્તે પ્રયાણ કર્યું.

પ્રકરણ ૨ જું.

પંડીત જગન્નાથ અને વિદ્યાલક્ષ્મી.

નૌતમપુરથી પંદરેક માઇલપર આવેલું: "લીલાવર" નામનું ગામ હતું, તેની માલેકદારી નૌતમપુરાધિશ મહારાજા સિંહરાજની હતી. ત્યાં જગન્નાથ નામના પંડિત બાર વરષ લગી કાશીમાં રહી જ્યોતિષ અને યોગમાર્ગનો સારો અભ્યાસ કરી; અહીં નિવાસીત થયા હતા. તેમનું વય પ્રમાણુ હાલ તેત્રીસ વર્ષનું જણાય છે. તેમના પીતા વાસુદેવ ભટ્ટને બે પુત્રો હતા. તેમાં મોટા પંડિત જગન્નાથ અને નાના પુત્રનું નામ ગિરધરલાલ હતું. વાસુદેવ ભટ્ટનો પોતાનો અભ્યાસક્રમ સાધારણ હતો, તેથી પુત્રોને પણ થોડી કેળવણી આપી ધંધે લગાડવાનો તેઓનો વિચાર હતો. પણ દૈવજોગે તેમની સ્ત્રીનો સ્વર્ગવાશ થતાં, બંને પુત્રોને લઇ તેઓ મુંબઇ આવ્યા. ત્યાં સાધારણ વિદ્યાના જોગે પણ પોતાનું સારી રીતે ગુજરાન ચલાવવા લાગ્યા. અને કેળવણીની અનુકુળતા જોઇ બંને છોકરાઓને એક "શાળા"માં દાખલ કર્યા. એમ એક વર્ષ નીકળી ગયું. ત્યારે એક વખત ત્યાં વસતા ત્યાંના

ધનાઢ્ય ગ્રહસ્થે પંડિત જગન્નાથની વિચિક્ષણુતા અને બુદ્ધીની કુશાગ્રતા જોઈ પ્રસન્ન થઇ વાસુદેવ ભટ્ટને સમજાવી તેમને કાશી મોકલાવ્યા, અને તેમનું તમામ ખર્ચ પોતાની પર લેવા કબુલ કર્યું. ત્યાં પણુ દૈવની અનુકુળતાએ પ્રખ્યાત પંડિત શીવદત્ત જેવા ગુરૂ મેળવી જગન્નાથે પોતાનો અભ્યાસ ચાલુ કર્યો. તે વખતે તેમને સોળમા વર્ષની શરૂઆત હતી. અહીં ગીરધરલાલને તેરમું વરસ ચાલતું હતુ તેને એ વર્ષનોજ ટુંક અભ્યાસ કરાવી વાસુદેવ ભટ્ટે બંધ રખાવ્યો. તેના બે કારણો હતા. એક તો તેને કોઈ ધંધે લગાડી કમાતો કરવાનો, અને બીજુ કારણુ તેના લગ્ન કર્યા તેથી તેમ કરવું પડયુ.

વાસુદેવ ભટ્ટે પ્રયત્ન કરી કંઈ પઇસા પણુ મેળવ્યા હતા, અને પોતાની હયાતીમાં એકાદ પુત્રને પરણાવી જાય તો સારૂં. એવો વિચાર આવતાં તેમણે પંડીત જગન્નાથને તેમનું વેવિશાળ કરવા પ્રયત્ન ચલાવીએ છીએ, અને ઇશ્વર કૃપાએ તે કામ બને તો તેઓએ આવવું. આમ લખી તેનો જવાબ માગ્યો. પણુ ત્યાંથી ખુલાશો થયો કે મારા સમ્બંધ વિષે હાલ કયાં પણુ વાત કરવી નહીં, મારો ચાલતો અભ્યાસ પુરો થવા પછીજ તે વિષે તજવીજ કરવાની છે. પંડીત જગન્નાથના આવા સ્પષ્ટ લખાણુથી વાસુદેવ ભટ્ટ જરા નાખુશ થયા. કેમકે તે જુના વિચારને વળગી રહેનાર હોવાથી તેઓના લખવાનો મર્મ તેઓ સમજી શકયા નહિં. અને ગીરધરલાલનું સગપણુ કરી બીજે વર્ષે વિવાહ કર્યો. હવે ગીરધરલાલ કોઈ ધંધે લાગે તો સારૂં એવી તેમની ઇચ્છા હતી. તેથી એક ગાંધીને ત્યાં તેને નોકર રાખ્યો. પહેલાં તો તે કામનો બીન અનુભવી હોવાથી પગારનો કાંઇ ઠરાવ થયો નહિ. પણુ પછીથી તે શેઠે રૂપીઆ પંદરનો પગાર કરી આપ્યો. ચાર વર્ષની નોકરીને અંતે ચાલીશ રૂપીઆ માસીક પગારના થયા, હવે વાસુદેવ ભટ્ટને કંઈ ચિંતા ઓછી થઈ. પણુ દૈવજોગે તેજ વર્ષમાં એક અસાધ્ય રોગના ભોગ થઈ થોડાજ વખતમાં આ અસાર સંસારનો સદાને માટે ત્યાગ કરી ચાલી ગયા. (મર્ણુ પામ્યા) તેથી ઘરનો તમામ ભાર ગીરધરલાલપર પડયો. તેણે યથેચિત પ્રમાણે પોતાના પિતાની ઉત્તરક્રિયા કરી પોતાના સંસાર ચક્રને વ્યવહારીક રીત પ્રમાણે વહન કરવા લાગ્યો. તેની સ્ત્રીનું નામ

"નવલ" હતું. તે સ્વભાવે જરા કડક હોવાથી તેને હરપાળે કંટાળો આવતો, પણ તે જાતે શાંત હોવાથી કંકાસ વધવા પામતો નહિ.

અહીં બાર વરસ પુરા થયા. જગન્નાથ પંડિતનો અભ્યાસ આગળ કહ્યા પ્રમાણે પુર્ણ થયો. ત્યાંના મોટા મોટા વિદ્વાનો તરફથી તેમને માન-પત્રો મળ્યા. પોતાના "ગુરૂ" ને ઘણા વિનયથી સંતોષી વિદ્યા અને કીર્તિને સાથે લઇ જગન્નાથ પંડિત સ્વદેશ તરફ આવ્યા. પ્રથમ મુંબઇમાં આવી પોતાના ભાઈ ગીરધરલાલને ભેટયા, અને પીતાના સ્વર્ગવાસ થવા માટે શોક દર્શાવ્યો. ત્યાં એક અઠવાડીયું રોકાયા પણ તે અરસામા તેઓએ મોટી સભાઓ કરી અનેક વિષયોપર ભાષણો આપ્યા. કેટલાક વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થો કર્યા અને પોતાની સદ્‌વિદ્યાના જોગે તેમણે બધા પંડિતોપર છાપ પડી તેથી તમામ વિદ્વાનો અને સારા ગ્રહસ્થો તેમને અંતઃકરણથી ચાહવા લાગ્યા. ત્યાંથી વિદાયગીરી માગી રાજનગરમાં આવ્યા, અને ત્યાં પણ પોતાનો પુરો પ્રકાશ પાડયો. તેમની અલૌકીક વિદ્યાને નિહાળી ત્યાંના વિદ્વાનોએ તેમને ઘણા આગ્રહથી ત્યાં રાખ્યા. ત્યાં રહી તેઓએ "દેશોદયના" "વિદ્યા વિષય" પર નિતી સમ્બન્ધી અનેક પ્રકારના વ્યાખ્યાનો શરૂ કર્યાં, અનેક મોટા મોટા વિદ્વાનોને શાસ્ત્રાર્થમાં પરાજીત કરી પોતાની બુદ્ધીની કુશાગ્રતા દર્શાવી, તેથી પ્રતિદીન લોકપ્રીય થઇ પ્રતીષ્ટા પામ્યા.

રાજનગરના વિદ્વાન બ્રાહ્મણ વેણીરામની વિનય સંપન અને કેળવા-યલી કન્યા "વિદ્યાલક્ષ્મી" સાથે તેમના લગ્ન થયાં. તે વેણીરામ પોતે પચાશેક વર્ષના લગભગ હતા. આ કન્યા શિવાય તેમને અન્ય (બીજું) સંતાન નહીં હોતાં પંડીતજીનો શારી રીતે સત્કાર કર્યો; અને ઘણા મા-નથી છ મહિના લગી પુત્રી અને જમાઇને પોતાને ત્યાં રાખ્યા. પછી પો-તાની જન્મ ભુમીને નિહાળવાની તેમ તેને તીવ્ર ઇચ્છા થયેલી જોઇ પંડિત જગન્નાથ તથા વિદ્યાલક્ષ્મીને ધન વસ્ત્રોથી સારી રીતે સંતોષી રજા આપી. હવે પંડિતશ્રીની મનેચ્છા પુર્ણ થઈ તેઓ જેવી ગ્રહીણી મેળવવાને ચા-હતા હતા તેવુંજ સ્ત્રી રત્ન તેમને પ્રાપ્ત થયું, તેથી આનંદ પામ્યા. અને પોતાના "લીલાવર" નામના ગામમાં આવી રહેવા લાગ્યા. પંડીતે પોતાની

વિદ્યાના બળે એક સાધારણ જેવા ગામમાં રહ્યા છતાં આજુબાજુ સો સો માઇલ લગી પોતાની કીર્તિ ફેલાવી આપી હતી. જ્યાં ત્યાં તેઓના યશોગાન થઇ રહ્યા હતા. તેઓના મુખથી બોલેલું ભવિષ્ય સત્યજ નિવડતું. કારણ કે જ્યોતિષ્યેની સાથે યોગનું અનુસંધાન હોવાથી તેઓનું બોલેલું અક્ષરશઃ સત્ય ઠરતું. મોટા વિદ્વાનો પણ તેમને પુજ્ય ભાવથી માન આપતા અને "ત્રિકાલદર્શી" જ્યોતિર્દિવાકર" પંડિત રત્ન ઇત્યાદી ઘણા અલંકારોથી વિભુષિત કરતા. ખરૂં જોતાં તેવા ઉપનામને તેઓ લાયકજ હતા. હાલના જમાનાની પેઠે કેટલાકો જેમ વેદવિદ "વિદ્યાભુક્ષણ" જ્યોતિર્રત્ન "પંડિતવર્ય વિદ્યાવિસારદ" બ્રહ્મવિદ "વેદાચર્ય" મિદ્યામાર્તંડ "જ્ઞાનમંદીર" વગેરે હજારો ઉપમાઓ ખાડ પાડુઓની પેઠે પોતાની મેળેજ ગોઠવી વધારેમાં "શ્રીયુત" અને પરમપુજ્ય "કે પુજ્યપાદ" લખી પોતાને કૃતાર્થ થયેલા માને છે; પણ જોઇએ તેવી યોગ્યતા ન ધરવાથી લોકોમાં "**कृतज्ञमन्यें**" પંડીત શ્રી કાળીદાસના કહેવા મુજબ પાંચ મુર્ખમાંના ચોથા વર્ગના મુર્ખ ગણાય છે. તે કરતાં વિદ્યાભ્યાસમાં મન લગાડી ખાલી દમામ મુકી દઇ, શાંત થઇ ક્ષીતીમાં જ વિચરે તો વિદ્યા એતો એક ચીંતામણીજ છે, જે ધારે તે મળી શકે. પંડિત જગન્નાથનું પણ એજ માનવું હતું. તેઓ સમજતા કે વિદ્યા અને કળા કસ્તુરીની પેઠે વગર જણાવે પણ સ્વયં–પોતાની મેળે જણાઇ આવે છે. ત્યારે આપણે આપણા હાથે લખી શા માટે ઝાહેરમાં આવવું. સદ્‌વિદ્યા જેવી સાચી વસ્તુઓની શોધ તો ગમે ત્યાં પણ મનુષ્યો દોડતા કરવા આવશે, એવું તેઓ નિશ્ચયથી માનતા. વળી તેઓ સાત્વીક નીતિમાં પ્રવર્તનાર અને ઉદાર વૃત્તિવાળા હતા. સદ્‌ભાગ્યાનુસાર વિદ્યાલક્ષ્મી જેવી સુંદર કુલીન અને સુશિક્ષીત સ્ત્રી પ્રાપ્ત થવાથી અહોભાગ્ય થયા હતા. વિદ્યાલક્ષ્મી સાધ્વી ચતુર અને પતિપરાયણ પ્રેમદા હતી. તેની સાથે લગ્ન કરવાને આજે પાંચમું વરસ પ્રવેશ કરતું હતું, વિદ્વાન પતિ યોગે તેની હૃદયસ્થ ઉર્મીયો સર્વદા પુર્ણ થતી હતી.

વાંચનાર! ધનના આનંદ કરતાં વાક્ય–રસનો આનંદ એ હજારગણો વિશેષ અને અલૌકીક સુખ આપનાર છે. તેનો અનુભવ વિના આ સ્વાદ

જાણી શકાતો નથી, પણ કોયલના કલ કંઠની સુંદર વાણી "સુરોદયનાં સમ્પૂર્ણ રસ રંગને જાણનારના હાથમાં મનહર નાદ કરતી વિણા અને પંડીતની પ્રવીણતા એ કોને આનંદમાં ગરકાવ કરતાં નથી. આતો ઉભય દંપતિ (સ્ત્રી પુરૂષ) જગદુદ્ધારક અને વાણી વિસારદ શ્રીમતિ સરસ્વતી દેવીના અનન્ય ઉપાસક પછી તેઓના આંતરીય આનંદનું વર્ણન કેમ થઇ શકે. આપણે તો માત્ર એટલું કહી શકાએ કે ઉભય દંપતિ આ કહેવાતા દુઃખમય સંસારમાં અમરાપુરીથી અધીક સુખનો અનુભવ કરતા, અને અત્યાનંદમાં માલતા હતા. કષ્ટની મુળરૂપ તૃષ્ણાનો તો તેઓએ તન મનથી તિરસ્કાર કર્યો હતો. તેઓનો યદ્રચ્છા પર વિશેષ આધાર હતો. અને પરમાત્મા પણ પોતાના પર વિશ્વાસ લાવી વિચરતા વિદ્યા વિસારદ અને પુન્ય શ્લોક દંપતિના સુખના સાધનો વિના માગે પણ મેળવી તૈયાર આપતા. એમ આ શાક્ષર દંપતિનું સંસાર ચક્ર સુખ રૂપ સંચારક થતું હતું. આજે વિદ્યાલક્ષ્મીને હમેશનાં કરતાં નવીનજ પ્રકારનો આનંદ ઉદ્‌ભવેલો (ઉત્પન્ન થયેલો) જોવામાં આવેછે. પોતે જે વાત જાણેછે ને પંડિતશ્રીને જણાવા; આનંદીત કરવાની ધારણાથી તે રમણી શરમાતી શરમાતી બીલોરના મોટા તખ્તા (આરશા) તરફ મુખ કરી વસ્ત્રો પહેરતા પોતાના પતિના વામ સ્કંધ પર બંને હાથના કડા વાળી તે પર પોતાનું મુખ ટેકવી પેલા તખ્તા સામે ગૌરવદનને વિકસાવિ સ્મીત કરતી સુંદરી સ્વામીના વદન સામે જોઇ રહી. તે વખતે ઉભય દંપતિના ચક્ષુ સંમેલનની અવિછીન ક્રિયાથી ઘડીભર જાણે યોગ માર્ગની તાટક ક્રિયા થતી હોય તેવો ચિતાર થઇ રહ્યો. આખરે વિદ્યાલક્ષ્મીએ હશી દીધું, અને શરમાતી હોય તેમ પોતાના મુખને આરશા તરફથી ખસેડી પોતાના ગુલાબી ગાલને પતિના હૃદયમાં દાબ્યો. આંખો સંકોચતી, મંદ મંદ હાસ્ય કરતી, અંતરના આનંદથી ઉભરાતી સ્વપતિને હસ્તપાસમાં જરા લપેટતી રમણીના આજે અનંત ઉત્સાહને પંડિત પતિ તરતજ સમજી ગયા અને બોલ્યા, પ્યારી સ્ત્રી આજે તો તારા અપૂર્વ આનંદનો પ્રવાહ ઉભરાઇને આરપાર જાય છે એ શું ?

ત્યારે આગળ કોઇ વખત શોકની છાયા મારા મુખપર છવાયલી

પ્રાણવલ્લભના જોવામાં આવી છે કે? આજેજ આનંદમાં જોઈ આપને આ-શ્ચર્ય લાગ્યું. "વિદ્યાલક્ષ્મીએ વાર્તાલાપ વધારવા ચલાવ્યું."

નહિ પ્રિયા તેમ હું ક્યાં કહુંછું. સ્ત્રી તે સ્ત્રીજ, ગમે તેવી વિદ્વાન તો પણ સ્ત્રીતો ખરીજ. તારા જેવી સાક્ષર બાળાને શોક શા માટે હોય, પણ હમે-શાંનો આનંદ આજના આનંદની તુલનામાં આવી શકતો નથી એમ મારૂં માનવું છે. કેમ ખરૂં કે? પંડિતે પ્રશ્ન કરતાં કહ્યું. હા તેમ હશે પણ પ્યારા નાથ ત્યારે સ્ત્રીયો એતો મૂર્ખતાને પેટંટ કરી હોય તેમ તમારૂં માનવું જ-ણાય છે, વિદ્યાલક્ષ્મીએ પંડિતને સામો પ્રશ્ન કર્યો.

વાહરે મારી ચતુર્દેવિ! એવું તે માનવું હોય એમ કહી પંડિતે હસી દીધું.

તેમ ન હોય તો સ્ત્રી તે સ્ત્રીજ, એમ કેમ કહેવાય? આ વાક્ય પ-રથી તો નક્કી ઠરે છે કે સ્ત્રીયો તો અવગુણની આધારજ હોવી જોઇએ. વિદ્યાલક્ષ્મિએ પતિના બોલેલા શબ્દો પર આક્ષેપ કર્યો.

હા! પણ બધી સ્ત્રીયો કાંઈ તેવી હોતી નથી. વાસ્તવિક રીતે પુરૂષ કરતાં સ્ત્રીયોમાં અનૃત; સાહસ; ચરીત્ર; મૂર્ખતા; લોભ, હીનમતી; ખોરાક; અને કામ, એતો વિશેષતામાં હોય છે એમ હું પણ માનું છું; અને તેથીજ ઉપરનું વાક્ય બોલાયું છે.

વારૂ! પણ પ્યારા નાથ એ અવગુણો સ્ત્રીઓમાં વધારેજ હોય; એમ ચોક્સ માનવાનું કારણ હશે? મારા પણ વાંચવામાં આવ્યું છે કેઃ—**अनृतं साहसं माया मुर्खत्व मति हीनता अशोच्यं निर्दयत्वचं स्त्रिणा दोषा स्वभावजा** એ લખવાનું કાંઇ સપ્રમાણ કારણ હોવું જોઇએ, અને તેમ ન હોય તો આ શ્લોક લખનાર પુરૂષ વર્ગનો હોવાથી અને સ્ત્રીઓને વખોડનાર હોઇને ઇર્ષામાં આમ લખી નાંખ્યું છે એમ મારૂં તો માનવું છે. કારણ કે આગળ થઈ ગયેલી સ્ત્રીઓના ચરીત્રો તરફ દ્રષ્ટી ફેંકવાથી નક્કી જણાય છે કે તેઓ કેવી બુદ્ધિશાળી, દયાવાન અને વિદ્વાન થઇ ગઇઓ છે, પોતાના સ્વધર્મ પતિપરાયણતાને અને સત્યતાને કેવી પ્રબળ શક્તિથી ધારણ કર્યું છે. શું? તે બાળાઓ ઉપરના આરોપને લાયક છે? અને વર્તમાન-હાલના સમયમાં પણ સ્વધર્મ પરાયણ સતિ સ્ત્રીઓ નહિ હશે? આવા વિચાર પર આવતાં

તો મારા અનુમાનને પ્રબળતા મળે છે કે નહિ ?

બોલતી બાળાના મુખનું અવલોકન કરતા અમૃતમય સુવાશિક શબ્દોની સરતી માળા નિહાળતા અને પોતાને અહોભાગ્ય માનતા પંડિતે તેને આનંદના આવેશમાં આવી આલીંગન આપતાં કહ્યું. સાંભળ; સાંભળ; વિધુ મુખી સાંભળ; સ્ત્રીઓનો પુર્વ પક્ષ ખેંચી તેઓને સદ્‌ગુણના સ્થાનમાં મુકવાની તારી ઇચ્છા છે એ હું બરાબર સમજ્યો છું. પણ તે તેં વર્ણવેલી સ્ત્રીઓ તો સાક્ષાત્ દયાની દેવીયોજ હતી. વર્તમાનમાં પણ તેઓના વર્ગમાં ગણવાજોગ તારા જેવી લલનાઓ પણ છે. પણ તે સર્વના પ્રમાણ કરતાં હાલ તો કુટીલ કુલાંગનાઓ જે દયાની ડાકણો અને વિષયમાં મસ્ત બનેલી કામની કૃત્યાઓ ધર્મ કર્મને ન માની દુરાચરણમાં પ્રવૃત્ત થનારી સ્ત્રીઓનો પ્રમાણ ઘણો હોતાં આ લખનારે લખ્યું હોય એમ મારૂં માનવું છે "પંડિતે સ્વભાવિક ખુલાસો કર્યો." ત્યારે પુરૂષ વર્ગમાં શું ? દુરાચરણોનો પ્રકાર થોડો છે ?

હા; બેશક પંડિતે દ્રઢતાથી કહ્યું.

એમ કેમ ? વિદ્યાલક્ષ્મીએ આશ્ચર્ય પામતા પુછયું. પુરૂષ વર્ગમાં વિદ્યાની વિશેષતા હોવાના કારણે કુટીલતા ઓછી છે. પણ પુરૂષોમાંએ ઘણા મુર્ખ, અવિદ્વાન, વિશ્વાસઘાતી અને દુરાચાર વાળા જોવામાં આવે છે તેનું શું ?

એ ખરૂં પણ તેવા સ્ત્રીઓ કરતાં થોડા પ્રમાણમાં.

વિદ્વાન છતાંએ ક્રૂર અને દુરાચારી જોવામાં આવે છે તેનું કારણ શું હશે ?

તેઓનો ખોટો સહવાસ હોવાથી તેમ થાય છે. "વિદ્યા અને સત્સંગ એ સદ્‌ગુણોનું મુળ છે".

ત્યારે તો હવે હું સમજી કે સ્ત્રીઓના ઉપરોક્ત દુર્ગુણો બધા પુરૂષોનેજ આભારી છે

તેનું કારણ ! પંડિતે આશ્ચર્ય પામતા પુછયુ.

સ્ત્રીઓ તો મુળથીજ પરાધીન છે, બાલાવસ્થામાં માબાપને સ્વાધિન, યુવાવસ્થામાં પતીને સ્વાધીન અને વૃદ્ધાવસ્થામાં પુત્રોને સ્વાધીન, ત્યારે તે-

ઓને નાની અવસ્થામાં સદ્ગુણ કે વિદ્યાની પ્રેરણા કરનાર તો માતાપિતા જ છે, તે શા માટે પોતાની પુત્રીઓને અવિદ્વાન અને મુર્ખ રાખે છે? શા માટે સહવાસ આપતા નથી? શા માટે તેને સ્વધર્મ સમજાવતા નથી? "કેફ જેવી વસ્તુ આપી; પછી કહેશે કે આતો ઉંઘે છે" તેની પેઠે તે-ઓને મુર્ખ અને અસંસ્કારી બનાવી પછી આવા આવા શ્લોકો લખી બિચારી એ ગુનેગાર બાળાઓને અપમાનીત કરવી એ શું યોગ્ય ગણાય કે?" "વિદ્યાલક્ષ્મીએ ગંભીરતાથી સ્પષ્ટ કહ્યું.

પંડિતે તેની સંયુક્તિક અને વાસ્તવિક પણ ગંભીરતાથી બોલેલી વાણી સાંભળી હસી પડયા અને બોલ્યા. વાહરે મારી હૃદય રમણી જય મેળવતાં તો શીખી ખરી કેમ?" એમ કહી તેના ગાલ પર હળવેથી પોતાની આ-ગળીઓ લગાડી".

વિદ્યાલક્ષ્મી હસી પડી અને બોલી. ના, ના, પ્રાણનાથ, સાચુ કહો મારૂં માનવું ખોટું છે કે ખરૂં?

સ્પષ્ટ રીતે જોતાં તો ખરૂં છે. કારણ કે વિદ્યાના અને સત્સંગના અભાવે દુરાચારનું દુઃખદાઇ કષ્ટ ભોગવવું પડે છે અને તેના કારણ રૂપ માતા, પિતા, પતિ અને પુત્રો જ છે. કેમકે પુત્રો કમાઈ આપશે, કીર્તિ વધારશે અને ઉદ્ધાર કરશે. એવી એવી લાલસાઓથી તેને યોગ્ય કેળવણી આપવામાં આવે છે. અને "પુત્રીઓ તો સાસરે જશે". એને "ક્યાં કમાવા જવું છે" એવા એવા દુરાગ્રહથી તેઓને મુર્ખ રાખવામાં આવે છે એ કેટલું શોચનીય ગણાય! વળી પતિ પણ "એમજ જીંદગી નિકળી જશે" ક્યાં શિક્ષણ આપવાની માથાફોડ કરીએ એમ કરીને પતાવે, અને પુત્રો સમજે કે હવે એ વૃદ્ધ માવિત્ર કેટલાં વરસ જીવવાનાં છે એમ સમજી સંતોષ રાખે છે. વળી હાલના શિક્ષણનો પ્રકાર પણ જુદી તરેહનોજ છે. તે શિક્ષણ પામી આર્ય બાળા-ઓમાં કેલીક સદાચારમાં વળવા કરતાં દુરાચારમાં વધારે પ્રેરીત થાય છે. તે ખરાબ માર્ગને ગ્રહણ કરી કેળવણીના પ્રકારને કલંકિત કરે છે, અને "આતો ભણેલી છે" એમ બોલતાં અજ્ઞાન સ્ત્રી પુરૂષોના શબ્દોને તથા તેઓના જડ વિચારને આથી સમ્પુર્ણ ટેકો મળે છે.

" ત્યારે સ્ત્રીયોને કેવું શિક્ષણ આપવું જોઇએ. વિદ્યાલક્ષ્મિએ પ્રશ્ન કર્યો.

" તેઓને તો આપણા ધર્મ શાસ્ત્રોના નીતિ યુક્ત સિદ્ધાંતો કે જે-નાથી તેઓનું મન સદા પવિત્ર અને અચળ રહે. વળી આગળ થઇ ગયેલી સદ્દગુણી અને પવિત્ર સ્ત્રીયોના આખ્યાનો અને ગ્રહસ્થાશ્રમને લગતા આ-ચાર વિચાર બાલપોષણની રીત સબંધી જ્ઞાન આપવાની આવશક્યતા મારા સમજવા પ્રમાણે ઘણી જ અગત્યની છે, અને તોજ આર્ય બાળાઓ પો-તાના ધર્મને યથાર્થ સમજી સર્વોત્કૃષ્ટ પદને પ્રાપ્ત થાય.

" પ્યારા " વિદ્યાલક્ષ્મિએ સંષય આવતા પુછ્યું." મારો અભ્યાસ આધુનીક કેળવણીનો છે તેમાં આપને શું શું ખામીઓ જણાઈ છે તે કૃપા કરીને કહો કે જે સાંભળી પોતાના વર્તનને સુધારી આ દાશી કૃતાર્થ થાય.

સવિનય સ્વપતિના વાક્યને વિચારતાં પંડિત બોલ્યા. પ્યારી તારામાં કોઈ પણ પ્રકારની ખામીઓ હું જોઇ શક્યો નથી. તારૂં વર્તન એક વિશુદ્ધ બાળાને છાજે તેવું જ છે.

" ત્યારે " આધુનીક " કેળવણી " ને વખોડો છો તેનું કારણ શું ? મને પણ તેજ કેળવણી મળી છે. " ફ્રરી વિદ્યાલક્ષ્મિએ શંષય કર્યો."

" આયુનીક કેળવણીમાં આર્ય પ્રજાની અને પાશ્ચિમાત પ્રજાની નીતિ રીતીનું સંમેલન થયું છે તે રીતીઓનું આશય એક બીજાથી જુદી પ્રકા-રનું છે કેમકે પાશ્ચિમાત્ય પ્રજામાં સ્ત્રીયોને જોઇએ તેના કરતાં છુટાપણું વિ-વિશેષ છે ત્યારે આર્ય પ્રજામાં મર્યાદાની વિષેશતા ઘણી જરૂરની ગણાય છે, તેમ સ્ત્રી અને પુરૂષ વર્ગની કેળવણીનો ઘણે ભાગે એક જ પ્રકાર છે.

આમ અસમ્મત ભાવથી તેનું પરીણામ વિપરીત જણાય છે, તને આ-ધુનીક કેળવણીનો પ્રકાર કંઇ પણ આડે આવ્યો નથી, તેનું કારણ તારી માતાની કાર્યે દક્ષતા અને સ્વધર્માચરણનું પરીણામ છે.

" વિદ્યાલક્ષ્મિના સંષયનું સમાધાન થયું. અન્ય વિચાર આવતાં તે હસી પતિને કોટી કરતાં અને તેમના વદનનું નિરીક્ષણ કરતાં કરતાં ફ્રરી સરમાઈ, પોતાના નેત્રોને નીચા નમાવ્યા અને મંદ મંદ હસવા લાગી. પતિના હસ્તને પોતાના કર કમલથી દબાવતી તે બોલી, મારા વ્હાલા સ્વામી,

શુ ? આપ ત્રીકાલ વિદ્યા જાણો છો? કે મારા જેવી ભોળી ભામા અને વિશ્વાસી વિશ્વને ખાલી સમજાવો છો.

" પંડિતે વિદ્યા લક્ષ્મિનો આશ્ચર્ય પમાડે એવો પ્રશ્ન આજે જ શ્રવણ કર્યો હતો તેથી બોલ્યા. પ્યારી સ્ત્રી આતે શું કહેવાય ? આટલા વખતના અનુભવથી શું તારી ખાત્રી નથી થઇ? શું મારૂં વર્તેલું ભવિષ્ય કયાંપણ ખોટું ઠર્યું છે ? તને આ શંષય ઉદ્ભવિત થવાનુ કારણુ જણાવ.

કારણુ તે વળી શું હોય? પણ સાંભળવા કરતાં સ્વાનુભવથી જાણવું તે ખરી સત્યતા કહેવાય.

સ્વાનુભવથી શું જાણવું છે તે કહે તેનો ખુલાશો યથાર્થ હમણા જ કરી આપું. પણ તે બદલ તુ મને શું આપીશ તે કહે; પંડીતે હસતા હસતા કહ્યું.

વાલા, જો મારા પ્રશ્નનો બરાબર જવાબ આપશો તો હું આપને અમુલ્ય રત્નની ભેટ કરીશ. બીજાની પેઠે હું કાંઇ લોભીષ્ટ નથી કે થોડા ધનથી જ આપને શંતોષ કરાવું. વિદ્યાલક્ષ્મિએ પણ હસીને તેવોજ ઉતર આપ્યો.

હેં ! હેં ! વળી તારા પાસે રત્ન તે કયાંથી; તારાપિતા એવા તો ધનાઢ્ય નહીં હતા કે તને રત્ન આપે. તે " પંડિને ચકીત થતાં પુછ્યું."

મારા પિતા ધનવાન નહી હતા તો શું થયું ! પણ તમારો મારો અને આખી સૃષ્ટીનો પિતા કયાં રંક છે ? તેના ખજાનામાં તો અગણિત રત્નો છે, તેણે મને એક આપવાની આજ્ઞા આપી છે, માટે તમારૂં બોલવું જો બરાબર હશે તો મારૂં વચન હું સત્ય કરી આપીશ.

વિદ્વાન અને વિચીક્ષણ બુદ્ધિના પંડિત પણ સ્ત્રીની સયુક્તિક વાણીને વિચારમાં લાવી ન શક્યા. તેના બોલવાનો ખુલાશો બરાબર ન સમજાયો તેથી આશ્ચર્ય પામતા બોલ્યા. ઠીક મારી ઉદાર હૃદયની રમણી તારે મને શું પુછવું છે તે કહે.

શું પુછું ? આપના માટેજ પુછું કે આપને કહેતાં સહેલું પડે.

" તારે ગમે તે પુછ. તારો કોઇ પણ સવાલ મને મુંઝવણ આપશે નહિં. હું તેનો સ્પષ્ટ ખુલાસો કરીશ.

ઠીક ! ત્યારે તમારાપર કોનું લેણું બાકી છે, અને તે ક્યારે આપી દેશો

" વિદ્યાલક્ષ્મિએ પ્રશ્ન કર્યો. "

વધારે આશ્ચર્ય પામતાં પંડિત તર્તજ બોલ્યા; કોણ મારા પર માગે છે મેં કોઇનું દેવું તો રાખ્યુંજ નથી ને શું?

નહિં! નહિં!! વાલા મારા ધારવા પ્રમાણે એ આપની ભુલ થાય છે. આટલા દિવસ તો એ દેવું આપનાથી આપી શકાય તેમ પણ હતું નહિં. વિદ્યાલક્ષ્મિએ વાતને વધારે ભરમમાં નાંખતાં કહ્યું.

પંડિતને વધારે ગુંચવણ થઇ અને બોલ્યા પ્યારી આજે આવું વિચિત્ર કેમ બોલે છે? આ તારૂં બોલવું સાચું હોય એમ મારાથી માની શકાતું નથી.

પ્યારા આ વચનો હું પતિજ્ઞાપૂર્વક સત્યજ બોલું છું. આપ તેમાં વિ-ચીત્રપણું જુવોછો એ આપની ભુલ થાય છે, વિદ્યાલક્ષ્મિએ ગંભીરતાથી ખુલાશો કર્યો.

વિસ્મય પામતા પંડિતે પોતાની યોગવિદ્યા એ આ વાતનો સત્ય નિ-ર્ણય કરવા પેરવી કરવા માંડી એટલે વિદ્યાલક્ષ્મિ હશી પડી અને બોલી. વાહરે નાથ, આટલી બધી તસ્તીમાં શામાટે પડો છો. લ્યો ત્યારે હુંજ કહું કે—આપણા ધર્મ શાસ્ત્ર પ્રમાણે દરેક મનુષ્ય ત્રણ રૂણથી બંધાયલો છે તે દેવ—મનુષ્ય અને પિત્રનાં છે તેમાં અગ્રી હોમ કરવાથી દેવ રૂણ મુકાયછે; માતા પિતાની સેવા ઉતર ક્રીયા અને જ્ઞાતીવ્યવહારમાં સારી રીતે સમયો-ચિત વર્તવાથી મનુષ્ય રૂણથી મુક્ત થવાય છે તેમ પુત્ર પ્રાપ્તી થવા પછી પિત્ર રૂણ પણ પુરૂં થાય છે. હવે આ છેલું પિત્ર રૂણ ક્યારે આપશો તે કહો. પ્યારા સ્વામી શું મારૂ બોલવું વ્યર્થ હતું?

સ્ત્રીની વાક્ય ચાતુરી અને વિદ્વતા ભરેલા ખુલાશાથી પંડિત તો છક બની ગયા. અને તે લાયક લલનાને ધન્યવાદ આપતા બોલ્યા; તીવ્ર બુદ્ધિની સાક્ષર તરૂણી તારાવડે હું અહોભાગ્ય બન્યો છું.

પ્યારા મને વખાણ કરી સરમાવશો નહીં આ બધું આપના સહવા-સનું જ કારણ છે, હવે બોલો નાથ મારા પ્રશ્નનો જવાબ આપો. " કે માત્ર હશીને જ પતાવશો?"

નહિં પ્રીયા, લે ત્યારે હમણા જ ખુલાશો કરૂં છું. એમ કહી પંડિત

ધ્યાનસ્થ થયા જરાવારમાં શરીરનું થતું ચલન વલન બંધ પડયું અને શરીર સ્વસ્થ જણાવા લાગ્યું. આંખો અરધી વિંચાઈ ગઇ. બાહ્યાકાર વૃત્તિનો અ-વરોધ થઇ અવિછીન્ન આદર્શ દેખાયો. જે આદર્શમાં વિશ્વની સમસ્ત ક્રી-યાઓ જોઇ શકાય છે, જેમાં દેવાધી દેવોનાં પણ વિચીત્ર વૈભવો દ્રષ્ટિગો-ચર થાયછે વળી પૃથ્વીમાં થતી પરાકાષ્ટાએ પામવા જોગ પ્રક્રીયાઓ તે આદર્શમાં સહેલથી સમજાય છે તેજ "આદર્શ"નાં પ્રભાવે પંડિતે વિદ્યાલ-ક્ષ્મિના પ્રશ્નનો ખુલાશો જોયો અને તેના આંતરીક વિચારો સમજાયા પણ આ ક્રિયા માત્ર પાંચ મીનીટમાં જ પુરી થઇ. જરાવારમાં તો પંડિતની આંખો પુરી ખુલી ગઈ, રોમાંચ ખડા થયાં સમસ્ત શરીરે આનંદની ઉર્મીઓ ઉલટી આવી. સુખ સાગરના નવીન તરંગો હૃદય પટ પર ફરવા લાગ્યા. હવે સ્મીત કરતા વિદ્યાલક્ષ્મિને ઉદ્દેશી કહેવા લાગ્યા, સાધ્વીસ્ત્રી મારૂ લેણું ફીટવાને હવે ઝાઝો વખત નથી. આઠ માસ અને તેર દિવસે સંસાર સુધારક અને સત્ય નિતીના પોષક પુત્રને પામી આપણે કૃતાર્થ થઇશું કેમ વા'લી મારૂં કહેવું બરાબર છે ને? શરમાતી શરમાતી નીચાં નેત્ર કરી વિદ્યાલક્ષ્મિ બોલી "હા". હવે તેં કહેલું રત્ન મને આપ મેં તારા પ્રશ્નનો ખરેખરો જવાબ આપ્યો છે. પ્યારા નાથ! મેં આપને જે રત્ન આપવાને કહ્યું છે તે હું આપીશ જ. પણ હાલ આપી સકાય તેમ ન હોવાથી થોડા વખત માટે ધીરજ ધરો. તેનું કારણ! પંડિતે વિસ્મય પામતા પુછ્યું.

વિચાર કરવાથી આ બોલવું પણ મારૂં આપને યથાર્થ જ જણાશે એમાં તે શું વિચાર કરવાનો હતો. કાંતો તેં કહેલું રત્ન મને આપ, નહીં તો તારૂં વચન વૃથા ગયું એમ મનાશે.

સ્વામિનાથ મારૂં વચન તે કેમ વૃથા જશે. પ્યારા બોલો આ જગ-તમાં રત્ન કેટલા પ્રકારના ગણાય છે અને તેમાં સર્વોત્તમ રત્ન કયું ગણાય.

હવે પંડિત જગન્નાથ વિદ્યાલક્ષ્મિના બોલવાનો આશય સમજી ગયા અને બોલ્યા. પ્રિયે હવે હું સમજ્યો છું. આ વિષયમાં પણ તે યુક્તી સારી રચી તું મને પુત્ર રત્ન આપવાની છે કે?

હા! તેજ કહો બીજા તમને થોડું ઘણું ધન આપે તેના કરતાં આ

રત્ન શ્રેષ્ટ છે કે નહિ એટલું બોલી વિદ્યાલક્ષ્મી અટકી અને બારણા તરફ જોવા લાગી.

કેમ શું છે? પંડિતે પુછ્યું.

કોઈના મુખથી આપના નામનો ઉચ્ચાર થતો હોય એવો મને ભાસ થયો. એટલામાં બારણા પાસે "પંડિત જગન્નાજી ક્યાં રહે છે" એવા શબ્દો કોઈ અપરીચિત મનુષ્યના મુખથી થયા તે સાંભળી વિનોદને વિસારી પંડિતે બારણું ઉઘાડયું અને વિદ્યાલક્ષ્મિ અંદરના રૂમમાં ચાલી ગઈ. પંડિત જુવે છે તો બે ઘોડેસ્વાર આવેલા હતા તેમણે નૌતમપુરાધીશનો પત્ર પંડીતને આપ્યો અને બોલ્યા કે પંડિતજી અમો રથ લાવ્યા છીએ. તેમાં બેશી જલદી પધારો. આપને લઈ સત્વર આવવાનો મહારાજાનો અમને હુકમ છે. હવે જેમ બને તેમ જલદી પધારો તો સારૂં!

પત્રમાં પણ તેજ હકીકત વાંચી સીપાઇઓને ઘડીભર બેસવાનું કહી, પોતે અંદર આવ્યા, અને વિદ્યાલક્ષ્મીને બધી હકીકત કહી–સમજાવી. આજે સંતાનોત્પતિની ખબર મળતાંજ, રાજમાનને પામવાનો સંયોગ બન્યો છે, તેથી એમ ધારી શકાય છે કે આં પુત્ર કોઇ સદ્‌ભાગ્યવાન થશે, આ પ્રસંગ એવીજ આવગાહી સુચન કરે છે. વિદ્યાલક્ષ્મિને પતિના વચનથી આનંદ આનંદ થયો, અને ત્યાં જવામાં સંમત્તી આપી એટલે પંડિતે પોતાના કુટુંબનીજ સુશીલ અને વૃદ્ધ "દીવ્યા" નામની ડોશી હતી. તેને પોતાને ત્યાં રાખી, વિદ્યાલક્ષ્મીને જોઇતી મદદ આપે એવી ભલામણ કરી. પોતે કપડાં તો પહેરેલાજ હતાં, પણ વિશેષનો સામાન લેવો હતો તે લઈ માત્ર એક કલાકમાંજ પરવાર્યાં. વિદ્યાલક્ષ્મીએ રાજ સન્માન પામી વેલા પધારવાની વિનંતિ કરી; પેલી દીવ્યા ડોશી બેઠેલી હોવાથી તે દંપતિએ ચક્ષુઓથીજ એક બીજાને અભિનંદન આપ્યું, અને જુદા પડયા. પંડિત રથમાં બેઠા. બે બાજુ સ્વારો ચાલવા લાગ્યા અને ગડગડાટ કરતો રથ ચાલ્યો; જતાં જતાં એકી ટશે જોઈ રહેલી; વિદ્યાલક્ષ્મીની દ્દષ્ટીથી જરાવારમાં અદ્રશ્ય થઈ ગયો.

પ્રકરણ ૩ જું.

સંકટમુક્તસિંહરાજ અને સુરેંદ્ર જન્મ.

કેમ "સુજન પંડિતને લઈ રથ આવ્યો કે ? વ્યાધિમાં વલખાં મારતાં સિંહરાજે પુછ્યું.

ના, બાપુ ! જોવા ગયેલો જાદવ પણ પાછો આવ્યો નથી.

પ્રભુની કેવી ઇચ્છા છે; કે, આજ ત્રણ ત્રણ માસ થયા, પુરી નીંદ્રા પણ થાય નહિ, દરરોજ પંદર વીશ વખત પૃથ્વીમાં પછડાવું પડે, અનાજ ભાવે નહિ, કાળા યમદુતના જેવાં કૃતાંતનો ત્રાસ મટે નહિ, આવા અસહ્ય કષ્ટના ભોગે આ યુવાવસ્થાની જીંદગી પણ મને કડવી ઝેર સમાન લાગે છે, હવે તો જલદી અંત આવે તોપણ સારૂ, કે આ કષ્ટથી તો મુક્ત થવાય. આમ કહેતાં કહેતાં, નૌતમપુરાધિશ સિંહરાજના નેત્રમાં પાણી ભરાઇ આવ્યાં. સુજન તેને ધીરજ આપતો બોલ્યો; બાપુ આમ શું કરો છો; પરમાત્મા સર્વ સારૂંજ કરશે; ચાર દહાડા કષ્ટના પણ આવે, તેનાથી નાહીંમત થઇ વધારે દુઃખી થવું, તેના કરતાં ધીરજથી સહન કરવું, તે સારૂ ગણાય; દરેકનું નિમીત હોય, ત્યારે આ વ્યાધીનું નીમીત કેમ નહીં હોય ? હશેજ ! અને તે વખતે જરા જેવા ઉપચારથી, આ મહા ઉપાધીનો ક્ષણમાત્રમાં અંત આવી જશે. મહારાજા ! પંડિત સમર્થ છે, એમ સર્વ કોઈ કહે છે. તો તે આવે કે તમારાં દુઃખનો અંત આવ્યોજ સમજજો. સુજનસિંહે ધીરજ આપતાં કહ્યું. સિંહરાજે દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો અને કપાળે હાથ દઈ પલંગ પરથી પાસું ફેરવતા બોલ્યા, સુજનભાઇ ! હું કેવી ભયંકર દશા ભોગવું છું, તે હુંજ જાણું છું. અને તેથીજ મારૂં ધૈર્ય ટકતું નથી, કાળા યમદુતના સપાટાથી મારા ગાત્ર ભાંગી જાય છે, તારી સમક્ષ પલંગ પરથી મને કેટલી વખત પૃથ્વી પર પટકી પાડે છે. તમે કોઇ તેને જોઇ શકતાં નથી, પણ મને તો તેની ભયંકરતા ખરેખરી કાલરૂપજ જણાય છે, પંડિત સમર્થ છે. હું તેમના પર વિશ્વાસ રાખુ', પણ કાલેજ પેલા ભુવાનું

ડાચું કેમ ફરી ગયું, તે જાણે છે ! મને બરાબર જોવામાં આવ્યું કે, તેણે (ભયંકર પુરૂષે) લપડાક મારી તેથીજ ફર્યું. અને તેનો શબ્દ પણ સંભળાયો હતો.

શબ્દ તો અમે બધાએ સાંભળ્યો હતો, કે કોઇએ જાણે તેને તમાચો ખેંચી કાંડ્યો હોય, તેવોજ અવાજ થયો હતો, પણ મારનારને અમે જોઈ શક્યા નહિ, સુજનસિંહે યથાસ્થીત કહ્યું. અને વળી બોલ્યો કે આજે પેલો ભુવો તો બેભાન પડેલો છે એમ આપણો રાઘવ ખવાસ કહેતો હતો.

સુજનભાઇ ! હુંતો જાણું છું કે તે બચવો પણ મુસ્કેલ હશે. અરેરે બીચારો મારા વાસ્તે પોતાનો જાન ખોઇ બેસશે. અરે પ્રભુ ! આતે શું કહેવાયે ! કોણ છે, શા માટે પીડે છે, અને ક્યાં સુધી દુઃખી કરશે, તેની પણ કાંઇ ખબર પડતી નથી. સુજન ! બીચારા ભુવાને ત્યાં બસેં રૂપીયા મોકલાવો અને તેના ટળવળતાં સ્ત્રી તથા બચ્ચાઓને મારા તરફથી ધીરજના બે શબ્દો કહેવરાવો. આ વખતે સિંહરાજ પોતાના દુઃખને ભુલી જઇ કરૂણાર્દ્ર ચિત્તે તેની ચિંત્તા કરવા લાગ્યા આવા ભયંકર વખતે પણ પોતાની ઉદારતા અને દયાપરાયણ વૃતીને ભુલ્યા નહિ હતા, પ્યારા વાંચક; સજ્જનોની સદ્દગુણતા અંત સમય પણ વિરામતી નથીજ, તે આ પરથી સ્પષ્ટ સમજાય છે. સુજને તેજ વખતે સિંહરાજની ઇચ્છાનુસાર પેલા ભુવાને ત્યાં બસેં રૂપીયા ભીમા ખવાસ સાથે મોકલાવ્યા, અને તેના સ્ત્રી પુત્રોને ધીરજ આપવા માટે સમજાવ્યો, ને પછી સુજન પાછો સિંહરાજ પાસે બેઠો. વાંચનાર ! તું સમજ્યો તો હશે કે સિંહરાજ કોઇ અસહ્ય પીડાથી પીડાય છે, તેને તેનું કારણ સમજાતું નથી. આજે ત્રણ માસ થયા નિદ્રા કરી શકતો નથી, અને કદી તેની આંખ જરા મળે (વિંચાય) કે કોઈ ભયંકર આકૃતી આવી તેને પલંગ પરથી પૃથ્વીમાં નાંખે છે, વળી તે ભયાનક વ્યક્તિ હરવખતે તેની દ્રષ્ટીગોચર થઇ તેને ત્રાસ આપે છે. આ વ્યાધીથી હવે તો તે તદન કંટાળી ગયો છે. પોતાની જીંદગી પણ તેને આ કષ્ટના ભોગે અપ્રીય થઇ પડી છે. હવે માત્ર પંડિત જગન્નાથની પુર્ણ પ્રશંસાએ યત્કિંચીત આશાનું કિરણ ઉત્પન્ન કર્યું છે; તેની વરસાદની પેડે રાહ જુવે છે;

તેની સારવારમાં રહેલો સુજન તેનો પિત્રાઇ ભાઇ થાય છે, તે હમેશાં ધીરજ આપી બનતા ઉપાયો કરે છે. પણ દૈવના દુરાગ્રહ પાસે શું ઉપાય લાગે. ફકીર, ભુવા, જોગી, વેરાગી, વૈદ્ય અને ડૉક્ટરોના કરેલા પ્રયત્નો નિષ્ફળ નિવડે છે, કોઇની દવા કે કરામત અહીં કામ કરી શકતી નથી. પેલા ભુવાએ વધારે પ્રયત્ન આચરતાં તેનું મોઢું ફરી ગયું અને અવાચક બની ખાટલે પડયો એ આપણે જાણી ગયા છીએ.

મહારાણી "સરલાદેવી" જે સિંહરાજની પરણેતર પાટ સ્ત્રી છે. તે મહારાજાના કષ્ટને જોઇ અહરનીશ ખેદયુક્ત રહે છે. અને તેમની રખાયત "કેસર" ખવાસણ પણ (બતાવવા માટે કે ગમે તેમ) શોક દરશાવે છે. બીજા નોકર ચાકરો પણ મહારાજાની આ ભયંકર ઉપાધીની દુસ્કર દશાના જોગે કોઇપણ સુખ કરી બેશી શકતાજ નથી.

પ્રીય વાંચક હવે જાદવ ખવાસ આવ્યો. તેણે પંડિત જગન્નાથના આવવાની ખબર જણાવી,

તેમને ઉતારાની સગવડ કરી આપી કે "સુજનસિંહે પુછયું" હા, સુજન ભા, આપના હુકમ પ્રમાણે બરાબર ગોઠવણ કરી છે.

સુજન તેઓને હમણાજ બોલાવને, કે તેમને જોઈ મારા દુઃખી હૃદયને કંઇક દિલાસો મળે, "દુઃખથી કંટાળેલા સિંહરાજે પોતાની ઇચ્છા જણાવી.

બહુ સારૂં બાપુ! હમણાંજ બોલાવું છું, એમ કહી સુજન તરતજ ઉઠયો, અને અંતર ગ્રહમાંથી રાણી સરલાદેવીને બોલાવી, મહારાજાની પાસે થોડીવાર બેસવાનું કહી પોતે જાદવને તેડી પંડિતશ્રીને બોલાવવા ગયો.

સરલાદેવી સ્વભાવે શાંત અને વિશુદ્ધ વિચારની વિનયશીલરાજ રમણી છે, તેમ વસમુખી છે, પણ હાલ પતિના કષ્ટથી તેનું હાસ્ય જતું રહ્યું છે. તીવ્ર ચિંત્તામાં તેનું ચિત્ત પરોવાયલું હોવાથી તે એક ભયંકર સ્થિતિનો ભોગ થઈ પડેલી મહારાણી અસહ્ય શોકસાગરમાં ડુબેલી હોય તેમ પ્રત્યક્ષ જણાય છે.

આ વખતે સિંહરાજ પાસે કોઇપણ નહીં હતું તેથી સરલાદેવી ધિમે

પગલે ચાલતાં, પતી પાસે આવી પલંગ પાસે ઉભી રહી, સિંહરાજે સામે જોયું, તેની મુખાકૃતી નિહાળતાંજ સમજી ગયા કે મારા સુખ દુઃખનીસાથે નિકટ સમ્બંધ ધરાવનાર સતી મારા દુઃખેજ દુઃખી છે, મહારાજા પોતે કેટલાક રજવાડાની પેઠે રખાયત (રાખેલી) સ્ત્રીઓની સાથે સંબંધ ધરાવનાર હતા, અને કેસરને તો સરલાદેવી કરતાં પણ તે વિશેષ ચા'તા; તેમ તેના પુત્ર ગુમાનને તો ગાદીનો એ વારસ બનાવવાની ઇચ્છા તેઓને હતી પણ આ માંદગીએ તે વાતાવરણને એક વિચીત્ર પ્રકારે વિખેરી નાંખ્યું હતું. કુળવાન અને અકુળવાનની પરીક્ષા ખરા સમય વિના સમજી શકાતી નથી, તેમ આ દુઃખમય દશામાં મહારાજાને એ બાબતનો પુરો અનુભવ થયો. હવે કેશરની અને સરલાદેવીની આંતરીય ઘટનાંઓનો ચિતાર ખરેખરા રૂપમાં જોઇ, તેમને નિશ્ચય થયું કે કુળવાન અને સ્વધર્મ પરાયણ વિવાવિતા સ્ત્રીઓનોજ સાચો સમ્બંધ આ સૃષ્ટીમાં નિશ્ચળ ગણાય છે, પણ ધન અને વૈભવનાં જોગે કે પરાણે મેળવેલો પ્રેમ કદીપણ તેવો સ્થાઇ હોઇ શકતોજ નથી.

અહા ! આવી પતિપરાયણ સ્ત્રીઓની પવિત્ર પતિ ભક્તિને વિસારી અન્ય તરૂણીઓને માટે તલપતા, મારા જેવા દુરાચારી અને મદાંધોને ધિક્કાર છે, સુંદર સ્ત્રિ રત્ન પ્રાપ્ત કરી અને પછી અવિચારી બને, તેના જેવો મુર્ખ જગતમાં બીજો કોણ ગણાય. એમ વિચારતાં એક દીર્ઘ નિઃશ્વાસ સિંહરાજનાં, ખરા અંતઃકર્ણનો શ્રવી પડયો; અને રાજપુત્રી સરલાદેવીની સામે જોઇ બોલ્યા, પ્રીય રમણી તું આટલા બધા શોકમાં નીરંતર ના રહે. સુખ અને દુઃખ એ દેહના ધર્મ છે, તે કાંઇ કોઇનાથી ટાળી શકાતાં નથી, પણ નિયમીતને પામી પોતાની મેળેજ શાંત થાય છે. એમ કહી ઘણા ઉજાગરાથી તપેલા કપાળપર સ્ત્રીનો હાથ પોતાના અશક્ત બનેલા કર વતી મુક્યો.

મારા હૃદય વનના સિંહ જુવો આપનું માથું કેટલું તપે છે. પ્યારા ? અસહ્ય વેદનાથી પીડાતા પોતાના હૃદયેશ્વરને જોઇ કઇ સ્ત્રીની ધીરજ હાથ રહે, નાથ ? પરમાત્મા આપને આરામ કરશે, ત્યારે પછી આનંદમાં મા'લવાના દિવસો ક્યાં થોડા છે.

પ્રીય દેવી પણ મારા ચાલુ કષ્ટમાં તારૂં મલિન બનેલું મુખ, મને વ-

ધારે વ્યાધિ કરનારૂં થાય છે. માટે શોકનો ત્યાગ કરી વ્યાધિ વિનાશક વિશ્વનાથની, અંતઃકર્ણથી પ્રાર્થના કરતી રહે; કે તે સત્વર સહાય આપે.

રાજપુત્રી ? તારા ખરા પ્રેમની પરીક્ષા હું કરી ચૂકયો છું, મારા દુર્વિચારોનું મને આ પળેજ ભાન થયું છે, તારી પવિત્ર પતિ ભક્તિએ, મારા હૃદય દ્વાર ઉઘાડયા છે. આ ત્રણ માસમાં મેં બરાબર જોયું છે, કે કેશરની કૃતિમ "પ્રેમ પટુતા" અને તારી 'અંતઃકરણની ખરી લાગણી" એ મને પુરી જણાઈ છે. રાજ મહિલા ? તું હવે ખરા સમયની કશોટીએ ચડી શુદ્ધ સુવર્ણ નીવડી છે, અને તારી ઉત્તમપણાની પ્રભા, સર્વ કોઈ જોઈ શકે છે, મારી કેટલી બધી ભુલ ગણાય કે, માત્ર ઉપરથીજ સારૂં જોઇ, એક કપટ મુર્તી કેશરની જાળમાં સપડાઇ, ઘણાં વખત જેવું જોઇએ તેવું, તારૂં માન જાળવ્યું નથી. જે વિચારતાં મને આ વખતે અપાર ખેદ થાય છે, પ્રીયે ગઇ વાતને વિસારી નાંખજે; હવે સિંહરાજને ખરેખરી સમજણ આવી છે. તે કદી પણ ભુલી જશે નહિં. પ્રીયે રમણી તારા મનોજનો રાજ્યનો દાવો સફળ થયો છે એમ માનજે. "શ્યામહૃદય" ના પ્રપંચથી ફેરવાઈ, ગુમાનને રાજ્ય આપવાની ભયંકર ભુલમાંથી પરમાત્માએ, સદ્બુદ્ધી આપી, મને બચાવ્યો છે. નહિ તો આવા પ્રમાદીને રાજ્ય આપવાથી કેવી પ્રજાની પાયમાલી થઇ હોત, અને મારે પણ કેટલું પસ્તાવું પડત. પણ જે થાય છે તે સારાનેજ, આટલું દુઃખ ન પડયું હોત તો હું સારા સારનો વિચાર, કદી પણ કરી શકત નહિ, શુદ્ધ હૃદયની સરલા આ ભયંકર કષ્ટમાંથી પરમાત્મા મને ઉગારશે જ, એવો તેનો મને પુરો ભરોંસો છે; છતાં પણ જો કદી દૈવજોગે તેનાથી ઉલટું બને.

સિંહરાજના આ બોલવાનો અર્થ સમજી જવાથી, વ્યથિત હૃદયવાળી રાણી તેમને અટકાવતાં બોલી; બસ કરો, પ્યારા ! બસ કરો. મારા "મનોજ" ને રાજ્ય જોઇતું નથી. આવા હૃદયહત શબ્દો બોલી, મને દુઃખીયારી બનાવશો નહિ. હું રાજ્યની ઇચ્છા ધરાવતી નથી, તેમ કેસરની સ્પર્ધાએ હું રાખતી નથી, અને સુખની લાલશા પણ કરતી નથી. હુંતો આપ આ કષ્ટથી મુક્ત થાઓ, અને સુખરૂપ લાંબુ આયુષ્ય પામી આનંદમાં રહો;

એટલે મને સ્વર્ગનું રાજ સંપાદન થયું એમ હું માની લઇશ. વાલા આપ આટલું બોલો છો તેમાં આપને કેટલું દુઃખ થતું હશે? જરા વાર આંખો વિંચી સ્થીર થાઓ, લ્યો નાથ, હું આપનું માથુ દાબું છું. પ્યારા આંખો તો જુવો કેવી લાલચોળ થઇ છે?

વા'લી તને ખબર નથી શું? આંખો જરા વિંચાઇ કે પેલી ભયંકર કાળી પ્રતીમા નજરે પડવાથી અસહ્ય કષ્ટના ભોગ થવું પડશે, જો દિવસ-નીએ નિદ્રા થતી હોય તો આવી સ્થિતી થાય પણ શા માટે; ફરી પેલાનાં જ વિચારો યાદ આવવાથી સિંહરાજ બોલ્યા, પ્રીયે હું જે બોલી ગયો છું તે હવે કદી પણ ફરનાર નથી, મારી ગુમાન પરથી તમામ પ્રીતી ઉઠી ગઈ છે. "કેશર" ના મોહથી તેના પ્રમાદ કુસંગ વગેરે દુર્ગુણો હું જોતો છતાં પણ દરગુજર કરતો. તે અવધી હવે પુરી થઇ ગઇ છે. તેના મોહમાં; "મનોજ" ના વિનય અને વિવેક આદી સદ્‌ગુણો ઢંકાઇ રહેતા, તે હવે હું સ્પષ્ટ જોઇ શકું છું–પ્રીયે મોહને વશ થએલો મનુષ્ય સમગ્ર ભાન ભુલી જાય છે, એ વિદ્વાનોનું મહા વાક્ય જરા પણ ખોટું નથી. તે આ વખતે મને જાતી અનુભવથી જણાયું. તારી નિખાલશ અને નિર્લોભ વૃત્તીને માટે હું તને અંતઃકર્ણથી ધન્યવાદ આપું છું; આમ એકાએક મારા વિચારમાં અંતરાય પડેલો જોઇ તને આશ્ચર્ય જણાતું હશે; પણ તે થવાનું કારણ ગઇ કાલનો બનેલો પ્રસંગ છે, કે જેનાથી તું અજ્ઞાત છે. કાલે સાંજના પાંચ વાગ્યાને સુમારે પેલા રાઘવ ખવાસે મને જરા શાંતી થાય એવી મતલબ બતાવી, એક ગ્લાશ દારૂ પાયો. પણ તે દારૂની અંદર ખચિત કાંઇ બીજું પણ મેળવેલું હોવું જોઇએ, કે જે પીવા પછી માત્ર દશ મીનીટમાંજ હું મારૂં ભાન થોડે થોડે ભુલી જવા લાગ્યો. એટલામાં "કેસર" મારી પાસે દાખલ થઇ, ત્યારબાદ શ્યામહૃદય પણ પાંચેક મીનીટ રહીને ત્યાં આવ્યો; તે વખતે મારી સાધારણ સ્મરણશક્તી હતી; તેઓએ એક વારસનામું લખેલું તૈયાર મને બતાવ્યું; અને કેટલીક રીતે સમજાવી મને તેમાં સહી કરવાને કહ્યું; તેમને મેં શું કહ્યું, અને ત્યારપછી શું થયું, તે મને બરાબર

ધ્યાનમાં નથી. કારણ કે પેલો નીશો એકદમ ચડી જવાથી હું બેભાન બની ગયો હતો, પણ સુજનના કહેવાથી મને ખબર પડી કે, તેઓ મારી સહી મેળવી, ગઇ પ્રભાતમાંજ ગુમાનને ગાદીપર ગોઠવી દેવો, રાજ્યની તમામ લગામ પોતાને હાથ કરી લેવી; પણ પાપીઓની ધારણા પરમેશ્વર પણ કેમ પાર પાડે ? હું બેશુદ્ધીમાંએ તેમને સહી કરવાને તે દસ્તાવેજ પર ત્રણ અક્ષરો જેમ તેમ લખી રહ્યો. એટલામાં સુજન ત્યાં દાખલ થયો તેની સાથે પેલો આપણો જાગીરદાર બળવંત પણ હતો. તેઓ પોતાના સ્વાર્થમાં ગુંથાએલા હોવાથી, દસ્તાવેજ છુપાવી શકયા નહિ. સુજને મારી બેશુદ્ધી અને દસ્તાવેજ વગેરે વિચીત્ર પ્રકાર જોઇ તેમને પુછ્યું અને તેમના પાસેથી તે લખાણ છીનવી; પોતાની પાસે રાખ્યું. અને તે બંનેને વિદાય કર્યા જે લખાણ સુજને મને વંચાવ્યો તેથીજ હું પાપીઓના પાપની પરીસિમા જાણી શક્યો. અને તેથીજ આજે કેસરને મારી સારવારમાં આવવાને મેં મના કરી છે. કેવી ધીકારપાત્ર ! નીચ અને કમ્બખ્ત તરૂણી, તેને ઉત્તમ વિચાર ક્યાંથી આવે. આમ બોલતાં સિંહરાજનો જુસ્સો એકદમ ગરમ થઇ ગયો તેને શાંત કરતી અને સમજાવતી સરલાદેવી બોલી પ્યારા; શાંત થાઓ રાજ્ય લોભને વશ થઈ વિદ્વાનોની વૃત્તી પણ બહેર મારી જાય છે, ત્યારે બીચારી નાદાન સ્રીના કર્તવ્ય સામે જોઈ શું ખેદ કરવો હોય. નાથ આ આવેશમાં આવવાથી નસોની કેટલી ખેંચાણ થાય છે, અને તેથી સંકટમાં શોસાવું પડે, તેના કરતાં એવા વિચારોને યાદજ ન લાવો તો વધારે સારૂં પ્રીયતમ ! મારી પ્રાર્થનાને સ્વીકારી શાંત થાઓ. એમ કહી સરલાદેવી મહારાજાનું માથું દાબવા લાગી. તેથી સિંહરાજનો જુસ્સો જરા નરમ પડયો અને શાંતી આવી. એટલામાં રાધા નામની દાસીએ હાક મારી કે, "બા" બહાર પંડીત શ્રી અને સુજનસિંહભા આવ્યા છે; આ સાંભળી પતિની આજ્ઞા લઇ, પલંગપરથી ઉતરી અંતરગ્રહમાં જતાં જતાં રાણીએ કહ્યું, આવવા દે તે બંનેને, એમ કહી ચાલી ગઈ. દાશીએ દ્વાર ઉઘાડયા કે પંડીત અને સુજનસિંહે પ્રવેશ કર્યો, આવતાં આવતાં પંડીતે દુઃખદરીયામાં ડુબકા મારતા સિંહરાજને જોયા; તેઓએ સુતાં સુતાં પંડીતની તરફ હાથ જોડયા, સામે

પડેલા કોચ પર બેસતાં બેસતાં પંડીતે આશીર્વાદ આપ્યો પછી કંઈ કહે-
વાની ઇચ્છાથી સિંહરાજ ધીમે સાદેથી બોલવા લાગ્યા. પંડીતરાજ મારૂં
કષ્ટ અપાર છે, મને એટલામાં પંડીત તેમને અટકાવતાં બોલ્યા મહારાજા
આપ એ હકીકત કહેવાને શા માટે પ્રયત્ન કરો છો; ઇશ્વર કૃપાએ હું પો-
તાની મેળે બધી વિગત જાણી શકીશ. આપ શાંત રહો. એમ કહી પવિત્ર
જલ મંગાવી; નાઇ ધોઇ સ્વચ્છ બની; સંધ્યા કરી, એટલા વખતમાં એક
વાર સિંહરાજની આંખ મળવાથી તરત પૃથ્વી પર પછડાઈ પડયા; પંડીતે
પ્રત્યક્ષ જોયું અને તેમને અત્યંત દયા ઉત્પન્ન થઈ; તરતજ ધ્યાનસ્થ થઇ
આ અગમ્ય કારણની શોધ કરવામાં પ્રવર્ત બન્યા; અધા કલાક પછી ધ્યાન-
મુક્ત થયા અને તમામ હકીકત જાણી ગયા પછી તમામ જનો સમક્ષ મ-
હારાજાને ઉદેશી તેમને શું થાય છે; ક્યારથી થાય છે, અને તેઓએ કેવા
કેવા ઉપાય અજમાવ્યા; તેનું શું શું પરીણામ આવ્યું; તે સવિસ્તર વર્ણન
કર્યું. આ સાંભળી તમામ રાજકુટુંબ અને નોકર ચાકર વગેરે આશ્ચર્ય ચકિત
બન્યા; અને આ પંડીતથી મહારાજાને આરામ થશે, એવી આશા આવી.
ફરી પંડીતે ચાલુ કરતાં કહ્યું; મહારાજા ! હવે આ કષ્ટ ઉત્પન્ન થવાનું કા-
રણ શું; અને શું કરવાથી આપ સંકટ મુક્ત બનશો; તે સાંભળો. આજથી
ચોથા વરસપર વર્ષા રૂતુમાં વીજળીના પડવાથી આપના દરબાર ગઢના કે-
ટલાક ભાગને નુકસાન થયું હતું; ત્યારે આપે કેટલા ઉત્તમ કારીગરોને બો-
લાવી આગળની રચનાથી ઘણો ફાર ફેર કરી સુંદર રાજમહાલય બંધાવ્યું;
તેમાં ત્રીજોરીના ઓરડાઓ દક્ષિણ ભાગમાં મુકાવ્યા, તે ઓરડાની પરશાળમાં
આરબ લોકોની ચોકી રહે છે તેમની સગવડ ખાતર; અને પહેરામાં ખામી
ન આવવાના કારણથી; તેમને ગયા ત્રણ માસ પર તે ખજાનાની બાજુમાં
નવા જાજરૂ બંધાવી આપ્યા છે; અને તેની ગટર પાછળના ભાગમાં રાખી
છે; આપના સંકટનું કારણ પણ તેજ છે. આ સાભળી મહારાજાને વધારે
આશ્ચર્ય થયું. તે જોઇ પંડીતે આગળ ચલાવતાં કહ્યું મહારાજા તે જાજ-
રૂની ગટર રાખવામાં આવી છે, તેની નીચે પાંચ હાથ ઉપર શ્રી ભેરવના-
થનું સ્થાનછે; અને તેની બાજુમાં દેવીનું મંદીર પણ છે. આ કાળી પ્રતિમા

હર વખ્ત આપ જુવો છો તે બીજું કોઇ નહીં પણ ભેરવનાથ પોતે છે; અને આપને કષ્ટ પણ તેજ આપે છે. આ જાજરૂ કાહાડી નાંખી ગટર સાફ કરાવી, તે બે દેવને પ્રગટ કરી, તેઓની પુજા શરૂ કરાવો તો આપનું તેજ વખતે સંકટ સમી જશે.

પંડીતશ્રી આપના વિવેચનથી અમને અત્યંત આશ્ચર્ય ઉપજે છે અમે કોઇ વૃદ્ધને મોંએથી પણ સાંભળ્યું નથી કે અહીં કોઈ દેવાલય હોય સુજનસિંહે શંકા લાવી કહ્યું.

સુજનસિંહ આ વાત જુદી છે, આ સ્થળ પર લગભગ તેરશો વરસ પર મોટું શહેર હતું. તેને જ્યોત્સ્વર્ગા કહેતા; તેની અનુપમ શોભાની તુલના તે વખતે કોઇ અન્ય શહેર કરી શકતું નહિ. આ વેગવતી નદીને તે સમય "વિમળગંગા" ના નામથી સર્વે જાણતા આ નગરનો એક વિચિત્ર પ્રકારે વિનાસ થયો. તે ત્યાંના રાજા અનંગરાજની ભયંકર ભુલનું પરીણામ હતું. આ વાત મોટી છે તે કહેવાને હાલ સમય નથી. પણ મારી આજ્ઞા પ્રમાણે કરવાથી પ્રત્યક્ષ જણાશે. સિંહરાજને હવે પુરી આશા આવી, અને સુજનસિંહને પંડીતશ્રીના કહેવા પ્રમાણે કરવાની તેજ વખતે આજ્ઞા આપી; સુજનસિંહે હજારો મજુરો કામે લગાડી જાજરૂઓને મુળથી કહાડી નંખાવ્યા, ગટર સાફ કરાવી, અને નીચે ખોદવાનું પણ શરૂ કરાવ્યું. પેલા વિચીક્ષણ મજુરોએ દીવસ ઉગતાં પહેલાં તો અરધું ભેરવનાથનું સ્થાન પ્રગટ કરી દીધું; પંડીતજીના કહેવા પ્રમાણે કરવાથી સિંહરાજ તે રાતે શાંતીથી નિદ્રા કરી શક્યા; વળી પંડીતના કહેવા પ્રમાણે દેવાલયો નીકળ્યા જોઇ અત્યંત આનંદ થયો. થોડાજ દિવસમાં તેમને તાકાત આવી, ત્યારે તે નીકળેલા દેવ–સ્થાનોની વ્યવસ્થા કરી; પુજા પણ વિધીયુક્ત નિત્ય ચાલુ કરાવી. પંડીતજીને માગવાનું કહેતાં તેઓએ મહારાજાની ઇચ્છાપર વાત રાખી, તેથી "માહુર" નામનું ગામ, તથા રહેવાને સુંદર મકાન, અને વર્ષાસન શરૂ કરી આપ્યું. પંડીતે વિદ્યાલક્ષ્મીને ત્યાં બોલાવી. તે આવતાં સરલાદેવીએ તેનો ઘણોજ સતકાર કર્યો; અને પ્રજાવર્ગમાંથીએ આ બંને સાક્ષર દંપતીનો સારો સત્કાર થયો. હર વખ્ત આ પંડીતશ્રીને લાખોની નીવાજેશ કરી સિંહરાજ

રૂણ મુક્ત થવા લાગ્યા. એમ પોતાનું સુખરૂપ જીવન નીર્ગમન કરતાં પંડીતને ત્યાં પુત્ર જન્મ થયો. તેના ગ્રહ જોગ જોઇ તેમને જરા ચિંતા ઉપજી; પણ ફરી પુરી તપાસ કરતાં હર્ષ થયો; અને ઉત્સાહ મનાવ્યો. સિંહરાજે પણ આ પ્રસંગ દીપાવવામાં પુર્ણ કાળજી દર્શાવી આ બાળકની વેળા પરથી તેનું નામ "સુરેંદ્રલાલ" પાડ્યું. વિદ્યાલક્ષ્મી અને પંડીત જગન્નાથ હવે સાક્ષાત સ્વર્ગના સુખનો આ પૃથ્વી પરજ પુરો અનુભવ કરવા લાગ્યા. તેમને માત્ર એક કામ કરવાનું બાકી હતું; તે એ કે પોતાના ભાઇ ગીરધરલાલને બોલાવી પોતાની પાસે સ્વતંત્ર સુખી કરવાનો હતો; વિદ્યાલક્ષ્મીની પણ તેમાં સંમતિ હોવાથી તેને નૌતમ નગરમાં બોલાવ્યો. બીજી મૂર્ખ સ્ત્રીઓની પેઠે વિદ્યાલક્ષ્મિ ઇર્ષાળુ ન હતી, તે ગીરધરલાલ અને તેની સ્ત્રી નવલનું સારૂં માન જાળવી, સદા સત્કાર કરતી નવલ પોતાના મુર્ખપણાથી કોઇ વખત કંકાસનું મુળ ઉત્પન્ન કરતી; તોપણ શાંતી રાખી વિદ્યાલક્ષ્મી તેને ધીરજથી સમજાવી શાંત પાડતી. પછી પંડીત જગન્નાથે ભવિષ્યનો વિચાર કરી સિંહરાજને સમજાવી ગીરધરલાલને મુખ્ય કારભારીના હાથ નીચે દાખલ કરાવ્યો. હવે નવલ વિદ્યાલક્ષ્મિ જેવી સદ્ બુદ્ધીશાળી સ્ત્રીના સંસર્ગથી પોતાના દુર્વિચારોનો થોડે થોડે પરિત્યાગ કરવા લાગી. "સુરેંદ્ર" પર નવલ પણ અત્યંત ભાવ રાખતી સર્વ કોઈ તેને જોવાથી અત્યંત આનંદ પામતા. આ કુટુંબ પ્રારબ્ધના જોગે અને સદ્‌વિદ્યાના સંયોગે સુખસાગરમાં ડોલવા લાગ્યું. હવે પછી તો **देवो न जानाति कुतो मनुष्यः** દેવો પણ જાણી શકતા નથી ત્યારે મનુષ્યનું શું ગજું. તે વિષે કહ્યું છે કે—

अवश्यं भावि भावानां प्रतिकारो भवेद्यदि
तदा दुःखैर्नलिप्येरन् नलरामो युधिष्ठिरः ॥

જો ભવિષ્ય બદલાવી શકાતું હોય, તો નલરાજા શ્રી રામચંદ્ર, અને યુધિષ્ઠિર જેવા, શા માટે વનના અસહ્ય કષ્ટોને ભોગવે.

પ્રકરણુ ૪ થું.

કર અને જો.

વાંચનાર આજે નૌતમપુરમાં એકજ સ્થળ સિવાય સર્વત્ર શોક વ્યાપેલો જણાય છે કેમકે મહારાજા સિંહરાજે કુમાર મનોજસિંહને દેશપાર કર્યા છે તેનું કંઇપણુ કારણુ પ્રજા વર્ગના જાણુવામાં ન આવતાં બધા અસમજસ ચિત્તે શોક અને શંભ્રમથી સુન્ય જેવા દેખાય છે તને પણુ તે કારણુ સમજવાની ઉત્કંઠા થતી હશે. કેમકે સિંહરાજ જેના વિશે અત્યંત સારા વિચાર ધરાવતા હતા, તેમ તે પોતે પણુ વિનયશીલ અને સદગુણી રાજકુમાર એવાતે શું ગુનામાં આવ્યો કે, તેને દેશપાર કર્યો હશે ? વળી પંડિત જગન્નાથજી જેવા ભવિષ્યસુચક સલ્લાહકાર છતાં, મહારાજા ખોટું કામ કેમ કરે ? આમ સ્વાભાવિક પ્રશ્ન થાય. પણુ લે ત્યારે હું થોડું સમજાવું, અને બાકીનું તો ચાલતી વાતના પ્રસંગ પરથી જણાશે. હાલ ત્રણુ માસ થયા પંડિતશ્રી યાત્રા નિમીત્તે દેશાંતર ગયા છે; તે તકનો લાભ લઇ પાપી વ્યક્તિઓએ, સિંહરાજની ઉતાવળી અને જુસ્સાદાર પ્રકૃતીને અનુસરી, પોતાનું કામ પાર કર્યું છે. અને શ્યામહૃદયને ત્યાં આજે ઉત્સવ મનાવ્યો છે. આજે મોહનની વર્ષ ગાંઠનું બાનું બતાવી, શ્યામહૃદયે સગા સમ્બંધી મીત્ર વર્ગને આમંત્રણુ મોકલાવ્યું છે. દશ વાગવાનો સુમાર થતાં, સ્ત્રી અને પુરૂષો થોડે થોડે હવે આવવા લાગ્યા છે. તેઓનું યથોચિત સત્કાર થાય છે. નોકર વર્ગ સમયને અનુસરી પોતાના શેઠની પ્રીતી સંપાદન કરવા, આજ્ઞા પ્રમાણે કામ બજાવવા તૈયાર રહ્યા છે, આ વખતે મોહન પોતે ઉપરના માળપર પડેલી એક ઇઝીચેર પર પડી; આનંદમાં મસ્ત બનેલો હોય તેમ જણાય છે. આજે તેને જાણે મોટામાં મોટી સમૃદ્ધિ પ્રાપ્ત થઇ હોય તેવી તેના મુખપર હર્ષ છાયા છવાઇ રહી છે. એટલામાં દાદર પરથી કોઇના આવવાનો અવાજ સંભળાયો. મોહને તેની તરફ જોયું આવનાર વ્યક્તિને જોઈ બોલ્યો કેમ, યમુના ! ભાનું આવી કે ?

ના. તેઓ હમણાં આવશે, પણ તેની પહેલાં આ પત્ર આપને આપવા મને મોકલીછે. એમ કહી તે સ્ત્રીએ એક પેક બંડલ મોહનના હાથમાં મુક્યું, તે લેતાં મોહન બોલ્યો આ પત્રનો જવાબ આ ટેબલ પર પડેલા પુસ્તકનાં બસે પૃષ્ટમાં લખીને મુકું છું. તે ભાનુંને કહેજે, અને વહેલી આવે તેવી ભલામણ આપજે.

ઘણું સારૂં એમ કહી યમુના ત્યાંથી ચાલતી થઇ એટલે મોહન પેલું બંડલ તોડી વાંચવા લાગ્યો.

"વાહલા મોહન".

"હુ જે કામ માટે ગઇ હતી તે કામ ફત્તેહ થયું છે. તે તેના આવેલા પરિણામ પરથી સ્પષ્ટ સમજાયું હશે. પણ ત્યાં શું બન્યું તે જણાવું છું, સોમવારના સાત વાગે હું તારી પાસેથી રવાને થઇ ઠાકોર વિરસિંહની સાથે ગઇ. અમો બરાબર સાડાનવે ત્યાં પહોચ્યા; જુને રસ્તેથી જતાં રસ્તામાં પણ ક્યાં હરકત આવી ન હતી. ત્યાં મને એક ખાનગી મકાનમાં રાખવામાં આવી હતી, મારી પહેલા છ કલાક મનોજસિંહને મુક્તાદેવીના મેળામાંથી વિરસિંહનો પુત્ર જયમલ તેડી આવ્યો હતો. અને ઘણાંજ આગ્રહની સાથે બે દીવસ ત્યાં તેને રોકી રાખ્યો હતો. ગઇ પરમ દીવસની સાંજે બધી હકીકત વિરસિંહે "મને સમજાવી હતી". અને તે પાઠને મેં પણ બરાબર ગોખી રાખ્યો હતો, કેમકે તેમાં જરા ભૂલ થાય તો ઘણાના જાન જોખમમાં પડી જાય તેમ હતું. પછી સિંહરાજ પર લખેલો પત્ર તેણે મને બતાવ્યો, તેમાં નીચેની હકીકત તેણે લખી હતી.

શિરછત્ર સાર્વભોમ નરેશ મુકુટમણી મહારાજા સિંહરાજ પ્રતિ વિજ્ઞપ્તી કરનાર "વારીશદ" ના ઠાકોર "વિરસિંહના શિરશાવંઘ પ્રણામ આપના ચરણમાં સ્વીકારશો. વિશેષમાં અરજ ગુજારવાની એ છે કે આપના કુમાર "મનોજસિંહ" નાતમપુરની કોઇ "કુલીન" બાળાને લઇ, અહીં ગયા બે દીવસ થવા આવ્યા છે. અમે આપના તાબેદાર હોવાથી આપ યાતો આપના કુમારસાહેબ જે કહો તે આજ્ઞા ઉઠાવવાની અમારી ફરજ છે; પણ આતો અત્યંત અનીતિનું પગલું હોવાથી અને તેનું પરીણામ વિપરીત આવશે એવી

શંકાથી; આ વાત આપને જાણુ કરવાની મને ફરજ પડી છે. આજે બે દીવસ થયા કુમાર તે બાળાને વશ કરવા મથે છે; પણ હજુ તેમનું કાંઇ વળ્યું હોય તેમ લાગતું નથી. આજે બપોરના બે વાગે તે બાળાએ ફાંસો બાંધ્યો હતો, પણ અમારી વડારણ શેનાના જાણવામાં આવતાં તેણે તે બાઇને સમજાવી, ધીરજ આપી તેમ કરતાં અટકાવી છે. આજ સાંજ સુધી નહિ માને તો કુમારે મારી નાંખવાની ધમકી આપી છે; એ તે બાઇને પુછવાથી અમે જાણ્યું છે. કુમારને બે બોલ કહેવાના કહ્યા છે, પણ કાંઇ કામ આવે તેમ નથી. કારણ કે તેઓ તેના પર અત્યંત મોહાંદ્ધ બન્યા છે. માટે કૃપા કરીઆપ આ પત્ર વાંચી તરત આવો. અને કુમારને આ અધમ કૃત્ય કરતાં અટકાવો, એવી મારી નમ્ર વિનંતી છે. જો આપ આવવાને વિલંબ કરશો તો એક શુદ્ધ હૃદયની વિધવાના શિયળ અને પ્રાણનો નાશ થવા સિવાય રહે તેમ નથી અને જો તેમ થયું તો આપના યશરૂપી પ્રકાશિત સુર્યમાં આ અધમ કૃત્ય રૂપ કાળી રેખા પડી જશે. માટે ગરીબ બાળાને બચાવવા; વિના વિલંબે પધારવા વિજ્ઞપ્તી છે. વળી આપના સિવાય બીજા કોઇનાથી કંઇ થાય તેમ નથી. માટે આપ જાતે પધારી દુઃખી અબળાના મદદગાર થશો એવી આશા છે.

લી. આપનો તાબેદાર નમ્રબંધુ.

વિરસિંહ.

આ પત્ર તેના વિશ્વાસુ પથુસિંહની સાથે બધી હકીકત સમજાવી મોકલાવ્યો. અહીં રાત્રીના ભોજન વિગેરેથી પરવારી મનોજસિંહ પ્રભાતમાં નૌતમપુર જવું, એવી રજા માગી વહેલા ઉઠવાના ઇરાદાથી તેણે નવ વાગે જ શયન કર્યું હતું. તે રાત્રીના મને તેની બાજુના હોલમાં રાખવામાં આવી હતી. જેમાં મનોજસિંહવાળા ઓરડામાં જવાને વચમાં બારી હતી. રાત્રીના અગ્યાર વાગ્યાને સુમારે એક માણસે મહારાજા સિંહરાજના આવવાની વિરસિંહને ખબર આપી; તેઓએ મને સુચના આપી પોતે તેને લેવા ખાનગી રીતે ગયા. અહીં મારૂં કામ બજાવવાને હું તૈયાર થઇ. પહેલાં મનોજસિંહના હોલની બારીમેં ધીમેથી ઉઘાડી, ને અંદર દાખલ થઇ. અને જોયું તો "મ-

નોજ" પેલી રાત્રીની નિશ્ચિંત નિદ્રાધિન હતો. મેં તેના શસ્ત્રોમાંથી એક "છરી" લઈ ખુલી કરી ડાબા હાથમાં પકડી. અને ધીમે પગલે તેના પલંગ પાસે આવી. પ્રથમ તો મારૂં હૃદય આ કામ કરતાં ઘણુંજ ધ્રુજ્યું; અને ત્રાસ ઉત્પન્ન થયો; પણ આ વખતે જો તેમ ન કરૂં તો તેથી પણ વધારે ભય, મને અને તમને બધાને થશે, એ વીચાર આવતાં, મેં પુરી હિંમતથી જમણા હાથે "મનોજ" નું ગળું દબાવ્યું, અને છરી વાળો ડાબો હાથ ઉંચે લીધો, આથી મનોજ જેમ વિકરાળસિંહ જાગી ઉઠે તેમ તેણે પોતાની આંખો ખોલી નાંખી; તે જોતાં હું થરથરી ગઇ, પણ હીંમત ન હારતાં મારા કાર્યમાં હું તત્પર થઇ; તેણે પોતાના બચાવ માટે મને જબરો ધકો માર્યો તેથી તેનુ ગળુ છુટાઈ ગયું; પણ વળી હું જાણે ખરેખર મારવા આવતી હોઉં તેવી ચોટ તેના તરફ મેં કરી; તે વખતે પલંગ પરથી કુદકો મારી મારા બંને હાથ તેણે એવા જોરથી પકડ્યા કે; પેલી છરી મારાથી પકડી સકાઇ નહિ. તે હોલના મધ્યમાં પડી ગઇ પછી તેણે મનો ધકો મારી પૃથ્વી પર પાડી, મારી છાતી પર પોતાનો ઢીંચણ દબાવી બોલ્યો, બોલ કમબખ્ત તું કોણ છે? અને મારવા આવવાની તને શું જરૂર હતી? સાચું બોલીશ તો હજી પણ તારા પર થોડી રહેમ થશે; આમ મનોજસિંહે કહ્યું; પણ મારે તેની રહેમ જોઈતી ન હતી. તેથી તેને જવાબ આપવાને બદલે મેં બુમે બુમ કરી મુકી. કોઇ બચાવો, બચાવો, આ પાપીથી મારૂં રક્ષણ કરો, હાયરે મારા શિયળનું કોઇ સંરક્ષણ કરો, આમ રડતાં રડતાં ઘાંટો પાડી મારો પાઠ બજાવવો મેં શરૂ કરી આપ્યો. મનોજસિંહ તો આભા જેવો બન્યો કે આ શું? પણ છેવટ વિચાર કર્યો હશે કે તે છુટવાને આમ કરે છે. તેથી તે ખસ્યો નહીં સરલ હૃદયના માણસો બધાને પોતાના સમાન જ જુવે છે. પણ પાપીયોની યુક્તી પ્રયુક્તિને પીછાણી શકતા નથી, તેથી જ વગર હરકતે પાપીઓ તેને ફસાવી શકે છે. મેં તો મારૂં બુમો પાડવાનું ચાલુજ રાખ્યું હતું થોડી વારેજ દાદર પરથી કોઇ બે ત્રણ જણ આવતા હોય તેવો અવાજ સંભળાયો; તે વખતે મનોજ ઉઠવાની ઇચ્છાથી તેણે મારા હાથ મુક્યા, પણ મે તેનો જામો એવા જોરથી પકડ્યો કે તે ઊઠી શક્યો

નહિ એટલામાં ત્રણ જણા ઉપર દાખલ થયા. સિંહરાજના જોવામાં આ દાખલો આવતાં, વિરસિંહના લખાણની પુરેપુરી સત્યતા જણાઇ, મેં તેનો જામો છોડી આપતાં તે પોતાના પીતાને આટલી મોડી રાત્રે આવેલા અને આ બધો પ્રપંચ એ જોતાં તે સંભ્રમ બની નિસ્તેજ મુખે દુર ઉભો રહ્યો, સિંહરાજની આંખમાં તે વખતે ક્રોધનો અગ્ની મનોજ તરફ પુરી રીતે વરસતો હતો. તે તેમને શાંત કરવા બોલ્યો આ પ્રપંચબાજીમાં હું કાંઇ જાણુતો નથી; આ સ્ત્રી મને મારવા આવી હતી, પીતાજી મારાપર ગુસ્સે શા માટે જણાઓ છો. આ વચનો મનોજના અગ્નીને ધીથી શાંત કરવા જેવા નીવડ્યા, ઉલટો સિંહરાજનો ક્રોધ હતો તેના કરતાં વધારે થયો તે વખતનો લાભ લઈ, આંખોમાં પાણી વરસાવતી હું પણ ગળ ગળે સાદે રડતી બોલી; "પીતા સમાન મહારાજા" આપે મને એક વિધવાને પ્રાણનું અને તેનાથી પણ અધીક શીયળ રક્ષણનું દાન આપ્યું છે; આપના કુમારે મને મુક્તાદેવીના મેળામાંથી બલાત્કારે પોતાના માણસોથી સપડાવી, આજ બે દિવસ થયા આહીં પુરી મને પોતાની બુરી આશા પાર પાડવાને જુલમ ગુજાર્યો છે. પણ ઇશ્વરે મારી આબરૂ જાળવી છે. હવે મારે ત્યાં મને પોહોંચાડો, મને ઘણોજ ભય લાગે છે, આપના કુમારે હજી પણ મારો પીછો ન છોડવાના સોગન લીધા છે, તે ભયથી મને બચાવો, બચાવો, હું આપને શરણે છું. આ સાંભળી મને ધીરજ આપી, "મનોજ"ને ધીઃક્કારની સાથે, દેશ પારનો હુકમ કરી આપ્યો. મનોજે ઘણાં કાલાવાલા કર્યા પણ, આ નજરે જોયેલા દેખાવ પરથી તેનું કેવું નિરર્થક ગયું, તેથી લાચાર થઈ તે ત્યાંથી ચાલતો થયો. જતાં જતાં તે બોલ્યો કે પીતાજી ? આ નીચ મંડળીના પ્રપંચ પ્રગટ થતાં આપને અવસ્ય પસ્તાવું પડશે, એ હું પ્રતિજ્ઞા પૂર્વક કહું છું. તે શબ્દોની અસર એ આના સિંહરાજને થઇ હોય તેવું અમને જણાયું; પણ સારૂં થયું કે, મનોજ તેમનાં પ્રતિ ઉત્તરની રાહ ન જોતાં, તેમને પ્રણામ કરી દાદર ઉતરી ચાલ્યો ગયો. વખત વિચારી વિરસિંહે સિંહરાજને એવું સમજાવ્યું કે મનોજના જવા વખત બોલેલા શબ્દોની અસર તદન નીકળી ગઇ, આવા જીવ સટોસટના કામબદલ ગુમાનસિંહે વિરસિંહને દશ હજાર રૂપીયા

આપ્યા છે એ કંઇ વધારે ગણી શકાય નહિ, જો કામની તેમને કદર હોય તો ગુમાનસિંહે વિરસિંહને પુરેપુરાજ, ખુશી કરવા જોઇએ. પછી તેમના ઘણા આગ્રહથી પણ, જુસ્સાના આવેશમાં મહારાજા સિંહરાજ ત્યાં રોકાયા નહીં. માત્ર બે સીપાઇઓને સાથે લઇ ત્યાંથી ચાલી ગયા. બીજે દિવસ હું પણ સાંજના સાતેકને સુમારે નીકળી, અહીં આવી હતી. વધારેની બીના રૂબરૂથી મિતી. વૈ. વિ. ૩. લી. તારી પોતાની ભાનું.

આ પત્ર વાંચી મોહન અત્યંત ખુશી થયો. અને તે પત્રના મધ્યમાંથી એક નાનો બીજો પત્ર દેખાતાં, તે વાંચવા લાગ્યો. તે પત્ર સવાર પછી લખેલો હોય તેમ તેને જણાયું.

"મારા મનહર મોહન."

આ વખતે મારા મનની સ્થિતી, ઘણીજ ભયાનક થઇ છે. મારે હાથે એક પછી એક અનિષ્ટ કૃત્યોજ થયા કરે છે, અને તેથી હરપડે મને ભયનો ભાસ થાય છે, મારે વિધવાને આચરવાના પવિત્ર આચરણો ક્યાં "ને હમણાંના મારે હાથે થતા પાપીષ્ટ" પ્રપંચો "ક્યાં એ દરેક વખતે વિચારૂં છું, છતાં પણ હું વિષયાંધ" તેમ કરવા ચુકતી નથી. તેથી હું નક્કી ધારૂં છું કે, મારા પર કોઇ મોટામાં મોટી આપત્તી તો પડવાનીજ, એમ મારૂં હ્રદય મને કહે છે. તારો સાથે બાંધેલા પ્યારને હું બળાત્કારે પણ છોડી શકતી નથી, એ ખરેખર મારી અવનતીનું પગથીઉં છે. વળી આપણે મોહાંધ થઇને પ્રેમમાં જોડાયા છીએ, પણ આપણે કોણ; સગા માસીના ભાઇ બ્હેન, એ શું ઓછી અધમતા ગણાય? મારે તને ભાઇ કહેવો, પ્રીયતમ કહેવો, કે અન્ય કંઇ કહેવું, ઇશ્વર આપણા કૃતવ્યોનો બદલો નહિ આપે શું? એ વિચાર જ્યારે જ્યારે મને આવે છે, તે વખતે મારા મનમાં અપાર દુઃખ થાય છે. વળી મેં મારી જન્મ આપનાર મા તરફ કેવી કુરતા દર્શાવિ, મોહન મેં તારા પ્રસંગે પડી, મનુષ્ય કૃતવ્યોને તજી, રાક્ષસી પ્રપંચો જ સેવ્યા છે. હવે મારા ચિત્તની શાંતિનો કોઇ ઉપાય બતાવ, મારૂં "પાપ" મને ઘણું પજવે છે. જ્યારે કોઇ પણ, "સ્ત્રીઓના ધર્મ વિષેનું પુસ્તક" મારા વાંચવામાં આવે છે, ત્યારે મારા મનની ગતી છીનભીન થાય છે. આજે સવાર પછી તેવાજ

કારણે મારા ચિત્તની અસ્વસ્થતા થઇ છે, માશીનું મોકલેલું આમંત્રણ મને મલ્યું છે, મારી પ્રકૃતિ વધારે ન બગડી તો હું વેળાસર આવું છું. મારા આ પત્રનો જવાબ લખી મારી મનોવ્યથા દુર થાય તેવો ઉપાય મને સુચવજે હાલ એજ મિતિ.

લી૦ તારા પ્રેમ પાસમાં સપડાયલી "ભાનુ."

આ પત્ર પણ વાંચ્યો, તેથી તેના હૃદયનો ઉત્સાહ ઉતરી ગયો, અંતરમાં ભયનો સંચાર થયો, પોતાનાં કરેલાં પાપ એક પછી એક યાદ આવવા લાગ્યાં, ઇશ્વરની અકૃપાએ વિપતિનું વાદળ ઘેરાયલું હોય તેમ તે ક્ષણે તેને ભાષ થયો. પોતાના રાક્ષસી કર્મો તરફ પોતાને ધિઃક્કાર છુટયો, પણ છેવટ પાપી તે પાપીજ. મલીન હૃદયમાં જ્ઞાન કેટલીવાર ટકે ? તપેલા લોઢા પર પાણીનું બીંદુ સુકાતા કેટલીવાર લાગે ? ફરી થોડીજવારે તેના નીરબળ વિચારો ફેરવાયા, અને નિચ હૃદયમાં ક્રુરતાના ભરેલા કર્તવ્યો ગેઠવાયા, તેથી મનમાંજ બડબડયો કે મુર્ખ સ્ત્રિ, હવે શું વિચાર કરે છે, જો તો ખરી હજી બીજા કેટલાં ખુનો થાય છે, કેટલા ફશાય છે, અને કેટલા આ બંદાની જાળમાં સપડાઇ ગોથાં ખાય છે, વળી તારા જેવી કમ અક્કલની સ્ત્રી પણ કેવી પસ્તાય છે, એમ કહી તેણે એક પત્ર લઇ લખવો શરૂ કર્યો; તે પુરો કરી સંકેત મુજબ ટેબલ પર પડેલી ચોપડીના બસેં પૃષ્ટમાં તેને પધરાવી પોતે નિચે ઉતરી અન્ય કાર્યમાં ગુંથાયો. બરબર અગ્યાર થયા, ભાનુની ગાડી આવી, પ્રમોદા પોતાની બેનની પુત્રીને આવકાર દેવા સામે આવી. યમુના સહીત અંદર દાખલ થઇ. તે યમુનાને સ્ત્રીઓના સમાજ તરફ જવાનું કહી, પોતે ઉપર ગઇ, પેલા પુસ્તકના બસેં પૃષ્ટમાંથી પત્ર કહાડી, તેણે વાંચવો શરૂ કર્યો. પણ દાદરપરથી કોઈ આવતું હોય તેવો ભાષ થતાં, તેણે પત્રને પોતાની કંચુકીના ગજવામાં સેરવી દીધો. એટલામાં પ્રમોદા ઉપર આવી ને બોલી, ભાનુ બેન, ચાલ જમવાનો વખત થઈ ગયો છે ને તું અહીં શું કરે છે ? તારી રાહ જોઇ બધાં બેશી રહ્યાં છે. ભાનું તેને સમજાવતાં બોલી. માશીઆ રડયો દહાડોએ જતો નથી તેથી હું આ પુસ્તક લેવાને ઉપર આવી હતી, તે વાંચીશ તો

મન ખુલ્લું રહેશે; મોહનભાઇને કહેજો આવતે રવીવારે તે પાછું આપી જઇશ. પ્રમોદા બોલી ઠીક. પછી બંને જણીઓ નીચે આવી, અને જમવા બેઠેલી સ્રીયોના મંડળમાં ગોઠવાઇ ગઇ. પુરૂષ વર્ગને પણ જુદા રૂમમાં જમવાને બેસાડેલા હોવાથી, પીરસણીઆઓ આમ તેમ દોડધામ કરી રહ્યા હતા. બધાંને સરખું પીરસાઇ જતાં જમવાની છુટ થઇ, થોડીવારમાં સર્વે જમી રહ્યા, કે તરતજ પાન અપાયા. ઉપરના દિવાનખાનામાં મીજલસ ગોઠવાઇ, હાર તોરા વેહેંચાયા, તે દીવાનખાનાની બાજુની ચાલીમાં સ્રિયોને બેસવાનું ઠર્યું; નાયકાને બોલાવવામાં આવી હતી તેણે પોતાના કોમળ કંઠથી સમયાનુસાર સુંદર રાગનો આલાપ શરૂ કર્યો, નરઘાં પર થાપ પડી, સા-રંગીવાળાએ પણ પોતાની કાર્ય કુશળતા દર્શાવવા, એક હાથના આંગળા ફેરવતાં, અને ગજ ચલાવતાં, કલકંઠથી ગાતી નાયકાના સુરમાં આ નીક-ળતા સુરોનું સંમેલન કર્યું. સમસ્ત મંડળમાં શાંતી પથરાઇ, સર્વેનું લક્ષ તે તરફ ખેંચાયું. ભાનુ તે વખતનો લાભ લઇ દિવાનખાનાની પાછળ સમાન રાખવાની ઓરડી હતી ત્યાં આવી, અને એકાંતે પત્ર કહાડી વાંચવા લાગી.

"મારી હૃદય રમણી પ્રીયભાનું."

તારી કાર્યે સફળતાના પત્ર દર્શનથી મને અત્યંત આનંદ થયો છે. તે કામને અંગે, હું અને ગુમાનસિંહ બંને તારા મોટા ઉપકાર તળે છીએ; તારા લખવા પ્રમાણે વિરસિંહને બદલો મળી જશે. પણ તારા બીજા પત્રમાં આળેખાયલા વિચારો માટે મને ખેદ થાય છે; ગાંડી બાળા ? જ-ગતમાં એમજ બન્યા કરે છે. આપણે તો એક માશીના ભાઇ બેન છીએ, જ્યારે આ સૃષ્ટિના ઉત્પન્ન કરતા પીતામહ બ્રહ્માએ સ્રી પુરૂષનું જોડું રચી તેમને સંસાર વ્યવહારની છુટ આપી તેમાં પાપ કેમ ન લાગ્યું, શું તેઓ સગા ભાઇ બેન ન ગણાય. પણ એ તો જગતની મર્યાદા જાળવવા પોપ-લીલાનો વિસ્તાર કરનાર, બ્રાહ્મણોએજ આ કાયદા બનાવ્યા છે; અને મોટા મોટા પાપો મુક્યાં છે; ખરેખરૂં વિચારતાં તો તેમાંનું કશુંએ નથી. વળી આપણા સુખની આડે આવતાં કંટકરૂપ વ્યક્તિનો નાશ કરવામાં તે

પાપ શું ? એવા પાપ ગણવામાં આવતા હોય અને તે બધાં ભોગવવા પડે તો તો પ્રાણીઓ બધાં રીબાઇ રીબાઇનેજ મરી જાય; અને પોતાના સુખનું સાધન એક પણ મેળવી શકે નહિ; વળી તને લોકાપવાદ લાગવાનો ભય છે તો તેના ક્યાં આપણા પાસે ઉપાય થોડા છે; પૈસા શું કરી શકતા નથી. "વાહી ભાનુ" હું તો પાપ પુન્ય કે જન્મ મરણને માનતોજ નથી, પણ તારા માનવા પ્રમાણે મેં તને જણાવ્યું છે, એટલાથી તારા મનનું સમાધાન ન થતું હોય તો રૂબરૂમાં મળીશ ત્યારે તારો દુરાગ્રહ દુર કરીશ. આજે મારી માતાને કહી તને અહીં રોકવાની છે. પછી મળવું કેમ તે તું જાણે છે. ભોળી બાળા" આ જગતમાં લીધો તે લાવ, અને આવ્યો તે દાવ, એ કદી પણ જતા કરવા નહિ. સ્વર્ગ નરકનાં અને પાપ પુન્યના ખોટા ખ્યાલ કરી, વર્તમાન સુખને વખોડી નાખવું, એ ડહાપણ ભરેલું ગણાય નહીં. માટે વેળાસર તારા સુંદર વદનને વિકસાવી, "આનંદમુર્તી" તું મને આનંદીત બનાવશે એવી આશા છે.

લી૦ તારા સ્નેહવડેજ સુખી મોહનના ધટિત.

પત્ર વાંચ્યો, ફરી વાંચી પુરો કર્યો, અને તેને પાછો પોતાના ગજવામાં દાખલ કર્યો, તેનો શોક સમી ગયો, મોહનના દગાખોર દલીલોવાળું લખાણ ભોળી ભામનીને સત્યતા ભરેલું જણાયું, નવિન આશાના તરંગો ઉદ્ભવિત થયાં, મુર્ખ હૃદયની માનનીનું સવારમાં ઉપજેલું ક્ષણીક જ્ઞાન "સમશાન" વૈરાગ જેવું થઇ ગયું; મોહનના શબ્દો ખરા રૂપમાં ઠસાવાથી પોતાના કૃત્યોની ભયંકરતા ભુલી ગઇ; પણ વાંચનાર? આને ક્યાં ખબર છે કે **मम इच्छा सर्वनास्ति दैव इच्छा प्रवर्तते** હમણા તો પોતાના મનના માન્યાને મળી આનંદ પામીશ; એવી આશાના પાસમાં ઉછળતી ભાનુ ત્યાંથી ઉઠી; અને સ્ત્રીઓના સમાજની અંદર બેશી ગઇ; આ વખતે તેને પુછનાર કોઇ પણ નહતું, કારણ કે આ નાચનારી વિશ્વવધુ (નાયકા) એ જાણે આખા મંડળને વસીકર્ણ કર્યું હોય, તેમ કોઇ તેના મુખ તરફ, કોઇ હાથનાં લટકાં તરફ, તો કોઇ વક્ષસ્થળ પર વિરાજીત થતા સ્તન તરફ. કોઇ તેનાં પગમાં વાગતા નેપુર તરફ, તો કોઇ તાન પલટા તરફ,

એમ જુદી જુદી રીતે આ વિરાજીત થતી સર્વ સભાનું મન સંમોહક થઇ રહ્યું હતું. આ વખતે તાન પુરો થયો. ચારે તરફથી વાહરેવાહના પુકાર ઉઠી રહ્યા, શાબાશીઓની ગર્જનાઓ થવા લાગી, આવા માનપત્રને પામેલી નાયકાએ બીજી સરસ રાગણી મધુર આલાપ સાથે શરૂ કરી. પણ તે અરધી ગવાઇ ન રહી ત્યાં તો "રામદિન" (શ્યામ હૃદયનો ભૈયો) ઉપર આવ્યો, અને ગભરાતો ગભરાતો શ્યામહૃદયને બોલાવવા લાગ્યો, શ્યામહૃદયે તેને પુછતાં તેણે જણાવ્યું કે; "તીન ચાર સિપાઇ કે, સાથ એક સાબ નીચે ખડા હે ઉશને કહા કે મેરે પાસ વૉરંટ હે તેરે શેઠકું યહાં બુલાવ" આ સાંભળતાં સર્વ સભામાં ગભરાટ પેદા થયો, શ્યામ હૃદય પણ મુંઝાયો, તે જોઇ મેળાવડામાં આવેલા ગ્રહસ્થો વગર રજાએ પણ રસ્તે પડવાની કોશેષ કરવા લાગ્યા. જે જેની મેળે તે તેની મેળે દાદર ઉતરવા માંડયા. પણ નીચેના અમલદરોએ તેમને અટકાવ્યા, સ્ત્રી વર્ગને તો આ સમાચાર સાંભળતાં ફાળજ પડી. સમયને અનુસરી શ્યામહૃદયે સર્વને ધિરજ આપી અને પોતે નીચે આવ્યો, અને પેલા અમલદારને તેણે સવાલ કર્યો, આ વૉરંટ કોનાપર છે. સામેથી ખુલાસો થયો કે મોહનલાલ શ્યામહૃદય" મગન ગોવરધન" અને "ભાનુબાઇ જનાર્દન."

તે શા માટે "શ્યામહૃદયે આશ્ચર્ય પામતાં પુછયું."

"ઇચ્છાબાઇના ખુનનું તેમનાપર તોહોમત છે."

આ સાંભળી શ્યામ હૃદયને વધારે આશ્ચર્ય થયું, અને બોલ્યો તે તો તાવની બીમારીમાં ગુજરી ગયાં છે. ને શું."

"તેનો ખુલાસો તમારી પાસે અહીં કરવા અમો બંધાયલા નથી; "અમારા કેદીઓ અહીં છે અને તે અમને સોંપો એટલે થયું."

આ સાંભળી શ્યામહૃદય તો સ્તબ્ધ બની ગયો, અને બધા ત્યાં મળેલા તેના સમ્બંધીઓ પણ આ બીનાથી હેરત પામ્યા, શ્યામહૃદયે લાંચ રૂશવતનાં ઉપાયો અજમાવ્યા, પણ કેટલાક દેશી રાજ્યો જેવી પોલ ત્યાં નહોતાં, વધારે ઠપકાને પાત્ર થવું પડયું, અને નોતમપુરનો મોટો ધનવાન ગ્રહસ્થ સત્ય ન્યાય પાસે નિરૂપાય બન્યો. વૉરંટમાં લખ્યા માણસો તેને

સોંપ્યા, તે કોન્સટેબલે સર્વનાં દેખતાં તેમના હાથમાં બેડીઓ ઠોકી. અને ત્યાંથી ચાલતો થયો. પછી ત્યાં મળેલા સ્ત્રી પુરૂષો ત્યાંથી છુટયા. રંગમાં ભંગ પડયો, અણધારી આફત આવી, પાપનો પરાભવ તરતજ જણાયો, અને આનંદને ઠેકાણે ઉત્પાતનો આર્વિર્ભાવ થયો. **"जहां कुमति तहां बिपाति निधानां"** એ મહાત્મા તુળશીદાસજીના વચન પ્રમાણેજ થયું, વાંચનાર ? ઝેર ખાઇને કોણ જીવવાની આશા રાખે છે. તેમ પાપ કરનાર કોણ પરાભવ પામતું નથી. જો તેમ ન થાય તો ? ધર્માચરણ કરે પણ કોણ ? બિચારા નિષ્પાપ મનોજને આ ચંડાળ ચોકડીએ ખોટું કલંક આપી દેશપાર કરાવ્યો, એ શું તેઓએ ઓછી અધમતા કરી ? કયાં તેનાં અંતરગત રાજસમૃદ્ધિ પામી સુખી થવાના તરંગો અને કયાં તે બદલ મળેલું અપમાનની સાથે વનવાસ, એ પણ દૈવની વિચિત્રતાજ ગણાય. મનુષ્ય ધારે શું; અને થાય શું.

શ્લોક.

*** रात्रीर्गमि ष्यति भविष्यति शु प्रभातं ।**
भास्वानुं देष्याति हसी ष्यती पंकज श्री ॥
इत्थं विचिंतयति कोश गते द्विरेफे ।
हा मुलतः कमील नी गज उज्जहार: ॥

પ્રકરણ ૫ મું.

પંડિતનો વનવાસ.

મારા હૃદયવન્ કેસરી ? આપની મુખમુદ્રા પરથી જણાય છે કે, આજે આપ કંઈ ગુપ્ત ચિંતામાં છો નાથ ! જો આ દાશીને કહેવામાં અડચણ ન

---

* રાત્રી હમણા નિકળી જસે. સુંદર પ્રભાત થશે, સૂર્ય ઉદય પામશે, ને કમળ પ્રફુલિત થશે, એટલે હું નિકળી જઇશ, એ રીતે સાયંકાળના બીડાતા કમળમાં રહી ગયેલ, "ભમર" વિચાર કરે છે. તેટલામાંતો, અહા ! તે કમલિનીને મુળથી ઉખેડી, હસ્તી હરણ કરી ગયો.

હોય તો કૃપા કરી જણાવશો. "સરલાદેવીએ સિંહરાજને પુછ્યું." સુંદરી ! તારૂં અનુમાન ખરૂં છે. મારૂં એક "રાજ રત્ન" આજે મારા હાથમાંથી હમેશને માટે જાય છે. તેને જાળવવા મેં ઘણો યત્ન કર્યો પણ તેમાં હું નિષ્ફળતા પામ્યો છું. તેથી મારૂં મન છિન્નભિન્ન થઇ ગયું છે; તે હાલ કોઇ પણ ઉપાયથી શાંત થાય તેમ નથી "સિંહરાજે દુઃખોદ્દ્ગાર કાઢતાં કહ્યું."

પ્યારા, એ રાજરત્ન તે શું, તેમાં હું સમજી શકી નથી. કહો નાથ, અને બની શકતો હજી પણ કાંઇ ઉપાય કરો, આમ નિરાશ થઇ જવાથી કાર્યમાં સફળતા મળતી નથી. "સરલાદેવીએ જણાવ્યું." શું કહું પ્રીયે પંડિત જગન્નાથ આજે આ સંસારથી વિરક્ત બની ગમે ત્યાં વિચરવાની ઇચ્છા ધરાવે છે. પંડિતા વિદ્યાલક્ષ્મિના મરણ પછી તેમનું ચિત્ત સંસારમાં જરા પણ ચોંટતું નથી. રમણી ? જે ત્રીકાળજ્ઞાની વિદ્વાનની મદદથી, જરા પણ સંકટ વિના આ વિશાળ રાજ્યતંત્રને હું સુખરૂપ ચલાવું છું, જેની આજ્ઞા પ્રમાણે ચાલવાથી, સર્વ શત્રુઓ પણ મારે આધિન આધિન થઇ રહ્યા છે. વળી જેની કૃપાએ ઘણાં ભયંકર કષ્ટોમાંથી પણ મુક્ત થયો છું. તેમની થોડા વખતની જુદાઈ થતાં મેં વિનયશિલ સંપન્ન મનોજ કુમારને સાહસ કરી વગર સમજે પાપીઓના ભમાવ્યાથી દેશપાર કર્યો; તે પંડિતની જુદાઈ મને કારી ઘા સમાન, અસહ્ય પીડાકાર થઈ પડી છે. આજે મેં પ્રાર્થના કરવામાં, કે સમજાવવામાં કંઇ કચાશ રાખી નથી, પણ મારા ઉપાયમાં હું વિજયવંત બન્યો નહીં. સિંહરાજે અશ્રુપુરિત નેત્રે કથન કર્યું."

પ્યારા પતિ, તેમને વિદ્યાલક્ષ્મિ જેવીજ, બીજી કોઇ વિદ્વાન બાળા સાથે લગ્ન કરાવી આપો કે, તેમનું ચિત શાંત બની જશે. "બહુ રત્નં વસુંધરાં" આ પૃથ્વીમાં અનંત રત્નો પાકે છે, વિદ્યાલક્ષ્મિ ગઇ તો શું ! તેના જેવી બીજી લાયક કન્યા નહિજ મળે ? તેઓ બાળક સુરેંદ્રને કોના આધાર પર મુકી જશે, તેમને કોઇ પણ પ્રકારે સમજાવી શાંત પાડો, કે તેઓના મનનો ઉત્પન્ન થયેલો વિચાર સમી જાય.

શાણી રાણી ! એ બધા પ્રકાર ચાલી ગયા છે; બીજી વિદ્વાન કન્યા

મેળવી આપવાને હું બંધાયો, બાળક સુરેંદ્રની દયા ખાતર રોકાવાને સમજાવ્યા; પણ બધું વ્યર્થ ? તેઓ બોલ્યા કે રાજન્ આ જગતનો દસ્ય પ્રપંચ સર્વ મીથ્યા છે, તેના ઘણાં સહવાસથી, વિદ્વાનોની વૃતિ પણ તેમાં અતી રાગવાળી બને છે. પછી કદી પણ મુક્ત થવાનો માર્ગ તેમને મળતો નથી. મને પરમાત્માએ આ પ્રસંગ આપ્યો છે, તે મારા હિતને માટેજ હશે; તેને ગુમાવી એથી ભ્રષ્ટ હું કદી પણ બનીશ નહીં. વખતપર મારો સુરેંદ્ર મને પોતાની મેળે મળશે; વળી તેના ભવિષ્ય પ્રમાણે તે ભોગવશે; તેમાં હું શું કરવા સમર્થ છું. પ્યારી સરલા તેમની પાસે મારો કંઇ પણ ઉપાય ચાલ્યો નહીં; તેથી હું અત્યંત નિરાશ બની અકળાઉં છું. (એટલામાં બહારથી અવાજ થયો બા, બહાર પંડિતજી આવ્યા છે; આ સાંભળી સરલા દેવીએ દ્વાર ઉઘાડયા; પંડિત અંદર દાખલ થયા; આ વખતે તેમનો વેશ જુદોજ હતો, માત્ર પગ સુધી લાંબો ભગવો જામો અને હાથમાં કમંડલ તથા નાની સરખી ઝોળી, બગલમાં લટકાવેલી જોઇ, સિંહરાજની આંખમાંથી દળદળ કરતા આંસુઓ ટપકવા લાગ્યા; તેણે પ્રણામ કરતાં હાથ જોડી પ્રાર્થના કરી કહ્યું; પંડિતરાજ આપનો આ વેશ જોઈ મારૂં અંતઃકર્ણ ભેદાય છે; પરમોપકારી પંડિત આપનો વિયોગ મને ઘણોજ દુઃખરૂપ થશે; તે આપ ત્રિકાલજ્ઞાતાથી અજાણ્યું નથી. તેથી મારી આ છેલ્લી વિનંતી સ્વીકારી મારા રાજ્યના સ્થંભ રૂપ થઇને રહો; તો મને અત્યંત આનંદ થશે. આપ જે આજ્ઞા કરશો તે હુકમ ઉઠાવવાને તૈયાર થઇશ; આ રાજ્ય તમારૂંજ છે, અહીં બેશી આપ ગમે તે સાધન કરો, અને મને પણ સદુપદેશ આપી મારો પણ ઉદ્ધાર કરો

સિંહરાજ આપ શાણા છો, એ વાતને હવે છોડી આપો; જે વસ્તુમાં વિરાગ થયો, તેમાં વિદ્વાનો પ્રીતિ ધરાવી, પોતાના નિશ્ચયને કદી પણ ફેરવતાજ નથી. હવે મને આ જગતનો કોઇ પણ પ્રકાર સુખરૂપ થશેજ નહીં; આટલો સમય જે સંસાર મારી દૃષ્ટિમાં સુખનું સ્થાન જણાતું હતું; તે હવે માત્ર તરણા જેવું ભાસે છે. હવે તો આપને થોડી સુચના આપવાના હેતુથીજ, મારે અહીં સુધી આવવું પડયું છે. મારા વિયોગે આપને

મારું જણાશે; પણ મીથ્યા સંસારમાં સર્વદા સંગ કોઇનો ટકી શકતો નથી. પોતાના આ દેહનો સંગ પણ તજવો પડે છે, ત્યારે અન્ય સ્નેહીનો શોક શું કરવો હોય "એ મોહ છે." એવા ખોટા મોહથી રાગ–પ્રીતિ થાય છે; અને એ પ્રીતિ વિયોગ વખતે દુઃખ આપે છે; માટે એવા મોહમાં ફસાવું ન જોઇએ. ખરો પ્રેમ માત્ર પરમાત્માનોજ છે. જે પ્રેમ પ્રાણીઓના જન્મ મરણના સંકટને નિર્મુળ કરે છે; અને આદ્યંતે એક સરખો ઉપયોગી થાય છે; માટે તેવા શુદ્ધ પ્રેમમાં પ્રવર્ત થઇ, ખોટી મમતા તજો; કે તમારૂં અને મારૂં કલ્યાણ થાય. એમ કહી પંડિતે પોતાની ઝોળીમાંથી કંઇ ચીજ કહાડી સિંહરાજને આપી, અને બોલ્યા મહારાજા આ વસ્તુને બરાબર જાળવજો; આ વિષે સુચના આપી છે તે જરા આમ આવો તો કહું; એમ કહી તેમને એકાંતમાં લઇ જઇ કંઇ કહ્યું શું કહ્યું ? તે તો આપણે આ વાર્તાના બીજા ભાગમાં જાણીશું; પણ પંડિત આજે સંસાર ત્યાગ કરી વનવાસી થાય છે; તેનો થોડો ખુલાસો કરીએ. આજે નૌતમપુરમાં આવ્યાને તેમને બાર વર્ષ થવા આવ્યા છે; સુરેંદ્ર પછી તેમને ત્યાં ચાર બાળક થયા, તે સર્વે દૈવઇચ્છાએ નાનપણથીજ નાશ પામ્યા, અને છેલા પાંચમા મૃતપુત્રને (મરેલા પુત્રને) જન્મ આપી, વિદ્યાલક્ષ્મી પણ તે વિકારની વ્યાધિથી ગત થઇ. (મરી ગઈ) જેથી પંડિતને તેના વિરહની અપાર વેદના ભોગવવી પડી, પંડિતા અને પતિ પરાયણ પતિવ્રતાનો પ્રસંગ ભ્રષ્ટ થયો; તેથી આ સંસાર તેમને સ્મશાનવત્ ભાસવા લાગ્યો; અને પ્રતિદીન તેઓનું ચિત વિરાગવાન બન્યું; આજે તેને સાત માસ થવા આવ્યા છે; હવે તો તે તદન કંટાળી આ અસાર સંસારનો ત્યાગ કરી, વનમાં જવાની ઇચ્છાથી પ્રથમ સિંહરાજને પોતાનો તે વિચાર જણાવ્યો; તેમણે ઘણાં પ્રયત્ન કર્યા પણ ભાગેલું મન કોઇનાથી સંધાતું નથી, તે નિયમ અનુસાર સિંહરાજ નિષ્ફળ થયા. હાલ સુરેંદ્ર પાઠશાળામાં અભ્યાસ કરે છે. તેને દશ ઉતરીને અગ્યારનું વર્ષ બેઠું છે. તેની સંભાળ લેવા ગીરધરલાલને ભલામણ આપી, આ નવિન વેશ ધરી, તેમને શોકમાં સપડાવી, પંડિત ત્યાંથી ચાલ્યા. જેને હાલ આપણે અહીં સિંહરાજ પાસે) જોયા છે. મહારાજાને તેમણે કંઇ

ગુપ્ત વાત કહી જે સાંભળી તેઓ ચમક્યા, અને બોલ્યા, પણ તેમ કરનાર કોણ, અને શા માટે! પંડિત બોલ્યા ચુપ રહો; મેં જે કહ્યું છે તે તમે કોઇને પણ કહેશો નહીં એવી મારી તમને ભલામણ છે. તમારા સવાલનો જવાબ આપી ચોખો ખુલાસો કરવાનો મને અધિકાર નથી; તેમ કરવાથી ભાવી (હોનહાર)ને સામે થવા જેવું થાય. આતો તમારી ઉત્તમ પ્રીતિમાં આકર્ષાઈ તમારૂં શ્રેય કરવાની ઇચ્છાથી પેલી વસ્તુ આપી છે; અને તમારા હિતની યુક્તિ:પણ બતાવી છે. લ્યો ત્યારે હવે જયગુરૂ પરમાત્મા આપનું કલ્યાણ કરે હું હવે મારા અંતરાત્માએ બતાવેલા માર્ગપર સિધારીશ. આપનાથી બને ત્યાં સુધી "ગીરધર લાલ" અને "સુરેંદ્ર"ની સંભાળ રાખજો. તે વિષે આપ નિશ્ચિંત રહેશો પણ પંડિરાજ ! શું આપણી આ છેલ્લીજ મુલાકાત છે કે ? સિંહરાજે ગળગળા સાદે અને દિનવદને પુછ્યું" આપણે ફરીને એકવાર મળશું. પણ ક્યારે અને કેવી રીતે તે હાલ સ્પષ્ટ કહી શકીશ નહી. એમ કહી પંડિતજીએ ચાલવા માંડયું બારણા પાસે આવતાં, સરલાદેવીએ પ્રણામ કર્યા, આ પતિ પરાયણ પવિત્ર રાજ્ય બાળાને જોઇ. પુર્વાપરનો વિચાર આવવાથી વિરક્ત વેષધારી પંડિતને પણ એક શોકની ઉર્મી આવી જવાથી નિશ્વાસશ્રવી પડયો; અને તેને આશીર્વચન કહેતાં બોલ્યા સુદ્ધ હૃદયની રાજ્ય માતા હમેશાં આપે ધૈર્યને ધારણ કરવી. તમારૂં પતિવ્રત તમને ગમે તેવા કષ્ટમાંથી પણ પાર કરશે; આપનો મનોજ સિંહ આપને મળશે; બીજી પણ નાની મોટી વિપતિઓ કદી દૈવજોગે પડશે; તો વખતપર પોતાની મેળેજ વિખરાઇ જઇ છેવટ સુખ અને શાંતિ થશે; હું મારી ભવિષ્ય કથનરૂપ શક્તિથી જાણું છું કે આપ અખંડ સૌભાગ્યવંત, અને છેવટ સુખી છો; આ મારા શબ્દો મંત્રરૂપ ગણી આપના હૃદયમાં ગોખી રાખશો; અને સુરેંદ્રની સંભાળ રાખશો; એવી મારી તમને છેલ્લી ભલામણ છે, સરલાદેવીએ તે કબુલ કર્યું અને પંડિતને પ્રણામ કરી જરા દુર હઠી કે પંડિત ત્યાંથી વિદાય થયા ચાલી ગયા સિંહરાજને ઘણો શોક થયો પણ સરલાદેવીએ સમજાવી સમજાવી કેટલેક વખતે તેમને શાંત કર્યા; પછી સિંહરાજે પંડિતની આજ્ઞા પ્રમાણે

જે કાર્ય કરવાનું હતું તે કરી રાખ્યું; તેમની આપેલી વસ્તુને પુરી સાંચવણમાં રાખી, હરવખત સુરેંદ્રને બોલાવી સિંહરાજ અને સરલાદેવી પ્યાર કરતાં અને તેના પડતા શબ્દો ઉઠાવવાને તૈયાર રહેતાં; તેને જરા પણ ઓછું આવવા દેતા નહીં. તેઓના પુર્ણ પ્યારથી સુરેંદ્ર પોતાના માતાપીતાને પણ ભુલી ગયો. એવી તેના પ્રત્યે આ રાજ્ય દંપતિની પ્રીતિ હતી. ગીરધરલાલને પણ કારભારીના હાથ નીચેથી લઇ મુખ્ય મંત્રીના હાથ નીચેનું કામ સોંપાવ્યું. ગીરધરલાલને ત્યાં સંતાનોત્પતિ ન હોવાથી તે દંપતિ પણ આ સુરેંદ્રને પુરા પ્રેમથી પાલન કરી પોતાને કૃતાર્થ માનતા. સુરેંદ્ર પણ પાઠશાળામાં સરસ્વતિ દેવીનું ઉપાશન કરવામાં પોતાનો કાલ ક્રમણ કરી પોતાની બાલ્યાવસ્થાનું કાર્ય સફળ કરવા લાગ્યો. અને ભવિષ્યની ભવિતવ્યતા પ્રમાણે કાલચક્રે પોતાનું પરિવર્તન ચાલુજ રાખ્યું.

પ્રકરણ છઠું.

પાપનો પશ્ચાત્તાપ અને કુકર્મોની કહાણી.

અરેરે પરમેશ્વર, મારે હવે શું કરવું ? શું મારા કરેલા પાપનો કુંભ પુરો ભરાઇ ગયો. હા ! નકી તેમજ થયું છે. અરે પણ કોઇના મોઢામાં ન સમાનારી, હું આ અધમ કૃત્યથી નીંદાઇ સર્વના મેણાં ટેણાં સાંભળીશ. નિચું નિહાળીશ. અને પવિત્ર પિતા, વળી પૈસાની લોભી પણ, શિયળ સંરક્ષક માતાની ઉત્તમ કિર્તીને કલંકીત કરીશ; ત્યારે શું કરૂં ? હવે ફજેત મળવાનો વખત તો નજીકજ આવતો જાય છે; કોઈ ઉપાય કામ લાગતો નથી, મોહનનું મિથ્યાભિમાન તો વ્યર્થ ગયું, તેની ખોટી આશાયુક્ત વાણીમાં સત્યતાને જોઇ આટલી હદ સુધી બેશીકર રહેનાર મારા જેવી મુર્ખી તે બીજી કોણ હોય ? હવે તેની મદદ મને શું કામ આવવાની છે; મારા પાસે દ્રવ્યનો ક્યાં ત્રોટો છે મેં ઉપાય લેવામાં કંઇ કચાશ રાખી છે ? અરે પણ પાપનો પરાભવ કોણ ટાળી શકે; હવે તો બધા પાપની સજા રૂપ મોતનેજ શરણ થવું પડશે. મારા સ્વર્ગસ્થિત વૃદ્ધ પતિ, મારા

પાપનો અટકાવ કરવા હરવખત સ્વપ્નમાં આવી તિરસ્કાર આપી સમજાવતા; પણ મેં કુલટાએ તે સ્વપ્નાઓ મિથ્યા માની આ દુઃખદ દિવસ નજરે જોયો.

પ્યારા પતિ ! મારા પાપનો બદલો મને પોતાની મેળે મળ્યો છે, અને મળશે, પણ આપ આ દાશીને ક્ષમા કરજો; નાથ! મેં મારા ધર્મને બીલકુલ ગણ્યોજ નથી, મારા જેવી ધિક્કારપાત્ર સ્ત્રીઓ આ સંસારમાં કોઇ પણ થશે નહિ. શું મારી કૃતઘ્નતા ? અને એ કૃતઘ્નતા એ તો હદવાળી, તે એટલી સુધી કે જહાંનમના ખાડામાંજ ધકેલી આપી; આ બધો કોનો દોષ? મોહનનો ? નાના તેનો દોષ કેમ ગણાય, શું તેણે મારાપર બળાત્કાર કર્યો છે ? શું એ પાપીષ્ટ રસ્તે પ્રયાણ કરવામાં મને પ્રેમ નહીં હતો ? હતોજ ત્યારે તેનો દોષ કેમ ગણાય ? તેણે મને ભોળવી એમ માનું તો પણ ખોટું છે, દરેક સ્ત્રી પોતાના ધર્મમાં દૃઢ રહેવા ધારે તો તેને કોઈ ભોળવી કે બળાત્કારથી વશ:કરી શકતુંજ નથી. મહા સતી સીતા શું રક્ષણ વિનાની (અરક્ષિત) પારકા સ્થળમાં અને બળવાન રાક્ષસના પંજામાં પણ પોતાના શિયળને જાળવી શકી નહીં હતી ? શું દ્રૌપદીએ કિચકનાં અને જયદ્રથના અપાર જુલમને અંતે પણ પોતાનું શિયળ કાયમ નહીં રાખ્યું હતું ? આવા આવા અગણીત દાખલાઓ દુનીયાપર બનેલા છે, ત્યારે આ દુઃખ દરીયામાં મને ઝંપલાવી મારનાર કોણ ? હું પોતેજ, મેં પોતેજ મારો વિનાશ કર્યો છે, તેમાં બીજા તે કોનો દોષ ગણાય ? કોઇનો પણ નહીં. અરે મેં અભાગણીએ દેખીતી દીવાની જ્વાળામાં પડી બળી મરનાર પતંગની પેઠેજ કર્યું છે, શું મને આવા ભયંકર સમયની આવગાહી (આગળથી ખબર) નહીં હતી ? પણ તે ન ગણકારતાં વિષ રૂપ વિષયનું સેવન કરી છેક વિનાશની ઘડી સુધી પહોંચી, મારા જેવી અધમને આવીજ સજા થાય તેમાં નવાઈ નથી. માતા ! અરે કરપીણ મા, ધનમાં લુબ્ધ બની પોતાની આત્મરૂપ પ્યારી પુત્રીને આવી દશામાં ફેંકનાર માતા ! તારો ઘાત મારા હાથથી થયો છે તે હું હમણાં વ્યાજબીજ માનું છું; દેખીતા વૃદ્ધ: પતિને વરાવી મને તરૂણાવસ્થામાંજ વૈધવ્ય

(વિધવા) કરાવી તેનું પરીણામ તને મારા હાથેજ મળ્યું તે ઠીકજ થયું, અને મેં પણ મારા ધર્મનો વિષયના ક્ષુદ્ર સુખને માટે નાશ કર્યો તેની સજા મારે ભોગવીજ જોઇએ. હવે શું કરવું ? કેટલા દીવસ આ પાપ છાનું રહેશે ? પ્રભુ આ અધમની તું શું સહાય કરશે ? કયાંથી કરે, નજ કરે; કદી તું પણ સહાય કરે તો, તે અન્યાયજ મનાય, તારા કાયદાનો તારે હાથે ભંગ થયો ગણાય, મારા જેવી કુલટાને સહાય કરી સંકટમાંથી મુક્ત કરે, તો આ જગતમાં અનીતિના આચરણો ઘણાંજ વધી પડે, માટે તારા પાસે સહાય મેળવવાની હું શું માગણી કરૂં. જગતપીતા માત્ર એટલુંજ માગું છું કે, મારા અગાધ પાપનો સમુહ તારા ન્યાયાસન પાસે રજુ થાય, ત્યારે તે તરફ ન જોતાં અધમોદ્ધારણ થજે; એટલે બસ. અહીં તો મારા કર્યાં હું ભોગવીશ. હવે મરવા સિવાય બીજો કોઈ પણ રસ્તો નથી, દરેક જણના તિરસ્કારને સહન કરવા કરતાં, નાત જાતમાં નિંદાવા કરતાં, લોકોની આંગળીએ અને જીભે ચડવા કરતાં, મરવું તે શું ખુરૂં છે. મરવા પછી ગમે તેમ થાય. તે ક્યાં આપણે સાંભળવું છે કે સંતાપ થાય. એમ વિચારતી સગર્ભા વિધવા ઉભી થઇ, બે પગલાં બારણા તરફ ચાલી પણ, તેને બીજો એક એવો વિચાર આવ્યો કે, પાછી વળી, ફરી બીછાનાપર બેઠી, આશા ઉદ્દભવી, બચાવનો રસ્તો સુઝયો, અને જમુનાને બોલાવી તેના કાનમાં કાંઈ કહ્યું, કે તરતજ તે દાદર ઉતરી રાત્રીના અગ્યાર વાગ્યા છે છતાંએ પોતાની શેઠાણીને કામે ચાલતી થઈ. વાંચનાર આવા વિચાર કરનાર સગર્ભા વિધવા બીજી કોઇ નહીં પણ ગયા ચોથા પ્રકરણમાં જોયેલી, મનોજને વિશ્વાસઘાત કરી દેશપાર કરાવનાર, અને મોહનની સાથે દુરાચારમાં પ્રવર્ત્તનાર, કુલટા ભાનુજ હતી. તેને તો આપણે ઝેલમાં જતી જોઈ હતી, અને અહીં તો ગર્ભને ધરનારી, પશ્ચાતાપ કરનારી, અને મરવાને તૈયાર થતી જોઇ, એ ખુલાસો તે તેની બધી હકીકત જાણવા શિવાય બનવો મુશ્કેલ છે. તેથી અહીં થોડું લખીશું તો યોગ્ય ગણાશે.

ભાનુંના પીતા જનાર્દન તેને સાત વરસની મુકીને મરણ પામ્યા હતા,

તેઓ વિનયશિલ અને શાંત હતા, પણ ધન સમ્બંધી સ્થિતિમાં સાધારણ હતા. તેના ગત થવા પછી તેમની સ્ત્રી ઇચ્છાબાઇએ પુત્રીને ઉછેરી બાર વરસની કરી, ભાનુ દેખાવમાં ઘણીજ સુંદર અને તેના સ્વભાવમાં ભોળા-પણું હતું, તેણે સાધારણ વિદ્યાભ્યાસ કર્યો હતો, પણ જોઇએ તેવી કેળ-વણી કે સહવાસ પામી ન હતી; તેથી તેના મનો વિચાર દ્રઢ થયા નહતા. તે અરસામાં "હરીવલ્લભ" કરીને એક ધનવાન ગ્રહસ્થની સ્ત્રીનું અવશાન થયું. તે વખતે તેની અવસ્થા તો લગભગ પાંસેઠેક વરસની થવા આવી હતી; પણ તેને ત્યાં કંઈ સંતાન નહોતું, અને ધન ઘણું હોતાં બીજી સ્ત્રી કરવાની ઇચ્છા કરી, ધન શું ન કરે? મુર્ખ ને ડાહ્યા; અકુળવાન ને કુળ-વાન; કાળા કુબળા ને સ્વરૂપવાન, અને વૃદ્ધ ને યુવાન, એ ધનજ બનાવે છે. આ જગતમાં ધનની તો અપાર સતા છે. તેણે પોતાની ઇચ્છા જ-ણાવી કે સગપણના દલાલોએ, તેને ઘેરી લીધો. અને લક્ષ્મી માતાના પ્રભાવથી કેટલાક તેને ઘેર આવી પોતાની કોમળ કન્યાઓ પરાણે આ જુના ખખ જેવા વૃદ્ધ ડોસાને ગળે વળગાવવા આવ્યા. પણ આ હરી-વલ્લભે આખી નાતમાંથી ભાનુને પસંદ કરી હતી; તેથી તેણે ઇચ્છાબાઇને પોતાને ત્યાં બોલાવી સમ્બંધ કરવાની વાત કરી. પ્રથમ તો તેણે ના પાડી પણ; તમારી બાર વરસની પુત્રીના રૂપીયા બાર હજાર રોકડા હમણાંજ લઇ જાઓ, અને સુખી થાઓ, મને તો ઘેર બેઠા પણ ઘણાં આપવા આવે છે, પણ તમારી પુત્રીની સુંદરતા સારી જોઇ તમને બોલાવ્યા છે. મારૂં કેવું માન્ય રાખશો તો, આ મારૂં અપાર ધન પણ તમારી પુત્રીનુંજ થશે. કારણ કે આ દુનીયામાં મારૂં કોઇ પણ નજીકનું સગુવહાલું રહ્યું નથી કે આ મીલ્કત પર કોઇ દાવો કરે. જો મારા વચનપર તમને વિ-શ્વાસ ન બેસતો હોય તો હમણાજ તમારી પુત્રીના નામપર મારી સંપતિ ચડાવી આપું ભલે વેવીશાળ પણ પછી કરો. આ વાતથી ઇચ્છાબાઇ પલળી ગઇ, કારણ કે પોતાને રૂપીયા બાર હજાર જેવી મોટી રકમ મળે; અને ભાનુ પણ અપાર સંપતિની માલીક બનશે; એમ વિચારી તેણે બીજા બધા વિચારોને દાબી દીધા, ન પુછ્યું કે જમાઇ થનાર ગ્રહસ્થ કેટલી

વીશીએ પોતા છે; (કેટલી વીસ વરસ થયાં છે) તેના દાંત સાચા છે કે બત્રીશી બંધાવી છે; તે પણ તેણે ધારીને જોયું નહીં. હાથમાં લાકડી લઇ શા માટે ચાલો છો ? તે પણ પુછ્યું નહીં માથાપર થોડા ઘણાંએ કાળા બાલ છે કે બગલાની પાંખ જેવા તમામ સફેદ થઇ ગયા છે ? આંખોમાં કેટલીક ઝાંખાસ છે, અને રાતની નજર પડે કે કેમ ? તેની પણ તેણે તપાસ કરી નહીં. અને હવે કેટલા વરસ જીવવાનાં છે, તેનું પણ જરા અનુમાન કાઢયું નહીં. આ અપાર પૈસાએ તો તેને સંભ્રમ બનાવી દીધી; કંઈ પણ પ્રતિઉતર ન કરતાં તરતજ હા કહી આપી, પણ કરાર પ્રમાણે વિલ અને પોતાને આપવાના રૂપીયા બાર હજાર પેલા મળવા જોઇએ; એવી તેની માંગણી કબુલ કરી, તેની મરજી મુજબ બધું કરી આપવામાં આવ્યું; અને સગપણ થયું. ગામમાં વાત ચર્ચાઇ ઘરોઘર આ બનાવની કુથલી થવા લાગી, ભાનુ તરફ આંગળીઓ ચીંધાવા લાગી કે "એ પેલા વૃદ્ધ ડોસાની વહુ જાય" એમ દરેક વખતે ભાનુ પોતે પણ સાંભળવા લાગી; અને તેને અપાર ખેદ થવા લાગ્યો. તે નાની હતી, અને હરીવલ્લભને ત્યાં રમવા જતી, ત્યારે તેને "બાપા" કરીને બોલાવતી, તેનીજ બાયડી બની, એ વિચારી તેનું હૃદય અત્યંત દુખી થવા લાગ્યું. પણ માતાની કરપીણુતા પાસે તેનો કાંઈ ઉપાય નહતો. ઇચ્છાબાઇ પોતાની પુત્રીને શોકમાં જોઇ અપાર ધનની લાલચ બતાવવા પેલું વિલ દેખાડયું; અને બોલી; બેટા જો ? મરવું અને જીવવું એ તો ઇશ્વરના હાથમાં છે, નાનામાં નાનો જોઇ પોતાની કન્યા વરાવે છે, તે પુરા બાર મહીનાએ થતા નથી ને મરી જાય છે; અને બીચારી કોમળ કન્યાઓને રંડાપો આવે છે એ કોઇના હાથમાં નથી. આ હરીવલ્લભ ભલે ઘરડા રહ્યા, પણ હજી તો જાણે અલબેલા જુવાન જેવા લાગે છે. વળી ધન હોય તો હજારો આપણા ઓશીયાળા બને છે; અને તે ન હોય તો આપણે કોઇની ખુશામત વેઠવી પડે. સંસારનું સુખ તો જેટલું કર્મમાં લખ્યું હોય તેટલુંજ ભોગવાય છે; તેમાં ઘરડા શું કરે 'અને યુવાન શું કરે' આમ અનેક રીતે સ્વાર્થમાં પાપીષ્ટ બનેલી માતાએ પોતાની પુત્રીને સમજાવી શાંત કરી, થોડા

વખતમાં લગ્ન થયાં, ભાનુ પૈસાનું તો પોતાની માના કહેવા પ્રમાણે સંપુર્ણ સુખ પામી, પણ પતિની પ્રતિમા જોતાં તેનું હૃદય બળવા લાગ્યું. પરણવા પછી બે વરસ લગી તો હરીવલ્લભનું ગાડું ઠીક ચાલ્યું, પણ પછી તેની કાયાનો બાંધો વૃદ્ધાવસ્થાના જોગે ગળવા લાગ્યો. ઘણાંક રોગો લાગુ પડ્યા. જેથી એકદમ અસક્ત બની ખાટલે પડયો. વૈદ ડાક્ટરોમાં મન માંન્યા પૈસા ગુમાવ્યા, પણ છેલ્લી અવસ્થામાં કોણ અવલંબન આપી શકે. જો તેમ થતું હોય તો રાજા મહારાજાઓ પોતાને માટે શું ન કરે. અવશ્યાનનો કોઇ ઉપાય નથી ત્યાં શું થાય. જરાએ પોતાનું જોર વધારે ને વધારે જણાવ્યું; અને છેલ્લી ત્રણ માસની માંદગીમાં હરીવલ્લભે આ મીથ્યા સંસારનો હમેશાને માટે ત્યાગ કર્યો. (મરણ પામ્યો) ભાનુને વિધવાપણું પ્રાપ્ત થયું; અને ઘણી ગભરાઇ; તેને ધીરજ આપવા તેની મા ઇચ્છાબાઇ સાથે આવીને રહી; હરીવલ્લભની સર્વે ક્રિયા અને નાતવરો સારી રીતે કર્યાં, દોઢ વરસ વીતી ગયું, આ અપાર સંપતિની ભાનુ પોતે મુખત્યાર હતી પણ તે પૈસાથી તેને હવે બીલકુલ આનંદ થતો નહીં. તેના મનમાં અનેક વિષયોનું ચિંત્વન થતું; અને ઉદ્વેગ થતો. જ્ઞાતીનો રીવાજ ન હોતાં પુનર્લગ્ન તો થાય નહીં; તેમ અવળે માર્ગે ઉતરવાથી સાસરાની અને માબાપની આબરૂને કલંક લાગે; તેમ ઇશ્વરનો પણ કોપ થાય; એમ વિચારતાં તેને હમેશ બળાપો થતો.

દૈવજોગે મોહન પોતાના માશીબાને મળવા અને ભાનુને ધીરજ આપવા આવતો; પ્રથમ તો ભાનુ તરફ તેનું હૃદય નિખાલશ હતું; તે તેને ધીરજ આપતો અને સદ્બોધ જેવાં વચન કહેતો; પણ ઘણા સંસર્ગથી તેનું હૃદય દોષિત થયું. તે વિષે મહાત્મા વ્યાસે કહ્યું છે કે.—

मात्रा स्वस्रादुहित्रा वा नो विवीक्ता शनोभवेत्
बळवान्निद्रीयः प्रामो विद्वांसः मपिकर्षतिः

મા બહેન કે પોતાની પુત્રી હોય, તેની સાથે પણ એક આસન પર બેસવું નહિ. અને ઘણા ખાનગી સહવાસમાં આવવું નહીં કેમકે ઇંદ્રીયો એટલી બધી બળવાન છે કે; વિદ્વાનને પણ વિષય પ્રતિ ખેંચે છે. ત્યારે

સાધારણ માણસ કેમ વિષયપાશમાં ન સપડાય ? સપડાયજ. તે અનુસાર ભાનુની લાવણ્યતાએ તેના ચિત્તને ચળાયમાન કર્યું; તેથી પ્રતિ દિવસ વધારે ને વધારે આવવા લાગ્યો; અને પોતાની દુષ્ટ ઇચ્છા પાર પાડવા યુક્તિ શોધવા લાગ્યો. ઇચ્છા બાઈ જાણે કે આ ભાનુનું સાંત્વન કરવાનેજ આવે છે. તેથી તેના પર ઘણીવાર આવવાનો કે, ભાનુની સાથે એકાંતમાં વાત કરવાથી, કે બેશી રહેવાથી, તેને જરાએ શક આવ્યો નહિ. પછી તો ઇચ્છા બાઇની ગેરહાજરીમાં એ હર વખત મળી તેણે પોતાના પાપીષ્ટ વિચારની પ્રક્રિયા ચાલુ કરી; હળવે હળવે તેમાં ફાવ્યો. કેમકે એક તો પતિ તરફથી અસં-તોષિતા, (સુખ ન પામેલી) અને વળી વિધવા થયેલી, તેમ પુનર્લગ્નથી પણ નિરાશ બનેલી બાળાનું હૃદય પાપ બુદ્ધીમાં વળ્યું. અંતે આ કહેવાતા (બાશીના) ભાઇબેહેને આ કેવું અધમ કર્મ છે ? તેનું પરિણામ કેવું આવશે? તેનો જરા સરખોએ વિચાર ન કરતાં; ઉત્તમ ને અધોગતી આપનાર, કુળવાન ને કલંકિત કરનાર, વેર વધારનાર, અપયશથી ભરનાર, જીવન વૃથા કરનાર, આયુષ્ય હરનાર; મોટા મોટા મહારથીઓનાં પણ સહકુટુંબ નાશ કરનાર; નીચ કર્મમાં પ્રવૃર્ત થયા. તેઓની મતિ અત્યંત મલીન બની. કોઈ વખતે ભાનુને તેના પરિણામ વિષે વિચાર થતો; ત્યારે તે કર્મ પ્રતિ તેને તિરસ્કાર આવતો. પણ દુષ્ટ વૃત્તિનો પ્રવર્તક નીચ મોહન; તેને સમજાવી ફરી પાછી વિષય જાળમાં સપડાવી પાડતો. તેથી મુર્ખ અને લંપટ લલનાની વિશુદ્ધ-વૃત્તિનો નાશ થતો. આ પ્રમાણે બે વર્ષ લગી તો તેમની આ અધમ ક્રિયા કોઇના જાણવામાં ન આવી; પણ પછી ઇચ્છાબાઇને તે બંને વિષે પુરો શક ગયો; તેથી એકાંતમાં મોહનનું તેણે ઘણુંજ અપમાન કર્યું; અને પોતાને ત્યાં કદી પણ ન આવવાને ચોખ્ખે ચોખ્ખું કહ્યું; ભાનુને પણ ધમકાવી, પોતાની પાપીષ્ટ ક્રિયા પ્રગટ થઈ ગઇ, તેથી ઝાંખુ મુખ કરી મોહન ના ઇલાજ ચાલતો થયો; ભાનું પણ પસ્તાઇ, છતાં વિષયના વિકારો એવા છે કે સદ્‌વિચારને હૃદય સ્થાનપર ઠરવાજ આપતા નથી. આ પ્રસંગ બન્યા પછી પંદર દિવસ લગી, ભાનું અને મોહન એક બીજાને મળી શક્યા નહીં; તેથી તેઓનું ચિત્ત અતિ વ્યગ્ર બન્યું અને એક બીજા તરફ ઘણા વેગથી ખેંચાઈ, સ્નેહગાંઠને

મજબુતી આપવા લાગ્યું. ભાનું તો લાચાર હતી પણ મોહને મગનની મદદથી એક દારાની પુજા કરનાર, દુરાચારીઓની મદદગાર, કુલટા પુરી માતાને મળી ગોઠવણ કરી; તેને પૈસાથી પ્રસન્ન કરવામાં આવી તેથી તેણે મોહનની ઇચ્છા પ્રમાણે કામ કરી આપ્યું. ભાનુનું ચિત માતાના તિરસ્કારથી પણ મોહનમાંથી ખસ્યું ન હતું, તેથી પુરી માતાને તે કામ કરવામાં જરાએ તસ્દી પડી નહીં. આ પવિત્ર સ્થળમાં તે દુરાચારીઓને સ્થાન મળ્યું. અને હમેશ સંકેત મુજબ તે સ્થાનમાં તેઓ મળવા લાગ્યા. ચાર માસ જેટલો સમય વિતી ગયો, પણ ત્યાં એ મનુષ્યોની અવર જવર હોવાથી ભાનુને છતા થઈ જવાની દહેસત લાગી અને પેલી વૃદ્ધા પુરી માતાને પણ પ્રતિદિન વધારે ને વધારે પૈસાનો ભોગ આપવો પડતો તેથી આખરે તેઓ કંટાળ્યા અને બીજી યુક્તિની ગોઠવણ કરવા ભાનુએ મોહનને જણાવ્યું. ઘણીવાર સુધી વિચાર કર્યો પણ કંઈ ઘાટ ફાવ્યો નહીં. આખરે મોહનને એક વિચાર આવ્યો. પણ તે ઘણોજ પાપી હોતાં, તે કહેતાં અચકાયો. ભાનુએ આગ્રહ કર્યો, એટલે તેણે કહ્યું; જો ભાનું; ઇચ્છિાબાઈનો ઘાટ ઘડવા સિવાય આપણે સુખની આશા રાખીએ તે તદ્દન ખોટી છે, ને તેમ થાય તો પછી પીડાજ પતી જાય. કોઇ કહેનાર કે જોનાર હોયજ નહીં; આપણે બેધડક મોજ કરી શકીએ. આ સાંભળતાં ભાનુને કંપારી છુટી; મોહન પર અત્યંત તીરસ્કાર થયો; માતૃ પ્રેમ પ્રતિ દોરાઇ તેના તરફ એક ધિક્કારની દ્રષ્ટી ફેંકી, પોતાની અનેચ્છા જણાવી; પણ ક્રુર હૃદયના કરપીણ મોહને, ઇચ્છાબાઇનું કન્યાવિક્રય રૂપ પાપ કર્મ, વૃદ્ધ સાથે સમ્બંધ, તને વિધવા બનાવી કષ્ટ ભોગવતી કરી તેમાં પોતે સુખી થવાની કૃપણતા, આ બધું તેનું માતૃ ધર્મનું નહીં પણ શત્રુ ધર્મનું કર્તવ્ય છે. તે વિષે તેણે સારી રીતે અસર થાય તેમ સમજાવ્યું અને ભવિષ્યના વિષય સુખનાં સ્વપ્નાઓ પણ વાતોથી બનાવી તેને મોટી આશાના પ્રાસમાં ફસાવી આખરે તેના વિચારો પણ ક્રુર બન્યા, માતા પ્રત્યેનો પ્રેમ, કુકર્મના કાદવમાં કચડાઈ ગયો, વિષયની લાલશા વધી પડી, ઘાતકી નીચ કીયા તે પણ પોતાની માતાપર ચલાવવાની તેની મરજી થઈ. વાંચનાર કુસંગ શું કરતો નથી? કુસંગથી તો બધું થાય

છે; કુસંગે ઉત્તમ જનો નીચ કૃત્યો કરે છે; કુસંગે વિષયમાં જકડાય છે; કુસંગે અભક્ષા ભક્ષ કરે છે; કુસંગે દારૂ જેવા માદક પદાર્થોમાં મસ્ત બને છે; અને કુસંગથી કુળવાન મનુષ્યો "માતા પીતા' 'સદ્વિદ્યા' અને 'સદ્ગુરૂ" ને લજાવે છે, એજ કુસંગે ભાનુંનું હૃદય ક્રુર બનાવ્યું. પોતે કોણ છે અને શું કરશે તે ભાન ભુલાવ્યું. તેની યુક્તિ કેમ કરવી એમ પુછ્યું, આ સાંભળી મોહન બોલ્યો, આવતી કાલે હું બધી ગોઠવણ કરી તને સમજાવીશ એમ કહી ઇચ્છા બાઇના ભોગ લેવાનો ઘાટ ઘડી તે બંને જુદા પડયા.

બીજે દિવસ એક પરદેશી વૈદ બંદરાપ્રસાદને મળી તેણે પોતાના કામ જોગ ત્રણ પડીકીઓ લીધી, તેને મન માન્યા પૈસા આપી અને પોતાનું કામ પાર પડયા પછી પણ ખુશી કરવાનું વચન આપી, બીજે દીવસ ભાનુંને મલ્યો. અને બધી યુક્તિ પેલા વૈદ્યના કે'વા પ્રમાણે સમજાવી, અને પ્રાણ-ઘાતક પડીકીઓ તેને હવાલે કરી. " કામાંદ્ધો ન પસ્યંતિ " એ સુત્રને અનુસાર તેણે જરા પણ અચકાયા વિના પોતાની જન્મ આપનાર ભલી કે બુરી પણ માતા પર, તેણે આ મારણ પ્રયોગ અજમાવ્યો. પ્રથમ પડીકી સુતી વખતે ચામાં આપી તેથી બીજે દિવસે થોડો થોડો તાવ રહ્યો; પણ બીજે દીવસ રાત્રીના બીજી પડીકી આપવાથી એકદમ તે જવરની વ્યથા વધી પડી, અને ત્રીજી પડીકી અપાઇ કે બે શુદ્ધી થઇ ગઇ. મોહનની માતા પ્રમોદાને બોલાવી હતી તે પોતાની બેનની માંદગી જોઇ ગભરાઇ પણ તે બીચારી શું જાણે કે, પોતાની બેન પર તેનીજ પુત્રીએ કાલ પાસ નાંખ્યો છે. ચોથે દીવસે સવારના તો ઇચ્છાબાઇએ પોતાના દેહને છોડી આપ્યો; સમ્બંધીઓએ મળી દહન ક્રિયા કરી અને તેની ઉત્તરક્રિયા મોહનનાજ હાથે કરાવવામાં આવી. આ બંને વિષયાંધ ક્રુર પ્રેમીઓએ આ પાપીષ્ટ ક્રિયા પૂર્ણ કરી સ્વતંત્રતા મેળવી, અને બેધડક બન્યા. પણ પાપીઓ બેધડક ક્યાંથી રહી શકે? પાપનો કુંભ ફુટયા વગર ક્યાંથી રહે? તે પ્રમાણે એક દિવસ મોહનની સ્ત્રી પોતાની સાસુ પ્રમોદાના કહેવાથી ભાનુંને ત્યાં ગઇ, ત્યાં દૈવ જોગે ભાનુનો અને પોતાના પતિનો દુરાચાર ભરેલો વ્યવહાર જોવામાં આવ્યો. તેને સ્વાભાવિક ઇર્ષા ઉત્પન્ન થઇ, અને તે બંનેનો તેણે તીરસ્કાર કર્યો;

મોહને ગુસ્સામાં ને ગુસ્સામાં તેને કેટલોક માર માર્યો અને બોલતી બંધ થવાને કહ્યું. પણ મનમાં અત્યંત ખેદ થવાથી તેના ઉભરા સમ્યા નહીં તેથી બોલવા લાગી, એપરથી નીચ મોહને તેને એટલો માર માર્યો કે તે બેશુદ્ધ થઇ પડી ગઇ. કેટલીકવારે શુદ્ધીમાં આવતાં વગર બોલે ત્યાંથી ચાલતી થઇ, તે અત્યંત નિરાશ થઇ હતી. પોતાના પતિનાં આ નીચ કૃત્યે તેને આ દેહની મમત તજાવી, તે ઘેર ન જતાં એક વાવમાં પડી પોતાનો પ્રાણ ઘાત કર્યો. રાજ્ય તરફથી ભય થયો, પણ પૈસાના ભોગે અને ગુમાનની ખાનગી મદદથી પતી ગયું. આ બનાવ પછી ભાનુને મોહનના ખરા પ્રેમનો ભરોંસો આવ્યો અને તે જેમ કહે તેમ કરવાને તૈયાર થઇ. પંડિતના યાત્રા પ્રવાસ વખતે મનોજને દેશ પાર કરવા તેને યોજવામાં આવી હતી તે કામ તેણે બરાબર બજાવ્યું, તે પણ મોહનના કહેવાથી, તે વખતે કોઇએ ભાનુની મા ઇચ્છા બાઇનું ખુન કરનાર આ ખુનીઓ છે, એમ વગર નામ વાળી અરજી કરી હતી. તે પરથી સરકારે તપાસ કરી તો કંઈ સત્યતા જણાઇ. જેથી વૉરંટથી તેઓને પકડયા હતા, પણ ઘણા પૈસાના ભોગે ગુમાને તેમને ત્યાંથી મુક્ત કરાવ્યા. આટલું થયા છતાં એ મોહ લુબ્ધ મૂર્ખ બાળા મોહનના મોહમાં જ રહી. વળી જે મનોજની સાથે કરેલો પ્રપંચ સિંહરાજને સાચો જણાયો હતોપણ પંડિતના આવવાથી ભેદખુલ્લો થયો,તેથી શ્યામ હૃદય અને વિરસિંહને કેદમાં પુર્યા અને ભાનુને સ્ત્રી જાણી માફ કર્યું, પણ પંડિતે શ્યામ હૃદયને પોતાનો જ્ઞાતિ બંધુ જાણી, સિંહરાજને સમજાવી મુક્ત કરાવ્યો અને પછી પંડિત થોડો વખત રહી વનવાશી થયા, એ આપણે જાણી ગયા છીએ. "નિચ માણસો પોતાની નીચતા કદી પણ મુકતા નથી" તે અનુસાર પંડિતે શ્યામ હૃદયપર ઉપકાર કર્યો; તે બદલ તે નીચ ગૃહસ્થે તેના પર દ્વેષ બુદ્ધિ ધારણ કરી. પણ સર્વજ્ઞ પંડિતને તે શું કરી શકે ? કંઇનહિ, તેમના વનવાશી થવા પછી ત્રીજા વર્ષની શરૂઆતમાં એક વખત મહારાજા સિંહરાજનું હૃદય ચાલતું બંધ પડયું; વૈદ્ય ડૉકટરો આવ્યા, પણ આ ભયંકર સ્થિતિમાંથી કોઇ પણ બચાવ કરી શક્યું નહિ. માત્ર ત્રણ કલાકમાં તો ગત પ્રાણ જેવા થયા; આ બનાવથી સરલાદેવીને ખેદાશ્ચર્ય થયું કે પંડિતનાં વચનો કદી પણ વૃથા પડે

નહીં. છતાં આ શું? બધા સ્વજનો મળ્યા અને રીવાજ પ્રમાણે દહન ક્રીયા કરવાની તૈયારી કરવા લાગ્યા. પણ સુજનસિંહે તેમ કરતાં સર્વને અટકાવ્યા અને બે વર્ષ પર મહારાજાએ આપેલો લેખ સર્વને બતાવ્યો, તેમાં એવું લખેલું હતું કે મારા દેહાંત પછી શહેર બહાર રાજ બાગમાં મેં જે જગ્યા નિર્માણ કરી છે ત્યાં મારી દેહને દફનાવવી; પણ દહન ક્રિયા કદીએ કરવી નહિં. તે સ્થાન મેં મારે હાથે તૈયાર કરાવેલું છે. જે સુજનસિંહ જાણે છે. મારી આજ્ઞાને ન માનનાર મારા પક્કા શત્રુ છે. આમાં દેહાંતે પણ મારૂં હિત છે, માટે સર્વ કોઇએ આ લેખ માન્ય રાખવો. લખનાર મહારાજા સિંહરાજ, આ વાંચતાં સર્વ કોઈ સ્તબ્ધ બન્યા; ગુમાને થોડી હઠ પકડી પણ સર્વાનુમત પાસે ઉપાય થયો નહિ. તે લેખ પ્રમાણે ક્રીયા કરવામાં આવી અને ઉત્તરક્રિયા પણ યોગ્ય રીતે થઈ. ગુમાનસિંહને રાજ્યની લગામ મળી કે શ્યામહૃદય અને મોહનના પોબાર પડયા. રાજ્યમાં તેઓ કહે તેમ થવા લાગ્યું વિરસિંહને કેદમાંથી કાઢયો; તેની જપ્ત થયેલી જાગીર તેને પાછી આપી; પંડિત જગન્નાથને આપેલું માહુર નામનું ગામ ઝુંટાવ્યું. ગીરધરલાલની નોકરી રદ કરાવી; અને જુના નોકરો રાજ્યમાંથી કઢાવી, પોતાની વગવાળા નવા દાખલ કરાવ્યા અને બીજા પણ ઘણા ફેરફારો કર્યા. વાંચનાર! આ સિંહરાજના ગણાતા અકાળ મર્ણમાં પણ દગો હતો અને તે પણ મોહનના કે'વાથી ભાનુએ સરલાદેવીની વિશ્વાસુ રાધાને ભોળવી કરાવ્યો હતો; આ કામ વિરસિંહને મુક્ત કરાવવા અને ગુમાનને રાજ્ય અપાવવા માટે કરવામાં આવ્યું હતું, ગુમાન માટે મોહન અને શ્યામહૃદય આટલું બધું શા માટે કરે એનો નિર્ણય કરવો જોઇએ કે કેશરનો શ્યામહૃદયની સાથે પહેલાં કુટીલ વ્યવહાર હતો, પછી તેણે પૈસાના લોભમાં તણાઈ, કેસરને, મહારાજા સિંહરાજને ગળે વળગાડી અને પોતે હર વખતે મન માનતો પૈસો મેળવ્યો. આ વખતે ગુમાનને રાજ મળે તો પોતે નોતમપુરમાં કરતા હરતા થાય અને મન માન્યું ધન પ્રાપ્ત કરી શકાય, આ ઇરાદાથી આટલી જહેમત તેઓએ ઉઠાવી હતી, અને મોહનના મોહમાં પડી ભાનુએ પણ આ ઘાતકી કર્મોમાં પોતાના હાથ લંબાવ્યા હતા. આ પ્રમાણે અગણીત પાપ કર્મનો

ભંડાર તેઓએ ભર્યો છે, તેના ફળ ૨૫ ભાનુને ગર્ભ રહ્યો છે; ઘણા ઉપાય કરવા છતાં કંઈ કામ આવતું નથી. આજે બે માસ થયા તે માંદગીનું બાનું કરી બહાર નીકળતી નથી; આખરે મુંઝાઇને મરવા તૈયાર થયેલી, આપણે તેને આગળ જોઇ, અને પછી યમુના મોહનને બોલાવવા ગઈ તે પણ જાણી ગયા છીએ, યમુના મોહનને બોલાવી આવી, મોહન ભાનુંની સામેની ખુરશી પર બેઠો, જમુનાને રજા આપી તે નીચે ગઈ એટલે ભાનું વાતની શરૂઆત કરતી બોલી, વા'લા મોહન હવે શું કરવું ? શું થાય. મેં મારાથી બન્યા તેટલા ઉપાય કર્યા પણ તારો છુટકો થયો નહિ, મોહને નિરાશાયુક્ત કહ્યું.

ત્યારે તો મરવા સિવાય બીજો રસ્તોજ નથી કે ?

તેમ હું કેમ કહું.

ત્યારે મને એક વિચાર આવ્યો છે તે પ્રમાણે તું કરે તો મારા પ્રાણ બચે એમ છે. મેં તારા માટે ઘણુંએ કર્યું છે; તેથી હું જાણું છું કે તું મારૂં માનશેજ.

પણ કહે તો ખરી કરવા જેવું હશે તો મારી ક્યાં ના છે.

જો તું મારી સાથે નાશી ચાલે તો આપણે અહીંથી નીકળી જઇએ, મારા પાસે ધન તો ઘણુંએ છે; વિદેશમાં કોણ આપણને જાણવાનું છે કે આ કોણ છે. " ભાનુંએ પોતાનો વિચાર જણાવ્યો. "

પણ પાછળથી નાત જાતમાં કેવી નિંદા થાય તેનો કંઇ વિચાર કર્યો?

તે તો મારી પણ થશેને, વળી એમ ન કરતાં છતા પડીશું ત્યારે પણ નિંદાને પાત્ર તો થવુંજ પડશે. તેના કરતાં તો પાછળ ગમે તે થાય. સાંભળ તેને સંતાપ છે. ચાર દીવસ વાતો કરી બેશી રહેશે, જો તું મને આ વાતની હા નહીં કહે તો મારે આત્મઘાત સિવાય બીજો ઉપાયજ નથી; આ સાંભળી થોડીવાર મોહન વિચારમાં પડયો ને પછી બોલ્યો, ભાનું તેમ તો નહીં બને, તું તારે એકલી નાશી જા યા તો બીજાની સાથે જા, પણ હું તારી સાથે આવીશ નહીં, બધાંને સુખની આશા હોય છે, આટલી વિપત્તીઓ ભોગવી ગુમાનસિંહને રાજ અપાવ્યું તેનો લાવ લેવાનો વારો આવ્યો. ત્યારે વગર કારણે લાજ ગુમાવવી અને દેશ પાર થવું એ મારાથી બને

નહીં. તારી પાછળ મારી આખી જીંદગીને રદ કરવી, મા બાપને રખડાવવા, એવા કરારથી હું બંધાયો નથી. તેં મારા માટે ઘણું કર્યું છે તે ખોટું નથી તો હુંએ તારે લીધે મારી કુળવાન સ્ત્રીનો વિનાશ કરી હજી સુધી વિધુર બની બેઠો છું તેમાં કહી શું બતાવવું હોય, આ સાંભળી ભાનુને ઘણું લાગી આવ્યુ, તેના નેત્રમાં આંસુઓ ટપકવા લાગ્યાં અને કરગરતાં કહેવા લાગી અરે કઠણુ હૃદયના મોહન, મને તારી આવી ખબર હોત તો હું મોહાંધ બની આટલી હદ સુધી ફજેત ન થાત. આગળનાં તારાં વચનોનો તું વિચાર કર, મને તું ઉંડા કુવામાં ઉતારી હવે દોરડું કાપવા તૈયાર થયો છે, એ શું વિશ્વાસઘાત ન ગણાય? શું તેમ કરવું તને યોગ્ય છે? મારી આ વિનંતી ધ્યાનમાં લઇ તારા બધા વિચારોને છોડી દઇ, મારા જીવને ઉગાર, પ્યારા મોહન હું તારે શરણુ છું. પ્રેમને માટે ઘણાં મનુષ્યોએ પોતાના જાન શુદ્ધાં-એ આપ્યા નથી શું? મારા વા'લા તારા નામપર આ તન, મન, ધનને કુરબાન કરનારી હું, તેને નિરાશ ના કર, હું તારે આધીન છું, તારી કરૂણાને પાત્ર છું, મારા પર દયા લાવીને મારો જીવ ઉગાર અને તેં ગણેલી પ્રીય-તમાનું પ્રીય કર.

આ સાંભળી મોહન મુંઝાયો પણ તેને ઉપાય સુઝયો, ને તેને તરછો-ડતાં બોલ્યો, ભાનું! આવી મૂર્ખતા તને કેમ આવી છે. હું માબાપને નિરાશ કરી, આટલા સુખના વૈભવો તજી; કલંકિત બનવા તારી સાથે કેમ આવું. ભલે તું વિશ્વાસઘાત કહે કે ગમે તેમ કહે તેની મને દરકાર નથી. આપણો આટલા વખતનોજ સમ્બન્ધ નિર્માણ હશે એમ તારે સમજી લેવું. આખી જીંદગી કાંઇ પરાઈ સ્ત્રીથી કોઇ બંધાઇ રહેતો નથી અને તેમ કરે છે, તેને હું મૂર્ખ ગણું છું. હવે તું મરી જા કે બળી જા, તેને હું શું કરૂં. તું તારાં કર્મ ભોગવ, મેં તારી મરજી વિરૂદ્ધ કાંઇ કર્યું નથી. હું તારી દયાને ખાતર આવ્યો, તો તેં મનેજ ફસાવવાની પેરવી માંડી પણ તું ના ધારતી કે મોહન તદ્દન મૂર્ખ છે, મને સારા સાર વિચારવાની શક્તિ છે, હું તને છેલ્લા શબ્દો-માં કહી આપું છું કે તારે મારામાં હવે જરાએ આશા રાખવી નહીં, હું તને કંઇ પણ મદદ કરી શકીશ નહીં અને ફરી અહીં આવીશ પણ નહીં.

એમ કહેતાં મોહન ત્યાંથી ઉઠયો" વાંચનાર આ તેનાં વચનો ભાનુંને કારી ઘા જેવા લાગ્યા, "कामात्क्रोधोऽभी जायते" એ સૂત્ર અનુસાર, ભાનુનો પ્રેમ ક્રોધના રૂપમાં ફેરવાઇ ગયો. તેને મોહન તરફથી હવે કંઇ પણ મદદ મળે એવી આશા જણાઈ નહીં તેથી ક્રોધાવેશમાં તેની પીછોડી પકડી તેને ધિક્કારતી બોલી, અરે પાપી મોહન! વિશ્વાસઘાતી અને ક્રુર હૃદયના નિચ નરાધમ! કંઇ નહીં, તું ભલે મને મદદ ના કર; ભલે મારૂં ગમે તે થાય, પણ તારા આવા હીચકારા કામનો બદલો પ્રભુ તને આપશેજ, હું ભલે નાદાન વિષય વાસનાથી ભરેલી દુરાચારી અને કૃતઘ્ન છું, પણ મારા અંત સમયના શબ્દો સાચાજ નિવડશે. હું મારા ધર્મને અનુસરી ચાલતી હતી, તેને અવળું સમજાવી અધોગતીએ પહોંચાડનાર નીચ! તારાં વિશ્વાસઘાતનાં ફળ તું પણ ભોગવજે. મારે તારા પાપોમાં હાથ લંબાવતાં આ જીંદગીથી બરબાદ થવું પડે છે, ત્યારે તારા અનંત પાપોનો બદલો શું જગતનીયંતા છોડી દેશે. અરે મદાંધ નર પીશાચ! તારા વચન પર મેં કેટલા વખત મારી આબરૂની કે આ દેહની પણ દરકાર રાખી નથી. તે શું તું ભુલીજ ગયો કે? હું શરમનો ત્યાગ કરી, તારાં બધાં કૃત્યો પ્રગટ કરૂં તો તારૂં સુખ, આબરૂ ને દેહ, તેમાંનું એક પણ રહે ખરૂં કે? પણ અંતની ઘડીપર આવેલી હું તે કંઇ ન કરતાં પરમેશ્વર પર મુકું છું. તે તને સમ્પૂર્ણ બદલો આપશે, ઇશ્વર હવે મને તારા જેવા નરાધમનું મોહું જોવાને વખત ન આપે. એવું તેના પાસે માગું છું. જા હવે જા, હું મારા કર્મ ભોગવીશ; મને ઇશ્વરની જ આશા છે. તારા જેવા વિષયાંધ પામર જનોની આશા હવે મને જોઇતી નથી, વળી તારી સંગે કલંકીત બનેલું આ પુતળુ (દેહ) વધારે રહી જગતમાં નિંધાપાત્ર બને તે હું ઇચ્છતી નથી. એમ કહી તેની પીછોડી છોડી આપી કે, ભોળી અબળાને ભરમાવી ભ્રષ્ટ બનાવનાર ક્રુર હૃદયનો કામી (મોહન) ત્યાંથી કંઇપણ બોલવા વગર ચાલતો થયો.

હવે ભાનુને પુરેપુરૂં ભાન આવ્યું, જેના વચનપર તે દેહની કે આબરૂની દરકાર કરતી નહીં. તે તો ખરા સમય પર કામ આવ્યો નહીં. તેની અધમતા અને પોતાની મૂર્ખતા, હવે તેને સમજાઇ, તેના પર અત્યંત ધિક્કાર

છુટયો, નિરાશ બની પલંગ પર પછડાઇ પડી, ઘડીભર ભાન ભુલી તેનાથી રડાઇ જવાયું. તે અવાજ સાંભળી યમુના ઉપર આવી, પણ તેને કંઇ કારણ ન દર્શાવતાં નીચે સુઇ જવાને કહ્યું, તે નિરૂપાયે તેના હુકમ પ્રમાણે નીચે જઇ સુઇ ગઇ, ભાનુ કેટલો વખત પશ્ચાતાપ કરતાં પલંગ પરજ પડી રહી, પણ ઘડીયાળ તરફ નજર પડતાં તે ઉઠી, અને કબાટમાંથી એક સ્ટાંમ્પ લઇ તેમાં કંઇ લખ્યું, તે લેખ સુતેલી યમુનાની બાજુમાં મુક્યો અને બીજો કંઇપણ વિચાર લાવ્યા વગર ત્યાંથી રવાને થઇ, આ વખત રાત્રીના ચારેક વાગવાનો હતો, છતાં એ ધડક બની રસ્તો કાપતી, ભાનુ એક દીશાનો માર્ગ લઇ ચાલતી થઇ, દરવાજો પણ ખુલ્યો હતો તેથી તેને બહાર જતાં હરકત આવી નહીં. શહેર વટાવી બહાર ગઇ, આવી ભયંકર રાત્રીમાં જરાએ ભય ન માનતાં, ધારેલી દીશા તરફ તેણે ચાલતીજ પકડી. વાંચનાર મરવાને તૈયાર થયેલીને ભય હોય? ના, કદી પણ નહીં, મોટામાંમોટો ભય મરવાનો, તેને મેળવવા તો તે જાય છે, પછી તેને ભય તે શાનો. થોડીજ વારમાં ધારેલે સ્થળે પહોંચી, એક કુવાના કાંઠા પર ઉભી રહી, વિચાર કર્યો, ત્યાંથી પાછી ઉતરી તેણે વજનદાર પથરાઓ પોતાના ચણીયામાં ભરી બરાબર કછોટો વાળ્યો કે ગમે તેવી હાલતમાં પણ પોતાનું શરીર જરા સરખુંએ દેખાય નહિ. ફરી કુવાના કાંઠાપર આવી તેણે હાથ જોડયા, સજળ નેત્રે પ્રભુ પ્રાર્થના કરતી કહેવા લાગી, વા'લા વિશ્વનાથ ! મારી આ અંત્યેષ્ટ વિનંતી સ્વીકારી મારા પર દયા લાવજે, અને મારાં કરેલાં કાળાં કર્મો તરફ લક્ષ ન આપતાં આ તારી અજ્ઞાન બાળકીપર રહેમ કરજે, હવે તારા સિવાય આ દુનિયામાં કે બીજે ક્યાંય મારૂં કોઇ પણ નથી. આ સંસારમાં તદ્દન નિરાશા પામી મૃત્યુને ભેટવા, ભયંકર રાત્રીની અહીં આવી છું, તેમાં હું કોઇનો પણ દોષ ગણુતી નથી, મારી અજ્ઞાનાવસ્થાએ (બે સમજથી) કરેલા કર્મનોજ દોષ છે. પણ હવે પછીની દોરી તારા હાથમાં છે. દયાળુ પીતા ? હું તારે શરણ છું, મને મારા અધમ કૃત્યની તારા ન્યાયાસનપાસે માફી મળે એવી આશાથી આ વખતે હું તારી પ્રાર્થના કરૂં છું. મારા આ કૃત્યની સજા, અજ્ઞાનથી થયેલા દોષની અને કુસંગે ફસાઇ, થયેલા અપકૃત્યો-

ની બરાબરજ સમજી મારો ઉદ્ધાર થાય તેમ કરીશ, એવી મને આશા છે. પરમ પવિત્ર દયાળુ અને મારા સાચા પિતા! લે ત્યારે તારી હજુરમાં હમણાજ આવું છું એમ કહી ભાનુએ તે કુવામાં પડતું મુકવા પોતાના હાથ પહોળા કરી, શરીરને જોરથી ઉચક્યું અને તેમાં કુદી પડવા તૈયાર થઇ એટલામાં કોઇએ તેનો હાથ પકડયો—"અરે બેટા સબુર કર" એવો અવાજ થયો, ભાનુએ ચમકી પાછળ જોયું.

વાંચનાર! શું પ્રભુએ તેના પર કૃપા કરી? શું તેની વિનંતી સાંભળી દયાનિધીને દયા આવી? શું તેની વારે ગરૂડગામી પ્રભુ આપો આપ પધાર્યા? આવી કુલટાની પણ સુદ્ધાંત કર્ણની અને ખરા પ્રેમની વાણી સ્વીકારી, કમળાકાંત ગરૂડનીએ દરકાર રાખ્યા વિના ઓચિંતાજ આવ્યા શું? શું તેને ખરેખરા શુદ્ધ અંતઃકરણની આટલી બધી દયા હશે? અરે પણ આવી વિષયાંધ અને મનુષ્યઘાતી ભાનુપર તેણે કેમ દયા કરી હશે? પેલી ગણીકાની પેઠે તેનીએ સહાય કરી હોય તો કહેવાય નહીં. મારા વહાલા વાંચનાર! અંત સમયના તેના વિચાર ખટ્‌વિકારથી (કામ, ક્રોધ, લોભ, મોહ, મસ્તરથી) ન્યારા તો હતાજ અને તેથીજ પ્રભુ પ્રસન્ન થયા હોય તો સમ્ભવ—બનવા જેવું છે. વિકારહીન અંતઃકરણમાં કંઇ અપાર શક્તિ છે ખરી. વિકાર વિનાનું અંતઃકર્ણ થવા પછીજ યોગી જનો :પરમાત્માનું સાક્ષાત્કાર કરી શકે છે, પણ તે વિના અનેક ક્રીયાઓથી કે બાહ્યાચારથી કંઇપણ થતું નથી. ભક્તરાજ અખાએ તે વિષે કહ્યું છે કેઃ—

તીલક કાઢતાં ત્રેપન થયાં, અને જપમાલાનાં નાકાં ગયાં;
કથા સાંભળી ફુટયા કાન, ને તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

માટે બાહ્યક્રિયાઓ કરતાં, અંતરની શુદ્ધતા પરમાત્માનું સંમેલન કરાવવામાં મહદ્દ સત્તા ધરાવે છે. નહીં કે મોટા મોટા રાગો તાણી ઝાંઝના ઝમકારાથી કે મૃદંગના નાદથી કે તંબુરાના તણુણુ તણુણુ કરતા અવાજથી, પોતાની કળા બતાવવા કુંચીઓ ફેરવવાથી કે આપણા તીણા સ્વરથી કે રાગના આલાપથી કે બગલાની પેઠે આંખો મીંચી બેસવાથી કે મોટાં મોટાં તીલક તાણવાથી કે દુનિયાંને ભરમાવવા, અંતરમાં મલીનતા રાખી બીજા

હજારો બાહ્યાચાર કરવાથી પરમાત્માની પ્રસન્નતા થતી નથી, પણ ખરેખરા પ્રેમ રૂપ ભક્તિથીજ થાય છે. તે વિષે એક ભક્તરાજે કહ્યું છે કે, "આર્યાવૃત.

ભક્તિ વિના વશ નોહે, વિણાને યા મૃદંગના દાને,
કન્યા દાન ફલાતે, કશી તરી પાવે, મૃદંગના દાને.

શુદ્ધ અંતઃકર્ણયુક્ત ખરા પ્રેમ રૂપ ભક્તિ વિના, વિણાનાં કે મૃદંગના અવાજથી પરમાત્મા પ્રસન્ન થતા નથી, કેમકે કન્યાદાનનું ફળ માટીની પુતળી બનાવી કોઇને આપવાથી થતું નથી. માટે ઇશ્વિરની પ્રસન્નતા મેળવવા તો અંતરની શુદ્ધતાજ કામ લાગે છે અને ભાનુને પણ મરણ સમયના થયેલા વિરાગયુક્ત વૃત્તિની શુદ્ધતાજ કામ આવી હોય તો કહી શકાય નહીં. પણ વાંચનારા ભાનુને ઉગારવા અંધારી રાત્રીના સાક્ષાત્ હરી પોતે આવ્યા છે કે કોઇને મોકલી આપી તેનો બચાવ કર્યો છે. ગમે તેમ પણ સહાય તો તેણેજ કરી ગણાય. આ વખતે જેને ખરેખરા સંતની ઉપમા આપી શકાય તેવા મહા નિયમધારી, દયા મૂર્તી અને વૃદ્ધાવસ્થાએ પહોંચેલા છતાં પણ બ્રહ્મચર્યના જોગે કૌવતવાળા મહાત્મા, 'હરીમંગળ' ત્યાં નાવાને આવેલા તેણે, મરવાને તૈયાર થયેલા બાળાને બચાવવાને તેનો હાથ શાહ્યો છે. ભાનુએ દષ્ટી કરતાંજ તે દર્શનીય મહાત્માને તેણે ઓળખ્યા અને બોલી, પીતારૂપ ગુરૂ ! મને મરતાં અટકાવો નહિ. જો સવાર થશે તો મરવા કરતાં પણ વિશેષ દુઃખ રૂપ અપવાદ મારા પર ત્રુટી પડશે. આ સાંભળી તે મહાત્મા બોલ્યા, બેન, બોલ તને એવું તે સંકટ શું છે કે આમ આત્મઘાત કરવા તૈયાર થઇ છે તેમ કરવાથી સાત જન્મ તેવા ને તેવા કાઢવા પડે છે એવો નિયમ છે. માટે કયા કારણથી જન્મ જન્મનું કષ્ટ તારાપર વહોરી લેવા તૈયાર થઇ છે તે મને સમજાવ, ભાનુએ પોતાની મોહન સાથે બનેલી બધી હકીકત કહી અને હવે બીજો ઉપાય ન હોતાં આમ કરવું પડે છે. આ સાંભળી દયાવાન મહાત્માનું હૃદય દ્રવીત થયું, તેનાં કરેલાં પાપ કર્મો અજ્ઞાનતાથી અને નીચ સોબતથી થયેલાં ગણી, એક અબળા પોતાના દેખતાં આત્મઘાત કરે એ તેમને યોગ્ય ન લાગતાં, પોતાના તરફનો સઘળો વિચાર તજી તે મહાત્મા બોલ્યા, પુત્રી તું તેમ કરીશ નહીં, તું આજથી મારી ધર્મની બેટી છે, તું

પણ મને પોતાનો પીતાજ સમજજે, ચાલ હું તારી સાથે આવવાને તૈયાર છું, આ તારો કછોટો છોડી તેની અંદરથી પથરા ફેંકી દે, આપણે કોઇ કાશી જેવા પુન્ય ક્ષેત્રમાં સુખરૂપ નિવાસ કરી, આ મિથ્યા સંસારની જાળને છોડી પ્રભુમાં ચિત્તને એકાગ્ર કરી, આ મનુષ્ય દેહનું સાર્થક કરીશું.

મધ્ય સમુદ્રના ડુબનાર પ્રવાસીને વહાણુ મળતાં આનંદ થાય તેવો આ મહાત્માના વચનથી ભાનુને ઉમંગ થયો તેને પોતાના ઉગરવાની આશા હવે જણાઇ, મહાત્માના કેહેવા પ્રમાણે પથ્થરા ફેંકી દીધા, કચ્છોટો છોડી નાંખ્યો, પણ ફરી તેને એક વિચારે નિરાશ કરી તે બોલી, ગુરૂદેવ! એક લાચાર અને ભયાનક સ્થિતિમાં સપડાયલી અબળાને બચાવવા આપનું હૃદય દયા પૂર્ણ બન્યુ છે, પણ આ નૌતમપુરમાં રાજા અને પ્રજા બન્નેની દૃષ્ટીએ આપ પૂજ્યપાદ અને "ભક્તરાજ" છો તે મારૂં કલ્યાણુ કરવા જતાં નિંદા પાત્ર બનશો. અજ્ઞાન મનુષ્યો આપના પર ખોટો આરોપ મુકશે, પિતા રૂપ ગુરૂ! આપના જેવા શ્રેષ્ટ મહાત્માને કલંકીત કરી, આ દેહને રાખવાને હું ચાહતી નથી. આ સાંભળી ભાનુને શાંત કરતાં તે મહાત્મા બોલ્યા, પુત્રી એ વિચારને તું છોડી દે, મારૂં અંતઃકર્ણ સાફ છે તો દુનિયાં ગમે તેમ બોલે, તેની મને જરાએ દરકાર નથી. બેન નિંધા અને સ્તુતિ એ બન્નેમાં સાધુને સમાનતાજ હોય છે. નિંધા અપ્રિય અને સ્તુતિ પ્રિય, એવા દેહાભિમાનીઓ સાધુતાને યોગ્યજ નથી તે તો ખોટો વેશ ધરી ભોળી દુનિયાને ભમાવનાર સાધુ નહીં પણ સયેતાનજ ગણાય. માટે બેન એવા ખોટા વિચારોનો ત્યાગ કરી જો અહીંથી દેશાંતર જતો તારો આત્મઘાત મટતો હોય તો ચાલ, આ સાંભળી ભાનું તૈયાર થઇ પણ વળી એક વિચાર આવતાં તે બોલી ગુરુદેવ! આ દુનિયાની નિરાશાથી મેં મારી મીલકતની જે વ્યવસ્થા કરી છે, તેમાં વાર ફેર કરવાને હવે મારૂં મન કહે છે; જો આપની આજ્ઞા હોય તો કાલે રાત્રીના નવ વાગે અહીંથી રવાને થઇએ, મહાત્માએ તેમાં સમ્મતી આપી અને કહ્યું કે ઠીક, ત્યારે કાલે હું બરાબર નવ વાગે દરવાજા બહાર "નાગેશ્વર" ના મંદીર પાસે હોઇશ ત્યાં આવજે, ભાનુ બોલી ઠીક, એમ કહી પ્રણામ કરી ઘર તરફ વળી સાડા પાંચને સુમારે તે પહોંચી આવી.

હજી યમુના સુતેલીજ હતી, તેની બાજુમાંથી સ્ટામ્પ લઇ તેણે ફાળી નાંખ્યા અને પોતાના બીછાનાપર જઇ સુઇ ગઇ. અને નિશ્ચિંતપણાથી નિદ્રાધીન બની. તે જ્યારે યમુના તમામ ઘરનું કામ કરી. રસોઇ તૈયાર કરી ને પછી તેને જગાડી ત્યારે જાગી. અને સ્નાન વિગેરે ક્રિયાથી પરવારી જમી, તેણે પોતાની મીલકતની તમામ વ્યવસ્થા કરવા એક વિલ ઘડયો, અને તેના વ્યવસ્થાકાર મહાત્મા હરી મંગળના મોટા શિષ્ય નરહરીને ઠરાવ્યા, યમુનાને સમજાવી, તેની પણ પોષણ સમ્બંધી ગોઠવણ કરી હતી તે તેને કહી અને બીજી પણ ભલામણ કરી અને સંકેત પ્રમાણે બરાબર રાત્રીના નવ વાગે પોતાની સાથે સહેલાઇથી રહી શકે તેટલી મીલ્કત લઈ રવાને થઈ. " નાગેશ્વર " ના મંદીર પાસે મહાત્મા તેને મળ્યા, અને પિતા પુત્રી ત્યાંથી ભવિષ્ય પર આધાર રાખી આ વિશાળ વસુધા પ્રદેશમાં પરીવર્તન કરવા ચાલ્યા.

પ્રકરણ ૭ મું.

" મનુષ્ય કર્ત્તવ્ય. "

આજે શ્રીમન્ પરમાત્મા મહા યોગેશ્વર શ્રી કૃષ્ણચંદ્રના જન્મ મહોત્સવ પ્રસંગે સ્ત્રી અને પુરૂષો " મુરલીધર " ના મંદીરમાં એકઠા મલ્યા છે. કૃષ્ણ જન્મ ખંડની કથા શરૂ થઇ છે. વાંચનાર પણ મહા વિદ્વાન શાસ્ત્રી મહાશંકર નામના ભટ હતા. અને તેમની વાણીમાં અલૌકિક મધુરતા હતી, છતાં હજારો શ્રોતાઓમાંથી થોડાનુંજ ધ્યાન કથા સાંભળવા તરફ હતું. બાકીના તો એક બીજામાં વાતોની ગડબડ મચાવી રહ્યા હતા. તે ગડબડ બીજી કોઈ નહીં પણ પેલી ભાનુંનીજ હતી. તેની સાથે મહાત્મા " હરીમંગળ પર " પણ આક્ષેપ મેલવામાં આવે છે. કારણ કે તેના વિલની હકીકત આખા શહેરમાં પ્રસરી ગઈ છે. તેમાં તેણે પોતાની મીલ્કતનો ઘણો ભાગ તે મહાત્માની જગ્યામાં આપવાને લખ્યું હતું, અને બાકીની વ્યવસ્થા કરનાર પણ તેમના શિષ્યને નિરમાણ કર્યા હતા. તેમ તે મહાત્મા પણ ભાનું ગયા પછી જણાતા નથી, તેથી દરેક વ્યક્તિ ગમે તેમ અટકળ

કરી બોલે છે. આ મહાત્મા વિષે કોઇને પણ અત્યાર લગી શંકા લાવવાનું કારણ મલ્યુ નથી. તેમની અંતઃકર્ણની સુદ્ધતા એ સર્વના પર છાપ પાડી હતી, છતાં આ વખતે તો " યદપિ શુદ્ધં લોક વિરૂદ્ધં " ગમે તેવું શુદ્ધ હોય પણ લોક વિરૂદ્ધ કરવાથી અપવાદ આવે એ રીવાજ છે. તેમણે જો કે દયાને ખાતર અંતઃકર્ણની વિશુદ્ધ લાગણીથી તેમ કર્યું છે, પણ અજ્ઞાન જગત શું જાણે. કોઈ કાંઈ તો, કોઇ કાંઈ, વાતો કરી રહ્યા છે. એક કહે છે કે જુવો ભાઇ! આવા શુદ્ધ મહાત્માને કેવું કલંક ચડયું? કેવી તેની અપુર્વ ભક્તિ? તેનાથી એવું કામ તો થાય નહીં કે એક વિધવાને ધોળે પળીએ આવ્યા અને લઇ જાય પ્રભુ જાણે? કઇ સમજી શકાતું નથી. ત્યારે કહે છે કે ભાઇ ગમે તેવા સારા હોય પણ સ્રીઓનો ઘણો સંસર્ગ મોટા મુનીવરોની મતીએ ફેરવી આપે ત્યારે બીચારો હરીમંગળ તે શું. તે વિષે એક વિદ્વાને કહ્યું છે કેઃ—

ग्रहा शक्तस्यनो बिद्या नो दया मांस भक्षिण ।
द्रव्य लुब्धस्य नो सत्यं स्रैण्यस्य न पवित्रता ॥

ગ્રહાશક્ત (ઘરમાં પ્રીતીવાળા) ને વિદ્યા, માંસ ખાનારને દયા, દ્રવ્ય લોભીને સત્યતા, અને સ્રીઓમાં હમેશ વસનાર (બેશનાર) ને પવિત્રતા હોતી નથી. એ શું ખોટું છે? પણ તેણે આટલા વર્ષોના સદગુણોને છેલી અવસ્થામાં ગમાવ્યા એ તેને યોગ્ય ન ગણાય.

અરે ભોળા ભાઇ જો યોગ્યાયોગ્યનો વિચાર હોય તો આવા પ્રભુ મંદીર જેવા પવિત્ર ધર્મસ્થાનોમાં નિચ વૃત્તિના કામો કેમ બને. પણ હાલ, જોશો તો ઘણે ભાગે ધર્મસ્થાનોમાંજ અધમાચર્ણ વિશેષ જણાશે, અને હમણા કેટલાકો મુર્ત્તિ ખંડન કરે છે તેનું કારણ પણ એજ કે આવા દુરાચારો થતા અટકે, અને કુળવાન બાળાઓ કલંકીત ન બને. ત્રીજે જરા ઉશ્કેરાઇ પોતાનો મનોભાવ જણાવ્યો.

કોઇ એક સાધુ આમ કરી જાય તેમાં મુર્ત્તિનો શો દોષ? મુર્ત્તિ ખંડન કરવી એ કંઇ ડહાપણ ગણાય નહીં. મુર્ત્તિ એક સાધારણ સમજના માણસોની ભાવવાનું પગથીયું છે. મુર્તિ વિના તેઓ ઇશ્વર પ્રતિ કાલે કરીને

પોતાની અજ્ઞાનતાથી નાસ્તિક બની જાય, અને અંતે અધોગતિને પણ પામે. એ કામ આપણુને તો ઉચિત્ત જણાતું નથી.

ત્યારે શું આમ ગોટાળા ચાલે, આબરૂદારોની પુત્રી અને સ્ત્રીને લઇ આ લંગોટાઓ ચાલતા થાય, તે કામને તમે ઉચિત ગણુતા હશો કેમ ? વળી ત્રીજાએ પોતાનો ઉભરો કહાડયો.

હું ક્યાં તે સારૂં કહું છું મારૂ બોલવું એવું છે કે એક ઉંદરને માટે આખા ડુંગરને ખોદી પાડવો તે વ્યાજબી ન ગણુાય. પણ તેમ થતું અટકાવવાને બીજા ઉપાય ક્યાં થોડા છે. કદી સ્ત્રી અને પુરૂષોનાં દેવ મંદીરો જુદા ઠરાવ્યા હોય અને સ્ત્રીઓના ઠરાવેલા મંદીરમાં કોઇ વિદ્વાન બાઈ પુજારી તરીકે નિર્માણ કરી હોય, તે બાઈ ભગવત્ સ્મરણુમાં અને સ્ત્રીઓને સ્વધર્મ સમજાવવામાં મદદ કરી હમેશા સદ્‌બોધ કરે, અને વિધવાઓને પણ (સત્ શાસ્ત્રોનું પઠન કરાવે) ભણાવે એવો બંદોબસ્ત કરવો ઉચિત છે. પણ મુર્ત્તિ પ્રત્યે નાસ્તિક બનવું વ્યાજબી નથી પેલાએ તેને સમજાવી સમાધાન કર્યું. આમ દરેક ઠેકાણે એજ વિષય પર જુદી જુદી ચરચા ચાલી રહી છે, બીચારા દયામુર્ત્તિ "હરીમંગળ" પ્રભુના પરમ ભક્ત પર ધર્મ કરતાં ધાડ આવી અને હજારો આક્ષેપો તુટી પડવા લાગ્યા. તેના એકના પર નહીં પણ તેની સંપ્રદાય સઘળીના તમામ સાધુઓ પર પણ તિરસ્કારનો વરસાદ વરસવા લાગ્યો. મંદીરોમાં સ્ત્રીઓને ન મોકલવાની ઘણાંઓએ પ્રતિજ્ઞા કરી લીધી. સાધુઓને પણ પોતાને ત્યાં આવતા બંધ કરવાની ગોઠવણો કરી. બીજા કેટલાક નામધારી પેટ ભરા સાધુઓના દુષ્કૃત્યોના દાખલાઓ સંભારી સંભારી જ્યાં ત્યાં બોલાવા લાગ્યા, તેમાં આ નિષ્પાપ હરીમંગળને પણુ યોજવામાં આવતા. મંદીરોની મહત્તામાં પણ ખામી જણાવા લાગી ભાનુંને નાશી ગયાને આજ પંદરેક દિવસ થયા છે છતાં પણ તે વાત જરાએ વિસારે પડતી નથી જ્યાં ત્યાં એજ વિગતનો વિસ્તાર જોવામાં આવે છે આ ચાલતા કથાના પ્રસંગમાં પણ તેમજ બન્યું છે. આથી શાસ્ત્રી બાવા પણ કંટાળ્યા અને કથા પ્રસંગને બંધ કરી બોલ્યા ભાઇઓ અને બેનો જરા મારૂં કહેવું સાંભળો ભાગવત કથા શ્રવણ કરવાને

આવી આમ પરાઇ કુથલી કરવામાં ચિતને રોકશો તેમાં આપને શું લાભ થવાનો છે? આવો ઉત્તમ દીવસ પરાઇ નિંદામાં નિર્થક ખોવો એ શું વ્યાજબી ગણાય? નિંદા એ કેવી બુરી છે તે સાંભળોઃ–

पक्षिणां काक चंडाल, पशुणांश्च गर्दभा।
मनुष्याणां क्रोध चंडाल सर्व चंडाल परनिंदकः ॥

પક્ષીઓમાં કાગડો ચાંડાલ છે પશુઓમાં ગધેડો ચાંડાલ છે મનુષ્યોમાં ક્રોધિ ચાંડાલ છે પણ તે સર્વ કરતાં પારકી નિંદા કરવાવાળો વધારે ચાંડાલ છે. કદી તમે એમ કહેશો કે સાચી વાત કહેવી તે કાંઇ નિંદા ગણાય નહિં તે તો ખરૂં છે. પણ આ બનેલી હકીકત સાચીજ છે એવું આપણે કાંઈ ચોક્કસ કારણથી જાણી શક્યા નથી. કદી મહાત્મા અને ભાનું બંને સાથેજ ગુમ થયા જાણી તેમ માનવામાં આવતું હોય તો એ પણ વિચારવું જોઇએ કે જે મહા પુરૂષે વૃદ્ધાવસ્થા લગી પોતાનું બ્રહ્મચર્ય અખંડ રીતે જાળવી રાખ્યું કે જેના વિષે કોઇને સ્વપ્નમાં પણ આ શંકા લાવવાનું કારણ મલ્યું નથી, તેઓ આ છેલ્લી અવસ્થામાં આમ તદ્દન અવિચારી બની મોહાંધ થાય એ કાંઇ બનવા જોગ નથી. ભલે કોઇ કારણને લીધે તેઓ તેની સાથે પણ ગયા હોય તો પણ વિષયાંધ બની તેમ કરે એવું તેના ખરા પરીચયવાળા માની શકેજ નહીં. ભલે તે ગમે તેમ હોય તે વિષે વધારે વિચાર ચલાવવાની આપણને હાલ અગત્ય નથી. પણ આજે તો આ ઉત્સવ પ્રસંગે ભગવદ્ કથાનાં બે શબ્દ કહી સાંભળી કૃતાર્થ થવાને અહીં આવ્યા છીએ. તેમાં ચિત પરોવ્યું હોય તો સારૂં ગણાય. જેમાં આપણું આત્મીક કલ્યાણ છે. આ સાંભળી સભામાંથી એક જણ ઉભો થયો અને શાસ્ત્રીજી સામે હાથ જોડી બોલ્યો "બ્રહ્મદેવ આપનું કહેવું યથાર્થ છે આપના દરેક શબ્દને હું સમ્પુર્ણ અનુમોદન આપું છું. આજે પરમાત્મા શ્રી કૃષ્ણના ગુણાનુવાદ શ્રવણ કરવાજ જોઇએ. પણ તેની સાથે આપના મુખથી વર્તમાન વિષયને વિચારી પ્રથમ સ્ત્રી પુરૂષના પરસ્પર સ્વધર્મ શું છે, તે સમ્બંધી થોડું વ્યાખ્યાન પણ સાંભળવાની કેટલાક શ્રોતાજનો

ઇચ્છા ધરાવે છે, માટે કૃપા કરી પહેલા એ વર્ણન કરો કે સ્ત્રી અને પુરૂષો તમામને પોતપોતાનો ધર્મ શું છે તે સમજવાની સમ્પૂર્ણ શક્તિ આવે, અને પછી પરમ ઐશ્વર્યવાન શ્રી કૃષ્ણપ્રભુના યશોગાનનું એ કથન કરો કે જે સાંભળતાં મનની શુદ્ધતા થાય, અને મહા પાપોથી મુક્ત થવાય. વળી ભવસાગરમાં ભટકતા ભવાટવીઓને ભક્તિ રૂપ નાવ પ્રાપ્ત કરવાની શક્તિ આવે એવી મારી આપના પ્રત્યે નમ્ર પ્રાર્થના છે. તે સ્વીકારી આભારી બનાવશો." આ સાંભળી શ્રોતાઓના મહા મંડળ (સ્ત્રી અને પુરૂષો) માં તાળીઓના ગડગડાટ અને હર્ષના પુકારો ચારે તરફથી થવા લાગ્યા. પંડિતે તે વચનોનો સ્વીકાર કર્યો, તેથી ઉપકાર માનતો પેલો ગ્રહસ્થ બેશી ગયો, અને શાસ્ત્રીજીએ પછી વ્યાખ્યાન ચાલુ કર્યું.

વ્યાખ્યાન.

" પતીવૃતાનો પવિત્ર ધર્મ અને બ્રહ્મચર્ય મહિમા "

(મનુષ્ય કૃતવ્ય.)

આ પવિત્ર સ્થાનમાં શુભેચ્છાથી પધારેલા મારા પ્યારા સદગૃહસ્થ ભાઇઓ અને સુશીલ બ્હેનો આજે ભાનુંના ખડખડાટે આખા મંડળને વિભ્રમ બનાવી દીધું છે, તે વિકારો વિસારી ચિત્તને શાન્તી કરી સાંભળો, હું વર્તમાન સમયને વિચારી, શિયળવ્રત્તનો પ્રભાવ કેવો છે. બ્રહ્મચર્યની સત્તા શી છે, વળી દંપતિ (સ્ત્રી અને પુરૂષો) ના ધર્મ શું છે તે વિષય પર બોલવા ઇચ્છા ધરાવું છું જો આપને યોગ્ય લાગે તો તે કથનને આપના હૃદયમાં સ્થાન આપશો.

આ જગતમાં જન્મેલા સ્ત્રિ અથવા તો પુરૂષને સ્વધર્મ જ ઉત્તમ ગતિના સ્થાનરૂપ છે માટે સતશાસ્ત્રોએ કરેલા ફરમાન (સ્વધર્મ) ને ખરી શ્રદ્ધાથી પાલન કરવું જોઇએ. પ્રથમ માતા, પીતા પુત્રના રૂણથી ક્યારે મુક્ત બને છે તે વિષે શુક્ર નીતિના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે,

विद्या गमार्थे पुत्रस्य वृत्यर्थं यतते चयः ।
असदा साधु स्यास्ति प्रितीकृत् स पितानृणी ॥

જે પોતાના બાળકપર પ્રેમ ધરનાર પીતા હોય તેણે વિદ્યાભ્યાસ કરાવવામાં અને ઉદ્યોગ શીખવવામાં પોતાના પુત્ર પર સારી રીતે યત્ન કરવો.

તેમ હમ્મેશાં નિતિમય વચનો કહી સ્વધર્મમાં સુદૃઢ કરવા સારી શીખામણ આપવી તેમ કરે છે તે પીતા, પુત્રના ઋણથી મુક્ત બને છે. વળી કન્યા તરફની તો તેથી પણ વધારે ફરજ માતા પીતા પર છે. તે વિષે મહા નિર્વાણ તંત્રમાં લખે છે કે,

कन्याप्येयं पालनियां शिक्षणी याति यत्नतः ।
देया वराय विदुषे धन रत्न समान्विता ॥

પુત્રની પેઠે કન્યાને પણ ઘણાં યત્નથી પાળવી તથા સારી કેળવણી આપવી. પછી પોતાની શક્તિ મુજબ, ધન રત્નથી સંતુષ્ટ કરી સારા વિદ્વાન પતિ સાથે પરણાવવી. પણ કન્યાનો પતિ કેવો જોવો તે વિષે વિષ્ણુશર્મા કહે છે કે,

कुलंच शलिंच सनाथताच विद्याच वितंच वपुर्वयश्च ।
एतान् गुणान्सप्त विचिंत्य देया कन्या बुधेः शेषम चिन्तनीयम् ॥

બુદ્ધિમાન પુરૂષોએ સારૂં કુળ, ઓથ, વિદ્યા, ધન, શરીર, અવસ્થા અને સારી વર્તણુક એ સાત ગુણો જોઈ કન્યા દેવી. વધારે જાણવાને યત્ન કરવો નહીં. (વધારે જાણવાની અગત્ય રેહેતી નથી) બુદ્ધિમાન અને કુળવાન પુરૂષો તે ફરમાન મુજબ ઘણા યત્નથી કન્યાને સુખી કરવાને ચહાય છે. અને યથાસ્થિતિ પ્રમાણે ધન આપી સંતુષ્ટ કરે છે, ત્યારે હાલની કેટલીક જ્ઞાતિઓમાં કન્યાવિક્રય રૂપ મહા પાપ થાય છે. હજારો વર્ષ લગી કુંભીપાક અને રૈરવ જેવા નરકમાં નિવાસ કરવા વાળા તે ઘાતકી મા બાપો પોતાની આત્મ રૂપ કોમળ કન્યાને ધનના લોભે વૃદ્ધ થએલા પતિને ગળે બાંધવાને પણ ચુકતા નથી. પુત્રીનું ગમે તેમ થાઓ; પણ પોતાને પૈસો મળે એવા નરાધમ, પાપીષ્ટ અને હીચકારા માબાપો આ લોકમાં અને પરલોકમાં કયાંએ સુખને પામતાજ નથી, અને અંતે પસ્તાય છે. કારણ કે અનીતિનું ધન ઘણો વખત ટકી શકતું નથી. તે વિષે ચાણાક્ય નીતિમાં લખે છે કે,

अन्यायो पार्जीतं द्रव्यं दस वर्षाणी तिष्टति ।
प्राप्ते एकादशे वर्षे शमुलंच विनस्यति ॥

કોઈ પણ પ્રકારે અન્યાયથી મેળવેલું ધન (આપણા પુર્વના પુન્ય પ્રબળ હોય તો) દશ વર્ષ લગી રહે છે. પણ અગ્યારમું વર્ષ બેસતાં તે ધન તેના

મેળવનાર સહિત નાશ પામે છે. એવું છે છતાં પોતાની પ્રીય પુત્રીના સંસાર સુખનું સત્યાનાસ વાળી પોતે સંપત્તિવાન્ બનવા ચા'ય છે અને પોતે ઉત્તમ કુળવાન હોવાનો દાવો કરે છે. ત્યારે અધમ કોને કહેવા એ સમજી શકાતું નથી. એવા અધમ રાક્ષસોએ વિચારવું જોઇએ કે તેમ કરવાથી આખી જીંદગીભર તે કન્યા દુઃખમાં ઝુરતી રહે છે, કે પછી ભાનુંના જેવી અધોગતિ પણ તેની થાય છે. માટે ઉત્તમ પુરૂષોએ (કન્યાવિક્રયના વિચાર સરખોએ અંતરમાં આણવો ન જોઇએ કેમકે, આપણા સુજ્ઞ શાસ્ત્રકારો આપણને સુચવે છે કે,

आमिषं चर्मजं बारि आमिषं प्रेत भोजंन ।
आमिषं शुद्र शेषान्नं कन्याद्रव्य तथाऽमिषं ॥

ચામડાની અંદર ભરેલું પાણી પીવું; પ્રેતભોજન કરવું, શુદ્રનું ઉચ્છિષ્ટ અન્ન જમવું એ માંસ ખાવા બરાબર છે, તેમ કન્યા ઉપર દ્રવ્ય લઇ ખાનાર પણ માંસ ખાય છે એમ સમજવું, વાંચનાર ! તે માંસ કોનું તે તું જાણે છે. તે બીજાનું નહીં પણ તે કન્યાનુંજ તે વિષે પણ વિદ્વાન પુરૂષો જણાવે છે કે,

हृदयं भक्षयति माता पितरः शिर मेवच ।
बांधवा पांणी पादौच रुधिरंत्विऽत्तरे जना ॥

માતા તે કન્યાનું કાળજું ખાય છે. બાપ અને કાકા વિગેરે તેનું માથું ખાય છે. ભાઇઓ તેના હાથ, પગ ખાય છે. અને (જે કન્યા પર પૈસા લીધેલા હોય) તે લગ્નમાં જનાર સગા કે મીત્રો તે કન્યાનું રૂધિર પીએ છે. અહા ! હા ! સુજ્ઞ વાંચક જે કન્યાવિક્રય કરનારને માટે આપણા પરોપકારી વિદ્વાન મહાશયો આમ જણાવી ગયા છે. તેવાનું (અધમ રાક્ષસોનું) મોંઢું જોવાથી પણ પાપના ભાગી થવાય છે. માટે ઉત્તમ પુરૂષોને તેનો પ્રસંગ પણ અનિષ્ટ છે. દરેક ઉત્તમ કુળનું ગૌરવ રાખનાર ગ્રહસ્થોની જ્ઞાતિમાં કન્યાવિક્રય રૂપ નિશાચરે નિવાસ કર્યો હશે તો તેઓનું ઉત્તમપણું વ્યર્થ છે, પણ ખરેખર જોતાં તે નિશાચરરૂપજ ગણાશે, માટે સમગ્ર જન સમાજે તેનાથી મુક્ત રહેવું એ તેઓની ઉન્નતિનું મૂળ સાધન છે અને ઉત્તમતા પણ તેથીજ પ્રાપ્ત થાય છે હવે જેમ પતિના ગુણ જોઇ કન્યા આપવી તેમ કન્યાને પણ સ્ત્રી-ધર્મ બરાબર સમજાવવો જોઇએ. જ્યાં સુધી તે કન્યા સ્વધર્મ જાણવાને અજ્ઞાન

છે ત્યાં સુધી તેને પરણાવવાનો અધિકાર નથી, તે વિષે મહા નિર્વાણ તંત્રમાં કહે છે કે,

अज्ञात पतिमर्यादा मज्ञात पति सेवनाम्।
नोद्वाहयत्पिता बालामज्ञात धर्म शासनम्॥

કન્યા જ્યાં સુધી પતિની મર્યાદા તથા સેવા અને ધર્મશાસ્ત્રમાં કહેલા સ્વધર્મથી (સ્ત્રિ ધર્મથી) અજાણી હોય, ત્યાં સુધી સુજ્ઞ પિતાએ તેનો વિવાહ કરવો નહિ. માટે પુત્રીના શિક્ષણની તો પુત્ર કરતાં એ વિશેષ યત્ન આચરવાની જરૂર છે. કારણ કે પોતાના સંસારને સુખ રૂપ કે દુઃખરૂપ બનાવવો તે સ્ત્રીની યોગ્યતાપર વિશેષ આધાર રાખે છે. તેમ પોતાના સંતાનોમાં સદ્‌ગુણ કે દુર્ગુણતા લાવવી તે પણ ઘણે ભાગે માતા પિતાને આધિન છે, તેમાં એ મુખ્યત્વે માતાને વિશેષ આધિન છે તેથી સદ્‌ગુણી માતા પિતાએ પોતાની કન્યાને સુખી કરવા અવશ્ય શિક્ષણ આપવું જોઇએ. અને યોગ્ય વય થાય ત્યારે તેનું ગુણવાન સ્વામી સાથે લગ્ન કરાવી આપવું જોઇએ. પરણનાર બાળકો યોગ્ય વય વાળા ન હોય તો તેમાં (સપ્તપદીની) થતી એક બીજાની પ્રતિજ્ઞાઓ તેઓ ક્યાંથી જાણી શકે ? માટે તેનો યોગ્ય વયેજ વિવાહ કરવાનો અધિકાર છે. લગ્ન વખતે જ્યારે સમસ્ત દેવોનું આવાહન કરી બોલાવવામાં આવે છે અને અગ્નિ દેવરૂપ પરમાત્માની સમક્ષ તે સ્ત્રી પુરૂષ પોત પોતાની પ્રતિજ્ઞા પ્રકાસ કરે છે. (પણ હાલ ઘણે થોડે ઠેકાણે ખરી રીતે તે અવસ્ય બોલવીજ જોઇએ) તે ખરેખરા શુદ્ધ ભાવથી પાળી, આ જગતમાં કૃતાર્થ થાય તેને ધન્યવાદ છે. પણ તેથી ઉલટા ચાલનાર યમપુરીના રસ્તે પ્રયાણ કરી અત્યંત કષ્ટમય નરકની યાતના ભોગવે છે. હવે તે પ્રતિજ્ઞાઓ શું છે તે હું સર્વ સમક્ષ કહું છું તે સાંભળો, તેમાં સ્ત્રી પ્રતિજ્ઞા કરે છે તે આ પ્રમાણે. (સપ્તપદી)

सुख दुःखानि सर्वाणि त्वया सह विभज्यते।
यत्रत्वं तदहं तत्र प्रथमेसाऽब्रवि दिदम्॥

ભાવાર્થ—પ્રિય સ્વામી ! હું સઘળાં સુખ તથા દુઃખો તમારી સાથે ભોગવીશ, જ્યાં તમે ત્યાં હું રહીશ, એમ કન્યા પ્રથમ પગલે પ્રતિજ્ઞા કરે

(એજ પ્રમાણે "વર" પણ પ્રતિજ્ઞા કરે છે એમ સમજી લેવું)

कुटुंम्बं रक्षयिष्यामि आवृद्ध बालकादिकम।
अस्ति नास्तिच संतुष्टा द्वतिये चाब्रवी दीदम॥

ભાવાર્થ—વૃદ્ધથી કરીને બાલક સુધી આપના કુટુંબના સર્વનું હું રક્ષણ કરીશ. અને કાંઈ વસ્તુ હશે યા નહિ હોય છતાં પણ હું સંતોષ રાખીશ. એમ બીજે પગલે કન્યા પ્રતિજ્ઞા કરે છે.

भर्तभक्ति रतानित्यं सदैव प्रिय भाषिणी।
भविष्यामि पदे चैव तृतीये साऽब्रवीदिदम॥

ભાવાર્થ—હું નિરંતર સ્વામિની સેવા કરવામાં પ્રિતી ધરાવીશ, અને પ્રિય બોલીશ. એમ કન્યા ત્રીજે પગલે પ્રતિજ્ઞા કરે છે.

आर्ते आर्ता भविष्यामि सुख दुःखवि भागिनी।
तवाज्ञां पालयिष्यमि कन्या तूर्ये पदेऽब्रवीत॥

"આપના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી, એમ સુખ દુઃખની ભાગિયણ થઈશ, અને તમારી આજ્ઞા પાળીશ." એમ ચોથે પગલે કન્યા પ્રતિજ્ઞા કરે છે."

ऋतुकाले शुचिस्नाता, क्रीडिष्यामि त्वया सह।
नाहं परतरं यायां, कन्या पंच पदेऽब्रवित्॥

"ઋતુ કાળના ચોથા દિવસ પછી સ્નાનથી પવિત્ર થઈને તમારી સાથે ક્રિડા કરીશ, અને કદીએ પર પુરૂષની ઇચ્છા નહીં કરૂં." એમ પાંચમે પગલે કન્યા પ્રતિજ્ઞા કરે છે.

इहाथ साक्षीनौ विष्णुर्नचत्वां व ञ्चतास्म्यहम।
उभयोः प्रीति रत्यन्ता कन्याषष्ठे पदेऽब्रवीत्॥

"આ કરવામાં આવેલી આપણી પ્રતિજ્ઞાઓ માટે સર્વ વ્યાપક પરમાત્મા "વિષ્ણુ" સાક્ષી છે. નિરંતર પ્રીતિ વધારીશ અને હું તમને કોઈ દિવસ છેતરીશ નહિ" એમ કન્યા છઠે પગલે બોલે છે.

होम यज्ञादि कार्येषु भवामिच सहायिनी।
धर्मार्थ काम कार्येषु कन्या सप्तपदे ब्रवीत्॥

" જે વડે ધર્મ, અર્થ ને કામ, એ ત્રણે પુરૂષાર્થો સિદ્ધ થાય છે, એવા હોમ–યજ્ઞાદિક કાર્યોમાં હું સહાય કરીશ" એવી સાતમે પગલે કન્યા પ્રતિજ્ઞા કરેછે.

અને એવીજ રીતે પુરૂષ પણ પ્રતિજ્ઞાથી બંધાય છે. એજ સ્ત્રી પુરૂષનો એક બીજાની સાથે વર્તવાનો સ્વધર્મ છે. એ અનુસાર વર્તવાથી દંપતિ, અર્થ કામ ને મોક્ષ સંપાદન કરી શકે છે. પણ તેથી વિરૂદ્ધ વર્તન કરવાથી અત્યંત અધોગતિને પામે છે. વળી આ વખતને વિચારી અહીં એકઠી મળેલી આર્ય માતાઓ તરફ મારે ભાર મુકીને કહેવું જોઇએ કે ઉપર કહેલી પ્રતિજ્ઞાઓ ધ્યાનમાં લઈ પતિને પરમેશ્વર ગણી તેના પ્રત્યે પુજ્ય ભાવ ધરી તેની દરેક આજ્ઞાનું પાલન થાય તો બ્હેનો હવે સાંભળો કે તેનાથી સ્ત્રી જાતિ કેવા લાભને મેળવી શકે છે. પ્રથમ તો સંસાર સુખરૂપ બને છે. અને જગતમાં સુયશ પામી ખરી પતિ ભક્તિથી કંઈ અપૂર્વ સામર્થ્ય પણ આવે છે. તેની સત્યતા માટે અનંત દાખલાઓ બનેલા છે. જુવો "મહા સતિ અનસુયા" અત્રી રૂશીની પતિવ્રતા સ્ત્રી જેને છળવા આ સંસારના અધિષ્ટાતા ત્રિપુટી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શંકર) પધાર્યા હતા. શું તેઓની સત્તા કંઈ થોડી ગણાય! તેને પણ તે સતિએ છ છ માસના બાળક બનાવી પારણામાં ઝુલાવ્યા, એ ત્રણે દેવોએ તેના ઉદરથી જન્મવાને વચન આપ્યું ત્યારે ત્યાંથી મુક્ત થયા. વળી સતી નર્મદાએ પતિભક્તિના પ્રભાવથી સૂર્યનારાયણને: ઉદય થતા અટકાવ્યા ન હતા? સાધ્વી સાવિત્રીએ યમરાજના હાથમાં ગએલા પોતાના પતિને પાછો મેળવ્યો એ શું પતિ ભક્તિનું ઓછું સામર્થ્ય ગણાય? વળી એક પતિ પરાયણ સતિએ કૌડિન્ય મુનિની હૃદયસ્થ વાર્તા કહી તેને ગર્વ મુક્ત ન કર્યો હતો? એ તો કદી ગત યુગોના પ્રાચીન દાખલાઓ છે. આ કલીયુગમાં તેવું ન બની શકે એમ કોઇનું માનવું હોય તો કલીયુગની અંદર પણ ઘણી એવી સત્તાવાન સતિઓ થઈ છે જે કેટલાંક પુસ્તકો વાંચવાથી આપણે જાણી શકીએ છીએ, પણ આ સ્થળે એક દાખલો વિદ્યાશક્ત મહારાજા ભોજનો આપું છું, જેની અંદર મારે જે કહેવું છે તે સર્વ આવી જશે અને સ્ત્રી પુરૂષોને પોતાનો સ્વધર્મ સમજાશે તેમ બ્રહ્મચર્યની અને પતિવ્રતાની અપુર્વ સત્તા પણ જાણવામાં આવશે.

એક વખત ભોજ રાજાએ એક વિદ્વાન બ્રાહ્મણની સ્ત્રીના રૂપની અત્યંત પ્રશંસા સાંભળી, તેને તે સ્ત્રીનું મુખ જોવાની ઇચ્છા થઈ. આ બ્રાહ્મણ નિસ્પૃહી તથા તેની સ્ત્રી શિયળવ્રતને પાળવા વાળી શુદ્ધ સતી હતી, તેથી રાજા ભોજની ઇચ્છા પાર પાડે તેમ હતું નહિ. જેથી યુક્તિ કરી એક દિવસ તે બ્રાહ્મણને પોતાની પાસે બોલાવ્યો, ભેટ નિમિત કેટલુંક દ્રવ્ય સામે કર્યું. પણ "**निस्पृहेसुत्रणं जगत**" એ રીત મુજબ તેને ધનની શા માટે ઇચ્છા હોય, તે લેવાની તેણે બીલકુલ મના કરી ત્યારે ઘણા વિનયથી ભોજ રાજા બોલ્યો "બ્રહ્મદેવ આપના જેવા શુદ્ધાત્મક બ્રાહ્મણને હાથે મારે માહા રૂદ્રનું પૂજન કરાવવાની ઇચ્છા છે તે કૃપા કરી આપ પુરી કરશો." તે બ્રાહ્મણની ઇચ્છા નહીં છતાં રાજાના ઘણા આગ્રહ પાસે તેણે નિરૂપાય થઈ હા કહી એટલે રાજાએ ત્રણ દિવસ માટે પૂજા સંબંધી કે ભોજન સંબંધી બધી ગોઠવણ કરી, તે વિપ્રને દેવાધિદેવ (મહાદેવ) ના દેવળ તરફ વળાવ્યો, અને વિદ્વાન છતાં મોહ જાળમાં સપડાવાથી મૂઢ જેવા બનેલા ભોજ રાજાએ બીજી કંઈ યુક્તિ ન સુઝતાં શીર પરના અને મોઢા (મુંછો) ના કેશ, મુંડાવી સંન્યાસીના જેવાં ભગવાં વસ્ત્રો ધારણ કરી હાથમાં કમંડલ લઈ તે બ્રાહ્મણને ત્યાં ગયો અને "**भवति भिक्षां देही**" કહી તેના બારણા પાસે ઉભો રહ્યો. આ દંપાત સન્યાસીનો હમ્મેશ સત્કાર કરતા હોવાથી આ કપટી સન્યાસીનો પણ તે બાઈએ સત્કાર કરી આસન પર બેસાડયો અને પોતે બીજી રસોઈ કરી આમ્ર ફળ (કેરીમાં) થી રસ કહાડવા બેઠી પણ એક ટીંપું સરખુંએ તેમાંથી રસ નીકળ્યું નહીં તેથી સતીને શોચ થયો અને આશ્ચર્ય પામતાં બોલી કે,

रे रे रसाळ फल किं स्व रसं न मुञ्चेन् ।
आ बालवृद्धमऽपि शुद्ध पतिव्रतायां ॥
सत्यं मनः परवश हृदय न दृष्टः ।
किं भोजराज नृपति परदार लुब्धः ॥

હે રસ ભરેલા આમ્ર ફળ! તું રસ કેમ મુકતું નથી? હું બાલ્યાવસ્થાથી આજ લગી શુદ્ધ પતિવ્રતા છું, હું સત્ય કહું છું કે મેં પર પુરૂષને કદી નજરથી પણ જોયો નથી, અને મનથી પણ દુષ્ટ સંકલ્પ કર્યો નથી, ત્યારે

શું પરનારી સહોદર અને સત્યવાદી ભોજ રાજા પોતાના ધર્મથી ચુકી પર સ્ત્રીનો અભિલાશી થયો છે કે શું! આ છેલ્લા શબ્દો બોલવાની સાથે આખું પાત્ર આમ્ર રસ પુરીત થયું. (આંબામાંથી એટલો રસ નીકળ્યો કે આખું પાત્ર ભરાઈ ગયું.) સતીને ગુસ્સો આવતાં તેનાં નેત્રો આરક્ત થયાં, આથી ભોજ રાજા કંપાયમાન થયો અને સતિનો શ્રાપ થશે એવા ભયથી તે વ્યાકુળ બન્યો પણ વિદ્વાન રાજા વિચાર કરી દોડતો આવી, સતીના ચર્ણમાં લાકડીની પેઠે પડયો, અને વિનયવાળી નમ્ર વાણીથી બોલ્યો, બ્હેન ! ધન્ય છે આપની પવિત્ર પતિ ભક્તિને. અહા ! શું સતિત્વની અપૂર્વ સત્તા ! મ્હારી સહોદરા (સગી બ્હેન) મને ક્ષમા કરો. હું પાપી મોહાંદ્ધ બની આપનું મુખ અવલોકન કરવાની લાલસાએ સન્યાસી બની આવેલો દુરાત્મા ભોજ હું પોતે છું. દેવી આપની દયા ઇચ્છું છું, અરે મ્હારી મનોવૃત્તિને જાણનાર પરમ સતી તમે મ્હારા ગુરૂ રૂપ થયા છો. હું આપને શરણ છું. આવા ઘોર કલિકાલમાં પણ પતિ ભક્ત સતીઓ, અપૂર્વ સત્તા ધરાવે છે એ મેં આજે સ્વાનુંભવથી જાણ્યું. પરમ સતિ આપના જેવી મહા દેવીનાં દર્શન પામી આજે હું અહો ભાગ્ય થયો છું. વંદનીય દેવિ ! મ્હારા જેવા હૃદય શુન્ય પર રીસ ન લાવતાં કૃપા કરો અને મારા કર્ત્તવ્યના બે બોલ કહી, મારૂં અજ્ઞાન ટાળો કે ફરીને તેમ કરવા મારૂં ચિત્ત ઇચ્છેજ નહિ.

રાજાને, પોતાના કર્ત્તવ્યને માટે પસ્તાતો અને પ્રાર્થના કરતો જોઈ, સતિનો ગુસ્સો સમાઈ ગયો અને બોલ્યાં પિતા રૂપ રાજા તમને માફ છે. કારણ કે તમારા કર્ત્તવ્ય માટે તમને પુરો પસ્તાવો થયો જાણી હું તમને ધિક્કારતી કે કંઈ કહેતી નથી પણ તમારી માગણી પ્રમાણે સદ્બોધ રૂપ બે વચન કહું છું તે લક્ષમાં લેશો તો તમારૂં કલ્યાણ થશે. રાજન્ ! વિષયના વિકારો મહા દુષ્ટ છે તે મોટા વિદ્વાનોને પણ પોતાની તરફ ખેંચે છે, પણ તેને જીતવા (નિયમમાં રાખવા) જે વિજયવંત બને છે તેને આ સંસારમાં અપાર સુખનો સાગર પ્રાપ્ત થાય છે અને કંઈ સર્વોત્તમ શક્તિ પણ આવે છે, તેમ પરલોકમાં પણ અખંડ ગતિ પામે છે. વિદ્વાન્ રાજા! પણ તે તરફ વિરલાજ વળે છે, અને તે કરતાં કામ રૂપ અગ્નિમાં પડી બળી મરનાર પતંગ

જેવા પામર મનુષ્યો ઘણાં બને છે, એ થોડી શોચનિય વાત નથી, તમે નિશ્ચય માનો કે જે પુરૂષ,

परद्रव्ये सुयेत्वंधा परस्त्रिसु नपुंसका।
परापवादे येमुर्खा स्तेषां गंगा पदे पदे ॥

પારકું દ્રવ્ય હરણ કરવામાં આંધળો અને પર સ્ત્રી સાથે દુરાચારે ઉતરવામાં હીન વીર્ય થાય છે, તેમ પારકી નિંદા કરવા વખતે મૂર્ખ જેવો દેખાય તેવા મનુષ્યને પગલે પગલે ગંગાજી છે એમ સમજવું. તેવા પુરૂષના દર્શનથી મનુષ્ય પતિત પાવન (પાપી પણ પવિત્ર) થાય છે. સાક્ષર રાજન્! પારકા દ્રવ્યથી કે નિંદાથી તો પ્રયત્ન વડે ઘણાં મનુષ્યો વિરક્ત રહી શકે છે, પણ પાપી પ્રમથ (કામદેવ) ના પંજામાંથી તો કોઈકજ છુટકી શકે છે. તેણે પોતાની પ્રબળ સત્તા સર્વત્ર ફેલાવી છે. મોટા મુનિવરો પર પણ તેણે વિજય મેળવ્યો છે. મહા સમર્થ શ્રીમન્ શંકરની પણ સમાધિ ભંગ કરવામાં તેણે પાછી પાની કરી ન હતી. પછી ભલે બને કે નાશ થયો, પણ ત્યાંએ પોતાનું દુરજયપણું બતાવ્યું હતું. એવો બળિષ્ટ આ જગતમાં પ્રબળપણે વ્યાપમાન થયેલો કામદેવ દરેક મનુષ્યને કેવી રીતે નષ્ટ ભ્રષ્ટ કરે છે તે વિષે એક વિદ્વાન્ કહે છે કે,

विस्तारितं मकरकेतनधिवरेणं स्त्रि संज्ञीतं वडीस मत्रभवांबु राशौ ।
येनान्वितस्त दधरामिश लुब्धजीव मत्सानविकृस्य पचाति ह- रागवन्हि॥

કામદેવ રૂપ એક ઢીંમર છે તેણે આ સંસાર રૂપ સમુદ્રમાં મોહ રૂપી જાળ પાથરી છે, તેમાં સ્ત્રી રૂપ ભક્ષ, માંસની (લાલચ બતાવવા) ગોઠવણ કરી છે, તેથી સ્ત્રીના અધરામૃત રૂપ ભક્ષ–માંસમાં લોભાઈ મનુષ્ય રૂપ માછલું મોહરૂપ જાળમાં સપડાઈ જાય છે, ત્યારે તેને અનુરાગરૂપ અગ્નિમાં તે પકાવે છે. (પ્રેમ અગ્નિમાં બાળે છે). ભુપતિ ! તે જાળમાંથી જે મહદ્ ભાગ્યશાળી હોય તે બચી શકે છે. તે વિષે કહ્યું છે કે,

मत्तेभकुंभदलने बहुशंतीशुरा केचीद् प्रचंडमृगराज वधेपेन्नः।
किं ब्रविमी बलीनां पुरतः प्रशह्य कंदर्प दर्प दलने विरलामनुष्या ॥

મદોન્મદ્ હાથીના કુંભ સ્થળને છેદન કરનાર ઘણા શુરાઓ છે, તેમ

પ્રચંડ શક્તિ ધરાવનાર, મૃગરાજ–સિંહને મારવાવાળા એ હોય છે. પણ કામ દેવના મદનો નાશ કરવા વાળા તો ઘણાજ થોડા મળી શકે છે. કારણ કે,

विश्वामित्र परासरादि मुनयो वातांम्बु पर्णासना ।
स्तेपि स्त्रि-मुख पंकजं सललीतं दृष्टवैव मोहंगताः ॥
साल्यंनं सघृतं पयोदधियुतं भुंजंतिये मानवा ।
स्तेषांमिंद्रिय निग्रहो यदीभवेद्विंध्यस्त रेत्सागरम् ॥

વિશ્વામિત્ર અને પરાસર જેવા મહાન્ ઋષિઓ જે વાયુ, પાણી અને પત્રના આધારે પોતાનું જીવન ટકાવી રહ્યા હતા, તેઓ પણ સ્ત્રીનું સુંદર વદન કમળ જોઈ મોહ પામ્યા હતા ત્યારે હમણાં દુધ, ભાત, દહીં અને ઘીની સાથે ભોજન કરનારા મનુષ્યો ઈંદ્રિઓનો નિગ્રહ કરી શકે, કામદેવને જીતી શકે તે ક્યારે માનવું કે વિંધ્યાદ્રિ જેવો પર્વત સમુદ્રમાં તરે ત્યારે (બનેજ નહીં.) પિતારૂપ પવિત્ર રાજન્! આવા અજીત કામદેવને જીતનાર વિરલાઓનાં અહો ભાગ્ય કોનાથી વર્ણન થાય. સ્ત્રી અને પુરૂષ જો પોતાના ભાગ્યાનુસાર સ્ત્રી કે પુરૂષ (સ્ત્રીને પુરૂષ અને પુરૂષને સ્ત્રી) મળેલાં હોય તેમાં સંતુષ્ટ રહી સ્વધર્માચર્ણથી ચાલે તો સ્ત્રી પતિવ્રતા જગત્પૂજ્ય મહાસતિ થાય અને પુરૂષ પવિત્રાત્મા ને ખરો બ્રહ્મચારી ગણાય. વળી તેઓના અંતરાત્માનો સ્વયં સાક્ષાત્કાર થાય અને તેમના વચનમાં સિદ્ધતા આવે, તેમ ક્યારે તેવા હલકા વર્ણના દંપતી પણ મહાન્ પદને પામી વંદનિય થાય છે, આવી તેમાં અલૌકિક સત્તા છે. પણ મોહપાસમાં બદ્ધ થયેલા અજ્ઞાન વર્ગ તે ક્યાંથી જાણી શકે? કદી જાણી શકે તો તે પ્રમાણે વર્તન સુધારવાનો તો યત્ન કરેજ નહિ અને પ્રયત્ન પણ કરે તો (પોતાની નિર્બળતા વડે) ફરી પાછો એવો વિષયમાં લપટાઈ જાય કે ફરી પાછો નીકળીજ શકે નહિ. મહાત્મા ભર્તુહરીએ કામનો ખરેખરો ધિક્કાર કર્યો હતો અને પોતાનું કલ્યાણ સાધ્યું હતું. જ્યારે ગણિકા પાસેથી તેઓને અમરફળ પાછું મળ્યું અને બધી હકીકત તેમના જાણવામાં આવી ત્યારે તે મહાત્માએ કહ્યું કે,

यांचिंत्त यामि सततां मायि सा [illegible] ।
साप्यन्य मिच्छतिजनं सजनोऽन्य शक्त ॥

अह्मत् कृतेच परि तुष्यति काप्यी वन्या।
धिक् तांच तांच मदनांच इमांच मांच ॥

હું જે સ્ત્રી પીંગળાને ખરા પ્રેમથી હમેશાં ચહાતો તે પીંગળા તો મારી સાથે પ્રીતિ ધરાવતી નથી અને બીજાની (અશ્વપાલની) ચાહના કરે છે અને તે જેને (અશ્વપાલને) ચહાય છે તે તો કોઈ બીજી (વેશ્યા) પર આસક્ત છે તે તેને (પીંગળાને) ચહાતો નથી તેમ તે વેશ્યા પણ તેને (અશ્વપાલને) ન ચહાતાં મને ચા'ય છે. હવે તે પીંગળા રાણીને ધિક્કાર છે કે જેણે મારા ખરા પ્રેમનો અને પતિવ્રતા ધર્મનો તેમ રાજ્ય કુળના ગૌરવનો ત્યાગ કરી પોતાને શુદ્ધ પ્રેમથી ન ચાહનાર નીચ સાથે સ્નેહ બાંધ્યો. પેલા અશ્વપાલને પણ ધિક્કાર છે કે આવી રાજ રમણી પોતાને ખરા પ્રેમથી ચાહાય છે તેને ન ચાહાતાં એક વેશ્યામાં લુબ્ધ થયો તે વેશ્યાને પણ ધિક્કાર છે કે આવી રાજ્ય રમણી તજી પોતાનેજ ઇચ્છિનારની સાથે કપટ ભાવ રાખ્યો ત્યારે એ બધાંને ભમાવનાર અને એક બીજાનો ઉલટ પ્રેમ કરનાર દુષ્ટ કામને પણ ધિક્કાર છે અને તે કામના પંજામાં સપડાઈ અંધ બનેલો જે હું તેને પણ ધિક્કાર છે. આમ તે મહાત્મા સમજ્યા કે પછી તે મોહ-જાળમાં ન સપડાતાં, પોતાના કલ્યાણનોજ માર્ગ ગ્રહણ કરી અખંડ શાન્તિ પામ્યા. પ્રસન્ન થએલા ભોજ રાજાને જરા સંશય આવતાં બોલ્યા, માતા સમાન જ્ઞાન આપી ઉપકાર કરનાર પંડિતા સતિ આપના અમૃતમય વચ-નોથી મને અપૂર્વ શાન્તિ થાય છે. પણ દેવી! આપે કહ્યું કે એક પત્નિમાં નિયમથી વર્તનાર ખરો બ્રહ્મચારી ગણાય! એમ કેમ બને? બ્રહ્મચર્યનું તો ગ્રહસ્થાશ્રમ પેલાનું આશ્રમ છે. તેથી અપરણીતજ (વગર પરણેલો) બ્રહ્મ-ચારી ગણાય.

વિદ્વાન્ અને સતિ સહોદર ભૂપતિ! મહાત્માઓ કહે છે કે " એક નારી સદા બ્રહ્મચારી " તેમ આપણા સતશાસ્ત્રોનું પણ તેમજ કહેવું છે રાજન્! સાંભળો મને આ સમયાનુકુળ એક દૃષ્ટાંત યાદ આવ્યું છે કે જે સાંભળતાં તમારા મનનું પોતાની મેળેજ સમાધાન થશે, અને બ્રહ્મચર્યનો અદ્ભુત મહિમા પણ સમજાશે. (વાલ્મિક રામાયણ આરણ્ય) એક વખત જ્યારે શ્રીમન્

પરમાત્મા સત્‌ચિદાનંદ શ્રી રામચંદ્રજી પીતાના વચનને સત્ય કરવા (પાળવા) લક્ષ્મણજી તથા મહા સતિ સીતાજી, સહવર્તમાન અરણ્ય (વન) માં વાસ કર્યો હતો ત્યારે એક દિવસ લક્ષ્મણ અને સીતાજીને એક વૃક્ષની નીચે બેસાડી પોતે શીકાર કરવા પાસેના જંગલમાં પણ જરા દુર ગયા. ત્યાં તેમને વિચાર આવ્યો કે, (તેઓ સર્વજ્ઞને તો કાંઈ વિચાર કરવાપણું કે આ શંકા લેવાપણું નથી. પણ તે બાને જગતને સમજાવવા અને યથાવત્‌ મનુષ્ય દેહ ધર્યો છે તેની ક્રિયા બતાવવા માટે જ) કે યૌવન અવસ્થામાં રહેલા લક્ષ્મણ અને સીતા એ બંનેને એકાંતમાં મુકેલાં છે. શું તેઓના હૃદયમાં કંઈપણ વિકારરૂપ દોષ જરાએ ઉપજતો નહીં હોય? એક તો કામ અતિ દુરજ્ય છે. વળી તેને સહાયક એકાંત મળે તો અનર્થ કેમ ન થાય? થાય જ. આમ વિચારી તેઓનું નિરીક્ષણ કરવાને રામચંદ્રજી હંશ (પક્ષિરાજ) નું સ્વરૂપ ધરી જે વૃક્ષ નીચે તેઓને મુક્યા હતા ત્યાં આવી તે પર બેઠા, આ વખતે લક્ષ્મણજીની જમણી સાથળપર માથું રાખી સીતાજી સુતેલાં હતાં અને લક્ષ્મણજી મનોગત વિચારોમાં લીન થયેલા જણાયા. તે જોઈ વૃક્ષપરથી હંશ સ્વરૂપે રામચંદ્રજી બોલ્યા, હે લક્ષ્મણજી મારા વચનોનો ખરેખરો જવાબ આપો એમ કહી નીચે પ્રમાણે ચાલુ કર્યું. હંશ કહે છે,

पुष्पंदृष्ट्वा फलंदृष्ट्वा दृष्ट्वा स्त्रिणांच यौवनं।
स्त्रिणीरत्नानि दृष्ट्वैव कस्यनोचलते मनः॥

પુષ્પને જોઈ, ફળને જોઇ અને સ્ત્રીના યૌવનને જોઈ કોનું મન ચલાયમાન થતું નથી ? આ સાંભળી લક્ષ્મણજી બોલ્યા. પક્ષિરાજ સાંભળ,

पिता यस्य सुचिर्भुतो माता यस्य पतिव्रताः।
उभाभ्यां यस्य संभूतो तस्य नोचलते मनः॥

જેનો પિતા મહા પવિત્ર છે. માતા પતિવ્રતા અને સતિ છે. એવા ઉભય દંપતિથી ઉત્પન્ન થયેલો હોય તેનું મન કોઈ દહાડો પણ ચલાયમાન થતું નથી. હંશ કહે છે કે,

अग्नीकुंड समानारी घृत कुंभ समोनर।
जानु [illegible] पयसाचे क[illegible]नो चलते मनः॥

અગ્નિના કુંડ જેવી સ્ત્રી છે. ઘૃતના ઘડા જેવો પુરૂષ છે, પારકી સ્ત્રી સાથળપર સુતેલી છે છતાં કોનું મન ચલાયમાન થતું નથી. લક્ષ્મણ–

मनोधावति सर्वत्र मदोन्मद गजेंद्रवत् ।
ज्ञानांकुशे समुत्पने तच्चनोच्चलते मनः ॥

મન મહા મદોન્મદ હાથીના જેવું (હાથમાં ન રહે તેવું છે પણ જ્ઞાન રૂપ અંકુશ જેની પાસે છે તેનું (હાથી રૂપ) મન કદી પણ ચલાયમાન થતું જ નથી. આ તેમના પ્રતિ ઉત્તરથી સંતોષ પામેલા સાક્ષાત્ નારાયણાવતાર શ્રીરામે હંસના સ્વરૂપનો ત્યાગ કરી પોતાના ખરા સ્વરૂપે લક્ષ્મણજીના આશ્ચર્ય વચ્ચે પરમ પ્રભુ લક્ષ્મણજીના ચરણમાં દંડવત્ (લાકડીની પેઠે પડી) પ્રણામ કરી અને બોલ્યા. રામચંદ્રજી કહે છે–

अहो लक्ष्मण महाबाहु सौमित्रायाश्च नंदनः ।
इक्ष्वाकु कूलोत्पन्न "ब्रह्मचारी" नमोनमः ॥

હે મોટી ભુજાવાળા લક્ષ્મણ, હે સુમિત્રાના (સુશીલ) પુત્ર ઇક્ષ્વાકુ રાજાના કુળમાં ઉત્પન્ન થયેલા (રત્ન) હે "બ્રહ્મચારી" હું તમને નમસ્કાર કરૂં છું. આવું આશ્ચર્યજનક પ્રભુનું કર્તવ્ય જોઇ લક્ષ્મણજી બોલ્યા, વડીલ બંધુ આ શું ? આવું આજે વિપરિતાચરણ કરી મને દોષિત શા માટે બનાવ્યો ! આપણા રઘુવંશીની એવી રીત નથી કે નાના ભાઇને વડીલ બંધુ ક્યારે પણ પ્રણામ કરે. આ સાંભળી તેના મનનું સમાધાન કરતા રામચંદ્રજી બોલ્યા. લક્ષ્મણ ! આ પ્રણામ મેં કાંઇ તમને કર્યાં નથી પણ તમારા પાલન કરેલા જગતપૂજ્ય પરમ પવિત્ર 'બ્રહ્મચર્ય'ને કર્યાં છે.

રાજ્યભ્રાતા ! આ ઉપરથી સિદ્ધ થાય છે કે કદી પરણેલો પણ એક જ પોતાની સ્ત્રીનું નિયમિત સેવન કરનારો અને બીજાની સ્ત્રીને પોતાની સહોદરા સમજનારો તે ખરો 'બ્રહ્મચારી' ગણાય. કેમકે લક્ષ્મણજી પરણેલા હતા છતાં પરસ્ત્રીમાં તદ્દન અનાસકત હોવાથી શ્રીમન્ રામચંદ્રજીએ તેમને બ્રહ્મચારી કહી પ્રણામ કર્યાં. આ દૃષ્ટાંત પરથી બ્રહ્મચર્યની શું મહત્તા છે તે પણ આપ સમજ્યા હશો ? જેને સાક્ષાત પ્રભુ રૂપ રામચંદ્રજીએ " જગત્ પૂજ્ય પરમ પવિત્ર બ્રહ્મચર્યને નમસ્કાર કરૂં છું" એ તેની મહત્તા શું ઓછી

ગણાય ? શું તેમાં અગાધ સામર્થ્ય હશે કે તેણે સર્વજ્ઞ પરમાત્માને પણ નમાવ્યા. ધન્ય છે તેને કે જેણે એવા પવિત્ર વ્રતને ધારણ કર્યો છે. હે રાજન! આ દુનિયામાં પોતાનું સારૂં ચાહનાર દરેક મનુષ્યે પોતાની સ્ત્રી સેવાય અન્ય સ્ત્રીઓને પોતાની માતા પ્રમાણે માની સ્વધર્માચરણ કરવું જોઇએ. તેમ ન કરનાર ભલે ધનવાન હોય, વિદ્વાન હોય કે કુળવાન હોય, ભલે રાજા કે મહારાજા હોય તોપણ આ જગતમાં કલંક રૂપ કાળો ડાઘ લઈ પરલોકમાં 'રૈરવ' અને કુંભીપાકની દુ:ખદ યાતના ભોગવે છે. જુવો સ્વર્ગના રાજા ઈંદ્ર સરખાને પણ અહલ્યા પર કુદ્રષ્ટી કરતાં સહસ્ત્ર ભઈ થઈ કલંકીત થવું પડયું. ચંદ્ર જેવાએ પર સ્ત્રીના પ્રસંગને પામી ક્ષય રોગના ભોગ થયા અને ચાલુ જમાનામાં પણ તેવા દુષ્ટ કર્મ કરનારની અધોગતિ થતી ઘણે ઠેકાણે આપણા જોવામાં આવે છે એ દુષ્ટ દુરાચારને આધીન થયેલા નીચ જનો માતા પિતા અને સદ્‌વિદ્યાને લજાવે છે. ઉત્તમ કુળને ઉતરતી પંક્તિમાં લાવે છે તેમ પોતાની કીર્તિ અને લક્ષ્મીનો નાશ કરી અંતે પોતે પણ ઘણે ભાગે યુવાવસ્થામાંજ વિનાશ પામે છે. આવા નીચ કર્મ કરનાર નરાધમો અને નાદાન બાળાઓના ઘણો વખત અપમૃત્યુ જ થાય છે. કેટલાકને જંગલમાં કે શહેરના મધ્યચોકમાં શસ્ત્રથી મારી નાંખે છે કોઈનાં નાક કપાય છે તો કોઈ ઝેલ જાત્રાએ જાય છે. કોઈ કુવા વાવમાં પડી પોતાના પ્રાણ આપે છે ત્યારે કોઈ ઝેર જેવી પ્રાણઘાતક વસ્તુ ખાઈ પોતાની અધમકૃતિનાં ફળ ભોગવે છે. ભોજ ભ્રાતા!! આવો ઉત્તમ મનુષ્ય જન્મ પામી શા માટે પોતાની અધોગતિ કરવી ? આવા અનેક દાખલાઓ જાણવા અને જોવા છતાં અજ્ઞાન વ્યક્તિઓ આંધળાઓની પેઠે એજ માર્ગે દોરાય છે. એના જેવી બીજી અધમતા કઇ ગણાય. રાજ્ય પિતા! થોડામાંજ ઘણા અર્થનો સમાવેશ કરી વારંવાર વિચારી તે અનુસાર ચાલી તમારૂં શ્રેય કરો અને ઉત્તમતા પામો. "સુજ્ઞેસુ કિંમ્બહુના"

સતિ બ્રહ્મપુત્રીના બોધક અને હિતકર વચનો સાંભળી, પરમ સંતોષ પામેલો ભોજ રાજા વિનીતભાવે પ્રણામ કરી બોલ્યો, મને કલ્યાણનો રસ્તો બતાવનાર માતા સમાન મહા સતી મારા પહેલાંના મોહક વિચારો વિષે

ને ઘણો પસ્તાવો થાય છે. મને કુમાર્ગથી અટકાવનાર પંડિતા આપે મારા
. મહદ્ ઉપકાર કર્યો છે. હું આજથી સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે પારકી સ્ત્રીને
માતા સમાનજ ગણીશ. અને મારી થયેલી ભૂલને સુધારીશ. ભાગ્યવંત
ગ્ન દુહિતા ! આપના વાક્યરૂપ અનંત પ્રકાસે મારા આંતરીય ઘોર અંધ-
રને જડ મુળથી ઉખેડી નાંખ્યું છે. હું આજે ભાગ્યવંત બન્યો છું. સત્સંગનો
પૂર્વ ચમત્કાર આજે મેં પૂરો અનુભવ્યો છે. આજથી તમે મારી સગી
હેન છો. હું રંક ભ્રાતા આપને યત્કિંચિત ભેટ મોકલાવું તે સ્વીકારી મારા
ર ઉપકાર કરશો.

આ સાંભળી સતી બોલ્યાં રાજ્યભ્રાતા તમને મારા કેહેવાથી કંઇપણ
ભ થયો હોય તો મને તમારી સઘળી ભેટ પ્રાપ્ત થઇ છે એમ માની લેશો,
મે ઉભય દંપતિ તૃષ્ણારૂપ અગ્નિના પરાભવથી હજી લગણ પ્રભુ કૃપાએ
ચેલા છીએ. યદૃચ્છાએ જે મળે તેના પર અમને ઘણો સંતોષ છે. જેથી
ઈ દહાડો પણ દુઃખનો અનુભવ અમને થતો નથી. "સંતોષં પરમં સુખં"
. વાક્ય સંપૂર્ણ ખરૂં છે. એ અમે જાતી અનુભવથી સિદ્ધ કર્યું છે. વળી
ન એક એવી વસ્તુ છે કે વિરાગ અને વિજ્ઞાનમાં વિક્ષેપ પાડે છે. ધનની
પ્તિ પછી લોભની સત્તા વધે છે, ધનથી અહંકારનો આાવર્ભાવ થાય છે.
નમાં લુબ્ધ બનવાથી કાલે કરી કૃતવ્ય શુન્ય થવાય છે. પોતાનાં સત્કૃત્યોને
લી જવાય છે અને ધન પ્રાપ્તિ પછી દ્વેષબુદ્ધિ વધે છે. માટે એ ધનની
ટ લેવીજ શા માટે જોઇએ ! કર્માનુસાર નિર્વાહ માર્ગ પોતાની મેળેજ વહન
ય છે તો પછી વધારેમાં શા માટે પડવું.

બ્હેન મારી નમ્ર પ્રાર્થના સ્વીકારવી કે નહીં તે આપના હાથમાં છે.
કદ્રષ્ટીમાં ભલે એક વિસાળ રાજ્યનો માલીક મને જાણે, પણ જ્ઞાન દ્રષ્ટીથી
આપનો રંક ભાઇ છું તેની નજીવી ભેટ સ્વિકારવી કે નહીં તે તમારી
ચ્છાને આધિન વાત છે. પણ દેવી ! ધનમાં આપે વર્ણવેલા દોષો છે. માનો
તેથી પણ અધિક હશે, પણ તેનો આવિર્ભાવ આપના જેવા સાક્ષર અને
ધર્મોત્સાહી દંપતિને પરાભવ કરી શકતા નથી, એ બધા તેના ઉત્પાતોથી
જ્ઞાનદશામાં પડેલા મંદબુદ્ધિ વાળા મનુષ્યોનેજ પરિતાપ થાય છે. તેથી આ
પર દયા લાવી રંક ભેટ સ્વીકારી કૃતાર્થ કરો.

સતિએ ભોજ રાજાનો અત્યાગ્રહ જોઈ કહ્યું વારૂ રાજ્ય બંધુ પણ હું મારા પતની આજ્ઞા સિવાય કંઈપણ કામ કરી શકતી નથી. માટે તમારા પંડિતની ઇચ્છાને અનુસરી તેઓ કહે તો આપજો. આ સાંભળી આનંદ પામી ભોજ રાજા પોતાને ઘેર આવ્યો અને પંડિતને બોલાવ્યા, અને પોતાના કર્તવ્યની તેઓના પાસે માફી માગી અને સારો સત્કાર કરી ઘણુંજ દ્રવ્ય આપ્યું. આ સતિના સદ્બોધથી તેણે પોતાના મનો વેગને મોહ માર્ગમાંથી અટકાવી, દુષ્ટ વિષયોત્પન્ન દુરાચરણોનો ત્યાગ કર્યો. અને આ જગતમાં યશ મેળવી અંતે પોતાનું કલ્યાણ સાધી ઉત્તમ ગતિને પામ્યો. ગ્રહસ્થો અને પ્રિય બ્હેનો ? મનુષ્ય અને સ્ત્રીની શું ફરજ છે તે આ ગત વિષય પરથી સમજાયું હશે. એક પતિવ્રતની કેવી અપૂર્વ સત્તા છે તેમ સતિત્વના સામર્થ્યની પણ સમજણ આવી હશે, અને આ ખોટા મોહજાનત વિષયોમાં લોભાવાથી કેવા દુઃખની પ્રાપ્તિ થાય છે એ તો કહેવાયું. હવે વિશેષમાં બે બોલ કહેવા છે તે સાંભળો કે સ્ત્રીઓના ભ્રષ્ટ થવાનાં શું કારણો છે તે વિષે વિષ્ણુશર્મા કહે છે કે,

स्वातंत्रं पित्र मंदिरेच वशतिर्यात्रोत्सवे संगति।
गोष्टि पुरुष संनिधाव नियमो वासो विदेसे तथा॥
संसर्गः सह पुंश्चलीभिस्र्कध्वृते निजायाक्षतिः।
पत्यवार्धकमि पसितं प्रवसनं नासस्य हेतु स्त्रिया॥

૧ સ્વતંત્રતા—પોતાની મરજી પ્રમાણે બહાર ફરવા જવું તે શુદ્ધ બાળાને ભ્રષ્ટ થવાનું કેમકે,

भ्रमनूसं पुज्यते राजा भ्रमनूसं पूज्यतेधनि।
भ्रमनूसं पूज्यते विद्वान स्त्रिभ्रमन्ती विनस्यति॥

બાહાર ફરવાથી રાજા ધનવાન અને વિદ્વાન પુંજાય છે પણ સ્ત્રી (સ્વતંત્ર થઈ ફરવાથી પોતાના ધર્મથી) ભ્રષ્ટ થાય છે. જે સ્ત્રીને પોતાના કલ્યાણની ઇચ્છા હોય તેણે મરજી મુજબ જ્યાં ત્યાં કદી પણ ભટકવું નહિં કેમકે સ્ત્રીઓનું મન દૃઢ ન હોતાં નિર્બળ છે, તેને ફેરવનાર કોઈ કામાંધ પાપી યત્નવડે ફેરવી શકે છે. તેઓના સંસર્ગ સ્વતંત્રતાથી થાય પણ મર્યા

દમાં રહેવાથી થતો નથી માટે મર્યાદશીલ રહેવું. તેમ ન કરનાર ભલે કુળવાન બાળા હોય તો પણ નષ્ટ ભ્રષ્ટ બને છે. ૨ પરણ્યા પછી પીતાને ઘેર ઘણું રહેવું તે. ૩ મનુષ્યોના મેળાવડામાં કે ઉત્સવમાં એકલા જવું તે. ૪ પર પુરૂપથી છાની છાની વાતો કરવી તે. ૫ મર્યાદ મુકી વર્તવું તે. ૬ જે સ્ત્રીનો પતિ વિદેશમાં વધારે વસતો હોય તે. ૭ વેશ્યા જેવી નિર્લજ સ્ત્રીઓની સોબતથી. ૮ પોતાના ભરણ પોષણની ચિંતા હોય તે. ૯ પતિની વૃદ્ધાવસ્થા કજોડું. ૧૦ મરજી પ્રમાણે પ્રવાસ, એ દશ કારણોને લઈ સ્ત્રીઓનું મન દુષિત થાય છે તેથી કેટલીક કુળવાન કુલાંગનાઓ પણ પતિત થઈ ઉભય (સાસરા અને પીતાના) પક્ષને કલંકીત કરે છે. માટે એ દશ દુષણોથી સદ્‌ગુણી સ્ત્રીઓએ બચવું જોઇએ અને તેમના સહાયકોએ પણ તેમ ન થવા દેવા પોતાથી બનતું કરવું જોઇએ.

જે સારા કુળમાં જન્મેલી સુશીલા હોય, જેને પતિ ધર્મમાં પ્રેમ હોય ક્ષણીક સુખમાં લપટાઈ ઉજ્વળ કીર્ત્તિને કલંક રૂપ કાળો ડાઘ ન લાવવો હોય, અનુકરણીય થવું હોય, પોતાનો ઉભય પક્ષ શોભાવવો હોય, ઘોર નરકની અધમ યાતના ન ભોગવવી હોય, સદ્‌ગુણી સ્ત્રીઓની પોથીમાં પોતાનું નામ નોંધાવી કૃતાર્થ થવું હોય, વંદનીય અને દર્શનીય થવું હોય તો આર્ય બાળાઓ તમે જરા પણ શીયળ સંહારક થશો નહીં. પોતાના પતિને પુજ્ય ભાવે પ્રભુ રૂપ માની તેનું સેવન કરો. કેમકે તમારો ગુરૂ તે છે. તમારો પરમેશ્વર છે. તમારી ઉત્તમ ગતી રૂપ ઉદ્ધારક—તારનાર તે છે માટે તેનેજ સેવો. આ મારા કહેવામાં જો આપને કંઈ સંશય હોય તો સાંભળો કે પતિવ્રત્તા ધર્મમાળામાં શું કહે છે:—

तीर्थे स्नानार्थिनी नारी पति पादोदकं पिबेत् ।
शंकरादपि विष्णोर्वा पतिरेवाधिकः स्त्रियाः ॥

સ્ત્રીને તીર્થ સ્નાન કરવાની ઇચ્છા થાય તો સ્વામીના પગ ધોઈ પીએ (તેથી તેને બધા તીર્થનું ફળ મળી જાય છે) સ્ત્રીને પોતાનો સ્વામી શંકર અને વિષ્ણુથી પણ અધીક છે વળી કહે છે કે:—

भर्तादेवो गुरुर्भर्ता धर्मं तीर्थं व्रतानिच ।
तस्मात्सर्वं परित्यज्य पतिमेकं समर्चयेत् ॥

સ્રીને પતિ એજ દેવ, એજ ગુરૂ, એજ ધર્મ, એ તીર્થ, અને એજ વૃત્ત છે માટે સઘળું મુકી દઇને પતિનું એકલાનુંજ પુજન કરવું. વળી "વૃદ્ધ હારીત સહિતામા" કહે છે કેઃ—

पतिशुश्रूषयैव स्त्री कानलोकान् समश्नुत ।
दिवः पुनरिहायाता सुखाना मम्बुधिर्भवेत् ॥

પતિની સેવના કરવાથા સ્રી કયા લોકને પામતી નથી? (ઉત્તમ લોકને પામે છે) કદાચ સ્વર્ગમાંથી આ લોકમાં આવી તો પણ તેને સુખ સમુદ્ર પ્રાપ્ત થાય છે. સજ્જનો પતિવ્રત્ત એ સ્રીનું મોટામાં મોટું તપ છે. પણ તે સારી રીતે પાળવામાં આવે તો તે પાળનાર સ્રી પોતાના એ લોક સુધારી કૃતાર્થ થાય છે. પણ તેથી પ્રતિકુળ વર્તનાર ઘણીજ અધોગતી મેળવે છે. તે વિષે વિદ્વાનો કહે છે કેઃ—

उक्ता प्रत्युत्तरं दद्यान्नारी क्रोधेन तत्परा ।
सरमाजायते ग्रामे शृगाली निर्जने वने ॥

પતિ કંઇ કહે, તેનો સામો ઉત્તર ક્રોધથી આપવા જે સ્રી તત્પર થાય છે તે સ્રી (ઇતર જન્મમાં) ગામની કુતરી, અને નીરજન વનમાં શીયાળવી અવતરે છે. માટે સ્રી જાતિનું પતિવ્રત્ત નામનું તપ જે (સ્રી જાતીથી બીજાં સાધન કરતાં) સહેલાઇથી બની શકે તેવું અને સત્ શાસ્રોએ કહેલું અવશ્ય આચરવું જોઇએ. કોઇને આશ્ચર્ય થાય કે સ્રી પોતાના ધર્મને પાળે તેમાં તપ તે શું ગણાય? તે તો તપ અવસ્ય ગણાય કેમ ન ગણાય? એમાં મનોનીગ્રહની ઘણી જરૂર પડે છે. વાણીને પણ વિચારીનેજ બોલવી પડે છે. તેવા તપને આચરનાર સતીના માત્ર પ્રેમની હદ નથી બાકીના દરેક કાર્યની હદ હોય છે. તે વિષે વિદ્વાનો કહે છે કેઃ—

संचारोपति मन्दिरावधि सखीकर्णावधि व्याहृतं ।
चेतः कान्तसमीहितावधि महामानोपि मौनावधिः ॥

हास्यं चाधर पल्लवावधि पदन्यासा वधि प्रेक्षितं ।
सर्वं सावधि नावधिः कुलभुवां प्रेम्ण परं केवलम् ॥

સાધ્વી સ્ત્રીનું જવું આવવું પોતાના સયન ગ્રહ સુધીજ હોય છે. બોલવાનો અવાજ પણ પોતાની સખીઓ સાંભળે તેટલોજ હોય, એનું મન ધણીના સુખમાંજ પ્રવર્ત હોય. એનું મોટામાં મોટું માન મૌન ધારણ કરવામાંજ છે. હસવું પણ હોઠમાંજ હોય. નજર પણ પોતાના પગ સુધીજ. આ પ્રમાણે તેનું સર્વે નિયમ વાળું હોય છે પણ એવી સારા કુળમાં ઉત્પન્ન થયલી સુશીલાના પ્રેમની ફક્ત સીમા નથી. વળી તેવી મનોનિગ્રહ વાળી સ્ત્રીઓ જેમ યોગી લોકો વિષયો પ્રતિ નિવૃત્તિ પામી અચળ થઇ કદી વિકાર પામતા નથી, અને તેથી તેઓ પરમ તત્વને પામે છે. તે પ્રમાણે તેઓની વૃત્તિ પણ નિશ્ચળ થાય છે અને તેથીજ અપાર સુખને તેઓ પ્રાપ્ત કરી શકે છે. અને તે માટે કહે છે કેઃ—

सकामं वीक्षितोप्यन्यः प्रिय वाक्यै प्रलोभिता ।
स्पृष्टा वाजन संमर्दे न विकार मुपैतिया ॥
यावंतो रोम कूपाः स्युः स्त्रीणां गात्रेषुनिर्मिताः ।
तावद् वर्ष सहस्त्राणि नाकं सापर्युपासते ॥

બીજો પુરૂષ મોહથી સામે જુએ, મધુર વચને લોભ પમાડે, માણસોની ગરદીમાં સ્પર્શ કરે, છતાં જે સ્ત્રી વિકાર ન પામે, તે સ્ત્રીના શરીરમાં જેટલાં રૂંવાટાના છિદ્ર છે, તેટલા હજાર વર્ષ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે આવા અનંત પ્રમાણોથી સિદ્ધ થાય છે કે સ્ત્રીઓને પતિ સેવા જેવા હીતકર માર્ગ એક પણ નથી. અને વિધવા સ્ત્રીઓને પોતાના શિયળનું બરાબર સંરક્ષણ કરી પ્રભુ ભજનમાં દિવસ નિર્ગમન કરવા; પણ પવિત્રતાને ખામી લાગે તેવી અંધઃશ્રદ્ધા ધારણ કરવી નહીં. કારણ કે તેમ કરવાથી પુન્ય બદલે કલંક અને પાપ બન્ને સાથે પ્રાપ્ત થાય છે. હાલે તેનું ઘણું ઠેકાણે જેવામાં આવે છે; "અરે ઓ પેલા મહાત્મા આવ્યા છે ચાલો તેના ચર્ણ સ્પર્શ કરી પવિત્ર બનીએ" "આ પેલી અડભંગદાસની મંડલી આવી તેની જુઠ પ્રસાદી જમી આ અપવિત્ર દેહને પવિત્ર કરીએ" એવા ઘણાં ઉદ્ગારો અને

વિચારો આવે છે. તે સ્ત્રી ધર્મને બરાબર ન સમજી શકવાનું કારણ છે. કેમકે પર પુરૂષના ચર્ણ સ્પર્શ કરવાનો સ્ત્રીઓને અધિકારજ નથી. વળી જે મહાત્માઓ સ્ત્રીઓને પોતાના ચર્ણ સ્પર્શ કરવા આપે છે, તે મહાત્મા પણ નહી. જે સંત અને મહાત્મા કહેવાને જોગ છે, તે સ્ત્રીઓ તો નહીં, પણ કાષ્ટની પુતળીનો અચાનક સ્પર્શ થવાથી અપવાસ કરે છે. પોતાના આશ્રમને સુધારવા તેઓને એટલું બધું કરવું પડે છે; ત્યારે સ્ત્રીઓની પાસે ચરણ સેવન કરાવનારને મહાત્મા કેમ કહેવા તે સમજી શકાતું નથી. વળી જુઠ પ્રસાદી લેતાં પેલાં વિચારવું જોઇએ કે, પહેલાં તો વર્ણાશ્રમનો ધર્મ જે વેદ પ્રણીત છે, તેનો સમુળથી નાસ કરી પવિત્ર થવા જતાં ભ્રષ્ટ બનવું પડે. કારણ કે વાટયો ઓસડ ને મુંડયો જોગી તે આખા મંડળીમાં રબારી, ભરવાડ, ઘાંચી, મોચી, વાળંદ કે વાણીઓ, ક્ષત્રી કે બ્રાહ્મણ છે, તેની કોણ ખબર જાણવા જાય છે- તેમ હાલ કળીકાળમાં વૈરાગ પામીને તો વિરલાજ ભેખ ધરે છે બાકીના તો એ રાગીજ હોય છે કે જેના હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહની સળગતી અગ્નિ પ્રાણાંતે પણ શાંત થતી નથી. એક વિદ્વાન વૈરાગ્યને માટે અપશોષ કરતાં કહે છે કેઃ—

गीता पुस्तक हाथ साथ विधवा माला विसाला गले।
गोपीचंदन वंदीतं सललीतं कठस्थ भाले स्थले॥
वेरागी रबवा कुमार पट घा धोबा धुना ढीमरा।
हा!! वैराग्य कुतोगता कलीयुगे स्वप्नेपिनां दृस्यते॥

ગીતાજીનું પુસ્તક હાથમાં છે: અને (એ ચાર) વિધવાઓ પણ સાથે હોય. વળી ગોપીચંદનના તીલક સુંદર લાગે તેવા બનાવી બનાવી ને કંઠમાં અને કપાળમાં કર્યા હોય. એવા વૈરાગી નહીં પણ એ રાગી તે કોણ કે રબારી, કુંભાર, વાળંદ, ધોબી, પીંજારા, અને ઢીમર, વગેરે (ભેખ ધારી ઘણે ભાગે જોવામાં આવે) છે અહ!! હા!!! વૈરાગ્ય તો આ કલીકાળમાં ક્યાંએ ચાલ્યો ગયો છે કે તે સ્વપ્નમાં પણ જોવામાં આવતો નથી. આ કવીએ કદી અતિશયોક્તિ કરી હોય, પણ તેનું કહેવું ઘણે અંશે સાચુંજ છે. એમ ખરૂં જોવાવાળા જાણી શકે છે. કેમકે ખોટાનાં પ્રમાણ કરતાં સાચા

મહાત્મા આ જમાનામાં બહુ થોડે ભાગે જોવામાં આવે છે. તેથી પોતાની અધોગતિ ન કરવા પવિત્ર આય બાળાઓએ અતી ધ્યાન આપવું જોઇએ. અને સ્વાર્થ સાધક આંતરીક સુદ્ધતા વિનાને કુટીલ હૃદયના જે કહેવા માત્ર માહાત્માઓ અને સંતો હોય તેનાં વ્યર્થ વચનો પર કુદી પડી વગર વિચારે કદી પણ પોતાનું અકલ્યાણ કરશો નહીં. પણ ભગવતી શ્રુતિનાં તેમજ નિસ્પૃહતા વાળા મહાશયોનાં વચનો ને વારંવાર મનન કરી સ્વધર્મને જાણો કે સદા આ સંસારમાં તમારો જય થાય. અને અંત સમય પણ ઉત્તમ ગતી મેળવવા ભાગ્યશાળી બનો. સ્ત્રીઓને માટે બોલાતા પ્રચલીત હલકા શબ્દોથી મુક્ત થાઓ. પૂર્ણ પતિવ્રત્તને પાળવાથી મહા પુરૂષો તો શું પણ દેવો સરખાએ તમારી બરોબરી કરી શકવાને સમર્થ થશે નહીં તે વિષે એક પદ સાંભળો.

રાગ ધનાશ્રી.

નહીં કોઇ નારી સમાન, જગતમાં કોઇ નહીં કોઇ નારી સમાન;
હરીશ્ચંદ્ર રઘુ રામ કૃષ્ણ ભડ, ભીષ્મ નારી સંતાન જગતમાં.
જ્ઞાની ભક્ત પરાક્રમ શાળી, નર રત્નોની (જે) ખાન જગતમાં.
વેદ વંદના જોગ વખાણે, શુદ્ધ વનીતાઓ સુજાન જગતમાં.
દેવો દરસન કરવા ઇચ્છે, ભાગ્યવંત સતી ભાન જગમાં જગતમાં.
મન ક્રમ વચને પાળે પતિવ્રત્ત, તેનું થાય કલ્યાણ જગતમાં.
ગંગાજળ સમ નીર્મળ થઇને, પામે ઉત્તમ સ્થાન જગતમાં.
સત્ય સ્વધર્મ સજીને સ્નેહે, પતિ સમજે નીજ પ્રાણ. જગતમાં.
રેવાશંકર તે સતીઓના, વંદે ચરણ મતીમાન જગતમાં.

ભારતવર્ષની પવિત્ર ભુમીમાં ઉત્પન્ન થયેલી ભૂદેવીઓ સારૂં કે ખરાબ પવિત્ર કે અપવિત્ર સુદ્ધતા કે મલીનતા યશ કે અપયશ જ્ઞાની કે મુર્ખ સતી કે કુલટા અધોગતિ કે ઉત્તમ ગતી સ્વર્ગ કે નર્ક વગેરે જે મેળવવું તે પોતાનેજ આભારી છે. માટે દરેક સ્ત્રી કે પુરૂષને પોતાનું ચરીત્ર સુધારવાની જરૂર છે. હવે પતિવ્રત્તા કોને કહેવી તે વિષે વિદ્વાનો કહે છે કેઃ—

भुक्ते भुक्ते यथा पत्यौ दुःखिते दुःखिताचया।
मुदिते [illegible]स्वर्थ प्रोषिते मलीनांबरा॥

नान्यं कामयते चित्ते सा विज्ञेया पतिव्रता।
भक्ति श्वशुरयोः कुर्यात्पत्युश्चापि विशेषतः॥

પતિ જે ભોજન કરે તે પોતે કરે, પતિને દુઃખે દુઃખ અને સુખે સુખ માને પતિ પરદેશ ગયો હોય ત્યારે ઉજળાં વસ્ત્ર પહેરે નહીં; મનમાં પર પુરૂષની કામના ન કરે, સાસુ સસરાની ભક્તિ કરે, અને સ્વામીની ભક્તિ વિશેષે કરીને કરે, તેને પતિવ્રત્તા જાણવી.

कुरुपोवा कुवृतोवा सुस्वोथवै पतिः रोगान्वितः ।
पिशाचो वा क्रोधनोवाथ मद्यपः ॥
वृद्धो वाप्य विदग्धो वा मूकोऽधो बधीरोपिवा।
रौद्रोवाथ दरीद्रोवा कदर्यः कुत्सितोपिवा॥
कातरः कितवोवापि ललना लंपटोपिवा ।
सततंदेव वत्पूज्यः साध्व्या वाक्कायकर्मभिः ॥

પતિ કદરૂપો, દુરાચરણી, સારા સ્વભાવનો, રોગી, પીશાચ જેવો, ક્રોધી, દારૂડીઓ, ઘરડો, અક્કલહીણ, મુંગો, આંધળો, બેહેરો, વિકરાળ, દરિદ્રી, કદર્ય, નિંદિત, બીકણ, કપટી, કે પર સ્ત્રી લંપટ હોય. તથાપિ પતિવ્રત્તા સ્ત્રીએ વચન, દેહ, અને કર્મે કરી નીરંતર તેને દેવ સમાન પુંજવો. પણ તેમાં અભાવ કદીએ લાવવો નહીં અ પ્રમાણે ચાલનાર સ્ત્રી તે સ્ત્રી નહીં પણ શુદ્ધ પતિવ્રત્તા દેવીજ સમજવી સ્વામી ગમે તેવો હોય પણ તેની અવજ્ઞા રૂપ દોષ સ્ત્રીને ઇતિર જન્મમાં એ પરીતાપ કરનાર થાય છે તે વિષે કાત્યાયન સ્મૃતિમાં કહે છે કે:—

दरीद्रं व्याधितं मुर्खे भर्तारं यान मन्यते।
सामृता जायते व्याली विधवा च पुनः पुन॥

જે સ્ત્રી દરીદ્રી, વ્યાધિગ્રસ્ત, અને મુર્ખ ભરથારની પણ અવજ્ઞા કરે છે; તે મુવા પછી સર્પિણી થાય છે. અને તેને વારંવાર વિધવાપણું ભોગવવું પડે છે માટે સ્ત્રીએ પતિ એજ સર્વ શ્રેયનું સાધન છે; એમ ગણી તેની આજ્ઞાનુસારજ વર્તવું. અને મન કર્મ વચને, પુર્ણ પતિવ્રત પાળી પોતાના જન્મનું સાર્થક કરવું. એ વ્રતથી મોટા યોગી લોકો પામી નથી શકતા તે ગતિને સ્ત્રી

પામે છે. અસ્તુ હવે સ્ત્રી અને પુરૂષોને તજવા જોગ દશ અવગુણ શુક્ર નીતિના ત્રીજા અધ્યાયમાં કહ્યા છે, તેને તજવાથી સર્વનું કલ્યાણ થાય છે તે સાંભળોઃ—

हिंसास्तेया न्यथाकामं पैसुन्यं पुरुषानृते ।
संभीन्ना लाप व्यापाद मभिध्या विपर्ययमम् ।
पापं कर्मेती दशधा काये वा ङमानसै स्तजेत ॥

કાયાથી થતા ત્રણ દોષ—૧ હીંસા, ૨ ચોરી, ૩ અગમના ગમન.

વાણીના ચાર દોષ—૧ ચાડી, ૨ કઠોર ભાષણ, ૩ જુઠું બોલવું. ૪ બકબકાટ કરવો.

મનના ત્રણ દોષ—૧ પરદ્રોહ ચિંતન–પારકું ખરાબ કરવાની ઇચ્છા કરવી તે. ૨ પરધનની ઇચ્છા. ૩ ઇશ્વિરમાં અનાસ્થા એમ મન, વચન, અને કાયાના મળી દશ દોષ પ્રયત્ન વડે દુર કરવા; કે જેથી સર્વેનું કલ્યાણ થાય. અને દરેક દંપતિએ પોતાના સ્વધર્મને પાળી પ્રભુ પરાયણ રહી, આ અસાર સંસારમાંથી એ મનુષ્ય જન્મ પામ્યાનો સાર મેળવવો. એ સુશીલ બેનો અને પવિત્ર ભાઇઓને મારી અગત્યની સુચના છે. ઇત્યોમ્

આટલું બોલી શાસ્ત્રી મહાશંકર વિરામ્યા કે ચારે તરફથી તેમને ધન્યવાદ અપાયા. આખી સભામાં પરમ સંતોષની લાગણી છવાઇ રહી. ભાનુંની કુથલી ભુલાઇ ગઇ. સર્વત્ર શાંતી પથરાઇ કે શાસ્ત્રીજીએ કથા ચાલુ કરી. તે તમામ સ્ત્રી પુરૂષોએ ઘણા ભાવથી શ્રવણ કરી. હરી કીરતન થયાં. ઉત્સવનો રંગ બરાબર જામ્યો, કૃષ્ણ જન્મના દર્શન પામી સદ્બોધ મેળવી પછી સ્ત્રી પુરૂષો પોતપોતાના સ્થાન પર ગયાં.

પ્રકરણ ૮ મું.

" વહેતા પ્રવાહમાં મણીનું પત્તન. "

કેમ સ્વામીનાથ ! ધનના વેગમાં દોડતા આપના ચિત્તને હવે શાંતી થઈ કે નહીં. રમા "પોતાના સ્વામીને સમજાવતાં બોલી."

તે વળી શું? તું હમેશ ડહાપણ ડોળી મારા કામ આડે આવે છે; પણ તને સાફ કહું છું કે તારે મણીના સગપણ વિષે મારા સામે ખોટી માથા ઝીક કરવી નહિ. એ કામમાં બૈરાં તે સું જાણે? "અર્થાવસલાલે ગુસ્સો બતાવતાં જવાબ આપ્યો." ત્યારે એકની એક પુત્રીને પૈસાના લોભે ઉંડા કુવામાં ઉતારો તે હું મુંગે મોડે સહન કરૂં કેમ! નાથ! આવી વૃત્તિ રાખવાથી આપણી અધોગતિ થશે પણ સારૂં કોઈ દહાડો થવાનું નથી. પુત્રીના ધનને આવતું જોશો, પણ જશે કેમ તેની તમને જરાએ ખબર પડશે નહિ. અને આખરે રખડતાં કંગાળ સ્થિતિનાં ભોગ બનવું પડશે. તેથી વિચાર કરો અને તમારી નજર પાસે એક વખત બેડીઓ પહેરી બજાર વચ્ચેથી ચાલનાર ખુની, વિશ્વાસઘાતી અને પુરા પ્રપંચીને પૈસાની લાલચે પરાધિન બની પોતાની ગુણવાન કન્યા પરણાવી પ્રીય પુત્રીના અવતારને બગાડશો નહિ. તેની આગળની પરણેતર કેવા ઉત્તમ કુળની અને ડાહી છોકરી, તે પણ તેના કુચ્છંદથી કંટાળી આખરે આત્મઘાત કરી છુટી. આપણી મણીનું પણ તમારે તેમજ કરવું છે. આપણી આવડી મોટી ન્યાતમાં, આ ધનવાનનો પુત્ર આજે ચાર પાંચ વરસ થયા વિધુરાવસ્થામાંજ રખડે છે. તેનું કાંઈ પણ કારણ હશે. તેનો ખ્યાલ જરા અંતરમાં ઉતારો; અને તમારા ખોટા ખ્યાલથી મુક્ત થાઓ.

તે તો બધુંએ હું જાણું છું; પણ તું ક્યાં જાણે છે કે "**सर्वागुणा कांचन माश्रयंति**" ગમે તેવો આરોપ આવ્યો હતો તેમાંથી એ છુટી આવ્યો કે નહીં. માટે પૈસાની શું સત્તા છે, તેનો જરા વિચાર કર. સદ્‌ગુણ હોય કે દુરગુણ હોય, તેનાથી શું! પૈસો હોય તો દુર્ગુણો પણ સદ્‌ગુણમાંજ ખપે છે. સુરેંદ્ર ભલે ગમે તેવો સારો અને સદ્‌ગુણી છે; પણ કેવી લાચાર હાલતમાં છે. તેના કાકાની રાજની નોકરી ગઈ; "માકુર" ગામ પણ ગયું; અને પોતે કાકાને સ્વાધિન થઈ રહેનારો તેમાં આપણું પાકે પણ શું! આ તો મોહન પોતે ગુમાનસિંહનો માનીતો, અને આખા રાજ્યમાં કરતા કરતા, વળી પૈસાનો પાર નહીં તેનાથી ઉપર ગુણો તારે શું જોવા છે. ને વધારેમાં (સ્ત્રીના કાનમાં કહ્યું) આપણું પણ રૂપીઆ પંદર હજારનું કામ થાય છે

અને રાજ્યમાં પણ માનીતા થવાય છે માટે તારી ચતુરાઈ જવા દે. " અર્થાવસલાલે દ્રવ્યાધિનતાથી સ્ત્રીને પણ લલચાવવી. "

બળ્યા તમારા એ પંદર હજાર મારે નથી જોઇતા. રાજ્યના માનની પણ જરૂર નથી, સત્યાનાશ જાય એ લેનારનું. એ અધમ ખુનીનેજ મારી " મણી " આપી કસાઇના હાથ સાજા કરવા હોય તો તમારા મનની ખરે ખરી ધારણા મને જણાવો, તો ગમે તે રીતે આ દેહનો અંત આણું; કે પછી દેખવું એ નહીં ને દાઝવુંએ નહિ. તે પાપીષ્ટ પૈસા મેળવી આ સંસારમાં ભલે તમેજ સુખી થજો; અને હજારો વરસ તેના ભોગ તરીકે કુંભીપાકની યાતના ભોગવજો. નાથ! મારો તમારી સાથે સામે બોલવાનો અધીકાર નથી; પણ પૈસાને વશ બની ઉંડા ખાડામાં ઉતરતા જોઈ સંતાપ પામી મારે પેટ બળતા તમને કહેવું પડે છે. રમાએ આંખોમાં પાણી લાવી પોતાનો બળાપો જણાવ્યો.

ત્યારે શું! પેલા કંગાલ જેવા સુરેંદ્રનેજ આપું કે? " અર્થાવસલાલે ઉશ્કેરાઈ જણાવ્યું. "

હા, તેનેજ આપો. તે વિદ્વાન છે, કુળવાન છે, નીતીવાળો છે, આજે ભલે સાધારણ સ્થિતિમાં છે તો શું થયું? પણ તેની વિવેકતા અને વિદ્યા, તેને વખત પર ઉંચ શિખર પર ચડાવશેજ. પ્યારા પતી તેમ તમે પંડિત જગન્નાથને વચન આપી ચુક્યા છો કે " પંડિતજી તમારા સુરેંદ્રને મારી મણી આપીશ માટે તમારે તેની ક્યાંયે તજવીજ કરવી નહિ. એવું મારી રૂબરૂ બોલ્યા હતા બોલો ખરૂં છે કે નહીં રમાએ આગળની યાદી આપતા કહ્યું.

એ ખરૂં છે; પણ એમ વખત પર બોલાઈ જવાથી સગપણ નક્કી થતું નથી. તે વખતે તેની સત્તા સારી જોઈ મારે મોઢેથી કહેવાયું, તેનાથી કાંઈ હું બંધાયો એમ નથી. નાતને ચોપડે લાગો ચુકવી સગપણ કર્યું હોય તોજ ખરૂં કહેવાય. અર્થાવસલાલે હજુ પણ લોભમાં તણાતા કહ્યું.

ઠીક ત્યારે તમારા જેવાથી તો સગપણ કરનારે રજીષ્ટર સ્ટામ્પમાં લખાવી નક્કી કરવું જોઇએ. નહીં તો તમને કોઈ પૈસા આપે તો ફરી જાઓ ખરા.

સ્વામી ! ધર્માધર્મનો વીચાર કરીને તો બોલો; મોઢેથી તો શું પણ મનથી એ નક્કી કર્યું તો પુત્રી બીજે ઠેકાણે અપાયજ નહીં. તમારા બોલવા પ્રમાણે પુત્રી કાંઈ વેચાણની વસ્તુ નથી કે વધારે પેસા મળે ત્યાંજ આપવી ! પ્રીયતમ ! એમ કરનાર તો નરક નીવાશી થાય છે. તેમ આ દુનીયામાં પણ અપયશ અને કાળા કલંકને વહોરી પોતાની પુત્રીના જન્મને રદ કરે છે. માટે મીથ્યા સુખની જાળમાં ન સપડાતાં પરમાત્મા પાસે અખંડ સુખની આશા રાખો.

ભલા તું ઘણી જ્ઞાનવાન બને છે, પણ જો આપણી નાતમાં મોટા મોટાઓ પણ પુત્રીના દામ લઈ સારા માણસો થયા છે. તેમાં તેનું શું ઘટી ગયું: તે કહે.

હા, આપણી આખી નાતમાં પાંચ કે છ નર પીસાચોએ તેમ કર્યું છે. તેના પરીણામ શું સારા આવ્યા ! ત્રણ જણી તો પુરા બે વરસ ગયા નથી ને રંડાઈ બેઠી એકનો ધણી વંઠી ગયેલો હોવાથી ક્યાં બીચારી જંપીને પણ બેસી શકે છે ? અને તેમાંની પેલી તુલજારામની "વશી" એ પતિના દુઃખથા કંટાળી આત્મઘાત કર્યો. વળી તે માબાપો પણ ક્યાં સુખી થઈ બેઠા છે. કોઈ આંધળા થયા છે, કોઇના જુવાન છોકરાઓ મરી જવાથી નિર્વંશ બન્યા છે, ને કોઈ તો અસાધ્ય રોગથી આજ કેટલો વખત થયા પીડાય છે. માટે પ્યારા નાથ એ મૃગતૃષ્ણા જેવી આસાને તજી આપો તો ઘણું સારૂં.

હવે દ્રવ્ય લોભી અર્થાવસલાલને જરા સમજણ ઉતરી તેથી બોલ્યો. પ્રીય રમા તારૂં કહેવું સત્ય છે એ હું સમજ્યો પણ આપણી નાતમાં એવા દાખલા બનેલા હોવાથી મારૂં મન લોભમાં તણાયું, અને પૈસાના લોભે મેં શ્યામ હૃદયને કબુલાત આપી. અને તેણે ગઈ કાલે રૂપીયા સાત હજાર આપણી દુકાને પહોંચાડ્યા છે. વળી વિવાહ વખતે હજી આઠ હજાર આપવાનાં કહ્યા છે; આવતી પરમે એટલે વિજ્યાદસમીને દીવસે સગપણ કરવાનો અમારો ખાનગી ઠરાવ થઈ ગયો છે. હવે તું કહે તેમ કરૂં."

એ સાત હજાર રૂપીયા પાછા મોકલાવો, અને તેને ચોખ્ખું જણાવો કે અમારી બહેનનું તો આગળથીજ સુરેંદ્રની સાથે સગપણ થઈ ગયું છે. જેથી

તમારી માગણી મારાથી કબુલ રાખી શકાય તેમ નથી માટે તમે તમારૂં સુઝતું કરો. "રમાએ સમજ પાડી કહ્યું."

પણ પેલા સાત હજાર તો માલની ખરીદમાં ગયા તે આપવા ક્યાંથી જો ગીરધરલાલ રૂપીયા સાત હજાર આપે તો તારા કહેવા પ્રમાણે કરીશ નહીં તો મારો વિચાર ફેરવી શકાશે નહીં. પાપ થાએ કે પુન્ય ગમે તે થાય એ મારો છેલ્લો વિચાર તને જણાવી દઉં છું. રમા તેને કંઈ કહે એટલામાં બાજુના ખંડમાં ધડાકો થયો, ને કેટલાક વાસણ ખડખડવાનો અને ખુરશી પછાડવાનો અવાજ સંભળાયો. તેથી આ બન્ને ચમકયા અને ત્યાં જઈ જુવે છે તો તેઓએ મણીને બે ભાન અવસ્થામાં જોઈ. વાંચનાર! મણી પોતાના બાપના છેલ્લા નિશ્ચયના બોલેલા વચનથી નીરાસ બની હાયમારી બે શુદ્ધ થઈ પડી ગઈ છે. આ વખતે સુરેંદ્રના આવેલા પત્રનો તે જવાબ લખતી હતી તે અરધો લખાયલો પત્ર ઉડી એ ઓરડાના એક ખુણામાં પડયો હતો. અને સુરેંદ્રનો પત્ર ટેબર પરજ જોઈ, એ બંન્ને પત્રને રમાએ ઉપાડી લઈ મણીના પત્રને વાંચી જોયો. અને પતિને ઉદેશી બોલી આ તમારી મણીની પવિત્ર મનોવૃત્તિ તો જુવો? કે કેવી છે અને તેના મનની ગુપ્ત વાત પણ જુઓ અર્થાવસલાલે પત્ર તરફ જોયું અને મનમાંજ વાંચવા લાગ્યો.

"પ્યારા પ્રાણ સુરેંદ્ર."

તમારો કૃપા પત્ર સવારના સાત વાગે મલ્યો. આપના મનોગત વિચારો દર્શાવી આ દાશી પર મોટો ઉપકાર કર્યો છે. આપની લાગણી મારા પર અપુર્વ છે, એ હું પહેલેથી સમજી ચુકી છું. હવે મારો મનોભાવ, અને થોડી બીજી હકીકત જણાવું છું. વાલા પતિ! મારી માતાના પવિત્ર વિચારોની શુભ આશામાં આટલો વખત થયા મારૂં જીવન ટકી રહ્યું છે. નહીં તો ક્યારનીએ આપની દાશી આ દુનીયા છોડી પરલોકમાં પ્રયાણ કરી ગઈ હોત. કારણ કે મારા પુજ્ય ગણાતા પીતાશ્રી, મારા વેચાણના ધન રૂપ માંશ ખાવાને તૈયાર થયા છે; તો ભલે. તેમનો વિચાર કાયમ કરી પોતાની ઇચ્છા પાર પાડે; આપણો પવિત્ર પ્રેમ તોડાવી નાંખે; આપણી શુભ આશાઓને

આગ લગાડી નીર્મુળ કરે; પણ મને તે નરાધમ સાથે વરાવી મારા ધર્મથી કદી પણ ભ્રષ્ટ બનાવી શકશેજ નહીં. વા'લા દૈવજોગે તેમ થયું તો આપણો મેળાપ પરલોકમાં થવાનો છે, એમ સમજજો. આ મણીના હૃદયમાં પ્રાણ છે, ત્યાં લગી સુરેંદ્રની મટી કોઈ બીજાની પ્રીયાંગના બને, એમ સ્વપ્ને પણ આપે ધારવું નહિ. મારા જીવનની અવધી હવે ત્રણ દીવસની છે. જો મારા પીતાની ઇચ્છાનુસાર વિજયાદશમીને દીવસ પેલા કુકર્મી ખુની અને નીચ મોહનની સાથે મારો સમ્બન્ધ જોડાયો એમ તમારા સાંભળવામાં આવે; તો હું દુનીયામાં જીવતી નથીજ. એ ખરેખરૂં તમારે માની લેવું અને મારા પ્રાણના આધાર મારા વિયોગે આપ રીબાશો નહીં આપ તો મારા જેવા કન્યા વિક્રય કરી સુખી થવાની આશા રાખનારને ધીક્કાર છે. એમ આ અરધો પત્ર વાંચી મહા લોભી અર્થાતસલાલથી મનમાંજ બોલી જવાયું. રમા પોતાના પતિના મુખ પર થતા ફેરફારને નીહાળી બોલી સ્વામીનાથ ! હવે તો સમજ્યા કે નહીં. આપ તો પુત્રી વાહાલી કરો અને ગમે તો ધન મેળવો. એ હવે આપનેજ આધીન વાત છે હું તો પ્રભુનો આભાર માનું છું કે આપણે પથ્થર જેવા હૃદયના માબાપોથી આ મણી તે સાચી મણીજ ઉત્પન્ન થઈ છે. આ તેના પત્રથી સ્પષ્ટ સમજાય છે કે તે પોતાનો સ્ત્રી ધર્મ જાળવવા દેહાંત કરવાને પણ ડરતી નથી. આ સંજોગ ન બન્યો હોત તો પ્યારા પતિ હું મારી મણી વગરની થઈ રહેત. અને તમે પણ નાત જાતમાં અપમાન પામી મેશનું તીલક તમારે કપાળે સદાને માટે મેળવત. કહો નાથ !! કહો ! તમારો હવેનો વિચાર મને જણાવો કે મારા હૃદયનો ખુલાશો થાય.

શું કહું. ભલે મારૂં સર્વસ્વ નાશ પામે, ભલે મારો વેપાર બંધ પડી જાય, ભલે મને ખાવાનું પણ ન રહે, પણ શાણી સ્ત્રી હવે “મણી” જેવી સુશીલ પુત્રીનો પ્રાણ ઘાતીક હું કદી પણ બનીશ નહિ. અને કન્યાવિક્રય રૂપ તેનું માંસ એક અધમ રાક્ષસની પેઠે ખાવાની ઇચ્છા રાખીશ નહી. પ્યારી રમા !! મણીના શુભ ગુણોત્પત્તિનું કારણ તુંજ છે; પણ હું નહીં. મને હવે અત્યંત પસ્તાવો થાય છે; કે હું આટલા દીવસ લગી મારા અધમ વિચારને વળગી રહી મારી આત્મરૂપ મણીને અને તને રીબાવ્યાં.

અરે મારા જેવા નીચ માબાપો! તમે શું જાણો કે તમારા લોભના ભોગ થઈ પોતાની પુત્રીઓનું હૃદય કેવું વિદારણ થાય છે. વળી તમે લોભમાં લપેટાઈ ક્યાંથી જાણો કે એથી તેની પવિત્રતા એ ભંગ થાય છે. ગરીબ ગાય જેવી નિર્દોષ બાળાઓ તો બીચારી જ્યાં દોરીએ ત્યાં જાય. પણ જ્યારે તેઓને પોતાનો સંસાર દુઃખ રૂપ નીવડે ત્યારે તે કંગાલ હૃદયના માબાપો પર ઉંડા નિશ્વાસ મુકે; કે જેના પરિણામે તે માબાપોનું નીકંદન નીકળી જાય ભલા પરમેશ્વર હું આંખો મીંચી આગળ વધતો હતો, તેમાંથી તેં દયા કરી મને વેળાસર બચાવ્યો. શાણી રમા! તારા વચનો લોભને વસ બની હું નિર્માલ્ય જેવા ગણતો હતો, તે આ વખતે મને ઘણાં હીતકર જણાય છે. આજે એ નીચ સ્યામહૃદયની સાથે આપણે ઝરણેશ્વરીની યાત્રાએ જવું હતું પણ હવે એ નરાધમનો પ્રસંગ સરખોએ મને ગમતો નથી. પણ મણીને તેની પેઠે સુરેંદ્ર શુદ્ધ હૃદયથી ચાય છે, કે કેમ તેનો પુરાવો મળી જાય, અને તેઓ એક બીજા તરફ બરાબર લાગણી ધરાવે છે, એવી ખાતરી થાય તો હવે મારે જરાએ વાંધો નથી. સ્યામહૃદય તેના પૈસા લેશે બીજું શું તેનાથી થવાનું છે. આ સાંભળી પ્રસન્ન થઈ સુરેંદ્રનો પત્ર આપતાં રમા બોલી લ્યો નાથ! આ સુરેંદ્રનું હૃદય એથી વિશેષ પુરાવો તમારે શું જોવો છે. અર્થા-વસલાલે તે પત્ર લઈ મનમાં વાંચવા લાગ્યો.

મારા હૃદયની આધાર સાચી
"મણી."

પ્રભુ જાણે આપણા શુદ્ધ પ્રેમનો પ્રવાહ સાથે મળી આપણને ક્યારે સુખી બનાવશે; તે કાંઈ જાણી શકાતું નથી. મારા કાકાશ્રીનો વિચાર તારા પિતાના લોભ શાંતીને માટે રૂપીયા પાંચ હજાર આપીને પણ આ કાર્ય પુર્ણ કરવાનો હતો; પણ મારી નવલ માતા તેમ કરવા આપતાં નથી; અને બીજી ઘણી કન્યાઓ બતાવે છે. પણ પ્યારી મણી; તું નાં ધારતી કે એક વાર તારો બનેલો સુરેંદ્ર હવે કોઈ બીજીને પરણી પોતાની પ્રતિજ્ઞા તોડે. વહાલી બાળા, મારો પ્રેમ તનેજ સમર્પણ છે. તે બીજે ક્યાંએ જવાનો નથી. કદી હું તને તું મને ના મળી તો શું; વનની વાટ કોઇએ રોકી છે? નહીંજ. મહાત્મા

ભર્તુહરીની શીખામણ મને યાદ છે કે. "**एकाभार्या सुंदरी वा दरीवा**" કાં તો તારા જેવી સુશીલ સુંદરીને મેળવી સુખી થવું. નહિં તો મોટા પર્વતની ગુફામાં પેશી પ્રભુ ભજન કરવું. મારૂં સઘળું ભવિષ્ય હવે તારે આધીન છે; જોઉં છું કે શું થાય છે. જેમ પરમ કૃપાળુ પિતાની ઇચ્છા હશે તેમ બનશે. આપણું ધાર્યું થતું હોય તો આટલી સુધી વિરહ તાપમાં શા માટે શેકાઇએ. મારી મનોરમા મણી! તારો ક્ષણ માત્ર વિયોગ મને યુગ સમાન થાય છે; મારી મનોવ્યથા મારૂં મનજ જાણે છે; પણ દૈવની વિચિત્રતા પાસે મારૂં શું ચાલે. મારા પિતા વનવાશી ન થયા હોત, કે મહારાજા સિંહરાજનું અકાળ મરણ ન થયું હોત, તો આપણે ક્યારનાંએ આપણી ભાવી સુખની ભેટ મેળવી કૃતાર્થ બની જાત. પણ ગઇ વાતને યાદ લાવવામાં શું ફાયદો. હવે તારો અને મારો સુખનો કિનારો શ્રી હરીને હાથ છે.

લી. તારા પવિત્ર પ્રેમ સાગરનો મત્સ

" સુરેંદ્ર. "

હવે અર્થાવસલાલની પુરી ખાતરી થઇ, અંતરનું અજ્ઞાન તદ્દન ટળી ગયું, આ કામમાં હવે જરા પણ વિલંબ ન કરવો એવી તેની ધારણા થવાથી ગીરધરલાલને ત્યાં પોતાનો વિચાર જણાવવા અને સુરેંદ્રને પોતાને ત્યાં તેડી ઝરણેશ્વરી માતાએ સાથે લઇ જવા પોતાની સ્ત્રી રમાને સમજાવી; અને મણીને પણ તેની ઇચ્છા મુજબ થશે એવું સમજાવી ધીરજ આપવાને કહ્યું. થોડી વાર થઇ કે મણી પોતાની મેળેજ સાવધ થઇ, અર્થાવસલાલ બહાર આવ્યો અને રમાએ જે હકીકત, બની હતી તે બધી મણીને સમજાવી અને ધીરજ આપી જે સાંભળી મણીની અસ્વસ્થતા ટળી ગઇ. એટલામાં મગન શ્યામ (હૃદયનો મોકલેલો) ત્યાં આવ્યો. ઠરાવ મુજબ આજે ઝરણેશ્વરી માતાને મેળે જવું હતું તેથી ગાડી લઇ અર્થાવસલાલને કુટુંબ સહીત બોલાવવા આવ્યો હતો. પણ અહીં તો બધો ચક્ર ફેરવાઇ ગએલો હોવાથી તેને આવતાં વેંતજ અર્થાવસલાલે કહ્યું કે મગન તારા શેઠને કહેજે કે મારાથી તમારી સાથે આવી શકાશે નહી. મેં આજે મારી મણીનું સગપણ "સુરેંદ્ર" ની સાથે કરી નાંખ્યું છે. માટે તમારે તે ખોટી આશામાં પડવું નહીં. તમારા રૂપીયા સાત હજાર

આવતી કાલે તમારે ત્યાં પહોંચતા કરીશ. સમ્બંધ વિષે હવે જરાએ ક્રાશેપ કરશો નહી. પ્રયત્ન કરશો તે વ્યર્થ જશે. માટે તમે તમારૂં સુઝતું કરશો. આમ ચોખે ચોખ્ખું પાણી ચુંપકડાવી આવ્યું. મગન તો તેના વચન સાંભળી સ્તબ્ધજ બની ગયો, અને વગર બોલે ત્યાંથી પસાર થઈ શ્યામ હૃદયને આ શોક સમાચાર કહ્યા. શ્યામ હૃદયને ખેદ થયો પણ કરે શું? ગમે તેવો ધનવાળો કે વગવાળો છતાં કોઇની પુત્રીને પરાણે લેવાની તેનામાં તાકાત નહતી. તેથી મનનો પરિતાપ મનમાંજ સમાવી બેશી રહ્યો. આ સમાચાર મોહનને પણ થયા, તેને બળાપો થયો; પણ તેનાથી તેના પિતાની પેઠે ચુપ ચુપ બેશી શકાયું નહીં. તેની જીંદગીમાં હજી કુકર્મો કરવાનું નિર્માણ હશે, તેથી મગન સાથે એકાંતમાં બેશી કંઈ યુક્તિ ગોઠવીને ક્રોધિતમુદ્રાથી તેઓ બંને ત્યાંથી ઉઠયા.

અહીં અર્થાવસલાલનાં કહેવા પ્રમાણે બધું કરવામાં આવ્યું રમાએ ત્યાં જઈ સુરેંદ્રને તીલક કરી શ્રીફળ આપી, પોતાને ત્યાં તેડી આવી. ગીરધરલાલ અને નવલને આથી આશ્ચર્ય થયું કે વગર પૈસા આપે પોતાની ધારણા પાર પડી; જે વાતનો લગારે સંભવ નહતો. તેથી તેઓ પણ ઘણાં રાજી થયાં.

સુરેંદ્ર સાસુની સાથે ગયો. અહીં અર્થાવસલાલે ગાડીઓ તૈયાર રાખેલી હોવાથી તેમાં બેશી આનંદથી તેઓ ઝરણેશ્વરી માતા તરફ રવાને થયા.

વાંચનાર! આ વખતે શુદ્ધ હૃદયના બે પ્રેમીઓનું પ્રેમમય હૃદય આનંદમાં કેવું મગ્ન હશે, તે ઉત્કૃષ્ટ આનંદનું આલેખન કરવાની આ કલમમાં તાકાત નથી; પણ માત્ર પ્રેમના ઉપાસકો પોતાના જાતી અનુભવથી તે સેહજમાં વિચારી શકે છે. વળી ખરો પ્રેમ તે આનું નામ કહેવાય: કે પરસ્પર દંપતીને એક બીજા તરફ અપુર્વ લાગણી હોય: પણ સ્વાર્થને માટે કે રૂપને જોઈ થયેલી ચાહનાને પ્રેમ કહી શકાતો નથી. એ તો મોહ ગણાય છે. ખરો પ્રેમ એ અચળ છે ગમે તેવા પ્રસંગોમાં પણ તે ઓછો થતો નથી: પણ મોહથી થયેલી લાગણી જરા જેવા કારણથી એ નાશ પામે છે. ખરા પ્રેમને સ્વીકારનાર વીર નરની આત્મ સત્તા વધે છે; અને પરમાત્મા પણ તેના પર પ્રસન્ન રહે છે; પણ મોહાંદ્ધ દુરાચારીઓ હૃદય સુન્ય બને છે, અને નિમંતાનો પણ તેના પર કોપ થાય, કેમકે સુદ્ધ પ્રેમનો પ્રવાહ એકજ વ્યક્તિ

તરફ વહે છે, ત્યારે મોહાંદ્ધની કુટીલ લાગણી તો ઘણેજ ઠેકાણે ભમ્યા કરે છે; અને તેમાં તેઓ સંતાપ સિવાય અન્ય કાંઈ મેળવી શકતા નથી. પણ શુદ્ધ પ્રેમ એ તો સુખનુંજ સાધન છે. એવા વિશુદ્ધ પ્રેમને વળગેલા આ નવીન દંપતિના આનંદની પરિસીમા હતી. તેઓ ઝરણેશ્વરી દેવીના મંદીર પાસે પહોંચ્યા, ત્યાં નવરાત્રીની આઠેમ હોવાથી મોટો મેળો ભરાયો છે, ગાડીઓની ધમાલ લાગી રહી છે; ઘણાં પ્રમાણમાં સ્ત્રી પુરૂષો એકઠાં થાય છે, અને અંબે માતકી જે, નો અવાજ ઘણે ઠેકાણેથી સંભળાય છે. આ મંદીર એક ડુંગર પર છે: તેની બાજુમાં મોટી ખીણ અને તેમાંથી જોસબંધ વહેતું ઝરણ હોવાથી આ દેવીનું નામ પણ ઝરણેશ્વરી છે. તે દેવીના મંદીરની આજુ બાજુ મોટા કોટને આકારે દીવાલ બાંધેલી હતી. અને પ્રવેશ કરવાને ફરતા ત્રણ દરવાજા મુકેલા હતા. તે ડુંગર પર માજીના દેવળની ત્રણ બાજુ તેના વિશાળ શિખરને તેની પર ઉગેલા લીલા વૃક્ષોની ઘટા; અને ચોથી મેર ઘણા જોસથી વહેતું ઝરણ એ રચના જોનારને આનંદમય જણાતી હતી.

આ વખતે હજારો માણસો ત્યાં એકઠાં મલ્યા હતાં. તેઓ માજીના મંદીરની આજુ બાજુ ધર્મશાળાઓમાં પોતપોતાના ઉતારા ગોઠવી, ત્યાં ચોકા બનાવી કેટલાક રાંધવાનું કામ શરૂ કરી રહ્યા હતા; કોઈ માજીના દર્શન કરવા દેવળ પર જતા; ત્યારે કોઈ બહારના ઉદ્યાનમાં અહીં તહીં ચક્કર લગાવી રહ્યા હતા. તે વખતે આપણો સુરેંદ્ર પણ પોતાના સસરા અર્થાવસલાલની ઇચ્છાને અનુસરતો રસોઇઆને રાંધવાનો સામાન સોંપાતો હતો; અને મણી માજીના દર્શન કરી દિવાલની બહાર પેલા ઝરણ પાસે વહેતા જોસબંધ પ્રવાહને નીરખતી; અને આનંદીત થતી જણાય છે. દયાળુ પ્રભુએ તેની મનેચ્છા પાર પાડી તેથી તેનો ઉપકાર માનતી અને પ્રાર્થના કરતી હતી; આ વખતે મણીની આનંદીત ઉર્મીઓ વીકાસીત થતી જણાય છે; પણ હવે પછી શું થશે, તે કોણ જાણી શકે તેમ છે. **न जानं जानकी नाथ प्रभाते किं भविष्यति"** આવતી ઘડીમાં સુખ થશે કે દુઃખ, એ ભવિષ્યની ગતીનો માપ કોઇનાથી પણ કહાડી શકાય નહીં. સુખસાગરમાં ઝુલતી મણીને ક્યાં ખબર છે કે ભયંકર આપત્તિના વાદળાંઓ અદ્રશ્ય રીતે તેના મસ્તક પર

ઝઝુમી રહ્યાં છે; અને દુર્જનોએ સળગાવેલી દાવાનળમાં તેનો ભોગ થવાનો છે; તે એ બિચારી અજ્ઞાત બાળા શું સમજી શકે? વાંચનાર! દુર્જનોની ભયંકરતા જોઈ વિદ્વાનો કહે છે કેઃ—

श्लोक

शकटं पंच हस्तेषु दसहस्ते च वाजीनः
हस्ती हस्त सहस्रे च देशत्योऽपि दुरजनात्

ગાડાથી પાંચ હાથ, ઘોડાથી દશ હાથ, હાથીથી હજાર હાથ, છેટે ચાલવું; પણ જ્યાં દુર્જનો વસતા હોય, તો તે દેશનોએ ત્યાગ કરવો. કેમકે તેવા નીચજનો ન કરી શકે એવું ભયંકર કૃત્ય આ દુનીયામાં પણ નથી. એ દયાહીન નર પીશાચો બધું કરવા શક્તિમાન છે. બીજાનું બુરૂં કરવું એ તો તેમનો સ્વાભાવિક નીયમ છે, તે કેમ ચુકે. આ વખતે મણી પોતાના મનોમય આનંદે મસ્ત બની જગન્નિયંતાનો ઉપકાર માનતી, ઝરણ તરફ દૃષ્ટિ કરી રહી હતી. તેને કોઇએ કમરમાંથી પકડી મહા વેગથી વહેતા ઝરણની અંદર ઝોંકાવી (નાંખી) દીધી. તે બીચારી નિર્દોષ બાળાએ બુમો પાડવાની કોશીષ કરી, પણ વ્યર્થ. તેનો અવાજ બહાર આવે તેની પહેલાં તો તે જળના અગાધ પ્રવાહની અંદર દાખલ થઈ વહેતી ચાલી. આ બનાવ ઘણો કમકમાટી ભરેલો, અને હૃદયદ્રાવક હતો; પણ દુરથી જોનાર બે વ્યક્તિઓને તેથી આનંદ થયો. અને તેમાંનો એક બોલ્યો, સાબાસ દોસ્ત સાબાસ; કામ તો બરાબર બજાવ્યું. ભલે હવે સુરેંદ્ર પણ મણીને મેળવી સુખી થાય. એ સેતાન જરા પણ સમજ્યો નહીં કે; સિંહના મોઢાનો ગ્રાસ મને ક્યાંથી મળશે? અરે જો તો ખરો બચ્ચા હજી તને આ બંદા કેવો પાયમાલ કરે છે. તે થોડાજ વખતમાં જણાશે. અર્થાત્‌ વસ લાલ પણ જાણશે કે મોટાનું અપમાન કરવાનો બદલો બરાબરજ મળે છે. તે પણ હવે પોતાની પુત્રીનું મુખ ભલે બીજા અવતારમાં જુવે. એમ બોલતો પાપી પુરૂષોનો પ્રસંગી કસાઈ (મોહન) પેલા બે જણની સાથે નિશ્ચિંતપણે પસાર થઈ ગયો.

પ્રકરણ ૯ મું.

પાપીઓની પડતી.

માજી! આપે મને શા માટે બોલાવ્યો? સુજનસિંહે આવી સરલા-દેવીને માથું નમાવતાં કહ્યું."

સુજનભાઈ! મેં સાંભળ્યું છે કે મણીના ખુન માટે વગરગુને સુરેંદ્રને ગુમાનસિંહે પકડી કાળા કિલ્લામાં પુર્યો છે અને આજે બે વાગે તેનો નિર્દય રીતે ખુન કરવાનો વિચાર તેણે કર્યો છે માટે કોઇ પણ ઉપાયથી સુરેંદ્રનો બચાવ થાય તેવો ઉપાય કરો. નહીં તો મોટો અનર્થ થશે. પંડિતના ઉપકારને યાદ કરીએ તો તેનો કોઈ પણ રીતે બદલો આપણાથી વાળી શકાયો નથી પણ આ સમયે તેના પુત્રનો એ બચાવ ન થાય તો પછી આપણી કૃતઘ્નતાની હદ ગણાય. જ્યારે આપણે વારસ ન કરીએ ત્યારે બીચારાનું આ વખતે બીજું કોણ છે. એમ કહેતાં સરલાદેવીની આંખો અશ્રુ પુરીત થઈ.

મારાથી બનશે ત્યાં સુધી હું તેનો બચાવ કરીશ. તમે ચિંતા છોડો. પણ આ ખબર આપને કોણે આપ્યા. ગુમાનને તો તે કિલ્લાની જરાએ માહીતી નથી તો પછી કેમ તેનો નિર્દય રીતે નાશ કરશે. "સુજને પુછ્યું."

મને બાલાપ્રસાદે આજે સવારના બધું કહ્યું છે અને તેના ખુન માટે વિરસિંહને પણ બોલાવ્યો છે, તે આજે અગ્યાર વાગ્યા સુધી આવી જશે. એમ કહેતો હતો. "સરલાદેવીએ ખુલાસો કર્યો."

ઠીક ત્યારે તો હવે સુરેંદ્રને તમે નિર્ભયજ માનજો કેમકે વિરસિંહ એ કિલ્લાની એકજ યુક્તિ જાણે છે; હું તેનો ઉપાય કરી લઇશ. એમ કહી સુજનસિંહે ગજવામાંથી એક પત્ર કાઢયો, અને આશ્ચર્યતાથી તેનાં સામે જોઇ બોલ્યો. માજી આ પત્ર મને હેરત પમાડે છે. તેના અક્ષરો જાણે મહારાજાનાં હોય તેવાજ જણાય છે. મને આપે ઘણી તાકીદથી બોલાવ્યો તેથી આ પત્ર મેં વાંચ્યો પણ નહીં ને અહીં આવ્યો છું.

"ત્યારે તે પત્ર વાંચોને ભાઈ પ્રભુ કરેને પંડિતના વચન સત્ય નીવડે?

એમ સરલાદેવીએ આશાયુક્ત થતાં સુજનસિંહને કહ્યું; કે સુજને પત્ર ફાડયો; અને તેમાંથી પત્ર કહાડી નીચે પ્રમાણે વાંચવું શરૂ કર્યું.

વા'લા સુજનસિંહ અને દેવી."

હું જ્યાં છું ત્યાં આનંદમાં છું. પંડિતની કૃપાથી મારો બચાવ થયો છે. તેનો ભેદ તેઓની ઇચ્છાનુસાર હું જણાવી શકતો નથી; પણ હું હયાત છું તે સાંભળી તમો ખુશી થશો. હાલ એક વાતમાં મારૂં મન પરોવાયલું હોવાથી હું તમારી પાસે આવી શકતો નથી. મને મનોજસિંહના સમાચાર મલ્યા છે; ત્યાં પણ હું પછીથી જઇશ, કે પ્રભુ મારી ઇચ્છા પાર પાડે. મેં ગુમાનના અન્યાય વિષે ઘણું સાંભળ્યું છે, અને તેને ધમકી ભરેલો પત્ર લખી મોકલાવ્યો છે. વિશેષમાં તમો સર્વ ખુશીમાં હશો, અને પંડિતના પુત્ર સુરેંદ્રની પુરી સંભાળ રાખતા હશો.

લા. તમારો પોતાનો સિંહરાજ.

પત્ર વંચાયો કે સરલાદેવીના આનંદનો પાર રહ્યો નહીં. સુજન પણ પ્રસન્ન થરો ત્યાં તો રાધા બીજો એક પત્ર લઇ આવીં, અને સરલાદેવીને આપ્યો. તે પણ આનંદના આવેશમાં ફોડી મનમાંજ વાંચવા લાગ્યા. પત્ર પુરો વંચાઇ રહેતાં એક દીર્ઘ નિશ્વાસ નાંખી રાધાને પુછ્યું; અને મુર્ખ દાશી ! તેં તો જુલમ કર્યો. કંગાલ હવે તને શું કરૂં ? તારી મુર્ખતામાં અમો બધાં દુ:ખી થયાં. રાધા સમજી ગઇ અને હાથ જોડી ક્ષમા માગતી બોલી, "દેવી" હું એક ઠગથી ઠગાઈ હતી અને પ્રપંચીની જાળમાં ફસાઈ હતી; તેથી આ મોટી ભુલ થઇ, અને બધાં દુ:ખી થયાં; પણ હું પ્રતિજ્ઞા ધારીને કહું છું કે આપનું કે મહારાજાનું બુરૂં કરવાની મેં મનમાંએ કોઇ દિવસ ચાહના કરી નથી. માટે મારી અજ્ઞાનપણે થયેલી ભૂલને દરગુજર કરશો, એવું ઇચ્છું છું; અને સજા કરશો તો સજાને પાત્ર તો છુંજ.

આ પત્રમાં તને નિર્દોષ જણાવી છે, અને મહારાજાનો બચાવ થયો છે, તેથી તને કંઇ પણ કરવાનું નથી. પણ હવે પછી બરાબર સાવધપણે કામ કરવું એ તને ખાસ ભલામણ આપું છું. આ પ્રસંગમાં સુજનસિંહને મતલબ ન સમજાવાથી તેણે પુછ્યું; માજી શું છે. સરલાદેવીએ વગર બોલે

તેને પત્ર આપ્યો. સુજનસિંહ વાંચવા લાગ્યો. તે વાંચતો ગયો તેમ તેમ તેના રોમાંચ ઉભાં થવા લાગ્યા, અને તેની દષ્ટીમાં ક્રોધ અને તીરસ્કારની લાગણી જણાવા લાગી. પત્ર વાંચી રહેતાં બોલ્યો રાધા ! તેં પણ ભયંકર ભૂલ કરી સર્વને સંકટમાં સપડાવ્યા; પણ ખયેર. બનવાનું હતું તે બની ગયું. માજી આ પત્રને સંભાળીને રાખો; એ વખતપર કામ લાગે તેમ છે. હું હવે જઉં છું કેમકે મારે સુરેંદ્રને માટે ઘણી ખટપટ કરવી જોઇશે, એમ કહી સુજન ઉભો થયો.

સુજન ભાઇ ! તેને હાલ અહીંથી દુર નીકળી જવા ભલામણ કરશો, અને આ થોડી સોનામહોરો અને ભાથું છે તે તેને આપજો. તે લેતાં સુજન બોલ્યો આપ હવે નિશ્ચિંત રહો, હું આપની ઇચ્છા પ્રમાણે ઇશ્વર કૃપાથી બધું બરાબરજ કરીશ. હવે પાપીઓની પડતી થશે. તેઓ પોતાનાં પાપરૂપ ફળ અવસ્ય પામશે. હવે શરૂવાત થઇ ચુકી છે. દુષ્ટ શ્યામ હૃદય ગાડી ઉંધી વળવાથી એક આંખ અને અરધું કપાળ ફુટી જતાં મોતની ભયંકર સજા ભોગવે છે; છતાં નીચ મોહન સુરેંદ્રનું ખુન કરવાની ધારણા કરી બેઠો છે,—તો તેના પણ એક સામટા પાપને પરમેશ્વર કેમ સાંખશે ? એમ કહી ધીરજ આપી સુજનસિંહ ગયો.

પ્રીય વાંચનાર ઝરણેશ્વરી માતાના ઝરણમાં મણીને પધરાવી, નરાધમ મોહને ગુમાનની મદદથી તેના ખુન માટે સુરેંદ્રનેજ પકડાવ્યો. અને નિર્દય રીતે તેનો નાશ કરવાની ઇચ્છાથી તેને કાળા કિલ્લામાં કેદ કર્યો છે—પણ મદાંધ દુષ્ટ જનોને સજા કરનાર પરમેશ્વર તેનાં પરિણામ તરિકે, શ્યામહૃદયની ગાડી ઉંધી વળી તેથી તેની ડાબી આંખ અને કપાળનો કેટલોક ભાગ ફૂટી ગયાં એ તરતજ બતાવ્યું. તોપણ આ પાપી ક્યાંથી સમજે ? તેઓએ કરેલા ઠરાવ મુજબ બરાબર બાર વાગે મોહન ગુમાનસિંહ પાસે આવ્યો. તે વખતે વિરસિંહ પણ પહોંચી આવ્યો હતો. પણ ગુમાનનું મોહું ઉતરી ગયેલું તેના જોવામાં આવ્યું તેનું કારણ પુછતાં, તેને ગુમાને એક પત્ર આપ્યો તેમાં નીચે પ્રમાણે હતું.

અનીતિમાં અંધ બનેલા ગુમાન જરા આંખ ઉઘાડીને ચાલ તો સારૂં,

તું નીચ જનોની સોબતે તદ્દન દુષ્ટ થયો છે. તેં કોઈ સારૂં કામ કર્યું નથી ને હાલ પણ કરતો નથી. તેથી સમજાય છે કે તારી કુચાલ કદી પણ જશે નહીં; તેથી તારા અધમપણાંનું ફળ તો તારે એક સામટું ભોગવવું પડશે, તે બરાબર યાદ રાખજે. તેં બીજાઓની સાથે તો ઠીક પણ મારી સાથે એ દગો કર્યો, એ શું ઓછી કૃતઘ્નતા ગણાય. હાલ પ્રજા વર્ગમાં પણ અનીતિ આચરે છે, તો તારાપર કોણ રહેમ લાવશે તેનો વિચાર કર. જો તું હજી પણ તારૂં વર્તન સુધારીશ તો તારા હકમાં કંઈએ સારૂં થશે ખરૂં. પણ મારા આ પત્રને ન ગણકારતાં અન્યાય રીતે ચાલીશ તો હું તને પુત્ર ન ગણતાં મારો કટ્ટો શત્રુ ગણીશ. આ પત્ર મારોજ છે. તેનો સંશય રહે તો મારી સમાધીની જગા જોઈ આવજે કે તને ખાતરી થાય. મારો એક વિચીત્ર પ્રકારે બચાવ થયો છે; તે તને લખવાનું મને કંઈ કારણ નથી.

લી. સિંહરાજ.

"આ વાત મને તો સ્વપ્ન જેવી જણાય છે" પત્ર વાંચી રહેતાં મોહને જણાવ્યું." એમ કેમ બને હું અને વિરસિંહ પેલી જગા પણ જોઇ આવ્યા, તેમાં તેમની લાસ નથી; તો પછી ખોટું કેમ મનાય. "ગુમાને તેને સમજાવીને કહ્યું."

અરે આપ અમારી સાથે આટલા વસ્યા છતાં એ પ્રપંચબાજીમાં સમજ્યા નહિ કે? આપણા કોઈ દુસ્મને પ્રપંચ ઉઠાવ્યો છે, મહારાજાની લાશ કહાડી, આવો પત્ર લખી આપણને ભયમાં નાંખવા તેમ કર્યું હોય તેમ મને તો જણાય છે. પ્રપંચ કરનાર તો પુરૂંજ કામ કરે. આપણે મનોજને સપડાવવા શું ઓછો પ્રપંચ ગોઠવ્યો હતો? તે વિચારી જુવોને. "મોહને તેનો ભય દુર કરવાને બરાબર કહ્યું".

એવું કરનાર કોણ હશે? "ગુમાને પુછયું".

મને તો સુજનમાં પુરો શક છે. તેનું કાસળ નીકળે તો તમને હરકત કરનાર બીજો કોઈ ન રહે.

એનુંએ થઈ રહેશે પણ તમારા પિતાને કેમ છે?

તેઓ ઉગરશે ખરા એમ ડૉક્ટરે આશા આપી છે, પણ આંખ અને કપાળનો ઘણો ભાગ ફુટી જવાથી તેઓ અતીશે પીડા પામે છે. આજે ડૉક્ટર ચાર વાગે આવવાના છે, તેની પહેલાં સુરેંદ્રને પતાવી નાંખીએ તો ઠીક; કેમકે ડૉકટર પાસે પણ મારે હાજર રહેવાની જરૂર છે.

હું તો તે કીલ્લાનો ભોમીયો નથી, આ વીરસિંહ અને તમે બે જણ જાઓ. મોહનને તો ગમે તેમ પણ પોતાના કામનીજ જરૂર હતી, તેથી વીરસિંહને સાથે લઈ ગાડી જોડાવી કાળા કિલ્લામાં આવ્યા. પહેરગીરને સાવધ રહેવાનું કહી તેઓએ અંદર પ્રવેશ કર્યો, અને બતી સળગાવી એક ભોંયરામાં ઉતર્યા. વાંચનાર! જેનુ નામજ કાળો કિલ્લો છે, તેમાં ભયાનકપણું હોવું, એ સ્વભાવિક છે. આ ભોંયરામાં પેસતાં પહેલા ચાર અને થોડે સામે ચાલી અને સોળ પગથીઆ ઉતરી એક સીધી ચાલમાં સોએક કદમ ચાલ્યા, ત્યાં મોટું કોરેલું મકાન આવ્યું. તેનું બારણું કુંચી વતે ઉઘાડી તે બેઉ જણ અંદર દાખલ થયા આ ઓરડામાં સુરેંદ્રને કેદ કરવામાં આવ્યો હતો તેને આજે ૭ દિવસ થયા છે. ગુમાન તેને ખાવાને મોકલતો પણ તે કંઈ ખાતો નહિ. પણ બાલાપ્રસાદ તેને એક વખત ખાવાનું ગુપ્ત રીતે આપી જતો તેને પંડિત પર પુરો ભાવ હતો, તેથી આ વખતે તેણે સુરેંદ્રની સંભાળ લીધી, અને પાપીઓની આ નીચ ધારણા તેણે સરલાદેવીને જણાવી. સુરેંદ્ર મણીના વિયોગે, તદ્દન સુન્ય થયો હતો. તેનું મન પોતાના જીવનથીએ કંટાળી ગયું હતું. બધી પ્રકારે તે નીરાશ બન્યો હતો. આ વખતે મોહન અંદર પેસતાંજ કરડાકમાં બોલ્યો. કેમ મણીના ભરથાર હવે તો તમારૂં આવી બન્યું છે, તૈયાર થઈ જાઓ. યાદ છે કે મગનની સાથે કહાવી મોકલ્યું હતું તે લક્ષમાં ન લેતાં, બીજાજબાંજ રહ્યા હતા. તેનું પરીણામ ભોગવવા હવે તૈયાર થાઓ. અને મોત મેળવો.

અરે નીચ તારે ફાવે તેમ કર મને મારા દેહની દરકાર નથી. સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે સુખ દુઃખ કે જન્મ મરણ ભોગવે છે, તેમાં તારા જેવા નર પીશાચો! હીચકારા કામો કરીનેજ આનંદ માને છે; તો ભલે, કોઇ વખતે તારે પણ તારા કર્તવ્યના ભોગ બનવું જ પડશે, તે યાદ રાખજે. ઇશ્વર ન્યાઈ છે; એ તને કદી પણ છોડશે નહિ.

મારૂં ગમે તે થાય, પણ તારૂં તો હમણાંજ થાય છે તે જો એમ કહી વીરસિંહને ઇસારો કર્યો. વીરસિંહ તે વીરસિંહ નહિ, પણ રસિંહજ હતો. તેણે પોતાના વીરસિંહ જેવા ઉત્તમ નામને નીચ કર્તવ્યો કરી એબ લગાડી હતી. તેજ વખતે તેણે સુરેંદ્રને ઘસડી એક લોઢાના ચોકઠા પર નાંખ્યો, અને પછી તે ઓરડાની ઉતરાદી ભીંતમાં જડેલું બટન જેવું હતું તેને પકડી ત્રણ આંટા ફેરવ્યા કે ઉપરથી હજારો મણનું પાંજરૂં સુરેંદ્રની આસપાસ પડ્યું. તેની ઉપર કેટલાંક અણીદાર અને ધારવાળાં હજારો હથીયાર જડેલાં હતાં. ફરી તેણે બટન ફેરવવાનું ચાલુ કર્યું કે તે પાંજરૂં નીચે ઉતરતું ગયું, અને ઉપરના શસ્ત્રો તે માથા નજીક આવવા લાગ્યાં. સુરેંદ્રે ઉપર જોયું તો માત્ર ૭ સાત આંગળને અંતરે તે શસ્ત્રો જોઇને પોતાના જીવનની અવધી પુરી થઈ સમજી; ઇશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. ત્યારે મોહન બોલ્યો, વીરસિંહ આ નીચ સુરેંદ્ર જેમ ઘણીજ પીડા પામી પ્રાણ ત્યાગ કરે તેમ કરશો હોં કે.

કંઇ ફીકર નહિ, તમે ખુશી થશો તેમજ કરીશું એમ કહી વીરસિંહે તે બટન ફેરવવા માંડ્યું પણ ફર્યું નહિ તે મોહનને કંઇ કહેવા જતો હતો ત્યાં તો આખો ઓરડો ધ્રુજવા લાગ્યો, અને કેટલાક ચક્રો ફરતાં હોય તેવો અવાજ સંભળાયો. બે ત્રણ મીનીટ ગઈ નહિ ત્યાં તો જમીન ત્રુટી અને વીરસિંહ અને મોહન અંદર પેશી ગયા. જરાવાર થઈ તો એક ભયંકર ખંડમાં આ બેઉ જણાએ પોતાને એક પાંજરામાં પુરાયલા જોયા. આસપાસ નજર કરી તો સુજનસિંહ અને બળવંતને જોયા, કે તેઓ હેબકી ખાઈ ગયા; અને અત્યંત ગભરાયા. તેને જોઈ સુજન બોલ્યો; અરે નીચ જનો ! ! સુરેંદ્રને મારવાની મરજી કરી આવેલા પાજી અસુરો તમારૂં હવે આવી બન્યું છે. તમે જાણતા નથી કે ઇશ્વર તમારા અગણીત પાપને ક્યાં સુધી શાંખશે; હવે તમારા પાપની સજા ભોગવવા તૈયાર થઈ જાઓ. એમ બોલી, એક લોઢાનું હેન્ડલ પકડી, એક કબાનના વેજમાં ભેરવ્યું. અને જોરથી ફેરવવા લાગ્યો, કે તે પાંજરૂં સંકેલાવા લાગ્યું. તેમાંના ચક્રોને બીજા શસ્ત્રો તેમને લાગવા મંડ્યા, કે તેઓએ રાડેરાડ કરી મુકી. ત્યાં તો સુરેંદ્રને બેડીઓથી મુક્ત કરી

સાથે લઈ બાલાપ્રસાદ ત્યાં આવ્યો. આ બનાવ જોતાં સુરેંદ્રને દયા આવી, અને બોલ્યો. સુજનસિંહ જવા દ્યો; એ પાપીઓને પરમાત્મા પોતાની મેળે તેની કરણીના ફળ આપશે.

માફ કરો સુરેંદ્રલાલ ! તમારી આ વાત હું માની શકતો નથી. આ હરામીઓ જગતમાં જનમીને કોઇનું ભલું કરી શક્યા નથી, અને કરશે પણ નહિ. એમનાથી તો વિશ્વાસઘાત અને પ્રાણઘાત જેવાં કામો થયાં છે. એ નીચ જનોને તમે બરાબર જાણતા નથી, પણ મને તેમના બધા પ્રપંચો ની આજે ખબર પડી છે. એ પાપીઓએ મનોજને વિશ્વાસઘાતથી દેશપાર કરાવ્યો, મહારાજાને મરાવ્યા, અને એક વિધવાનું સત્યાનાશ કહાડ્યું. માટે તેવા દુષ્ટોને તો પુરાજ કરવા જોઇએ. એમ કહી તે હેન્ડલને તેણે એવા જોરથી ફેરવ્યું કે જરાવારમાં તો તે બંનેના ચુરેચુરા થઈ ગયા. મેદ માંસનો ઢગલો થઈ પાંજરામાં પડયો. તે એવી રીતે કે, કોણ નાશ પામ્યું છે. તે પણ કોઈ જાણી ન શકે. આ કામ પુરૂં થયા પછી ત્યાંથી જવા માટે સુજનસિંહે એક બટન દબાવ્યું તો પુર્વ તરફનો દરવાજો ઉઘડી ગયો, અને એક ચાલ આવી તેમાં ચાલતાં ચાલતાં એક ગીચ જંગલમાં કેટલીક કબરોના વચમાંથી તેઓ બહાર નીકળ્યા તેઓ આવ્યા પણ એજ રસ્તે હતા. તેથી પાછા તે ભોંયરાના દ્વાર ઉપરથી બાજુમાં મુકેલા પથરો કબરના આકારમાં ગોઠવી, તે ભોંયરાનું દ્વાર કોઈ જાણી ન શકે તેમ બંધ કર્યું. પછી બાલાપ્રસાદ અને બળવંતને ઘેર જવાની રજા આપી અને સુજન પોતે સુરેંદ્રની સાથે ચાલ્યો થોડે દુર જતાં તે બોલ્યો સુરેંદ્રલાલ ! રાજમાતા સરલાદેવીએ આ તમને આપવાને મને આપ્યું છે તે લ્યો, આમાં ખાવાનું અને સોના મહોરો છે. તે તમને કામ લાગશે, હાલ તમારાથી અહીં રહી શકાશે નહિ, માટે આ ભગવો જામો પહેરી યાત્રા નીમીતે નીકળી જાઓ; થોડા વખતમાં પરમેશ્વર સૌ સારૂં કરશે સુરેંદ્રને આ વાત ગમતી હોવાથી તેણે તે ભગવો જામો પહેરી લીધો, અને તે બોલ્યો, સુજનસિંહ હું આપનો અને રાજ્ય માતાનો પુરોપુરો ઉપકાર માનું છું. આપે મારી ખરે વખતે સાંય કરી છે, તેનો બદલો મારાથી કોઈ રીતે વાળી શકાય તેમ નથી. હું તમારી

સલાહ પ્રમાણેજ કરીશ. આપ હવે ઘર તરફ જાઓ આ પેલું નાગનાથનું દેવળ છે ત્યાં રાત વાસો કરી હું પ્રભાતમાંજ નીકળી જઇશ, માટે આપ હવે સિધારો. સુજન તે દેવળ નજીક હતું અને પોતાને ત્રણ ગાઉ લગી જવું હતું તેથી તેને ભલામણ કરીને રવાને થયો, અને સુરેંદ્ર ત્યાં ધર્મશાળામાં રાતની નીદ્રા કરી પ્રભાત થતાં આ દુસ્કર ભવાર્ણવમાં ભગવે વેષે ભટકવા સિધાર્યો.

પ્રકરણ ૧૦ મું.

ભક્તિ પુર્વ રંગ અને સુરેંદ્ર મણીનો મેળાપ.

કેમ સુરેંદ્ર! તારે શું પુછવું છે? "જે તારા મનમાં હોય તે કહે, તેના જવાબમાં હું તને બરાબર સમજાવીશ."

સુરેંદ્ર ગુરૂના ચરણમાં પ્રણામ કરતો સવિનયથી બોલ્યો દયાનીધે સદ્ ગુરૂદેવ! હું આપને મારા મનોગત સંશયો પુછીશ, તેનું નીવારણ કરતાં જે મારૂં કર્તવ્ય હોય તેજ મને બતાવજો, કેમકે હું અજ્ઞાન છું. મારે શું કરવું તેની મને સુઝ પડતી નથી. આ ક્ષણીક જીવનમાં મનુષ્ય જન્મના સાર્થક રૂપ કાર્ય કર્યું નથી, અને સાર વસ્તુ શું છે તે હું જાણતો નથી, તેથી મારૂં અસ્થીર મન આમ તેમ અથડાયા કરે છે. આ જગતમાં વિદ્વાનો પણ પોતપોતાની મતી અનુસાર જુદા જુદા વિચારો દર્શાવે છે. કોઈ કહે છે કે ઇશ્વર છેજ નહીં ત્યારે કોઈ કહે છે કે ઇશ્વર છે, પણ નીરાકાર અને સર્વથી ન્યારો છે. વળી કોઈ કહે છે કે પરમેશ્વર સાકાર (મુર્તિમાન) પણ થાય છે. ત્યારે કોઈ એમ જણાવે છે કે આત્મા છે તેજ ઇશ્વર છે, અને તેને જાણવાથીજ કલ્યાણ થાય છે. ત્યારે કોઇનું એમ માનવું છે કે પરમાત્માના શાકાર સ્વરૂપ (રામ–કૃષ્ણ)ની ભક્તિ કરવાથીજ આ સંસાર વ્યાધથી મુક્ત થવાય છે. ત્યારે કોઈ એમ પણ કહે છે કે નીરાકારમાં નીમગ્ન રહેવાથી કલ્યાણ થાય છે. વળી બીજાં તો અનેક પ્રકારના ધર્મો–પંથો ઉત્પન્ન થયાં છે. તેમાં તેના આચાર્યોના ભમાવ્યાથી અનેક પ્રકારના કંકાસો એક બીજામાં થયા કરે છે. એક કહેશે કે અમેજ સાચા છીએ અને બીજા કહેશે કે અમે; આવી ઘટ-

નાઓમાં મારા જેવા અલ્પજ્ઞ સાચો રસ્તો શોધવામાં અશક્ત બને છે. માટે આપ પરોપકારી ગુરૂદેવ દયા કરી સિધો રસ્તો બતાવી અખંડ શાંતી મેળવું એમ સુખી કરો હું આપને શરણુ છું. આ સંસારમાં સુખી થવાનો બીજો કોઈ રસ્તો મને જોવામાં આવતો નથી. જેથી જેવી મારી યોગ્યતા હોય અને જેમાં મારૂં કલ્યાણુ થાય તે સમજાવવા કૃપ; કરો.

સુરેંદ્રના વચનથી નુતન વૃતિને અનુભવતા અને તેના વિનયથી સંતુષ્ટ થયેલા યોગીરાજ બોલ્યા, "સુરેંદ્ર ! તારૂં કહેવું ખરૂં છે. અજ્ઞાન યોગી ! તારી યોગ ભ્રષ્ટતાએ તને અહીં આણ્યો છે. અને હજુ પણ તારે માટે શું નિર્માણુ છે, તે હાલ કહી સકાય તેમ નથી. પણ લે હમણા તારા કલ્યાણુને માટે જે કહું છું તે પુરો વિશ્વાસ રાખી સાંભળ. જેથી તારા ઉદ્‌ભવિત થતા કેટલાક ખોટા કુતર્કો નાશ પામે. પ્રથમ તો જીજ્ઞાસુએ વિચારવું જોઇએ કેઃ—

अनंतशास्त्रा बहुलाश्च विद्या ह्यल्पश्चकालो बहुविघ्नताश्च ।
यत्सारभूतं तदुपासनीयं हंशोरैव क्षिर मिवाम्बु मध्यात् ॥

શાસ્ત્રો ઘણાં છે, વિદ્યાઓનો પાર નથી, વખત થોડો છે, અને વિઘ્ન ઘણાં છે. માટે જે મહંશ પાણીવાળા દુધમાંથી માત્ર દુધનુંજ ગ્રહણ કરી લીએ છે, તેવી રીતે સમજુ મનુષ્યોએ સાર રૂપ વસ્તુનુંજ ગ્રહણ કરી લેવું જોઇએ.

આ સંસારમાં તે વર્ણવેલા ઘણા પ્રપંચો છે. તેવા પ્રપંચ રૂપ પાસમાં બંધાવાથી કલ્યાણુનો માર્ગ મળી શકતો નથી. પણ ખરા માર્ગનું અનુકરણુ કરવાથીજ કલ્યાણુ સાધી શકાય છે. માટે તેવા ધન, માન, અને વિષય, સમ્બંધી સુખને ઇચ્છનાર આચાર્યો અનેક પ્રકારના તર્ક વિતર્કોથી અંધશ્રદ્ધાળુઓને સમજાવી પોતપોતાના મતમાં મેળવી તેઓની અધોગતિ કરે છે; અને પછી તેઓ પણુ તેના પરિણામ ભોગવે છે. જેથી સુરેંદ્ર તેવા પાસમાં પડવું નહીં. હવે "ઇશ્વર નથી" એવું ચારવાક વગેરેનું માનવું છે તેઓ કહે છે કે આ જગતની ઉત્પત્તિ સ્વયં (પોતાની મેળે) થયા કરે છે તેમાં કોઈ કારણુ રૂપ (સરજનહાર–ઇશ્વર) નથી કેમકેઃ—

चतुर्भ्यं खलुभूतेभ्यश्चैतन्य मुपजायते ।
किण्वादिभ्य समेतेभ्यो द्रव्येभ्योमद शक्ति वत् ॥

જેમ ચોખા આદી દ્રવ્ય કૃત સુરાબીજ વડે સંયુક્ત થયેલા દ્રવ્યે કરીને, દારૂમાં કેફ રૂપ શક્તિ આવે છે; તેમ પૃથ્વી, જલ, તેજ, અને વાયુરૂપ ચાર મહાભૂતો, સાથે મળવાથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. માટે તેમાં કાંઈ ઇશ્વરની કૃતી નથી. વળી કહે છે કેઃ—

अग्निरुष्णो जलं सितं सित स्पर्शी तथाऽनिल।
केनेदं चित्रीतं तस्मात् सभावा तद्व्यव स्थिती॥

અગ્નિમાં ઉષ્ણુતા, અને જલ તથા વાયુ સ્પર્શ કરવાથી ઠંડા જણાય છે, એ કોણે નીર્માણ કર્યું? માટે તેની એવી સ્વભાવથીજ વ્યવસ્થા જાણવી. બીજું પણ કહે છે કે હરીણીના નેત્ર કોણે આંજ્યા, મોરને સુંદર પીંછાવાળા કોણ કરે છે? કમલને વિષે પાંખડીઓનો સમુદાય કોણ રચે છે? અને કુળ-વાનમાં વિનય કોણ મુકે છે? વળી પાણીનું ઉંચા નીચાપણું, મૃગ તથા પક્ષિઓનો વિચીત્રભાવ, શેરડીમાં મધુરતા, અને મરીમાં તીખાસ, એ કોણ કરે છે? માટે એ સ્વભાવથીજ સીદ્ધ છે. આ સિવાય બીજા પણ વિચીત્ર વિચારો દર્શાવે છે કે આ દેહના અવશાન પછી પાપ પુન્યના ભોક્તા થવું પડે છે, અક્ષય ગતી મેળવી શકાય છે. ફરી ફરી જન્મ મરણના કષ્ટો ભોગ-ગવવા પડે છે, એ સર્વ ખોટું છે.

આ દેહ પડવા પછી ફરીને ઉપ્પન્ન થવાનુંજ નથા, અને પાપ પુન્યના ભોક્તા પણ થવું પડતું નથી. માત્ર જગતના બંધારણમાં અવ્યવસ્થા ન થવાને અને અનીતી અટકાવવાને, આ મહા ભયો આગળના મહર્ષિઓએ ગોઠ-વેલા છે. જો તેમ ન હોય, અને ઇશ્વિર છે; એમ કહીએ પણ તે શા આધા-રથી. શું આપણે તેને ક્યાં જોયો છે? અને તેમ માનનારા પણ જોઈ શકે છે? ત્યારે તે વાત તો માત્ર કલ્પનાજ ગણી શકાય. અને કલ્પનાથા તો ગમે તે પણ ગોઠવી શકાય છે. ત્યારે ઇશ્વર છે તે વાત વિનાકારણ કેમ સત્ય માનવી? અમુક વસ્તુના બીજથી અમુક વસ્તુજ થાય છે, એમ જગ-તનું બંધારણ નીયમીત રીતે અનાદી કાળથી ચાલ્યું આવે છે. તેનો ઉત્પન્ન કરતા કે નાસ કરતા કોઈ છેજ નહીં. આવા તેમના વિચારો છે. પણ સુરેંદ્ર તે વિચારો કાંઈ સત્ય નથી. હવે આપણે તે વિષે વિચાર કરીએ. કારણ કે

વિચારની મહત્તા ગહન છે. સારી રીતે વિચારવામાં આવે તો દરેક વસ્તુની યથાર્થ સ્થિતીનું ભાન થાય છે. તેથી જો વિચાર કરીશું તો ઉપરોક્ત (ઉપર કહેલા) સંશયોની સમાપ્તિ પોતાની મેળેજ થશે. (નિર્ણય થઈ જશે) સુરેંદ્ર સાંભળ! જગત નિયંતાની અપાર સત્તા આખા વિશ્વમાં વ્યાપ્તમાન છે, અને ચૈતન્ય રૂપે સર્વમાં નિવાસિત (વસેલો) પણ તેજ છે. અણું માત્ર પણ તેના ચૈતન્ય વિના ખાલી નથી. અને તેઓના (ચારવાક વગેરેના) કહેવા પ્રમાણે જો પદાર્થમાં સામાન્ય ચૈતન્ય ન હોત તો જીવ રૂપ વિશેષ ચૈતન્ય પ્રગટેજ ક્યાંથી? જેમકે કાષ્ટમાં અગ્નિનું અસ્તીત્વ છે તોજ પ્રકાસ રૂપે વિશેષ દેખાય છે, પણ જો તેમ ન હોય તો ક્યાંથી થાય. આ જગતમાં સર્વ કોઇને પોતાના અસ્તીત્વનો નિશ્ચય છે. જેમ કોઈ શુન્ય ઘરનો અનુભવ કરનારો કહે છે કે "આ ઘરમાં કોઈ નથી" તો તે ઠેકાણે તેનો અનુભવ કરનાર પોતે તેનો સાક્ષી છે. તેમ તે પદાર્થવાદી કહે છે કે તે જડ પદાર્થમાં ચૈતન્ય નથી, અને એ ચાર મહા ભુતોના મીશ્ર થવાથી તેમ થાય છે, પણ એમ કહેનારો પોતેજ તેનો સાક્ષી છે. એ પ્રસીદ્ધપણે દેખાય છે. માટે ચૈતન્ય રૂપ ઇશ્વર સર્વત્ર વ્યાપ્તમાન છે એ માની શકાય છે વળી આપણે જાણીએ કે આ સામેનો રાજ મહાલય કે મણીકર્ણીકાનો ઘાટ ઘણાં જુનાં છે, એ તો પ્રથમથીજ હોવા જોઇએ. તેનો કોઈ કરતા નહીં હોય, પણ તેવું માનવું આપણું ખોટું ઠરે છે. કેમકે નવાં ઘર બંધાતાં આપણી દષ્ટિગોચર થાય છે, તેથી આપણે જાણવું જોઇએ કે આનો બનાવનાર પણ કોઈ કારીગર હોવો જ જોઇએ. ત્યારે અગણીત સત્તાધારી સર્વોત્તમ કારીગર કે જેણે આ જગત જેવા હજારો બ્રહ્માંડો તેણે બનાવ્યા છે, અને તે આપણી ચર્મ ચક્ષુથી જોઈ શકાય તેવો નથી, તેથી શું આપણે ધારવું કે આ જગતનો કોઈ કરતા જ નથી. એ કેટલું ભુલ ભરેલું છે. આપણી આંખોમાં રોગ છે, અને દેખી શકતા નથી, તેથી કાંઈ એમ કહેવાશે કે અજવાળુ થતુંજ નથી, કે સુર્ય ચંદ્રનો ઉદય થતોજ નથી, કે તારાઓ પ્રકાશ આપતાંજ નથી. જો સર્વના અંતરાત્મા રૂપ, પરમાત્માને જોવો હોય તો વિવેકથી વિચારતા તે સ્પષ્ટ જોઈ શકાય છે. તે વિષે કૃષ્ણ યજુર્વેદના શ્વેતાશ્વતર ઉપનીષદમાં કહ્યું છે કે—

वन्हेर्यथा योनी गतस्य मूर्ति नदृश्यतेनैवचलींग नासः ।
सभुयएवन्धनयो नियहा स्तद्वोभयं वै प्रणवेनदेहे ॥

જેમ પોતાના કારણ રૂપ અરણીમાં રહેલ અગ્નિનું સ્વરૂપ દેખાતું નથી, તેથી કાંઈ તેના સુક્ષ્મ સ્વરૂપનો નાસ નથી. કેમકે તે ફરી અરણીના કાષ્ટ મંથન કરવાથી પ્રગટ થઈ ગ્રહણ કરાય છે. તેમ દેહને વિષે રહેલા આત્મ રૂપ પરમાત્માને વિચારથી જાણી શકાય છે. વહાલા સુરેંદ્ર અજ્ઞાન અવસ્થામાં પડી રહી કંઈ પણ શ્રમ કર્યા વિના ઉત્તમોત્તમ કૃતીના શોધ ક્યાંથી થઈ શકે? અને પોતાની મેળે ન થાય ત્યારે આવું લખી પોતાનું અને અન્યનું અકલ્યાણ કરે, એવા પ્રમાદી પુરૂષોનાં વચન પર તારે કદી પણ વિશ્વાસ મુકવો નહીં. બોલ તને હવે ઇશ્વર છે એવો નિશ્ચય થયો કે?

સુરેંદ્ર નમ્રતાથી બોલ્યો ગુરૂદેવ! હવે આપે કરેલા સદુપદેશના પ્રભાવે અમોઘ શક્તિમાન અને અખંડ વળી ચૈતન્ય રૂપે ઇશ્વર ચરાચરમાં સર્વ વ્યાપી પણે સર્વદા છે. એ હું બરોબર જાણી શક્યો છું.

યોગી—ઠીક. હવે સાંભળ સુરેંદ્ર! મનુષ્યો કોઈ ઇશ્વરને નીરાકાર માને છે, ત્યારે કોઈ શાકારની પણ ભક્તિ કરે છે. એ બંને માર્ગ મનુષ્યનું કલ્યાણ કરવાવાળા છે. એ બેમાં સુલભ શું છે, તે પછીથી કહીશ. પણ પરમાત્મા આ જગતમાં કેવી રીતે રહ્યા છે ને તેની અગાધ સત્તા શું શું કરે છે તે સાંભળ. પ્રથમ તો ઇશ્વર સર્વ વ્યાપકપણે પ્રકાશે છે તે વિષે ગીતાજીમાં કૃષ્ણ પરમાત્માએ અર્જુનને કહ્યું છે કેઃ—**सुत्रे मणी गणाइव** હું મણીકાઓની અંદર સુત્ર પરોવેલું હોય તેની પેઠે આ જગતમાં રહેલો છું. એ સુત્રને જુદો પણ કહી શકાય નહીં, તેમ અભીનત્વ પણ ગણાય નહીં. ઘટ મઠાકારે સર્વે વ્યાપી અનંત સત્તાધારી જગન્નિયંતા સર્વત્ર રહેલા છે. તે સ્વયંભુની સત્તાથી સુર્ય પ્રકાશે છે, ગ્રહ ચંદ્ર અને તારાઓ પણ તેના નિયમ પ્રમાણે ઉદય અને અસ્ત થાય છે, સમુદ્ર પણ ભરતી ઓટ નીયમ મુજબ કરી મોટા મોટા મોજાઓ ઉછાળે છે, તેની સત્તાથી પૃથ્વી અચળ થઈ મોટા પર્વતો વૃક્ષો અને અપાર ચરાચર જીવોને ધારણ કરી રહી છે, વળી જેની ઇચ્છાથી બ્રહ્મા સર્જે છે, વિષ્ણુ પાલન કરે છે, અને મહાદેવ નાશ કરે છે. પવન વાય છે, ઇંદ્ર વરસાદ કરે છે, અને દરેક ૠતુઓ પણ પોતપોતાનું કાર્ય કરે છે. એવા

દ્રશ્યાદ્રશ્ય (દેખાતા અને ન દેખાતા) અગણીત વ્યતીકરો તેના વડેજ થયા કરે છે. એવા પરમ બ્રહ્મ રૂપ આ જગતના નિયામક પ્રત્તી હમેશાં શુદ્ધ ભાવથી સ્નેહ રાખવો. જેનું ધ્યાન મોટા યોગેશ્વરો અષ્ટાંગ યોગે ખટચક્રને ભેદી કરે છે, અને અખંડ શાંતિ મેળવે છે. ભક્તજનો પણ તેમાંજ "તન્મયતા" કરી અપુર્વ આનંદ પામે છે, અને જેના જોગે નિરાકાર અને નિર્વિકલ્પ પરંબ્રહ્મને પણ શાકાર થવું પડે છે, તેવા અનાથના નાથ અનંત સામર્થ્ય-વાન શ્રીહરીને સર્ણ થવામાંજ સર્વેનું કલ્યાણ છે. સુરેંદ્ર ! વળી સગુણ અને નિર્ગુણમાં કંઈ પણ ભેદ નથી. જેમ સરોવરના પાણીમાં અને તેના તરંગો માં શું જુદાપણું છે? માત્ર નામ રૂપ ભિન્નતા છે. પ્રભુ સાકાર થાય છે કે નહીં તે વિષે કેનોપનિષદના પંદરમા શ્લોકમાં કહે છે કેઃ—

तद्धैषां विजज्ञौते भ्योह प्रादुर्बभूव।
तन्नव्यजानन्त किमिदं यक्ष मिति॥

(પૂર્વે જ્યારે દેવાસુર—દેવો અને રાક્ષસોનું મોટું યુદ્ધ થયું હતું ત્યારે તેઓ ઘણાં કાલ લગી લડયા હતા. તેમાં પરમાત્માની ઇચ્છાથી દેવોનો જય થયો, અને ઇશ્વર કૃત વર્ણાશ્રમની મર્યાદા તોડનારા અધર્મી અસુરો વિનાસ પામ્યા. પણ તેથી દેવતાઓને ગર્વ થયો, કે અમેજ અમારા પ્રબળપણાથી તેઓનો પરાજ્ય કર્યો છે) એવી રીતે મિથ્યાભિમાનથી જોનારા દેવોનો પ્રકટ કરેલો ગર્વ સર્વાંતર જામી પરમાત્માએ જાણ્યો, અને વિચાર્યું કે સર્વ ભૂતોની ઇંદ્રિયોને પ્રેરણા કરનારા આ દેવો અસુરની પેડે મિથ્યાભિમાનથી પરાભવ પામશે, જેથી તેમનો ઉદ્ધાર કરવો. એમ વિચારી દેવતાઓ પાસે પોતાના સામર્થ્યે તેઓ એક અદ્દભુત રૂપથી ત્યાં પ્રગટ થયા. (પોતાના અદ્દભૂત રૂપને ત્યાં પ્રકટ કર્યું.) તે રૂપને દેવતાઓ માત્ર પુજવા જોગ છે, પણ કોણ છે તે જાણી શકયા નહીં. (અને તે સ્વરૂપે પછી મોટા મોટા દેવોનું અભિમાન મુકાવ્યું (આ ઉપરથી પરમાત્મા સાકાર થાય છે એમ માની શકાય છે. વળી ગીતાજીના ચોથા અધ્યાયમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે શ્લોક ૭ મો.

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थान म धर्मस्य तदात्मानं सृजाम्यहं॥

હે અર્જુન ! જ્યારે જ્યારે (આ જગતમાં) ધર્મની હાની થાય છે અને અધર્મ વધી જાય છે ત્યારે ત્યારે હું **આત્માન** દેહરૂપે સગુણરૂપે ઉત્પન્ન થાઉં છું. સગુણ સ્વરૂપને ઉત્પન્ન કરૂં છું. આ પરથી પણ સમજાય છે કે સગુણ સ્વરૂપે પરમાત્મા પ્રગટ થાય છે અને તેની ભક્તિ કરવાથી કલ્યાણ કરે છે. આ વખતે સુરેંદ્રને કંઈ વિચાર ઉદ્‌ભવવાથી બોલ્યો ગુરૂદેવ ! આપના કહેવા મુજબ મારી સગુણ અને નિર્ગુણની ભેદબુદ્ધી હવે ટળી ગઈ છે, પણ ત્યારે પ્રતીમાકારે પુજવાનો રીવાજ શા માટે હશે ? એ મારાથી કાંઈ સમજી શકાતું નથી. શું પ્રતિમા પુજનનું વેદમાં પણ ફરમાન હશે ? વળી તેનાથી આપણું શું કલ્યાણ થાય છે, તે પણ કહો. યોગી બોલ્યા વત્સ પ્રતિમા પુજનનો રહસ્ય ગહન છે. એ સાધારણ સમજવાળાથી સમજી શકાતો નથી; પણ મહાત્માઓ તેને બરાબર સમજે છે. એ વિષે તારી સમજમાં આવે એવી વાત કહું તે સાંભળ. કોઈ અસ્ત્ર વિદ્યાનો શીખનાર પ્રથમ કંઇ પણ લક્ષબિંદુ ઠરાવી તેપર પોતાનો અભ્યાસક્રમ ચાલુ કરે છે, અને તે પરથી ધીમે ક્રીમે અભ્યાસને આગળ વધારતાં ઘણે વખતે મહારથી, કે અતીરથી, પણ થઇ જાય છે. અને ઘણાં પ્રયત્ને શબ્દવેધી થઇ અલક્ષને પણ ભેદી શકે છે. પણ તેમ ન કરનારો અને પ્રથમથીજ અલક્ષને ભેદવાની ઉચ્છાવાળો કદી પણ પોતાના કાર્યમાં જય પામી શકતો નથી. પણ નિષ્ફળ નીવડે છે. વત્સ ! ! તે પ્રમાણે પ્રતિમારૂપ લક્ષબિંદુ ઠરાવવાથી, અને શુદ્ધ ભાવથી તેના સેવનરૂપ અભ્યાસ કરવાથી, કેટલેક વખતે પ્રયત્ન વડે અલક્ષરૂપ શબ્દ બ્રહ્મને પામી શકે છે. પણ પરમાત્મા સર્વત્ર છે, એટલુંજ બોલી, કંઇ પણ પ્રયત્ન ન આચરનાર કદી પણ પરમાત્માને પામી શકતો નથી. સુરેંદ્ર ! વળી તે વિષે ઇશ્વરાવતાર શ્રીમન્ રામચંદ્રજીએ સદ્‌ગુરૂ મહર્ષિ વશિષ્ઠને પુછ્યું હતું કે હે ગુરો ! પરમાત્માની મૂર્તિવડેજ પુજા શા માટે કરવી ? તેનો પ્રતિઉત્તર આપતાં મહર્ષિ વશિષ્ઠ કહે છે કે.—

गवां [illegible]पिशरीरस्थं नकरोत्यंङ्ग पोषणम् ।
प्रथकभूतं म[illegible]राजं पुनस्तस्यैव भेषजम् ॥
एवं सर्वे शरीरस्थः सर्विपरमेश्वर ।
विनाचोपसनां देवो नकरोति हि[illegible]तं नृषु ॥

જેમ ગાયોના અંગમાં ઘૃત સર્વત્ર વ્યાપ્ત રહે છે, પણ તે વ્યાપક ઘૃતથી ગાયનું અંગ કંઇ પુષ્ટ થતું નથી. પરંતુ જ્યારે તે વ્યાપક ઘૃતને તેના સ્તનરૂપ એક દેશના આધારથી મેળવીને ફરી તેજ ઘૃત ગાયને પીવરાવવામાં આવે, તો તે ગાયને ઔષધ રૂપ થઇ પુષ્ટ બનાવે છે. તેજ પ્રમાણે આ સંસાર અને શરીરના રોમ રોમમાં ઘૃતના સમાન પરમાત્મા વ્યાપ્ત થઈ રહ્યા છે, પરંતુ જ્યાં સુધી મૂર્તી–પ્રતિમા રૂપ એક ધારામાં તેની ઉપાસના કરવામાં આવે નહિ ત્યાં સુધી આત્માની ઉત્તમ ગતી થતી નથી.

માટે સુરેંદ્ર દરેક જીજ્ઞાસુએ મૂર્તી પ્રતી કદીપણ અશ્રદ્ધા ધરવી ન જોઇએ. કેટલાક સમજ શૂન્ય કહે છે કે પ્રતિમાનું વેદમાં પ્રતિપાદન નથી અને તે તો આ કલીયુગમાં જૈન ધર્મના ચાલુ થવા પછીજ રીવાજ ચાલ્યો છે પણ તે માનવું તેમનું ભૂલ ભરેલું છે કેમકે અથર્વ વેદના ૨–૧૨–૪ માં ચોખ્ખું જણાવે છે કે **पेह्यस्मानमातिष्ठास्मा भवतु ते तनुः**–હે ઇશ્વર તમે આવો ! ! અને આ પાષાણની મૂર્તીમાં સ્થિત થાઓ, અને આ પાષાણની મુર્તી આપનું શરીર બની જાઓ. જેમકે મૂર્તીરૂપ આ શરીરમાં જીવાત્માની પેઠે નીવાસ કરો. વળી સામવેદના સોળમાં બ્રાહ્મણમાં લખ્યું છે કે **यदा दैवतप्रतिमा हसन्ति रुदन्ति** જ્યારે દેવતાઓની પ્રતીમા અકસ્માત હાસ્ય યાતો રૂદન કરે છે. વળી ઋગ્વેદના અ. ૮ અ. ૭ વ. ૧૮ મંત્ર ૩ જાની પ્રથમ પંક્તિમાં લખ્યું છે કે **कासीत्पमा प्रतिमास**–પરમેશ્વરના યથાર્થ જ્ઞાનનું સાધન છે ? જ–પ્રતિમા–વળી શ્રી રામ વનમાં ગયા અને દશરથ રાજાનું મર્ણ થયું તે વખતે ભરતજી મોશાળથી આવી નગરમાં પ્રવેશ કરતાં કહેવા લાગ્યા કે **देवा गाराणि शुन्यानि** આ દેવતાઓના મંદિરો શૂન્ય દેખાય છે આ પરથી વિચારતા ઉપરોક્ત વાક્ય ખોટા કરે છે, અને પ્રતિમા પૂજન પૂર્વાપરથી ચાલુ હોય તેમ સિદ્ધ થાય છે. તેમ મનુ સ્મૃતિ અને અત્રી સ્મૃતિ વગેરેમાં પણ તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેથી અને કેટલાક મહાત્મા અને હરી ભક્તો મૂર્તિદ્વારા ઉત્તમ સ્થિતીને પામ્યા છે, જે સમસ્ત સંસાર જાણે છે. તો પછી ખોટા તર્કવાદથી લોકોને ભમાવી તેના પ્રતિ અનાસ્થિક કરનાર જનો પારકું અને પોતાનું બુરૂજ કરે છે. કેમકે કૃષ્ણ પરમાત્માએ પણ એક ઠેકાણે કહ્યું છે કેઃ—

सत्यं ब्रविमी मनुजा स्वयमुर्ध बाहु
र्योमां मुकुन्दं नरसिंह जनार्दनेति ।
जीर्व्योजपत्य नुदिनं मरणेरणेवा
पाषाण काष्ट सद्गशाय ददाम्यभिष्टम् ॥

હે મનુષ્યો! હું ભૂજા ઉઠાવીને સત્ય કહું છું કે કોઈ પણ (ભક્તજન) મનુષ્ય મને મુકુંદ, નરસિંહ કે જનાર્દન વગેરેમાં (મારા અનેક નામો છે તેમાંથી) ગમે તે નામથી મને પોતાની જીભે જપે (ભજે) યા તો પાષાણ કે કાષ્ટની પ્રતિમા કરી તેમાં મારૂં યજન કરે તો મરણાવસ્થા કે રણસંગ્રામ વગેરે કોઈ પણ સ્થળે અને કોઈ પણ વખતે તેને હું (તે ભક્તજનને) તેની ઇચ્છા પ્રમાણે આપું છું.

હવે વત્સ સુરેંદ્ર ! આટલા પ્રમાણો છતાં જો કોઈ તેના પ્રતિ સંષયાત્મક બને (આ સાચું છે કે કેમ) તો "**शंषयात्मा विनस्यति**" તો તેના આત્મિક ઉદ્ધારનો રસ્તો પણ સંશય ભરેલો થઈ પડે છે. વળી હે વત્સ !! તને તો તારી જીંદગીમાં પ્રતિમાનો પુરો પ્રભાવ એક વખત બરાબર અનુ-વવામાં આવશે, ત્યારે તને મારા વચનોની પુરેપુરી ખાત્રી થશે.

વાહાલા સુરેન્દ્ર ! મનુષ્યોદ્ધારના બે માર્ગ છે તે એક જ્ઞાનયોગ અને બીજો ભક્તિયોગ" હવે તે બેમાંથી પણ ભક્તિયોગ ઘણો સહેલો અને સરલ છે તે માર્ગમાં ઘણાં મનુષ્યો નિર્વિઘ્ને પાર પામી જાય છે. પણ જ્ઞાન-યોગમાં પાર પહોંચવું ઘણું કઠણ છે, કેમકે નીરંતર વિષયના ષટ્ વિકારો ઉદ્દ્ભવિત થઈ તેમાં વિક્ષેપ પાડી આગળ વધવા આપતા નથી. તેમ તે માર્ગમાં દરેક વ્યક્તિ પોતાનાંજ બળે કરી આગળ વધવાનો પ્રયત્ન કરે છે. પણ ખરો ભક્તિયોગ જેનું નામ પરમાત્મા પ્રત્યે શુદ્ધ પ્રેમ ગણાય છે, તેનો પ્રયાસ તેના (પરમાત્માના) ઉદાર આશ્રય તળે હોવાથી નિર્વિઘ્ને પાર પડાય છે. વળી જ્ઞાનયોગ એ પુરૂષ વાચક હોવાથી તે પરમાત્મારૂપ પુરૂષનું જલદીથી આકર્ષણ કરી શકતો નથી. પણ ભક્તિ એ સ્ત્રિવાચક હોવાથી તેનું (પર-માત્માનું) સત્વર સંમેલન કરાવે છે. ફરી જ્ઞાનયોગમાં બળાત્કારે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો પડે છે, ત્યારે ભક્તિયોગમાં પ્રભુ પ્રત્યે .સ્વયંપ્રેમ પ્રગટવાથી

વિષયના વિપરિત વિકારો પોતાની મેળેજ વિસરી જાય છે. પણ તે ભક્તિ પરમ પવિત્ર હોવી જોઇએ નહીં કે તે હાલના કેટલાક પાખંડી પ્રણીત કુમાર્ગે ગામી (પાખંડીઓએ રચેલી જાળરૂપ અવળે રસ્તે ચડાવનાર) હોય જો તેમ થાય તો કહેનાર ગુરૂ, અને સાંભળનાર શિષ્ય, એ બંનેની અધોગતીજ થાય છે.

સુરેન્દ્ર—પ્રભુના નામ પર સંસારનો ત્યાગ કરી ભેખ ધરનારા સાધુઓજ ભક્તિમાર્ગનો વિશેષે કરીને જગતમાં ઉપદેશ આપે છે તેને પાખંડી કેમ ગણી શકાય ? તે મને સમજાવીને કહો, અને આગળ ત્યારે ખરા માર્ગનો ઉપદેશ કોણ આપતું, અને સાધુ–મહાત્મા કે જ્ઞાની કોને કહેતા તે કહો.

ગુરૂ—સાંભળ સુરેન્દ્ર ! આગળના ઉપદેશકો બ્રાહ્મણવર્ણના મહાપઓજ હતા જેને ઋષી, મહાત્મા અને સંત કે સાધુના નામથી ઉદ્દેશવામાં આવતા પણ હમણાંની પેઠે ગમે તે વર્ણના હોઈ તુલસીની પાંચ સાત માળાઓ ગળામાં ઘાલી ગેરૂ અને ગોપીચંદનનો થોડો ઉપયોગ કરી અને શીર મુંડનની ક્રિયાઓ કરાવાથીજ સાધુતા આવી જાય છે તેમ ન હતું. પૂર્વોક્ત મહાત્માઓ સર્વ સંસારને અધિકાર પ્રમાણે મોક્ષ માર્ગમાં પરિવર્તન કરાવવા ઉત્તમ ઉપદેશ આપતા, અને પોતે પણ આત્મોન્નાતરૂપ બ્રાહ્મીસ્થિતીમાં ભરપૂર રહી કલ્યાણ માર્ગનું અનુકરણ કરતાં આ જગતની અંદર જલકમલવત્ સમ્બંધ ધરાવી તદ્દન નિષ્પૃહતા જાળવતા અને તેના પછી થએલા કે હમણાં થતા ખરા મહાત્મા પુરૂષો પણ તેજ સ્થિતીને અનુસરે છે. અને તેઓજ ખરેખરો બોધ આપી આ જગતના પ્રમાદી જીવોની ઉત્તમ ગતિરૂપ થાય છે. પણ માત્ર વેશ ધારીઓ અને સંસારી–ગૃહસ્થાશ્રમીઓ કરતાં પણ ઘણાજ વ્યવહારમાં ગુંથાયલા વળી સંસારીઓ પણ જેને અદ્યમ કર્મો ગણી ત્યાગ કરવાને ચાહે છે એવા ચોરી, દુરાચાર કે પરસ્ત્રિ હરણ જેવાં નિંદ્ય કામો જે કરવાને ચુકતા નથી તેવાઓને સાધુ મહાત્મા કે જ્ઞાની પુરૂપ કેમ ગણી શકાય ? છતાં પણ તેવાઓની પ્રવૃતિ આ દુનિયામાં વિશેષ છે, પણ ખરા સંત પુરૂષો તો ક્વચિતજ મળી શકે છે. અને તેને આ જગત જાણી શકવાને અસમર્થ છે. સાચા ખોટાને જાણવાની શક્તિ ઓછી છે, તેવા ઉત્તમ પુરૂષો નિવૃતિ માર્ગને અનુસરી પ્રવૃતિમાં પ્રયાણ કરવા આ યુગ ધર્મને વિચારી

ઓછું પરિવર્તન રાખે છે, કેમકે પાખંડીઓથી બહેકાયલા કેટલાક અંધશ્રદ્ધાળુ સ્ત્રિ પુરૂષો તે મહાત્માને દુઃખરૂપ થાય છે. તેઓની ખોટી શ્રદ્ધા તે મહાત્માઓના સ્વધર્મથી વિહિત કરાવનારી હોતાં તેઓનો ઘણો સંસર્ગ કરવાને તે ચાહતા પણ નથી, જેથીજ સ્વાર્થી સાધુઓ પોતાનું કપોળ શાસ્ત્ર દુનીયામાં પ્રવર્તાવી, અનેક ચેલા ચેલીઓ કરી, તેમની પાસેથી ધન ધુતવી, સુખનાં સાધનો જે તેઓને તજવા જોગ છે તે એકઠાં કરે છે. અને વખતે પોતાની પુત્રી સમાન શિષ્યાઓ—ચેલીઓ સાથે દુરાચારમાં ઉતરે છે. જેને માટે ભક્તરાજ ભોજાએ પોતાના એક ચાબખામાં જણાવ્યું છે કે—

નિત નિત દર્શન નિયમ ધરાવે, ઘેર આવે ત્રીયાઓની ટોળી;
માઈ માઈ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળી— ભરમાવી.
સઘળા શિષ્યને ભેળા કરી, પછી ખાય ખીર ખાંડ ને પોળી;
ભોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યા બોળી. ભરમાવી.

આવા સદ્‌ગુરૂઓ કેવો ઉપદેશ આપી કલ્યાણ કરે એ એક વિચારવાની વાત છે. માટે ઉત્તમ સદ્‌ગુરૂ—ગ્રહસ્થ હો કે આશ્રમી હો પણ જેણે ખરેખરી સાધુતા મેળવી હોય તેનેજ ગુરૂ રૂપ સ્થાપી " ભક્તિયોગ " સાધવો. હવે વિદ્વાનો સાધુ કે જ્ઞાની કોને કહે છે તે સાંભળ—

सत्यमेव वृतंयस्य दया दिनेषु सर्वदा।
कामक्रोधोऽवसेयस्य शसाधुकथ्यते बुधे॥

જેને સત્યનુંજ વ્રત છે, દિનજનો ઉપર સદા દયા છે, કામ ક્રોધને જેણે વસ કર્યા છે, તેને બુદ્ધિમાન મનુષ્યો સાધુ કહે છે. હવે જ્ઞાની પુરૂષો કોણ ગણાય તે વિષે કહ્યું છે કે,

योहिन कूरुते पापं सर्व भूतेषु कर्हिचित्।
कर्मणा मनशा वाचा शज्ञानी कथ्यते बुधे॥

જે કોઈ કાળે પણ મન, વાણી તથા કર્મ કરીને કંઈપણ પાપ કરતો નથી, તેને બુદ્ધિમાન લોકો જ્ઞાની કહે છે. સુરેન્દ્ર: આવા વિરક્ત વિજ્ઞાનવાન વિરલા મહાપુરૂષો, આ મીથ્યા સંસારની મોહ જાળ મુકાવે છે અને ખરેખરા માર્ગમાં પ્રતિક્રમણ કરાવી પાર ઉતારે છે. તેવીઓનેજ ગુરૂ રૂપ

ગણી પુજવા જોઇએ પણ ખોટી રીતે ભમાવનાર, વર્ણાશ્રમથી ભ્રષ્ટ કરનાર, ભક્તિને બહાને અનિતી આચરનાર, માત્ર જગતને બતાવવા બાહ્યાચાર કરનાર, પેટભરા પાખંડીઓથી સદા વિરક્ત (દુર) રહેવું. અને શુદ્ધ હૃદયના નિષ્પૃહ મહાત્માઓ કે જેઓનો સત્સંગ પણ દૈવ જોગેજ પામી શકાય છે તેવાઓની શોધ કરી તન મનથી સુશ્રુશા વડે પ્રસન્ન કરી તેઓના ઉત્તમ પ્રબોધને ધારણ કરવાથી ઉત્તમ ગતિરૂપ સ્થાન પામી શકાય છે. માટે પોતાનું જ હીતાહીત વિચારવા ઉપરોક્ત વાક્યને ધ્યાનમાં લઇ બુદ્ધિયોગથી સત્પુરૂષોનાં સમાગમની શ્રદ્ધા રાખવી અને સત્પુરૂષોને ઓળખવાની સમજ લેવી જોઇએ. કારણ કે તેવી સમજ વગર ઘણી વખતે મહાત્માઓનો અનાદર અને પાખંડીઓની પુજા થાય, એ અયોગ્ય ગણાય. અને તેથી અકલ્યાણ પણ થાય છે. જેથી વિચારદ્વારાએ ખરા જ્ઞાનીપુરૂષો પાસે ભક્તિયોગ મેળવી, પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ રાખવો કે જેથી ભક્તાધિન શ્રીહરિ સત્વર પ્રસન્ન થાય. હવે સદ્‌માર્ગ પ્રવર્તક સુરેન્દ્ર ! તને જ્ઞાનયોગ મિશ્રિત ભક્તિયોગ અને કેટલા શ્રમ પછી કઈ સ્થિતિ પામી શકાય છે તે કહું છું. જેનું અનુકરણ મોટા મોટા મહાત્મા પુરૂષો કરી ગયા છે, અને વર્તમાનમાં પણ કરે છે, એવી ઉત્તમ ગતિની સાત ભૂમિકાઓ તું સાંભળ,—

ભૂમિકા ૧ લી, કર્મોપાસના.

જ્યારે ઘણા જન્મોના શુભ સંસ્કાર ઉદય થાય છે ત્યારેજ પ્રભુ ભક્તિમાં પ્રેમ ઉત્પન્ન થાય છે, અને આ સંસારમાં જન્મ ધરવાનું સાર્થક શું છે? તે સમજવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. અને તે શુભ ઇચ્છાને અનુસરી ઉત્તમ ગુરૂ કે જે સંસાર સમુદ્રમાંથી તારનાર (કર્ણધાર) નાવીકરૂપ છે તેને શરણ જાય છે. અને તેમની આજ્ઞા પ્રમાણે પરમાત્માની પ્રતિમાનું પુજન અને ધ્યાન કરે છે. સત્સંગમાં પ્રીતિ ધરાવે છે. વિષયો પ્રતિ દોષ દૃષ્ટિ લાવી તેનાથી નિવૃત થવાને પ્રયત્ન કરે છે, અને પરમાત્માને મળવાની તિવ્ર ઇચ્છા ધરાવે છે. એ જીજ્ઞાસુએ પ્રથમ ભૂમિકા પૂર્ણ કરી ગણાય છે.

ભોમીકા ૨ જી,—સુવીચારણા.

બીજી ભૌમીકામાં પ્રવેશ કરતો મુમુક્ષુજન (ભક્તજન) સદ્ગુરૂ સત્

શાસ્ત્રને આપ્ત પુરૂષોના વચનપર વિશ્વાસ લાવે છે તેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી સૂક્ષ્મદષ્ટિથી અર્થના વિચારે નિત્યાનિત્ય (નાસવંત અને અચળ) નો સત્યાસત્ય સમજવાનો વિવેક થાય છે. તેમ પ્રભુ પ્રત્યે પ્રેમ અને સંસાર તરફ ઉદાસીનતા થાય છે ત્યારે બીજી ભોમીકા પૂર્ણ થાય છે.

ભોમીકા ૩ જી–તનુમાનસા.

આ ત્રીજી ભૂમિકાએ ધ્યાન યોગમાં દઢ થવાથી સગુણ ઉપાસના પૂર્ણ થાય છે. પણ તે જીજ્ઞાસુ નિત્ય નૈમીતિક કર્મો હમેશ કરે છે. આ ભોમીકામાં બહિરવૃત્તિનો ત્યાગ થઈ અંતરવૃત્તિમાં પ્રવેશ થાય છે. આત્મદર્શનથી ભ્રાંતિરૂપે થતો ભયનો ભાવ નિવૃત્ત થઈ જાય છે, અને વારંવાર આત્માકાર વૃત્તિ થાય છે ત્યારે આ ત્રીજી ભોમિકા પૂર્ણ થાય છે.

ભોમીકા ૪ થી સત્વાપતિ.

નીદિધ્યાસનની પરિપક્વતા એ, આત્મામાં ઉપરામ વૃત્તિ. જગતનો સ્વપ્નરૂપે ભાવ, અંતઃકર્ણમાં અખંડ આનંદ. "તત્વમસિ" અને "અશી" પદમાં સ્થિતિ. જીવનમુક્ત દશાનું અપૂર્વ સુખ. એ પ્રાપ્ત થતાં આ ભૂમિકા પૂરી થાય છે, પછી કર્તવ્યરહિતપણું આવે છે.

ભોમીકા ૫ મી અંશ શક્તિ.

આ ભુમીકામાં પ્રવેશ કરતાં મુમુક્ષુ નામરુપનો ત્યાગ કરે છે. અસ્તિ, ભ્રાંતિ અને પ્રીયમાં સ્વઅનુભવ દષ્ટી સત્ ચિદ્ અને આનંદ જે પોતાનું સ્વરૂપ તેમાં સ્થિત કરે છે. અને અસત, જડ અને દુઃખરૂપ દેહથી લઇ બ્રહ્માંડ પર્યંત બાહ્યાકારવૃત્તિનો ત્યાગ, અને મનના સ્ફુરણનું સંક્રમણ (મનના ઉઠતા તરંગોને બંધ કરે છે.) આ ભુમીકા પુર્ણ થતાં જ્ઞેય, જ્ઞાતા, અને જ્ઞાન એ ત્રણેનો લય થાય છે.

"છઠ્ઠી ભોમીકા–પદાર્થ ભાવિની."

જેમ ચંદ્ર અંધકારનો નાશ કરે છે, તેમ જ્ઞાનરૂપ ચંદ્રોદયથી અજ્ઞાન રૂપતીમીર–અંધકાર તદ્દન લય પામે છે, અને આત્મામાં અખંડ સ્થિતિ થાય છે. જેથી સુષુપ્તિના આનંદ સદૃશ આનંદ, અને જ્યારે યોગી–(ભક્તજન)

ચિંત્વન કરે છે ત્યારેજ સ્ફુરણ થાય છે. અને પછી જ્યાં દૃષ્ટિ કરે છે ત્યાં બ્રહ્મ દૃષ્ટિજ થાય છે, વિશ્વદૃષ્ટિ થતીજ નથી. અને આ ભોમીકા પુર્ણ થતાં સંચીત, ક્રિયમાણ, અને પ્રારબ્ધનો પણ અભાવ થાય છે.

" ભોમીકા સાતમી—તુરીયગા-તુરીઆ. "

આ છેલ્લી ભોમીકામાં ભક્તયોગીને કંઈ કરવાનું રહેતું નથી. તે અંતઃકરણને વિષે કૃત્યકૃત્યતા માને છે. આ મનુષ્ય જન્મનું સાર્થક થયું એમ વિચારી પોતાના જીવનને ધન્યવાદ ગણે છે. સતશાસ્ત્રો અને સદ્દગુરૂનો ઉપકાર માને છે. પોતાને કરવાનું કૃત્ય સર્વે પુર્ણ થયું છે એમ નિશ્ચય થઇ જાય છે. "અહંબ્રહ્માસ્મિ"—હું બ્રહ્મ છું એવું જ્ઞાન સંશય અને વિપરીત ભાવના રહીત થાય છે. 'ધ્યેય ધ્યાતા અને ધ્યાન' એ પણ ભુલાઇ જાય છે. સુખ અને દુઃખ માન અને અપમાન સમતુલ્ય અનુભવવામાં આવે છે. વખત પર પ્રારબ્ધ વસાત્ જે કાંઈ આવી મળે તે ભોગવે છે અને કિંચીત પણ કર્તવ્ય કરતો નથી. વત્સ સુરેંદ્ર! એ સાત ભુમીકાઓમાં ક્રમવાર પ્રવેશ કરી જીજ્ઞાસુજનો પરમાત્માની અને સદ્દગુરૂની કૃપાથી અક્ષય ગતી મેળવે છે. એ શુદ્ધ ભક્તિ ગણાય છે હવે તારે પણ એજ રસ્તે પ્રયાણ કરી કલ્યાણ મેળવવું છે. એમ નિશ્ચય કર.

સુરેંદ્ર—સદ્દગુરૂ દેવ પ્રેમલક્ષણા ભક્તિમાં તો આપે વર્ણન કરેલો શ્રમ કરવો પડતો નથી એમ મેં સાંભળેલું છે તે શું ખરૂં છે?

ગુરૂ—વત્સ તે કેવું બરાબર નથી, કેમકે તે " પ્રેમલક્ષણા ભક્તિ " આચરનાર પરમભક્ત છેલ્લી સ્થિતિમાં સર્વત્ર પરમાત્માને જુવે છે. તે ગતી જ્યાં સુધી થઇ નથી ત્યાં સુધી તે કાચો ભક્ત ગણાય છે. તે વિષ એક દ્રષ્ટાંત આપું તે સાંભળ.

એક "નામદેવ" નામના ભક્તે પરમાત્માની (વિઠ્ઠલનાથની) એવા પ્રેમથી ભક્તિ કરી કે કેટલેક વખતે પરમપ્રભુએ તેની પવિત્ર ભક્તિથી આકર્ષાઇ સાક્ષાત દર્શન આપ્યા. તે દર્શનથી કૃતાર્થ થયેલા નામદેવજીએ તિર્થ યાત્રા કરવાનો વિચાર કરી ત્યાંથી પર્યટન કરવા ચાલ્યા. પવિત્ર સ્થળોમાં

ફરતાં ફરતાં એક વખતે એક ગામમાં આવી "ગોરા" ભક્તને ત્યાં ઉતર્યા. એ ભક્ત કુંભાર જાતીનો હતો પણ પરમાત્માની શુદ્ધ ભક્તિ આચરનાર જોઇ તેને ત્યાં નામદેવજીને ઉતરવાનું ઉચીત ધાર્યું તેથી ત્યાં રહ્યા. રાત્ર પડી એટલે કેટલાક બીજા ભક્તો પણ ત્યાં ભેળા થયા, અને ગોરા કુંભારના ગુરૂ પણ ત્યાં આવ્યા. ભજનની શરૂઆત થઇ અને પ્રભુ ભક્ત નામદેવજીએ પણ તેમાં ભાગ લીધો, અને ઘણાજ પ્રેમથી પાંચ પદ પુરા કર્યા. એટલે ગોરા ભક્તના ગુરૂએ ગોરાને આજ્ઞા કરી કે—અહીં એકઠા મળેલાં ભક્ત મંડળમાં કાચા અને પાકા ભક્તો કેટલા છે તેની ખાતરી કર. આમ ગુરૂની આજ્ઞા સાંભળતાં તે ગોરા ભક્તે માટીના વાસણ ઘડવાનું ટપલું ઉપાડી ઉઘાડે માથે ભજન કરવા બેઠેલા તમામ ભક્ત મંડળમાંના દરેકને અકેક લગાવવા મંડયો. જ્યારે નામદેવને તે ટપલું લાગ્યું કે અત્યંત ગુસ્સો આવી જતાં બોલ્યા, અરે મૂર્ખ લોકો ! પરોણાઓનો આવો સત્કાર થાય? શું ભક્તજનો આમ પરખાતા હશે? તમે ગુરૂ શિષ્ય બંને માત્ર ઢંગભક્તિ જ કરો છો. એવા અનેક કટુ શબ્દો ક્રોધાવેશથી તેઓ બોલ્યા. પણ સામેથી કોઇએ ક્રોધનો કે ઇર્ષ્યા ભરેલો પ્રતિઉત્તર આપ્યો નહીં. માત્ર એટલુંજ કહ્યું કે નામદેવ હજુ કાચા ભક્ત છે. આ સાંભળતાં તો નામદેવને વધારે રીસ ચડી અને બોલ્યા કે શું હું કાચો ભક્ત? જો તેમ હોય તો પ્રભુ મને દર્શન કેમ આપે? તમે બધા પાકા ભક્ત બન્યા છો તેમાં કોણે પરમાત્માના સાક્ષાત દર્શન કર્યા છે તે કહો. આ સાંભળી ગોરાના ગુરૂએ તેને સમજાવી કહ્યું કે ભક્તરાજ તમને પ્રભુએ તમારી તીવ્ર ભક્તિમાં આકર્ષાઇ દર્શન આપ્યાં, તેથી શું થયું. આટલામાં કોને પ્રભુનો સાક્ષાત્કાર થયો છે. તે કહેવાથી શું ફાયદો? એ તો યથાર્થ જ્ઞાનની પ્રભા પોતાની મેળેજ પ્રકાશમાં આવે છે. અને તે સર્વે કોઇ જોઇ શકે છે. મધ્યાનના સૂર્યનો પ્રકાશ થાળી વડે ઢાંકી શકાતો નથી અને દીપકની જ્યોતિ સૂર્યની બરાબર થઇ શકતી નથી. એ પ્રત્યક્ષ છે. એમાં કંઈ કહેવાપણું રહેતું નથી. અમારા કહેવાની સત્યતા કરવા કોઇ મહાત્માને પુછશો કે તમોને ખાતરી થશે. આ સાંભળી કંઈ પણ બોલ્યા વગર નામદેવ ભક્ત ચાલી નીકળ્યા,

અને ક્યાંએ પણ ન જતાં વિઠ્ઠલનાથજી પાસે આવ્યા, અને જળનો ત્યાગ કરી ત્રણ દીવસ લગી ત્યાં બેઠા કે પરમાત્માએ દર્શન આપ્યા અને પુછ્યું કે ભક્તરાજ હમણાં આટલું કરવાનું કારણ ગોરા ભક્તને ત્યાં બનેલી હકીકત હશે ? પણ તેના ગુરૂએ કહેલાં વચન બધાં સાચાં છે. તમે મને હઠયોગથી જુવો છો પણ યથાર્થપણે જાણતા નથી. અને એ પ્રમાણે જ્યાં સુધી મને જોઇ શકશો નહીં ત્યાંલગી તમારી ભક્તિની પુર્ણતા થશે નહીં. કેમકે મારા કોઈ પણ ભક્તમાં "અનન્યતા" આવી નથી ત્યાં સુધી તેની ભક્તિ પુર્ણતા પામી ન કહેવાય; એ વિષે રામાવતારમાં મેંજ હનુમાનજીને કહ્યું હતું તે પર મહાત્મા તુલશીદાસે લખ્યું છે કે.—

दोहरो—सो अनन्य अस जाहिकी मतिनटरे हनुमंत।
मैं शेवक सचराचर रुपराशी भगवंत॥

હે હનુમાનજી તે અનન્ય ભક્ત છે કે જે એમ નિશ્ચય કરી લીએ કે ચરાચરમાં નિવાસિત થયેલા પરમાત્મા છે, તેનો હું સેવક છું. માટે ભક્તરાજ તમે મને ગુરૂદ્વારા ખરા સ્વરૂપમાં જાણો. અને પુરા ભક્ત થાઓ. આ સાંભળી નામદેવજી સમજ્યા અને બોલ્યા મારા પ્રભુ મારે ગુરૂ કોને કરવા. એટલે પરમાત્માએ કહ્યું કે—"વિશ્વનાથ યોગી" જેને બધા લોક "ગાંડા ગુરૂ" કહીને બોલાવે છે તેને ગુરૂ કરવાથી તમારી મનેચ્છા પુર્ણ થશે. આમ કહી શ્રીહરી અંતરધ્યાન થયા, અને નામદેવ રસ્તે પડ્યા. અને ગાંડા ગુરૂને શોધવા લાગ્યાં. ચોથે દિવસ એક શિવાલયમાં જાય તો તે ગાંડા ગુરૂને પોતાના પગ શીવલીંગપર ધરી સુતેલા જોયા. આવો આશ્ચર્યજનક પ્રકાર જોઇ નામદેવજી વિચારમાં પડ્યા, પણ પ્રભુના વચનનો વિચાર કરી, તેમના પગ" તે ઠેકાણેથી લઈ બીજી જગોએ મુક્યા; તો ત્યાં એ શીવલીંગ થયું. આ જોઇ ત્રીજે ઠેકાણે મુક્યા, આમ છ ઠેકાણે ફેરવતાં, સર્વત્ર શિવલીંગ થયેલા જોઇ આશ્ચર્ય પામી તે ગાંડા ગુરૂની સામર્થ્યનો વિચાર કરી તેમની સ્તુતિ કરવા લાગ્યા. એટલે તે ગાંડા ગુરૂએ ઉઠી આશીષ આપી અને બોલ્યા વત્સ તને પરમાત્માએ અહીં મોકલ્યો છે કે ? ઠીક. પણ તને આશ્ચર્ય કેમ થયું ? તું મને કહે કે કઇ જગોએ પરમાત્મા

નથી ? એમ ઘણી રીતે સમજાવી **આબ્રહ્મસ્તંબપર્યંત વાસુદેવઃ** સ્થિતિ નો બોધ કર્યો. પરમાત્માના વ્યાપકપણાનું વર્ણન કરી બતાવ્યું કે તે ભક્તરાજની પ્રતિદીન સર્વત્ર ઇશ્વર ભાવના થવા લાગી. આમ કેટલોક વખત જતાં ગુરૂના સદ્‌બોધથી પરિપકવપણાને પામ્યા. અને આ સંસાર સમસ્ત પ્રભુ પુરીત જોવા લાગ્યા. ત્યારે એક દિવસ તેઓ ભોજન બનાવતા હતા તે વખતે એક કુતરાએ આવી તેમણે તૈયાર કરેલી તમામ રોટલીઓ મુખમાં મુકી ચાલવા માંડયું. જોઇ નામદેવ ભક્તને જરા પણ ગુસ્સો આવ્યો નહીં. પણ તે બદલ એવો વિચાર આવ્યો કે આની અંદર પણ પરમાત્મા છે. એમ સમજી ઘૃતની વાડી હાથમાં લઇ તેની પાછળ ગયા. ને બહાર જ્યાં જલદી જલદીથી, બચકાં ભરી તે રોટલીઓ ખાતો શ્વાન તેને જોઇ બોલ્યા, મારા શ્વાન ભગવાન ! આપ લુખી રોટલીઓ શા માટે જમો છો ? આ ઘૃત લીઓ ને સારી રીતે જમો; એમ કહી વાડીમાંનું ઘૃત તે રોટલીઓના કડકાઓ પર તે ભક્તરાજે રેડી આપ્યું. આવી તેમની અનન્યવૃત્તિની પરિસીમા જોઈ કે, સાક્ષાત શ્રીહરી પ્રગટ થઇ બોલ્યા; ધન્ય છે પરમભક્ત આપને ધન્ય છે. હવે તમે મને બરાબર સર્વત્ર જોઇ શકો છો; અને તમારી ભક્તિની પરિપકવતા પણ થઇ છે. હવે તમને કોઈ પણ કાચા ભક્ત કહી શકશે નહી, અને પ્રેમ લક્ષણા ભક્તિની છેલ્લી ઉન્નત શ્રેણીએ પહોંચી શકયા છો. એમ કહી યથેચ્છ આપી પ્રભુ અંતરધ્યાન થયા—આ પરથી તને સમજાયું હશે કે અમુક ગામ જવાના અનેક રસ્તા હશે, પણ તે ગામમાં પહોંચ્યા પછી સર્વ એક સરખુંજ જોઈ શકે છે અને ઝાંપા કે દરવાજામાંથીજ અંદર પ્રવેશ કરી શકે છે. તેમ ઉપરોક્ત જનો જે માર્ગનું અનુકરણ કરે છે તેજ માર્ગે આ પ્રેમી ભકતો પણ વળે છે ત્યારેજ પાર પામી શકે છે. માટે મેં તને રસ્તો બતાવ્યો છે તે અતી ઉત્તમ અને કલ્યાણકારી છે. તેનુંજ ચિંત્વન કરવા તૈયાર થા !

સુરેંદ્ર—ઉપકારી ગુરૂદેવ આપની ઇચ્છા મારૂં કલ્યાણ કરવાની છે, અને જે રસ્તો આપ બતાવો છો તેમાં પણ મારૂં અત્યંત કલ્યાણ છે; પણ મારૂં મન સંસારની ભ્રષ્ટતાએ એવું છિન્ન ભિન્ન અને નીરબળ બનેલું છે કે મારો

કોઈ પણ નિશ્ચય ટકી શકતો નથી. માટે આપ સ્વસત્તાથીજ મારૂં શ્રેય કરો એમ મારી યાચના છે. હું દિન શેવક આપને શરણુ છું.

યોગીરાજે વિચાર્યું કે સુરેંદ્રનું અવ્યસ્થિત હ્રદય સાક્ષાતકાર વિના શાંત થશે નહીં. તેમ તેના ભવિષ્યના ભોગ પણ તેને હજુ ઘણાં ભોગવવાનાં છે, તેથી હાલ તેને ધ્યાનસ્થ કરવો. એમ વિચારી બોલ્યા, પુત્ર સુરેંદ્ર ! લે ત્યારે પેલા પવિત્ર જળથી આચમન કરી અહીં બેશ. તેમના કહેવા પ્રમાણે સુરેંદ્રે કર્યું, અને પુર્વાભિમુખે પદ્માસન વાળી બેઠો. અને ફરી યોગીરાજની સુચનાથી પોતાના બંને હાથ જાનુસ્થીત કરી દષ્ટિ ને નાશીકાના અગ્ર ભાગમાં સ્થાપન કરી કે યોગીએ તેની ચામે તાટક કર્યું, કે જરાવારમાં વગર મહેનતે ધ્યાનસ્થ થયો. અંતર વિભાગમાં મહા શીતળ પણ કરોડો સુર્ય કરતાં એ વધારે તેજ વિકાશીત થયેલો તેણે જોયો. અનાવધી આનંદના મહાસાગરમાં ઝીલતો હોય તેમ તે મહા પ્રકાશમાં મહાલવા લાગ્યો. પણ એટલામાં તેને તે પ્રકાશના મધ્ય ભાગમાં એક બાળ વ્યક્તિનું દર્શન થયું. તે બાળક જાણે આ પુર્ણ પ્રકાશમાં એ નુતન પ્રકાશને પ્રગટાવતું હોય તેમ જણાયું. તેની કાંતી મેઘમાળા જેવી પણ સુંદરતામાં અપુર્વ, વસ્ત્રાભ્રણથી વિરાજીત અને મંદ મંદ હસતા એવા બાળકને જોઈ તેની તરફ તે આકર્ષાયો.—તેની તરફ જવાનું તેને મન થયું. તેના મણી ગણુ સમાન નખવાળા પાદાર્વિંદમાં અભિવંદન કરવાને લલચાયો. તેથી મહા પ્રકાશમા તે આગળ વધ્યો. પણ તેમ કરવાથી તેની અંતરાશા સફળ ન થઈ. જેમ જેમ તે આગળ વધતો ગયો તેમ તેમ તે બાળક તેટલેજ દુર જણાવા લાગ્યો. ઘણો વખત તેણે પ્રયત્ન કર્યો, પણ તેમાં તે ફાવ્યો નહીં. આખરે તેજ સ્થળેથી તે બાળક મુર્તીના ધ્યાનમાં નિમગ્ન થયો, તેમ કરતાં તે આનંદમય બની ગયો. અને પોતાની મેળે તે બાળક તરફ ખેંચાયો, જરાવારમાં તો તેની નજીક પહોંચી ગયો અને સ્વેચ્છા રહિત ગતીના નીયમે તે બાળકની નાશીકાદ્વારા તેના શરીરમાં પ્રવેશ કરી ગયો. એ બધું તેની ઈચ્છાથી બન્યું નહતું, પણ તેમ કરાવનાર કોઈ મહા શક્તિ હોય તેવો તેને ભાષ થયો. તે બાળકના શરીરમાં તેણે શું જોયું ? તેના દરેક અવયવમાં કરોડો બ્રહ્માંડો, કરોડો સુર્ય, અગણીત તારાઓ લક્ષા

વધી સમુદ્રો અને અગણીત વૈકુંઠાદી લોક વિલોક તેણે જોયા, પણ તેનાથી તેને આગળના જેવી તૃપ્તી થઈ થઈ નહીં. ઇંદ્ર આદી દેવો ને લોકપાલો તેમ શીદ્ધ ગંધર્વો ને જોઈ જરાએ હર્ષ થયો નહીં. તેથી મુઝાયો. એટલામાં પેલોજ પ્રકાશ વિકાસીત થયો, તેની સાથે શંખ ચક્ર ગદા પદ્મથી વિરાજીત થયેલા અને કૌસ્તુભ મણી વૈજયંતીની માળાઓથી તેમ કિરીટ કુંડલથી શોભાયમાન થતા પીતાંબર ધારી પરમાત્મા લક્ષ્મિજી સહીત પ્રગટ થયા, કે શેષનાગે તેમના પર છાયા કરી- લાખો અને કરોડો દેવો, યક્ષો, ગાંધર્વો, કિન્નરો, વિદ્યાધરો, ચારણો, રૂશીયો, નારદ, સારદ, રૂદ્રો, બ્રહ્મા, વરૂણુ, કુબેર, કાલ, વાયુ, અગ્નિ, વગેરે અનંત, મહા વ્યક્તિઓ તેની ચરણ સેવા કરવામાં અને આજ્ઞાધિન થવાતે ઉત્સુક જણાયા. હવે તેને આગળના જેવોજ આનંદ જણાયો. આં બધા દેવોની સાથે પોતે પણ તેનું સ્તવન કરવા લાગ્યો. પણ તેને એક વિચાર આવ્યો કે આ તે શું કહેવાય. શું હું બાળકના શરીરમાં છું, જો તેમ હોય તો આ કરોડો બ્રહ્માંડોનો અહીં કેમ સમાસ થાય. ત્યારે શું હું કોઈ બીજે સ્થળે છું ? ના તેમ તો નથી ત્યારે આ બધું શું ? આ પુજ્ય પ્રભુ તે બાળકના હૃદયમાં તે તેને આધિન છે કે પેલો આનંદી બાળક આને આધિન છે શું શાસ્ત્રમાં વર્ણન થતું પરમાત્માનું સ્વરૂપ આ કે પેલું બાળકનું હશે. આમ તર્ક આવ્યો કે એક સુવર્ણના સિંહાસન પર તેજ બાળક પ્રગટ થયો. તેને જોતાં બંને * શેષસાઈ વ્યક્તિઓ તેમની સ્તુતિ કરવા લાગ્યા. નારદ સારદ યક્ષ ગાંધવો, દેવ તથા લોકપાળો, ઇંદ્ર અને રૂદ્ર શુદ્ધાં, બધા નૃત્ય, ગાયન, વાદ્યન, સ્તુતી, વંગેરા જુદી જુદી ક્રીયાઓ કરવા લાગ્યા. આ જોઈ સુરેંદ્રના આનંદનો પાર રહ્યો નહીં. અને પુર્ણ ભાવથી તેની સ્તુતિ કરવા લાગ્યો હવે થોડો વખત ગયો કે આ બંને શેષસાઈ વ્યક્તિઓ વિજળીના ચમકારાની પેઠે તે બાળકના શરીરમાં તેએમય થઈ મળી ગઈ, અંને સુરેંદ્રના આશ્ચર્ય વચ્ચે તમામ દેવો, ગાંધર્વો, યક્ષો, વગેરે સર્વ એક પછી

---

* આ સ્થળે સમજવાનું છે કે બંને રૂપ પરમાત્માનાં બરાબરજ છે. પણ ઉપાધી યુક્ત કરતાં નિરૂપાધી વિશેષ પુજ્ય છે તે બતાવવા બાળક પ્રભુની વિશેષતા યોગીરાજે બતાવી છે.

એક તેવી જ રીતે તેમાં સમાઈ જવા લાગ્યા. અને બધા બ્રહ્માંડો પણ તેજોમય થઈ ક્રમવાર ભળી ગયા. હવે આ સ્થાનક પર માત્ર અપાર તેજોમય પ્રકાશમાં આ બાળકનીજ સ્થિતિ રહી. તે પણ થોડીવાર થઈ કે સર્વાભ્રણ યુક્ત અપુર્વ કાંતી અને શક્તિને ધરનાર સ્ત્રી રૂપ મહાશક્તિએ તે બાળકને પોતાના હાથમાં લઈ અને ઘણોજ દુર પણ પ્રત્યક્ષ આ અપાર આનંદમય પ્રકાશ પર પણ વિશેષ પ્રતિભા પાડતું "મહદ પ્રકાશનું બીંબ" હતું, તેમાં બાળક શુદ્ધાં તે શક્તિ મળી ગઈ. વળી આ સુખકર મહા પ્રકાશ પણ એક મહા નદીના વેગ સમાન થઈ તે અનુપમ તેજ બીંબમાં સમાઈ જવા લાગ્યું. જરાવારમાં તો સમસ્ત પ્રકાશ સમાઈ હવે તો અવશેષ મહદ પ્રકાશજ રહ્યો. આ આશ્ચર્યજનક ક્રિયા જોઈ તેને વિચાર આવ્યો કે આ શું! પેલા અનંત બ્રહ્માડો, સઘળા દેવો, શેષસાઈ ભગવાન, પલો આનંદી બાળક, ને આ સમસ્ત પ્રકાશ, ને સ્ત્રી રૂપ શક્તિ, તે સર્વને પોતામાં લીન કરનાર આ મહદ પ્રકાશ બીંબજ છે પણ એ કયાં છે? બાળકના હૃદયમાં? એમ કેમ હોય! તે બાળક તો સ્ત્રીની સાથે તેમાંજ સમાઈ ગયો. ત્યારે શું હું કોઈ બીજા સ્થાનમાં છું? નહીં તેમ કેમ થાય! તે આનંદી બાળકની નાશીકા દ્વારા હું નિશ્ચય તેના હૃદયમાંજ આવ્યો છું; અને આ સઘળા વ્યતીકરો પણ ત્યાંજ બન્યા છે. ત્યારે તે પોતે અહીં કેવી રીતે દેખાય? કાં તો તે દેખાડનાર બાળક કોઈ બીજોજ હોવો જોઇએ. એમ ભ્રાંતિરૂપ વિચારમાળામાં ગુંચવાયો કે પેલો મહદ પ્રકાશ તેનાથી અદ્દસ્ય થઈ ગયો અને એકદમ અંધારૂં ઘોર ચારે તરફ પથરાઈ પડયું. અત્યંત નિબળતમથી અકળાયો; ગભરાયો, પોતે કયાં છે તે તેને ખબર પડતી નથી. થોડીવારમાં તો તેનું મન અત્યંત અવ્યસ્તિ બન્યું. અને દિનતાથી પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યો. હે સર્વ નિવાસ આનંદી બાળક રૂપ પ્રભુ! મને અપાર આનંદમાં ઝુલાવી, છેવટ આવી અઘોર યાતના શા માટે બતાવો છો? મારી ભૂલ હોય તો મને અજ્ઞાન જાણી, આપ દયાના ભંડાર હોવાથી ક્ષમા કરવી જોઇએ. હવે આપનાં પરમ પ્રકાશમય સ્વરૂપનો વિકાસ કરી આ ભયંકર સંકટમાંથી આપના સેવકને બચાવો. તેને અત્યંત અકળાતો જાણી દયાળુ

પ્રભુએ, તેને નાશીકા દ્વારાજ બહાર કહાડયો. ત્યાં તો પહેલાંની આનંદની સ્થિતિ તેને મળી. તેનું મન હવે તૃપ્ત થયું. તેજ બાળક અને એજ ઓજસ જોઈ અંધકારથી થયેલી અસહ્ય વેદનાં તે વિસરી ગયો, અને બાહ્યાંતર હર્ષથી પરીપુર્ણ થયો. તેથી પરમ ભાવથી તે બાળક પ્રભુની સ્તુતિ કરતો એક ધ્યાનથી તેની સામે જોઈ રહ્યો. સુરેંદ્રની તરફ કરૂણા ભરેલી નજર કરી તે બાળક રૂપ પ્રભુએ મંદહાસ્ય કર્યું. અને બોલ્યા પુત્ર સુરેંદ્ર ? હું કોણ છું ? મારા શરીરમાં તે આશ્ચર્યજનક જે જોયું તે જાણવાની તારી તીવ્ર ઇચ્છા છે તે હું જાણું છું. પણ તે તારા અધિકારથી બહારની વાત છે, પણ વખત આવતાં ગુરૂ કૃપાએ તું સર્વ જાણીશ, અને સ્વતંત્રપણે તે અપાર આનંદને પણ સ્વાધિન કરીશ, પરંતુ હમણા નહીં. આટલો અને આવો આનંદ તારી પેઠે વિરલાજ પામી શકે છે.આવું સર્વોત્તમ અપુર્વ સુખ તેં જે અનુભવ્યું છે, અને હાલ પણ જે સુખમાં તું મગ્ન છે, તે સુખ અધિકાર વિના કોઈ પામી શકતું નથી. આ સ્થિતિ પર પોંચતા ઘણો કાલ અને ઘણી મહેનત કરવી પડે છે. ત્યારેજ હજારોમાં કોઈ આ ગતી પામે છે. આ ગતી અવીછિન્ન આનંદની છે. તારૂં હૃદય શુદ્ધ કરવાને અને કાલાંતરે પણ મારી ભક્તિથી વિમુખ ન રહે એવું નિશ્ચય કરાવવા, તારા દયાળુ ગુરૂદેવે પોતાની સત્તાથી તને આ અમોઘ આનંદ બતાવ્યો છે; અને તારૂં ઘણુંજ કલ્યાણ કર્યું છે. સુરેંદ્ર ! બધા ગુરૂઓ તેમ કરતા નથી ગમે તેવા દયાળુ હોય છતાં અધિકાર પ્રમાણેજ પોતાના શિષ્યને દરેક ગતીનું અવલંબન કરાવે છે. પણ આ ગુરૂ સાથે તારે કંઈ સંસારીક નિકટ સંબંધ હોતાં, યોગી છતાં પ્રેમ પાસમાં દોરાઇ તેઓએ આમ કર્યું છે. માટે તેજ ગુરૂમાં પુર્ણ શ્રદ્ધા રાખી તેમના વિચાર પ્રમાણે વિચર. તેમની ઇચ્છાને આધિન થવાથી તારૂં સંસારીક અને આત્મિક શ્રેય પોતાની મેળેજ થશે. આ વિષયમાં પણ તારે મને પુછવાની ઇચ્છા થાય છે. પણ જે વખતે તારા ગુરૂદેવ તને ભેટે ત્યારે તેમને પુછવાથી તારી શંકાનું સમાધાન થશે. હાલની તારી સ્થિતી વિષયોથી વિરક્ત છે, સંસારીક વિકારો અને આશાઓ તમામ નાસ પામી છે, પણ ખરી રીતે તેમ નથી. ગ્રહસ્થાશ્રમી પહેલાં જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિમાં તેવીજ સ્થિતિ રહી શકવી

મુસ્કેલ છે. જેથી તારા ગુરૂ પ્રથમ તે આશ્રમ તરફ તને પ્રેરશે. (મોકલશે) તું તારા સંસાર માર્ગને નિર્મુળ ગણે છે, પણ તે તારૂં ધારવું ખરૂં નથી. હવે તું મને આજથી પચીશમેં વરસે આવીજ રીતે અવલોકન કરીશ, અને પછી જીવનમુક્ત થઈ અમર પદને પામીશ. તારા ગુરૂદેવ તને આજથી ત્રીજે વર્ષે મળશે અને તારા કેટલાક હૃદયસ્થ ખુલાશાઓ કરશે. હાલતો તારા ભવિષ્યને આધિન થઈ, સ્વપ્નાવસ્થાને ભોગવી કંઈ નુતન—નવી કલ્પના કર અને નુતન નવા માર્ગમાં વિચર. આખરે તારૂં કલ્યાણ છે. આ છેલ્લા શબ્દો બોલવાની સાથે બાળક રૂપ પ્રભુ અદશ્ય થયા. અને અપાર સુખ સમુદ્ર રૂપ ઓજસ પણ સપાટાબંધ વિખરાઈ ગયું, તેથી નીરાશ થઈ વિભ્રમ બની મુર્ચ્છાવશ થતો હોય તેમ તેના મનની ગતી થઈ. પણ ખરી રીતે તે મુર્ચ્છા ન હતી પણ પ્રભુના ઉપરોક્ત વચન પ્રમાણે સ્વપ્નાવસ્થાને પામ્યો હતો. તે સ્વપ્નમાં જાણે કોઈ દિવ્ય શક્તિ તેને પોતાના હાથમાં પકડી મનોવેગથી તેને એક દિશા તરફ લઈ જતી હોય તેમ જણાયું. અને અલ્પ સમયમાં કોઈ અપરિચિત સ્થાનમાં પર્વતની તળેટી પાસે એક પર્ણસાળાની બાજુમાં મુકી અદશ્ય થઈ. જરા વાર તો અકળાયા, પણ થોડીવારમાં તે ભયાનક ચિત્ર બદલાઈ ગયું.

વાંચનાર ! સુરેંદ્રના હૃદયપટ પર જાણે કે "શિનેમેટોગ્રાફ" ની એક પછી એક ફીલમ બદલી નવા નવા દેખાવો બતાવનાર તેના અધ્યક્ષ—નાટયકારની પેઠે તેના ગુરૂ આ યોગીરાજની ઇચ્છાથી જુદા જુદા નવલરંગોનો અને સ્થિતિનો તેને ભાષ થવા લાગ્યો. આ સ્વપ્નાવસ્થા તો નીરાશાથી થયેલી હતી પણ તે સ્વપ્નમાં એ ગુરૂકૃપાએ તેને આનંદ થયો. ત્યાં પણ તે પોતાની ઇચ્છિત વસ્તુને જોવા લાગ્યો. એવું તે શું જોયું ? વિંધ્યાદ્રિની તળેટીમાં "યોગીની દેવીનો મઠ" ત્યાં સંસાર વ્યથાથી દુઃખી થઈ વિરક્ત બનેલી સ્ત્રિઓને ભક્તિરૂપ ઉપદેશ અપાતો હતો, તે શું સુરેંદ્ર આ આશ્રમને જોઈ આનંદ પામ્યો ? શું તેની ઇચ્છીત વસ્તુ તે જ હતી ? નહીં. તેનું કારણ તો જુદુંજ હતું. વાંચનાર ! સાંભળ, પેલા મઠથી જરા દુર નાની અને સ્વચ્છ કુટીર બનાવી તેમાં પોતાનુંજ પુજન કરતી એક યોગીનીને તેણે

જોઈ. તે બાળા બીજી કોઈ નહીં પણ પાણીના પ્રવાહમાં પડી પતન પામેલી પોતાની મણીજ હતી. તેને જોઇ આનંદ કેમ ન થાય? થાયજ. આ વખતે મણી પર્ણશાળામાં એક સુરેંદ્રની પ્રતિમા બનાવી, ચંદન પુષ્પવડે તેનું પ્રેમથી પુજન કરી, ધીમે પણ મધુર સ્વરે સુરેંદ્રનું નામ જપતિ જાણી સ્નેહમાં મગ્ન થઈ જતી હતી. તેના શબ્દો સુરેંદ્ર સ્પષ્ટ રીતે સાંભળવા લાગ્યો. થોડીવાર પછી તે સાધ્વી મણી પ્રતિમા સામે હાથ જોડી પ્રાર્થના કરતી બોલી પ્યારાનાથ! સુરેંદ્ર ભગવાન! આજે આપનું પુજન કરતાં બાર માસ પુરા થયા છે. મારી સદ્‌ગુરૂ યોગીની દેવીના કહેવા મુજબ આજે આપની દાશી પર દયા લાવી પ્રતક્ષ દર્શન આપો. મારા હૃદયના દેવ! આપના દર્શન વિના આ દાશી અત્યંત દુઃખી છે. વાલા નાથ! વેગે આવી મારી શુદ્ધ લીઓ. સ્વામીનાથ! હવે વધારે વખત મને વિસારી વિરહાગ્નિમાં બાળશો નહીં. હું આપને શરણ છું. મારા પ્રીતમ શરણે આવેલાનું રક્ષણ કોણ ન કરે? માટે સત્વર પ્રતક્ષ થઈ મને કૃતાર્થ કરો. મારા કોઈ પણ સમ્બંધીનો વિયોગ મને જરા પણ સંકટ આપતો નથી માત્ર આપના વિયોગ રૂપ અગ્નિએ મારા ચિતની અવ્યવસ્થા કરી છે. પ્યારા! આ જગતમાં સ્વર્ગ જેવા સુખો હોય પણ તે આપના દર્શન વિના મને કંઈ પણ કામના નથી. નાથ! હવે આવવામાં વિલંબ કરશો તો મને આપે ખોટી મરેલી સાંભળી હશે તેજ આપની પ્રિયા આપના વિયોગે ખરેખરીજ ગત પ્રાણ થશે. અને પછી **गतजीवस्य पूनः किमोऽषधं**ની પેઠે થશે તે શા કામનું. માટે સ્વામી! હવે સત્વર આવો. જેમ શ્રી કૃષ્ણ રૂકમણીની દૃઢ ભક્તિ જોઈ દ્વારીકામાંથી પધાર્યા હતા, તેમ મારા શ્રી કૃષ્ણ મારો ઉદ્ધાર કરો. અને ભાગ્યવંત. નાથ! હવે મને તરસાવો નહીં. આવો; આવો; નાથ, આવો; પ્યારા પતિ જલદી દર્શન આપો. ભલે આપને મારી કંઈ પણ દયા ન હોય, તો ના આવો. મને તો આપના વિયોગે દુઃખી બનેલી આ દેહની દરકાર નથી. શું મારી ભક્તિમાં કંઈ ભૂલ થઇ છે? ત્યારે ભક્તિની પ્રબળતા યોગીની દેવીએ વર્ણન કરી તે તો જરા પણ ખોટી ગણાય નહીં તે વચન સિદ્ધ દેવી શા માટે ખોટો બોધ કરે શું મારી નજર પાસે "મહામાયા" જેવી પામર સ્ત્રી.

ભક્તિના જોગે: અપુર્વ સત્તા નથી ધરાવતી એમાં તો મારીજ ભૂલ હશે. પ્યારા પતિ મારી ભૂલ હશે તો હું ભોગવીશ. આ મારી છેલ્લી પ્રાર્થના છે મારી પ્રિતિ ભક્તિ જો સત્ય ભાવયુક્ત હોય, મારી સદ્દગુરૂદેવીના વચન પ્રમાણે આપનું પ્રતિ પુર્વક પુજન કર્યું હોય, તો દયાનીધિ નાથ! મને સત્વર ભેટી આ દાશીને કૃતાર્થ કરો. સુરેંદ્ર જાણે આ બધું સાંભળતો હોય તેમ સ્વપ્નમાં પણ સાચે સાચું તેણે સાંભળ્યું, અને તેની દુઃખદ સ્થિતિ પણ જોઇ. હવે તેનું હૃદય હાથ રહ્યું નહીં, તેથી બોલ્યો. મારી હૃદયમણી! શાંત થા. તારી પુર્ણ શ્રદ્ધાની અપુર્વ ભક્તિ ખરી છે. અને તેણેજ મારૂં અહીં ખેંચાણ કર્યું છે એમ કહી ભેટવાની ઇચ્છાથી સ્વપ્નમાંજ તેણે પોતાના બંને હાથ પહોળા કર્યા. (પસાર્યા) તેનો ડાબો હાથ જમીન પર અથડાયો તેથી સહેજ ઇજા થતાં તે જાગ્રત થયો. ને પોતાનો જમણો હાથ પર્ણશાળાની અંદર એક યોગીનીના હાથમાં જોયો. તે યોગીનીને જોઇ શક્યો પણ ઓળખી શક્યો નહી. તેણે પોતાનો હાથ બહાર લીધો આસપાસ નજર કરતાં બધો વિચિત્ર પ્રકાર જણાયો ક્યાં કાશીપુરીમાં ગંગાજીના ઘાટ પર પોતાના ગુરૂદેવનું આશ્રમ ને ક્યાં આ નવીનગિરીની તળેટીમાં આ મઠ અને પર્ણશાળા શું આ વિંધ્યાદ્રિ હશે? શું મારી મણી અહીં હશે? હજી હું સ્વપ્નમાં તો નથી? નહીં તેમ તો નથી. આ સામેના આશ્રમ, ગીરિની તળેટી, અને વિશાળ જંગલ પેલું પાણીનું ઝરણુ એ બધું તો હું પ્રત્યક્ષ જોઉં છું. ત્યારે એકાએક અપરિચીત સ્થાને મુકનાર કોણુ? અરે પ્રભુ આ તું શું બતાવે છે. મારા સદ્દગુરૂ ક્યાં? મારી સમાધિષ્ટ ગતીમાં મારા પ્રભુ ક્યાં? અને હું ક્યાં આવ્યો. શું મારૂં સ્વપ્ન હતું કે મેં સાચે સાચુંજ જોયું. જો આ બધું સાચું હોય તો મારી મણી ક્યાં? આમ તર્ક કરે છે ત્યાં તો ભગવો જામો પહેરેલો અને છુટા કેશ મુકેલા હાથમાં પંચઆરતીનો થાળ લઇ તે યોગીની વિભ્રમ બનેલા સુરેંદ્રની આરતી ઉતારવા લાગી. તે જોઈ આશ્ચર્ય પામતાં સુરેંદ્ર બોલ્યો યોગીની આપ આ શું કરો છો? હું તો અલ્પજ્ઞ સંસારી ત્રીયારાગમાં (પ્રીયાના વિરહથી) પીડાયલો પામર છું, કંઇ આરતી ઉતારવા લાયક યોગી નથી. તમે મારા વેષપર ભૂલી તેમ કરશો નહીં હસતાં હસતાં મણીએ જવાબ આપ્યો નાથ;

ને યોગીથી પણ અધિક એટલે હવે સંયોગી થયા છો, તેથી આરતી ઉ-
સ્વા લાયકજ છો. વા'લા સુરેન્દ્ર! હું આપની દિન દાસી મણી છું. તમે
ને મરણ પામેલી ગણી હોય અને તેથીજ સંસાર તજી વિરક્ત બની વનમાં
ચર્યા હો. તો તેજ હું પોતે છું. પ્યારા! તમારૂં સ્વપ્ન સાચું છે. આપે
ા દાસીને દર્શન દેઈ કૃતાર્થ કરી છે. હવે મારા નાથ, આપ પણ આપની
નો વ્યથાને દુર કરવા આપની પ્યારીને ભેટો, અને અન્ય વિતર્કોનો ત્યાગ કરો.

પાપીઓએ મણી પર રચેલા ઘાતકી પ્રપંચથી અને તેના નવીન વેશ
થી ભૂલેલા સુરેન્દ્રે તેને સાદ પરથી ઓળખી કાઢી, અને ઘણા હર્ષ ભેર
ને ભેટી પડ્યો, આ શુદ્ધ હૃદયના દંપતી પ્રેમના અશ્રુથી પૂરીત થઈ ગદ
્ કંઠ થયા, એકદમ હર્ષના ઉભરાથી તેઓ કંઈ બોલી શકયા નહિ. મણી
રેન્દ્રનો હાથ પકડી પોતાની સુંદર પર્ણશાળાની અંદર લાવી. ત્યાં સુરેન્દ્રને
તાનું સ્વપ્નુ અક્ષરશઃ ખરૂં જણાયું. તેણે પોતાની પ્રતિમા અને તેના પર
રેલો પ્રયોગ પ્રત્યક્ષ જોયો. તેનાથી પોતાની મેળે બોલાઈ જવાયું. ગુરૂદેવ!
ાપનાં વચનો તે વેદ વાક્ય છે, તને પ્રતિમાનો પુરેપુરો અનુભવ થશે,
મ આપે જણાવ્યું હતું તે આજે ખરેખરૂંજ થયું છે. પછી મણીને પુછ્યું.
યે! આ સ્થળનું નામ શું? તે મને જણાવ, અને હું અહીં કેવી રીતે
ાવ્યો તે પણ કહે,—

મણી બોલી, વા'લા હમણાં આપ વિંધ્યાદ્રિ પર્વતની પૂર્વ તળેટીમાં
ગિની દેવીના મઠની પાસે મારી એકાંત પર્ણશાળામાં છો. અહીં કેવી રીતે
ાવ્યા, અને આગળ ક્યાં હતા તે હું જાણુતી નથી.

પ્રીયે! થોડાજ વખત પર હું કાશીપુરીમાં મારા ગુરૂદેવના આશ્રમમાં
તો અને હમણાં આ* વિંધ્યાદ્રિની તળેટીમાં એ કેવો અદ્ભૂત ચમત્કાર.

* આ નવા જમાનામાં આ દાખલો આશ્ચર્યકારક જણાશે. પણ યો-
ાઓની અપૂર્વ સત્તા શું નથી કરી શકતી? બધુંજ કરે છે. તે વિચારતાં
રેન્દ્ર અકસ્માત આ સ્થળે આવ્યો, એ અસંભવિત ગણાય નહીં. હાલ
દિ જેવા મંત્ર સાધન વાળા હજારો ગાઉથી કોઈ વસ્તુ કે માણસોને બો-

ખરેખર મારાં બાળક પ્રભુનાં વચન બધાં સત્ય થયાં છે તેઓએ મને કહ્યું હતું કે તારી સંસારની આશા તું ધારે છે તે પ્રમાણે નિર્મુળ થઈ નથી. હું તને મરેલી ધારી, મારી સર્વ આશાઓનો નાશ થયો સમજતો હતો, પણ તે પ્રભુના વચન પ્રમાણે તને પામી મારી વિડંબના સર્વ વિરામી છે. વળી

લાવી આપે છે. તેવા કેટલાક દાખલાઓ આપણે સાંભળ્યા છે અને કોઈએ પોતાની દૃષ્ટિથી એ જોયું હશે. કચ્છ તુણાબંદર ખાતે, એક વખત એવો દાખલો બન્યો હતો એમ વૃદ્ધ લોકોને મોંઢેથી સાંભળ્યું છે કે, (આજથી પચાસેક વરસની વાત છે.) એક કાનીફ બાવો આવ્યો હતો. જે મંત્ર યંત્રની થોડી ઘણી ક્રિયાઓ જાણતો હતો. તેની પાસે અહીંનાં નિવાસી ઠા. હરજી વેલાણી તથા પ્રધાન રવજી અને અમારા પિતામહ ! ખીમજી ગંગારામ જોશી, એ ત્રણ ચાર જણા ગયા હતા. ત્યાં કંઈ વાતોનો પ્રસંગ ચાલ્યા પછી ચમત્કાર બતાવવાને બધાઓએ તેને વિનવ્યું. થોડી આનાકાની (હા ના કરી) પછી તેણે તેઓની માંગણી કબુલ કરી અને તેઓ પાસેથી એક ચોફાળ (કચ્છી વણકરનું જાડું ઓઢવાનું મોટું કપડું) લીધું અને ત્રણ લાકડીએ સરખી ગોઠવી તેના પર તે વીંટાળી મુક્યો. પોતે દૂર જઈ, કંઈક (મનમાંજ બોલવા માંડયું. પુરી પાંચ મિનિટ થઈ કે તેણે ઉભા થઈ કહ્યું, જુવો આ શું છે, એમ કહી પેલું કપડું અને લાકડીઓ ઉઠાવી લીધી કે, બધા આશ્ચર્ય પામ્યા, એક મારવાડની ઓરત હાથમાં રોટલા કરવાને બાજરીના લોટના લુવા સહિત જોવામાં આવી, તે સ્ત્રી પણ આ અજાણ્યા સ્થાનમાં આવવાથી વિભ્રમ બની રોવા લાગી અને મારવાડી ભાષામાં બોલી કે, હું કયાં આવી છું ? મારાં છોકરાં જમવાને બેઠલાં છે, તેઓએ પૂરૂં ખાધું પણ નથી, અને હું રોટલા તૈયાર કરતી હતી તેમાંથી મને વિખુટી શા માટે કરી છે. હું મારાં બચ્ચાંઓને કયારે મળીશ. આમ પોતાની ભાષામાં આક્રંદ કરતી જોઇ બધા જોનાર વર્ગને દયા આવી, અને તેને પાછી પોતાના સ્થાનપર પહોંચાડવાને તે બાવાને કહેતાં, તેણે તે બાઇને ધીરજ આપી, ફરી પહેલાની પેઠે આડું કપડું ગોઠવી, પાંચ મીનીટની અંદર પોહોંચતી કરી, તે પ્રકાર નજરે જોનારાઓ પાસેથી ઘણાઓએ સાંભળ્યો છે,—જેથી ઘણાઓ તે વાત જાણે

તેઓએ એમ પણ કહ્યું હતું કે, તારા ગુરૂની ત્રીજે વર્ષે ભેટ થશે. તે વાત પણ ખરેખરીજ નીવડશે એવું જણાય છે. હું જે ગુરૂ પાસે હતો તે હાલ તેમનાથી કેટલો બધો દુર આવ્યો છું તે હાલ ક્યાંથી મળી શકાય. વળી પ્રીયે ! તેમણે કહ્યું હતું કે તે ગુરૂ તારા નિકટના સંબંધી થાય એમ મારા બાળ પ્રભુએ જણાવ્યું હતું. પણ કાંઈ ખુલાસો કર્યો નહીં કે તે શું થાય, તેથી હું ઘણોજ વિચારમાં છું.

છે. વળી એક ગોરજીએ વાગડમાં "ગેડી" ગામમાંથી પોતાની મંત્ર ક્રિયા અજમાવવા ઘઉં ઉડાવ્યા હતા. તે ઘઉં આકાશ માર્ગમાં ઘણે ઉંચેથી આવતા હોવાથી સાધારણ મનુષ્ય માત્ર ચર્મચક્ષુથી જોઈ શકે તેમ નહતું. પણ ગડ-પાધર પાસે "માલારા" છે, ત્યાં રહેતો પ્રતાપનગર નામનો યોગી તેણે જ્ઞાન યોગે તે પ્રકાર જોયો. અને પોતાની પાસે બેઠેલા કેટલાક માણસોને કહ્યું કે ભાઈઓ: એક ગોરજીએ "ગેડી" ગામથી ઘઉં પોતાની ક્રિયાથી મંગાવ્યા છે, તે હમણાં આકાશ માર્ગે જાય છે. આ સાંભળી ત્યાં બેઠેલા બધાઓ ઉંચું જોવા લાગ્યા પણ તેઓ કંઈ જોઈ શક્યા નહીં તેથી બોલ્યા. બાવાજી અમારા જેવા સંસારી તો ભલે જુઠું બોલે, પણ તમારા જેવા જુઠું બોલે એ ઘણુંજ આશ્ચર્ય જેવું ગણાય. ઘઉં આકાશમાં અમે તો ક્યાંય જોતા નથી. તે સાચું કેમ માની શકાય. આ સાંભળી તે બાવાએ કહ્યું લ્યો ત્યારે તે બધાં તમને નજરથી બતાવીશ તો માનશો કે નહીં. તે બધાંએ કબૂલ કર્યું, પછી તે પ્રતાપગરે ઉંચો હાથ કરી કંઈ (મનમાંજ) બોલવા માંડયું કે, થોડીજવારમાં ઉપરથી ઘઉંનો, પાણીનો પેઠે પ્રવાહ આવવા માંડયો. થોડી વારમાં સાતેક કળશીનો ગંજ થઈ બંધ પડયો, એટલે તે યોગી બોલ્યો, કેમ હવે ખરૂં કે ખોટું. આ જોઈ બધાંએ કબુલ કર્યું.—આવા અનેક દાખલાઓ બનેલા છે તો આ દાખલો સંભવિત ગણાય. કેમકે આ તો સાધારણ મંત્ર-સિદ્ધી જોગે આટલું કરી શકે ત્યારે જે સારી રીતે યોગસિદ્ધિને પામેલાઓ તેમ કરે તેમાં જરાએ આશ્ચર્ય સરખું નથી. બાકી તદ્દન અશ્રદ્ધાવાન અને કંઈપણ પરિશ્રમ ન કરતાં માત્ર મોંઢાથીજ પંડિતાઈ ગજાવનારાઓને સમ-જાવવાનો આ પ્રયાસ નથી. **લા. રેવાશંકર લા. જોશી.**

પ્યારા ! તે બાળક પ્રભુને આપે ક્યાં જોયા હતા ? મણીએ ન સમજવાથી પ્રશ્ન કર્યો. ”

“ પ્રિયે ! તારૂં સ્વપ્ન આવ્યા પહેલાંજ ગુરૂની કૃપાથી પોતાની મેળે ધ્યાનસ્થ થઈ અપાર આનંદમય પ્રકાશમાં બાળક પ્રભુને મેં જોયા હતા. “ આપ એવા ગુરૂને ક્યાંથી મેળવ્યા, અને આપને કાશી લગી કેમ જવું પડયું. એ સર્વે મને કહો, પ્રિયતમ ! હું જાણું છું કે, આપ પણ આ આપની દાસીને માટેજ દુઃખી થયા હશો.

પ્રિયે રમણી ! દુઃખી નહીં પણ અપાર પુણ્ય જોગે એ ન મેળવી શકાય, તેવો આનંદ તારી પછવાડે મને પ્રાપ્ત થયો છે. જો સાંભળ ! તારા ડુબવા પછીની મારી સ્થિતિ તને કહું—સુરેન્દ્ર કહેવા જતો હતો ત્યાં તો “યોગીની દેવી ” તેમની પ્રિય શિષ્યા “ મહા માયા ” નો હાથ પકડી બીજી સર્વે શિષ્યાઓને સાથે લઇ આવતાં જણાયાં, તેને જોઈ પતિને વાત કરતાં અટકાવતી મણી બોલી. પ્યારા સ્વામિ ! મારી સદ્‌ગુરૂ યોગીની દેવી અહીં આવે છે તેઓ ઘણાંજ શુદ્ધ હૃદયનાં અને સમર્થ જ્ઞાની છે. તેમનો હાથ પકડી આવતી તેમની મોટી શિષ્યા મહા માયા છે. આટલું કહ્યું કે, સમસ્ત મંડળ યોગિની દેવી સાથે પહોંચી આવ્યું. તે દેવી, મણીના શિરપર હસ્ત ધરી બોલ્યા, કેમ બેટા ! તારી ભક્તિ સફળ થઇને ? સદ્‌ગુરૂદેવી ! યોગમાયા એ સર્વ આપની દયાનું પરિણામ છે. “ મણીએ વંદના કરતાં જણાવ્યું ” પછી સુરેન્દ્ર સામે જોઈ તે યોગીની દેવી બોલ્યાં કેમ સુરેન્દ્ર ? કાશીપુરી જેવા દુર પ્રદેશથી પણ જરા વારમાં પહોંચી આવ્યો કે ?

સુરેન્દ્ર ! શિરસાવંદ્ય પ્રણામ કરતો બોલ્યો, માજી આપની મહાન્ સત્તાનું આ કામ છે. નહીં બેટા, તારી સ્ત્રીની અપૂર્વ ભક્તિ અને તારા ગુરૂની ઇચ્છાને આધીન થઈ તું અહીં આવ્યો છે. જે દયાળુ ગુરૂની અપાર સત્તાથી વગર અધિકારે પણ તે સૌમ્ય અને સર્વ વ્યાપી ઇશ્વરનાં તને દર્શન કર્યા તે ગુરૂની તારાપર અપાર કૃપા છે. સુરેંદ્ર ! તું ઘણો ભાગ્યશાળી છે કે તને વગર પ્રયાસે આવા ગુરૂ મળી ગયા.

માજી ! એ ગુરૂ સંસારિક સંબંધે મારા શું થાય ? “સુરેંદ્રે પ્રશ્ન કર્યો” તે જણાવવાની તારા ગુરૂની ઇચ્છા ન હોતાં તને બાળ પ્રભુએ જણાવ્યું નથી, તેથી

હું પણ ખુલાસો કરીશ નહીં, આજથી ત્રીજે વર્ષે અમરપુરના યુદ્ધ વખતે તને તારા ગુરૂ અને મહારાજા સિંહરાજનો મેળાપ થશે, ત્યારે બધો ખુલાસો થશે.

મહાદેવી ! ! આપ આ શું બોલો છો ! ! મહારાજા સિંહરાજ તો આજે પાંચ વરસ થયાં ગત પ્રાણ થયા છે ને શું.

હા, તમે બધાં તેમ જાણોછો પણ ખરી રીતે તેમ નથી. તારા પિતાની કૃપાથી તેમનો બચાવ થયો છે. તેનો ભેદ ગંભીર છે તે તને પાછળથી જણાશે, સુરેન્દ્ર ! હાલ તમે બંને દંપતિ એક આશ્ચર્યજનક રીતે મળી ગયા અને તમો બંનેની વિયોગરૂપ વિપત્તિ વિનાસ પામી છે. તે ઉત્તમ પ્રસંગને વિચારી આ મારી સમગ્ર શિષ્યાઓની મધ્યમાં તમારા બંનેનો હસ્ત મેળાપ કરાવું છું. (એમ કહી તે બન્નેના હસ્તયોગીની દેવીએ પોતાના હાથથી મેળવ્યા) આજથી તમે ગાંધર્વ લગ્નથી પરણી ચુક્યા એમ તમારે સમજવું. મારી તમને (સ્ત્રી પુરૂષને) અંતઃકરણની એવી આશીષ છે કે તમે સંસારનું સર્વોત્તમ સુખ પામી કૃતાર્થ થાઓ અને છેવટ એજ ગુરૂદેવની કૃપાથી તમારૂં આત્મિક શ્રેય પણ થાઓ.

પછી પોતાની સર્વે શિષ્યાઓ તરફ ફરી બોલ્યા, પ્યારી પુત્રીઓ ! આ કહેવાતા કળીકાલમાં પણ તમારી સમક્ષ બનેલો આ બનાવ તમારા મનમાં રી રીતે સમજી, તમારા હૃદયને શુદ્ધ અને પ્રબળતાવાળું તેમજ વિશ્વાસી નાવો. આ " મણીએ " પતિ ભક્તિ માત્ર એકજ વર્ષ કરી તો, કાશી જેટલા દુર પ્રદેશથી આકર્ષાઇ તેનો પતિ અહીં લગી આવ્યો. પતિ ભક્તિ એ મનુષ્ય ભક્તિ અને મનુષ્ય એ અજ્ઞ પ્રાણી છે. છતાં તે ભક્તિએ પણ તત્કાળ ફળ આપ્યું, તો સર્વજ્ઞ પરમાત્માની ખરા ભાવની ભક્તિ કેમ ફળ ન આપે ? કેમ આ સંસારથી પાર ન ઉતરે ? કેમ તેનું આકર્ષણ કરી સાક્ષાત્કાર ન કરાવે ? કેમ આ ભવરૂજના દુસ્તર દુઃખોથી મુક્ત ન કરે ? કેમ ષડ્ વિકારોનો પરાજય ન કરે ? કેમ મોક્ષ રૂપ બારણું ન બતાવે ? પરમાત્માની પવિત્ર અને પ્રબળ ભક્તિ બધું કરવા શક્તિમાન છે પણ ખરા ભાવની ખામી હોય તો અજા (બકરી) ના કંઠઃ સ્તનની પેઠે નીષ્ફળ થાય છે કેમકે " ભાવન દેવં " ભાવનાથી દેવ પ્રસન્ન થાય છે. જેથી પુત્રીઓ તમને પોતાની ઇચ્છા પાર પામવી હોય, પોતાનું આત્મિક શ્રેય કરવું હોય, આ સંસાર સાગરમેં વગર પ્રયાસે તરી, મોક્ષ રૂપ દ્વારમાં પ્રવેશ કરવો હોય,

તો પરમાત્માની ભક્તિ અનન્યપણે શુદ્ધ ભાવથી કરો તો તમારૂં પોતાની મેળે કલ્યાણ થઇ આ સંસારમાં કોઇ પણ વસ્તુ તમને અપ્રાપ્ય નહીં થાય. તેમજ આ લોકમાં અને પરલોકમાં પરમાત્માની કૃપાથી પૂર્ણ આનંદ પામશો.

આ સાંભળી બધી શિષ્યાઓ મણી તરફ માન ભરી દૃષ્ટિથી જોઇ તેને ધન્યવાદ આપવા લાગી, પણ પ્રેમમાં મગ્ન થતી મણી ' મહા માયા' ને બાથ ભરી ભેટતી બોલી, બ્હેનો ! મને શ્રદ્ધાના દ્વાર પર પ્રવેશ કરાવનાર અને તેમાં અડગ રાખનાર આ મારી બ્હેન છે. આ સાંભળી સુરેન્દ્રે તેના સામું જોયું. કંઈ વિચાર આવતાં સંભ્રમમાં પડયો એટલે મહા માયા બોલી, કેમ સુરેન્દ્રલાલ ! શું વિચાર કરો છો.

સુરેન્દ્ર બોલ્યો—બ્હેન આપનું નામ જણાવશો ?

હા,' મારૂં નામ મહામાયા કરી હમણાં સર્વ કોઈ કહે છે, અને તે નામથી મેં મારાથી બનતું તમારૂં હિત કર્યું છે. પણ તેની પહેલાંનું નામ સાંભળી તમે કંપી જશો, માટે પૂછશો નહિ.

ત્યારે શું ભાનું બેન તો નહીં? સુરેન્દ્રે તેને ઓળખતાં જણાવ્યું.

હા, સ્વામીનાથ ! એજ ભાનુ બેન તે છે; પણ આ દેવીના પ્રતાપે તેઓ હાલ નવા અવતારમાંજ આવ્યા છે, તેઓ વચન સિદ્ધ દેવી બન્યા છે. મને યોગીની દેવીની કૃપા અને ભાનું બેનની લાગણી અપૂર્વ હતી, જેના જોગે હું આપનાં દર્શન પામી છું. અને તેમના હવે પહેલાનાં અને હમણાંનાં ચરિત્રમાં જમીન આશમાન જેટલો તફાવત પડી ગયો છે. એ સર્વ મહાત્મા હરીમંગળના અને આ દેવીના સત્સંગનું ફળ છે. "એમ મણીએ સુરેન્દ્રને સમજ પાડતાં કહ્યું."

આ સાંભળી સુરેંદ્રને સંતોષ થયો, તેણે મહામાયા રૂપ ભાનુંને પણ દુરથી પ્રણામ કર્યાં, અને "દેવી" પ્રત્યે ફરીને બોલ્યો. મહાદેવી હવે હું મારા ગુજરાનનું સાધન ક્યાં મેળવીશ તે કહો.

સુરેન્દ્ર તે વિષે ચિંતા ન કરતાં તમે દંપતી ત્રણ દિવસ લગી અહીં રહો, અને ચોથે દિવસ રાજ્ય સન્માન પામી શુભ સ્થાનમાં સીધાવજો. પછી યોગિનીદેવીની આજ્ઞાથી સર્વે મોટા આશ્રમ પ્રત્યે (મઠમાં) ગયાં અને આજના બનાવ માટે ઉત્સવ મનાવ્યો. ઇત્યોમ્.

સુરેન્દ્રમણીની વાર્તાનો પ્રથમ ભાગ સમાપ્ત.

ઈશ્વરભક્તિનાં પદ.

પદ ૧ રાગ લાવણી.

ગવરીનંદન, કરૂં હું વદન, એક દંત બળીયા ભારી;
શેવક જનનું શ્રેય ચાહવા, કરી મુંશુક પર અશવારી,
શોભિત સિંદુર અંગે અરચ્યું, માલ માલતીની સારી;
ચાર ભૂજામાં આયુધ ધરીયાં, જયજયજય મોદિક અહારી.
સિદ્ધિ બુદ્ધિ તુજ સંગ બીરાજે, લક્ષ લાભ સુત સુખકારી;
કષ્ટ નિકંદન અરે ગજાનન કરો હાથ ફરશી ધારી.
રેવાશંકર કરે વિનંતી, શંભુ સુત લ્યો સ્વીકારી;
વિઘ્ન વિનાશક વા'રે ચડજો, કાપી ભક્તના ભય ભારી,

પદ ૨ રાગ ખ્યાલ (ભાષા હિંદી.)

(ધરી ધ્યાન શીવ હરીહરકા શીવ—એ રાગ.)

કલીયુગ આકર કીયા અચંબા, દેખનમે ઉલટા આવે;
સસરા સોતા ઝુલે પારણે, સુતકી ઓરત સમજાવે.
મગર પડા મછલીકે પેટમે, કહાં ગયાસો પતા નહીં;
ઉસ મછલીકું પાંચ પારધિ, પકડ લીએ એક પલક મહીં.
પાંચ પચીસ હુવે એકઠે જબ, સુલટ યો ઉલટાવે. સ૦
કીડીને કુંજરકું ઘેરા, માર માર બેજાર કીયા;
હાર માનકર હઠા હાથીઆ, જબ ખાડેમેં ગાડ દીયા.
બોત ઉપાય કીયા ઉસએંશે, બાર નીકલને નાં પાવે. સ૦
અજબ નાર એક ખડી ખલકમે, સબ સુંદરતા હે પુરી;
ઉનકા સંગ કીયે તેં જનકી, હાલત હોતી બોત બુરી.
સુલટ બનાકર સમજે સજ્જન, જે રેવાશંકર ગાવે. સ૦

પદ ૩ રાગ—(સુનો હનુમાન ભુજા મેરી તુટી.)

ભજો ભગવાન પ્યારે તજકે ગુમાના—ભજો ભગવાન૦
આનંદ કંદ એક ઇશ્વિર હે માયાતીત અમાના,
સત્ ચિદ્ આનંદરૂપ કહાવત જોકે ભજનશે હોત કલ્યાના—ભજો૦
કાલ પારધિ જાલ ડારકે ચુપકર ખડા શયાના,
મૃગ માફિક માનવ સપડાયે, મરન સમય સઠ ચહત છુડાનાં.—ભજો૦
ભજન કબાન ધરો કરમેં તુમ જ્ઞાનકે બાન લગાનાં;
નિશ્ચલતાકે નીશાન તાંકી, ર કાલકો પલમે ઉડાના.— ભજો૦
બચન સુનો સબ બીર હમારે ઘટમે જ્યોત જલાનાં;
રેવાશંકર શરન હોયકે, પુરન પ્રકાશમે પ્રકાશ મીલાના. ભજો૦

પદ ૪ થું—રાગ ઉપરનો.

કરકે ગુમાન તેને ભવકું બીગારા—કરકે ગુમાન૦
ગુમાન ધરકે ફીરે બાવરે, કીયાન મન ઉજીયારા;
ગાન તાન ગુલતાન બનાહે, સાંન ગુમાનસે હો ગયા ન્યારા. કરકે.
છલબલસે તુમ હુવે છાકટે, સમજત નહીં ગમારા;
તેરે જેસા લક્ષ કોટાધી, ચલગયે વાંકું કોઉનાં ઉગારા. કરકે.
જીવન અલ્પ જગતમે તેરા વો નહીં હૃદય બિચારા;
માનવ મૂઢ મમતમે દોડી, ઝેર કીયા તે સબ સંસારા. કરકે.
અચલ પ્રેમ ઇશ્વિરસે કરલે છોડ સકલ જંજાલા;
માયા મોહ તજી મુરખ નર, ધર હર ચરનમે શીશતીહારા. કરકે.
અજહું ચેત ચેત ચિત્તમે કૃપા કરે કીરતારા;
રેવાશંકર સમજ સત્ય કરી, કેશે કીરાતાદી કુટીલ ઉગારા. કરકે.

પદ ૫ મું—(રાગ ઉપરનો—માયાની પ્રબળતા.)

શક્તિ પ્રબળ એક પ્રભુને બનાઈ.—શક્તિ.
માયા નામ ભયો મહી ઉપર, લગી સબનકો આઈ;
જીતનહારે વિરલા જગમે, મહામુની જનકે મનકો ડરાઈ. શક્તિ.

બ્રહ્મા શિવ ઈંદ્રાદિક દેવા, મારકંડ મુનીરાઈ;
સબકો નીજ ફંદેમે ડારી, જ્ઞાન ગુમાનકે પલમે ભુલાઈ. શક્તિ.
નારદ જેશે ભક્ત કોન હે, ફિરતે બેન બજાઈ;
હરી કીરતન બીન કામ ન કરતે, ઉનહીકા દીયા જ્ઞાન ગમાઈ. શક્તિ.
કાક ભૂશંડી શકસુત આદી ઓર દેખ ખગરાઈ;
સબકા જ્ઞાન હર્યા એક છીનમે, તનમે ગુમાનકી આંધી છવાઈ. શક્તિ.
છુટે માયા જાલ જગતમે, કૃપા કરે રઘુરાઈ;
રેવાશંકર સમજ સત્ય કરી, ફોગટ ફૂલ ન કરતાં બડાઈ. શક્તિ.

પદ ૬ ઠું રાગ ઉપરનો.

અધમ ઉધારન હે રઘુરાઈ.—અધમ૦
શોચ છાંડ મુરખ મનવા તું, જોડ પ્રીતિ પ્રભુ માંઈ;
રામ નામશે કીતને નર ગયે, દુષ્ટ અધમશો પરમ ગતી પાઈ.—અ૦
અજામીલ પાખંડી પુરા, ભ્રષ્ટાચાર સદાઈ;
અંત સમય નારાયન બોલા, નેહધારી દીયા યમસે છુડાઇ. અ૦
કુલટા પાપ કર્મમે પુરી, વેશ્યા નિર્લજ કહાઈ;
આધિ નામે તારી ઉનકો, બેઠ બીમાન બૈકુંઠ બસાઇ. અ૦
વલ્ક ભીલકો બશે જંગલમે દમે સકલકોં આઇ;
રામ નામસે રૂષિ કહાયે, સતકોટી રામાયન રચાઈ. અ૦
ઐસે કુટીલ તરે કીતને એક, કહાં તક કહું સમુઝાઇ;
રેવાશંકર સબ ડર છોડી, ભજ હું રામ સુખધામ સદાઈ. અ૦

પદ ૭ મું—જુઠું જુઠું જીવન સાચું જાણમાં રે.

મન મારા મુકી દે માયા જાળને રે.—મન મારા.
મારૂં મારૂં મુરખ કરીને, ગર્વ ધરી ઉર ભૂલ્યો હરીને;
ચેત ફરીને ભજવા શ્રીગોપાળને રે. મન મારા૦
જગત આવણો જુઠા જાણો, ઇંદ્રજાળ સમ સર્વ પ્રમાણો;
ધન સુત દારા તારા મોટા માળને રે. મન મારા૦

માંન્ધાતા જેવા મહીપતિનું, રાવણ સરખાની સુણ ગતીતું;
આખર સૌને સ્વાધિન થાવું કાળને રે. મન મારા૦
આજ કાલ કોઇ માસ છ માસે, વર્ષે વીસ કોઇ ત્રીસ પચીસે;
જાશે અંતે સૌકો, જે ઘટમાળને રે. મન મારા૦
સર્વે જગતને નશ્વર જાણી, ભજ ઇશ્વરને આનંદ આણી;
દયા આવશે સત્વર દીન દયાલને રે. મન મારા૦
કહે રેવાશંકર નીજ મનને, જેમાં શીખામણ સૌ જનને,
તન મન ધનથી ભજવા પરમ કૃપાળને રે. મન મારા૦

પદ ૮ મું રાગ ઉપરનો.

જોબન ખોયું તે જોયું જખ મારીને રે.—જોબન.
શિશુ વયમાં સમજણ વિણ અટક્યો, પછી ભાવે ભણતરમાં ભટક્યો;
તું તનમનથી ધનની ઇચ્છા ધારીને રે. જોબન૦
પુર્ણ પ્રેમ લાગ્યું પરણીથી, મન બંધાયું મન હરણીથી;
મોહ નીશાએ સુતો હાથ પસારીને રે. જોબન૦
હરી તે કોણ અને ક્યાં રહે છે, પુર્ણ બ્રહ્મ તે કોને કહે છે;
અભીમાને જાણ્યા નહીં, જન હિતકારીને રે. જોબન૦
રામ શબ્દ મુખમાં નવ આવ્યું, તન તીર્થાટનમાં ન ભમાવ્યું;
નાં શાયું મન નીતી માર્ગે, વિચારીને રે. જોબન૦
વૃદ્ધપણું આવ્યું છે જ્યારે, હવે દીન થઈ વચન ઉચ્ચારે;
ખોટું દિનપણું દાખે શું હારીને રે. જોબન૦
કહે રેવાશંકર આ સાચું, હરી ભજન વિણ સરવે કાચું;
ચાલી આયુષ્ય આ તો વેગ વધારીને રે. જોબન૦

પદ ૯ મું—રાગ ઉપરનો.

પામો પામો પ્રીતેથી પુરણ જ્ઞાનને રે. પામો પામો૦
વખત ગયો વળતો નહીં આવે, અંતે પસ્તાવો પ્રગટાવે;
માનવદેહ તણાં આખર અવશાનને રે. પામો પામો૦

આ દેહે સૌ સાર્થક થાશે, જન્મ મરણુથી છુટી જવાશે;
સદ્‌ગુરૂ સેવન કરવું, શોધી સુજ્જનને રે. પામો પામો૦
નીશા સ્વપ્ન ભરમાવે મનને, ખેદાશ્ચર્ય જણાએ તનને;
ઈશ્વર સરવે ગણુશે મળતાં ભાનને રે. પામો પામો૦
વદું વિશ્વનું સ્વપ્ન પ્રમાણી, જાગો મોહ નીશાથી પ્રાણી;
ભાવે જાણો ભવપતિ શ્રીભગવાનને રે. પામો પામો૦
રેવાશંકરની જે વાણી, સમજો સજ્જન આનંદ આણી;
તજી ફોકટ આ વિશ્વ તણાં તોફાનને રે. પામો પામો૦

પદ ૧૦ મું—રાગ ઉપરનો.

આવું આવું હું શરણે શ્રી મહારાજને રે.—આવું આવું૦
અખીલેશ્વર છો આદી નીરંજન, ભક્તતણા ભવ ભય દુઃખભંજન;
રમાનાથ જે સર્વતણાં શિરતાજને રે. આવું આવું૦
અધમોદ્ધારણ નામ ધર્યું છે, દિનતણું દુઃખ સઘ હર્યું છે;
(જેનું) સ્મર્ણ માત્ર છે ભવ તરવાના જાજને રે. આવું આવું૦
નારદ સારદ પાર ન પામે, નેતિ નેતિ કહી વેદ વિરામે;
યશ જેનાં છે જગત જલધિનાં પાજને રે. આવું આવું૦
રેવાશંકર શરણુ હરીને, થતાં જન્મનાં થાય ફરીને;
(માટે) સુમરણુ કરૂં મેળવી સૌ સુંદર સાજને રે. આવું આવું૦

પદ ૧૧ રાગ વસંત (હોરિનો.)

અરે મન જોતું વિચારી, થઇ કેવી તારી ખુવારી.—અરે મન૦
મુરખ માયા જાળ વિષે શું, લપટયો લંપટ ભારી;
કાલ કરાલ ફરે શિર ઉપર, લેશે કોણુ ઉગારી.
પ્રભુ વિના શી ગતી તારી. અરે મન૦
કર્મ સંયોગે આવી મળે છે, સ્નેહી સુતા, સુત નારી;
તાત માત ભ્રાતા ભગની સહ, સૌ સ્વારથ મય ધારી;
એક ભજ કૃષ્ન મુરારી. અરે મન૦

સર્વે સૃષ્ટિનાં છે સુખદાતા, શ્રીહરી સંકટ હારી;
સુમરણ સ્નેહ ધરી કરે તેનું, દેતુંજ વિપતિ વિદારી;
અતી અઘઓઘ નીવારી. અરે મન૦
શ્રીહરી વિણ કો સહાય કરે નહીં, એ દ્રઢ હૃદય વિચારી;
રેવાશંકર સરલ સુધાસમ, ઉર ધર ગિરિવર ધારી;
થશે અતિ આનંદકારી. અરે મન૦

પદ ૧૨ મું—રાગ ઉપરનો.

ભરોંસો ભવપતિ તારો, નથી તુજ વિણ કંઇ આરો.—ભરોંસો૦
અધમ અતિ મેં કૃત્ય કર્યાં જે, થાકે કો ગણનારો;
તે સૌ માફ કરી કમલાવર, પ્યાર અબુધ ગણી ધારો;
વળી મુજ કષ્ટ નિવારો. ભરોંસો૦
આ ભવનું સાર્થક કરવાને, કર્યા નહિ સુવિચારો;
શાસ્ત્રપરે શ્રદ્ધા નહી શેવી, ગણી પાખંડ પુકારો;
ઉઠાવ્યાં તર્ક હજારો. ભરોંસો૦
અધમ ઉધ્ધારણ, શ્રી અખીલેશ્વર, આ મુજ અરજ સ્વીકારો;
રેવાશંકરના સૌ દોષ, દયાનીધિનાં દીલ ધારો;
આપો નીજ શર્ણું કિનારો. ભરોંસો૦

પદ ૧૩ મું—રાગ મલાર.

અવનિાશી અંતર આવો રે, અવિનાશી અંતર આવો.
આપ વિના મુજ કોન ગતિ છે, શાને પ્રભુ તરસાવો રે. અવિનાશી૦
અબુધ ગણી સૌ દોષ દયા કરી, નેહ ધરીને નચાવો રે અવિનાશી૦
પરમકૃપાળુ છો પરમેશ્વર, પુર્ણું દયા દરસાવો રે. અવિનાશી૦
રેવાશંકરની વિનતી આ, સત્ ચિદ્ ઘન ચિત ભાવો રે. અવિનાશી૦

પદ ૧૪ મું—રાગ આશાઓડી.

શ્રીહરી સંકટહારી સદા છો શ્રીહરી સંકટહારી.
ભક્તજનોની સહાય કરી તેં, વિષમ વખતમાં વિચારી. સદા છો૦

અભય કર્યો તેં અધમ અજામિલ, યમ કીંકર ભય ટાળી. સદા છો૦
ધ્રુવ પ્રહલાદ અંબ્રીસ આદિકનાં, નાંખ્યાં કષ્ટ નીવારી. સદા છો૦
તેમ તમે મુજ વાર કરોને, નીજ "પણ" નાથ સ્વીકારી. સદા છો૦
રેવાશંકર આપ શરણ છે, અધમોદ્ધારણ ધારી. સદા છો૦

પદ ૧૫ મું—રાગ ઉપરનો.

શરણ થઇ ભવ તરીએ, અરે પ્રભુ શરણ થઇ ભવ તરીએ:
તુજ વિણ અન્ય ન કોઇ ઉગારે, કોટી ઉપાયો કરીએ. અરે૦
નાથ નીરંજન હાથ ગ્રહીને, નીજ પદમાં લઇ ધરીએ. અરે૦
માયા મોહનું પાસ પ્રબળ છે, જોતાં તે દીલ ડરીએ. અરે૦
રેવાશંકર પર કરુણા કરી, નિજ પદ કિંકર કરીએ. અરે૦

પદ ૧૬ મું—રાગ ઉપરનો.

જય જગદીશ્વર જોગી સદાશીવ, જય જગદીશ્વર જોગી;
આપ ચરણનું ચિંતન કરતાં, કાયા થાય નીરોગી. સદાશીવ.
સેવકનાં સુખદાતા સ્વામી, ભસ્મીતણાં છો ભોગી. સદાશીવ.
રેવાશંકર આપ ચરણની, માગે ભક્તિ અમોઘી. સદાશીવ.

પદ ૧૭ મું—રાગ ઉપરનો.

આશરો એક તમારો સદાશીવ આશરો એક તમારો.
અર્જ સુણી અવિનાશી અમારી, દુઃખ દાવ...
સેવકના સુખદાતા સ્વામી,
અવગુણના આધાર અમે
પુર્ણ પ્રકાશક પ્રેમ ધરીને,
રેવાશંકર કરી કરુણા શીવ,

પદ ૧૮ મું-

કોઇ ન અવર ઉગારે, પ્રભુ (
દુષ્કર આ દુનીયાંમાં તરવું, વિ

ક્ષણીક સુખોમાં મગ્ન થઇને, નિત્યાનંદ નીવારે. પ્રભુ૦
કુંપ કરાલને નીરખી નજરથી, શું પડવા પગ ધારે. પ્રભુ૦
માની કહ્યું મુજ હે મન મુરખ, શ્રીહરી શર્ણું સ્વીકારે. પ્રભુ૦
રેવાશંકર પ્રેમ પ્રભુનો, જીવન સર્વ સુધારે. પ્રભુ૦

પદ ૧૯ મું—રાગ કાનરો (શિયાનો.)

વિશ્વપતિ મુજ વાર કરીને, આપો અચળ સુખ રેંમ ધરીને. વિશ્વ૦
હૃદય પ્રબળ બળ મારૂં વધારો, આત્મ વિષે સ્વપ્રકાશ ભરીને. વિશ્વ૦
જ્ઞાનપ્રભા ઉરમાં પ્રસરાવો, મોહ ઘોરતમ સર્વ હરીને. વિશ્વ૦
રેમ ધરો આ રંક પરે તો, જન્મ મરણ નવ થાય ફરીને. વિશ્વ૦
રેવાશંકર આપ શરણથી, દુઃખ દરીયાવ આ જાઉં તરીને. વિશ્વ૦

પદ ૨૦ મું—રાગ ઉપરનો.

કેમ પડયો નર મોહ નીશામાં, અંતર જામી ન અંતર ધારે. કેમ પડયો.—
સબળ શત્રુશિર કાલ ભમે છે, કહે કરતા વિણ કોણ ઉગારે. કેમ.
રાત્રી મોહ તણી પરહરીને, જ્ઞાન પ્રભાકર કીર્ણ પસારે. કેમ.
જો જગમાં કંઇ સ્વાર્થ હતું તો, પંડિત તેને કેમ ધિઃક્કારે. કેમ.
(માટે) સદ્‌ગુરૂ સેવ સુખાન ગ્રહે તો, જાય નાવ નિર્વિઘ્ન કિનારે. કેમ.
રેવાશંકર સર્ણુ હરીનું, અતી અઘ અમોઘ વિદારે. કેમ.

પદ ૨૧ મું—રાગ ઉપરનો.

વિશ્વનાથ પદ પ્રેમ કરીને, સર્વ ભજો દઢ નેમ ધરીને. વિશ્વનાથ
કાશી નિવાશી મહાસુખરાશી, અંતરમાં અવીનાશી સ્મરીને. વિશ્વ૦
સમરણ શંકરનું ચિત્ત ધરતાં, ભવાબ્ધિ જાય તરીને. વિશ્વ૦
સેવકની સંભાળ લીએ જે, ત્રિવિધી તાપ સંતાપ હરીને. વિશ્વ૦
રાવણ બાણ અને ઉપમન્યું ઇચ્છીત પામ્યા ભક્તિ ભરીને. વિશ્વ૦
આ સંસારે શીવ સમરણથી, યમ કિંકર રહે દુર ડરીને. વિશ્વ૦
રેવાશંકર શ્રીહર ચરણે, રહે તનમનથી સ્થીર કરીને. વિશ્વ૦

પદ ૨૨ રાગ (હરિ ભજન વિના દુઃખ દરીયા સંસારનો.)

અભીમાંની જીવ, અંતરનાં અજ્ઞાને શું અટકી મરે;
દૃઢ ધ્યાન વિના વિશ્વ મહીં વીણુ સમજે તું ફેરા ફરે;
એક રાહ ન તેં મનથી માની, હુંપદમાં મુઝાયો પ્રાણી.
ઓ........અંધ હૃદયના અજ્ઞાની. અભીમાની૦
વિણુ સમજે વસુધામાં ધાતો, નીજ કર નભને લેવા ચાહતો;
રખે રહે નહી એમજ અથડાતો. અભીમાની૦
હું હું કરીને તું હારી ગયો, મોહજાળથા મુરખ અંધ થયો;
હવે છેવટ હાથ પસારી રયો. અભીમાની૦
હજુ અલ્પ સમય પણુ હાથ ધરી, શુભ સાધન સરવે લેને કરી;
ગયો વખત ન આવે જાણુ ફરી. અભીમાની૦
કહે રેવાશંકર માન હજી, સૌ મનના તર્ક વિતર્ક તજી;
લે........પુર્ણ બ્રમ પરમેશ ભજી. અભીમાની૦

પદ ૨૩ રાગ ઉપરનો.

સુણુ સત્સંગી, રંગ ચડ્યા વિણુ સાચો ક્યાં આરો નથી;
દૃઢ જ્ઞાન વિના દુસ્તર છે દુનીયાં તે સાંભળ કહું કથી;
કથા સાંભળી કાન જો ફુટી જશે, તોએ જ્ઞાન પ્રકાશ કદી ન થશે;
જો અંતરનું અભિમાન હશે. સુણુ સત્સંગી૦
અરે એકાદશીના વ્રત કરતો, અન સ્પર્શ થકી અભડાઈ જતો;
પણુ દીન પરે ન દયા ધરતો. સુણુ સત્સંગી૦
સારૂ લાગવા ધર્મ કરે ભારી, અન્ય અંતરમાં ન દયા ધારી;
આમ મારી ગઈ છે મતી તારી. સુણુ સત્સંગી૦
સત્યાસત્યનું જ્ઞાન નથી આવ્યું, અહં ભાવ વિષે મન અટકાવ્યું;
કરતો રહે છે મનનું ભાવ્યું. સુણુ સત્સંગી૦
ગુરૂ વાક્યને જોતું વિસારી જશે, સમદર્શિ અંતરમાં ન હશે;
શુક સંમ શીવોહંથી ન કાર્ય થશે. સુણુ સત્સંગી૦

કહે રેવાશંકર આ સાચું, શુભ જ્ઞાન થવા પ્રભુને યાચું;
તે વિણુ દુનિયાંમાં છે કાચું. સુણુ સત્સંગી૦

પદ ૨૪—રાગ કલ્યાણ.

પ્યારા પ્રભુજીને પાય નમું૦
સ્નેહધારી, શ્રીમુરારી, સંકટો સૌ દે વિદારી;
નમીને, ચર્ણુમાં, સ્નેહથી હું રમું. પ્યારા૦
જગત કરતા, દુઃખ હરતા, સ્નેહ ધરતા શ્રીહરી;
મુજ મતી, તુજ ગતી, જાણુવાને શું ભમું. પ્યારા૦
ખાસ આસ ધરી નીરંતર, પાસ આવી આપની;
દાસ રેવાશંકરે ધરી આશ ભક્તિ પ્રતાપની.
સેવક જાણી, દયા આણી, ને પ્રમાણી સર્વદા;
તુજ પદે, નીરમદે, શરણુતાથી હું સમું. પ્યારા૦

પદ ૨૫—રાગ (કલ્યાણ છોડો છોડોજી મેરી.)

ગાવો ગાવોને ગંગા નીવાસી, સદાશીવ કાશીપતિ પ્રાણુ પ્યારા;
જોગી જગપતિ, કર દયા અતી, નમુ સતિ પતિ મુજ ઇશ વિભુ.
કષ્ટ તું હરીશ, વિનય ઉર વિષે ધરીશ, મદન મારનારા. ગાવો૦
ભક્ત ભય હરી, શાંતી શીવ કરી, કૃતી અલખ તુજ અતી;
પામે પાર નમુંજ મતી, આપો અચળ ચિત્તવૃતિ, ત્રીપુરાંત કારા. ગાવો૦
શિવ શરણુ થઈ, શેવકર જઇ, રેવાશંકર શીવતણી, ભક્તિ જાણીએ ભણી;
દીવ્ય મુક્તિ દેયણી, સુલભ સંસારા. ગાવો૦

પદ ૨૬ રાગ કલ્યાન ધ્રુપદ.

કળી ન જાય કૃતિ તારી,
પુર્ણ પ્રકાશક તું પરમેશ્વર, જગત પ્રાણુધર ધારી...... કળી૦
જળ સ્થળ ને નભમાં વસનારો, કિંચીત રજકણુથી નથી ન્યારો;
તું દાતા, તું માતા, તું ત્રાતા, તું ધાતા,
કરનહાર કીરતાર સકલ જન હીતકારી. કળી૦

રેવાશંકર શરણુ તાહરે, જગદીશ્વર તું એક ખરે;
તું તારે, તું મારે, જે ધારે, ઉગારે;
એક આશ તુજ અખીલેશ્વર છે બલીહારી...... કળી૦

પદ ૨૭—રાગ કલ્યાણુ.

જયશ્રી શંકરા, શીવ કલ્યાણેશ્વરા, દાસને હુલાસ આપશ્રી વિશ્વંભરા;
મહા રૂદ્ર મહારાજ તમેં છો, દેવતણા પણુ દેવ;
ત્રીભુવનમાં સુર અસુર નાગનર, કરે આપની સેવ. જય૦
ભાલ વિષે છે શશી શોભીતો, કંઠે ઉરગ કરાલ;
શીશ પરે સુરસરી બીરાજે, અંગે ભસ્મ રશાલ. જય૦
ભક્તતણાં ભય હરવા ભોલા, સદા કરો છો શાય;
જે મુખથી માગે નીજ સેવક, આપો તેહ તદાય. જય૦
રેવાશંકર અરજ કરે, હું દાસતણો છું દાસ;
સેવક જાણી પીનાક પાણી, આપો સદા હુલાસ. જય૦

(ભાષા કચ્છી) **પદ ૨૮ રાગ કચ્છી કાફી** (ભેરવીની ધુનમાં)

મન છડે વડા મોઝાર (બેવાર)
અલખ ધણી કે યાદ કરે નેં, ઉતરો પેલે પાર. મન છડે.
ધન જો ફં કે ધ્રો ન થીયે ભર જુડે ન લખ હજાર,
વધંદી આશા હલેં અચે નાંય ત્રસ્ના જો કીં પાર. મન છડે.
સાયેં જો સુમરણ કરીં ધાર્શીં જરા અચીંધી જયોર,
(પણુ) વચમેં જમજો લગો પગરખો વઠો મુન ખંજવાર. મન છડે.
ભા પે પુંત્તર ડશેં નજરથી હલે ન કેંજી કાર,
કઢેં બાર હી કાયા નજરથી દીં મુદગર જો માર. મન છડે.
હેરતાં મુંઝો ઝરા ન મડઝીએં ફરેં દીવાનું યાર,
રેંવાશંકર સચો ચવે તું થીનેં ખુબ ખુવાર. મન છડે.

પદ ૨૯ રાગ ઉપરનો.

મન ચડે ફના તું ન્યાર (બેવાર).
સચો મહજે ને વંહજે વિટાણું ડરેં ન માયા જોર. મન.
કૈક વેચ્યા વાકું ન્યારીંતા કતરા થ્યા તૈયાર,
કૈક સમાન સમેટી ન પન્હજો નાંય વહજણુ કે વાર. મન.
કુટુંબ કબીલો કોય ન રેંધો પુતર ને પરિવાર,
કો અગીયા કો પુઠીયા વેંધા થીંધા હાર કતાર. મન.
નેક ટેક વારાશે તરન્ધા હુંધા જે હુશીયાર,
ફના જગતમેં ફેરો પોંધો જે ગાફલ થ્યા યાર. મન.
ચેતાયાં તો ખરે વખત તે કરે વડો પોકાર,
રેવાશંકર કર્યો કમાણી છડે કુડાહી કાર. મન.

પદ ૩૦ રાગ—તેરો સબ દીન વૃથા ગયો.

કર્યું ન્સુમરણ કૃષ્ણ તણું મન, ફોકટ ફુલી ફરે. અરે મન ફોકટ ફુલી.
માયા જાળ વિષે લપટાઈ લંપટ થઈ વિચરે રે.
પાછળથી પસ્તાઈશ પ્રાણી કોઈ ન સહાય કરે. અરે મન કોઈ ન
ધન ધરણી તલ રેશે તારૂં સ્નેહી સાથ કરે રે.
દંડ પ્રચંડ ગ્રહી કરમાં યમ જવ તુજ પ્રાણ હરે. અરે મન જવ.
ગયા અસંખ્ય તું જો અવનીથી કૈક પ્રયાણ કરે રે.
કાલ કર્તવ્ય નિહાળે નજરથી તોપણ ના સુધરે. અરે મન.
પૂર્ણ પ્રકાશક શ્રી પ્રભુ પદમાં પ્રેમ અખંડ ધરેરે,
રેવાશંકર હરી સ્મરણ કર તો તુજ કાર્ય સરે. અરે મન.

પદ ૩૧ રાગ ઉપરનો.

સ્નેહ ધરી શુદ્ધ મનથી હે જન જપ જગદીશ હરી. અરે જન.

તાત સુતા સુત કોઈ કરે નહીં આવે અંત ઘરીરે,
સ્નેહી સહોદર શોક બતાવી બેસે મોન ધરી. અરે જન.
કાલ ચક્ર અતિ વક્ર દિસે છે ગયો ન કો ઉગરી રે,
રાય રંક આયુષ ક્ષય થાતાં પામે વિનાસ વળી. અરે જન.
એ અરીથી બચશો નહીં હમણાં આળસ અંગ ધરીરે,
માનવ દેહ મોક્ષનું સાધન મળશે ક્યાંય ફરી. અરે જન.
કૃષ્ણ ચંદ્ર કરૂણા કરનું રહે ધ્યાન અખંડ ધરીરે,
(તો) રેવાશંકર કાલ તણું નહીં ચાલે જોર જરી. અરે જન.

પદ ૩૨ રાગ ઉપરનો.

દૈવકું દોષ લગાવત હૈ નીજ કર્મ કું કોન કહીં. અરે નીજ.
કષ્ટ પરે જબ કર કપાલ દૈ, વિધી કો નામ લહીંરે,
ઐસે અંક લીખે કયું હમારે, ક્રુર વૃતિ કું ગ્રહીં. અરે નીજ ક્રુર.
જો કરની કરી હે તુમ આગે, સંચીત જાન સહીં રે,
અબકા કીયા ભવિષ્યમેં ભોગો રીત અનાદી યહીં. અરે જન રીત.
સુખ દુઃખ દાતા આપ આપ કે, ઓર કો દોષ નહીંરે,
વેદ પુરાણ પ્રત્યક્ષ બતાવે, દેખ ન દષ્ટિ રહીં. અરે જન દેખ.
સમતા ધરી સંચીત ભોગો તુમ ઓર ન ચીત ચહીં,
રેવાશંકર કર્મ કરી શુભ, આનંદ મગ્ન વહી. અરે જન,

પદ ૩૩ રાગ ધનાશ્રી.

શર્ણું સદા છું રામ તમારે શર્ણું સદા છું રામ;
આપ શરણથી સૌ જન પામે આનંદ આઠે જામ. તમારે.
ભક્તિ સમર્પો ભાવ ધરીને જપું હમેશાં નામ. તમારે.
રેવાશંકર સ્નેહ ધરીને પુરો પ્રભુ મન કામ. તમારે.

પદ ૩૪. રાગ ધનાશ્રી.

ઉર ધર કૃષ્ણ મુરાર મનવા, ઉર ધર કૃષ્ણ મોરાર;
જગત જલધીના પાર થવાને, નામનું નાવ સ્વીકાર. મનવા.
એ સમ સાધન આ કલીજુગમાં, અન્ય ન કાંઈ વિચાર. મનવા.
નામ થકી નર અધમ અતીં પણ પામ્યા છે ભવ પાર. મનવા.
રેવાશંકર શીખ શ્રવણે ધર પામવા પરમોદ્ધાર. મનવા.

પદ ૩૫ રાગ ધનાશ્રી.

ભાવી ન કોથી ટળે, સમજ જન ભાવી ન કોથી ટળે;
રામ ગયા વન ભાવી પ્રબળથી દશરથ દેહ પડે. સમજ જન.
પાંડુ સુતો અતિ પૂર્ણ પ્રતાપી, વન વન તે રઝળે. સમજ જન.
સતી દમયંતી તજી નળરાએ, વનમાં વિખાદ વળે. સમજ જન.
રેવાશંકર દુર્ઘટ દૈવીન, કોઈ કૃતિ ના કળે. સમજ જન.

પદ ૩૬. રાગ ધનાશ્રી.

નહીં કુછ આન ઉપાય તરનકો નહી કુછ આન ઉપાય,
ઘોર ઘટા ગરજત નભ માંહીં, મયુર ધ્યાન મીલ જાય. તરનકો.
કોટી પતંગ જરે દીપકમેં તન મન ભાન ભુલાય. તરનકો.
ઐસેં ધ્યાન ધરો પ્રભુ કો તુમ સજ્જન તન મન લાય. તરનકો.
રેવાશંકર સત્ય કહત હે માન હું જન સમુદાય. તરનકો.

પદ ૩૭. રાગ ભૈરવ,

પ્રભુ કે બીન કોન સહાય કરે, સહાય કરે ઉર રેમ ધરે. પ્રભુ.
અબુધ બાલમેં આપ શરન હું, કર હું કૃપા કમલા વરરે. પ્રભુ.
સુન સર્વજ્ઞ અજ્ઞમેં સોતા, મોહ નીશામાં નીંદ ભરે. પ્રભુ.
આપ ઉજાસ કરો ઘટમેં તુમ, જ્યોં શુભ જ્ઞાનકી સુઝ પરે. પ્રભુ.

દેવ દયા દીપક પ્રકાસ મેં, અતી અઘ ઓઘ પતંગ જરે. પ્રભુ.
રેવાશંકર શરણુ આપકે, નહીં આશ ઉર આન ધરે. પ્રભુ.

પદ ૩૮ રાગ ભેરવ.

પ્રભુ સ્મરણુ બીન પસ્તાવેગા. (બેવાર)
વિષય ગરલ કા પાન કરી કેં, શાંતિ સુધાકોં નશાવેગા. પ્રભુ૦
ફીરતે યોની લક્ષ ચોર્યાશી, કહાં પાર તુમ પાવેગા. પ્રભુ૦
જબ યમ દંડ પ્રચંડ ગ્રહે કર, સુન સઠ કોન છુડાવેગા. પ્રભુ૦
જન્મ નિરર્થક ક્યોં કરતા હે, તજી મણી કાચ કમાવેગા. પ્રભુ૦
રેવાશંકર શોચ મીટે સબ, જબ રઘુવર ઉર આવેગા. પ્રભુ૦

પદ ૩૯. રાગ ભેરવ.

કર ભજન હરીનું ભાવ ધરી, ભાવ ધરી મન મોદ ભરી. કર.
જન્મ મરણુ જંજાલ જશે સૌ, રસનાથી રટ રામ જરી. કર.
ક્ષણુ ક્ષણુ જાય રટન વિણુ તારીં, આવે નહીં તે હાથ ફરી. કર.
આ ભવ સાગર પાર થવાને, કૃષ્ણુ નામ નૌકા જબરી. કર.
પ્રેમ ધરી આશ્રય લે પ્રભુનો, સબળ સિંધુ તું જોય તરી. કર.
રેવાશંકર શ્રી ગીરીધર વર સ્યામ સદા સુખકારી હરી. કર.

પદ ૪૦ રાગ ભેરવ.

ભજ આનંદ કંદ ઉરે આણી. (બે વાર)
આ ભવ જાળ પ્રપંચ પાસ છે, છોડ નકી નશ્વર જાણી. ભજ.
સત કોરવ સબળા સૃષ્ટિપર, હણ્યા અર્જુને સર તાણી. ભજ.
પક્ષ દશાનન લક્ષ કોટીમાં, રહ્યું ન કો કહેવા કાણી. ભજ.
માટે મોહ તજી મુરખ નર, જપ જગપતિ મન ક્રમ વાણી. ભજ.
રેવાશંકર સબળ સ્નેહથી, ઉર ધર શ્રી સારંગ પાણી. ભજ.

પદ ૪૧ રાગ ભૈરવ.

(તુમશેં મન મેરો લાગ રહ્યો તુમ જાગો ત્રીલોવન પ્યારે.) એ રાગ.
રઘુવર લાલ દયાલ જપો જન ઉન્બીન્કો ન બચાવેગા,
ઉન્બીન્કોન બચાવેગા સુન્ વૃથા જન્મ તું ગમાવેગા. રઘુવર.
સબ સંસાર ફીર્યો મન મુરખ કહાં પાર તુમ પાવેગા,
જન્મ મરણુ જંજાલ લગેશો, પ્રભુ બીન કોન છુડાવેગા. રઘુવર.
નહીં ઉર સોચ કરો કરનીકો, કરન હાર ચીત લાવેગા;
જ્ઞાન પ્રકાસ કરી ઘટમેં, અજ્ઞાન અમોઘ નસાવેગા. રઘુવર.
કોટી તરે જીનકે સમરનસે, દેખ પુરાન સુનાવેગા,
તો તુમ ક્યોં ન તરો ભવ સાગર, નટવર દાસ કહાવેગા. રઘુવર.
પંકજ ચરન પ્રમોદ ધરીકે, નિજ ઉર સર લે આવેગા;
રેવાશંકર મન નીરમલ કર, નીશીદીન પ્રભુ ગુન ગાવેગા. રઘુવર.

પદ ૪૨ રાગ ભૈરવી.

છોડકે પ્રપંચ પ્યારે ભજો ભગવાંનાં,
ચૌરાશીકા ફેરા ખાયા, વાં મેં કષ્ટ ઐાત પાયા;
મનુષ્ય કા જન્મ આયા, તો બી તું ભુલાનાં.
માનુંની કો મોહ ભારી, જા મેં તું ફસ્યો ગમારી;
જીંદગી તમામ હારી, જાત નહીં જાનાં.
છોડ કામ ક્રોધ લોભ લાગે, જીન્સે નીતિ ધર્મ ત્યાગે;
કેશેં હાલ હોયગેં આગે, સમજ દીવાનાં.
વિપ્ર રેવાશંકરકે બચન બીચાર કરકે શરન હો સહાય હરકે હોયગે કલ્યાના.

પદ ૪૩ રાગ ભૈરવી.

રામ નામ મુખ બોલો પ્યારે તુંમ, રામ નામ મુખ બોલો;
રામ બીના નહીં કામ તુમારા, મોહ નીશે મેં ન ડોલો. પ્યારે.

વિષય સુખો સબ વિષમય જાની, રામ સુધા નીત મોલો. પ્યારે.
સાર્થક કયા તુમ અવર કરેંગે, ધાર્યો હે નર ચોલો. પ્યારે.
રેવાશંકર રામ રટન કરી, ઉર અંતરપટ ખોલો પ્યારે.

પદ ૪૪ રાગ ભેરવી.

કૃષ્ણ કહો તુમ પ્યારે અબ તો કૃષ્ણ કહો તુમ પ્યારે;
કૃષ્ણ બીના કુછ કામ ન આવે, ફના સકલ જેન્જારે. અબતો.
આયુષ કન ચુગતી ચીડીયાં જો, દેખતુ નયનેં ઉઘારે. અબતો.
યે સંસાર સ્વપ્ન સમ જાની, બંધન મોહ નીવારે. અબતો.
જન્મ મરણસેં છુટી જાઓગે, જો તુમ હો હુશીયારે. અબતો.
રેવાશંકર સુમરન ચિત્ત ધર, ઓર ન કોઈ ઉગારે. અબતો.

પદ ૪૫ રાગ ભેરવી.

ભાવે ભજો ત્રીપુરારી સરવ જન ભાવે ભજો ત્રીપુરારી,
સુખદાતા શીવ સમ નહીં કોઈ જન મન આનંદકારી. સરવ.
લંક પતીપર પ્રસન થઇને (આપ્યો) પૂર્ણ પ્રતાપ પ્રસારી. સરવ.
બાણ રાય પર રીઝી ઉમાવર કીધો સહસ્ત્ર કર ધારી. સરવ.
ઉપ મન્યુ પર મે'ર કરીને પય નીધી આપ્યો પુરારી. સરવ.
રેવાશંકર શ્રીહર ચરણે રે'વું તન મન ધારી. સરવ.

પદ ૪૬ રાગ ભેરવી.

(જનક રાજાની સભામાં લક્ષ્મણજીનાં વચન.)

જનક જુવો ને વિચારી, જરા કંઈ જનક જુવોને વિચારી;
કર્યું અપમાન સહુ અધિપતિનું, નહિ શરમ ઉર ધારી. જરા.
ધનુષ ઉપાડી દોડું સત જોજન, કામ નથી એ ભારી. જરા.
દીન કર કુલની યાદ ન આણી, નિર્લજ વાણી ઉચ્ચારી. જરા.
રેવાશંકર અહીશ રીશને સેં'નથી રામે નીવારી. જરા.

પદ ૪૭ રાગ મેવાડો.

પુરણ બ્રહ્મ પ્રતાપી રે, પ્યારા આવો અંતર માંય. પુરણ.
મન મારૂં ગભરાય છે, આ ભવ સાગર દુઃખ રૂપ,
કરૂણાંકર આપો તમેં, બચવા નાવ અનુપ રે. પ્યારા આવો.
સ્નેહી સમ્બંધી સૌ ડુબે છે કોને કહું ઉગાર,
વિશ્વંભર વેલા વળી. મારી વેગે કરજો વાર રે. પ્યારા આવો.
રેવાશંકર આત્મ આમુજ, આનંદ રૂપ મનાય;
પરમ દયા દીલમાં ધરો, તો એ મુજથી ઓળખાય રે. પ્યારા.

પદ ૪૮ રાગ કલ્યાન.

પામર જન મનથી ધૃતી ધારી, છે ગુરૂ વાક્ય સદા હીતકારી. પામર.
આત્મ અખીલ પતિ આત્મ શક્તિમય, આત્મ સકલ દુઃખ હા...રી. પામર.
આત્મ વિજય જન જે કરી જાણે, તે ધન ધન્ય વિ...ચારી. પામર.
રેવાશંકર સ્વાત્મ વિજય કર, તજી દુઃખ ઓષધ વિકા...રી. પામર.

પદ ૪૯ રાગ–મેરી સુધ સાંવરીયાને બંસુરી બજાયલીની.

દીન કો દયાલ છાંડી કોન શરન જાઉંમેં, કોન શરન જાઉંમેં કહાં સુખ પાઉંમેં દીનકો.

લાગે લોભ મોહ પ્યારે, માયાકે પ્રપંચ સારે, પ્રભુ બીના કોની વારે. આન ના દિખાઉંમેં. દીનકો દયાળ.

લક્ષ કોટી જન્મ પાયા, જગતકા ન થાહ આયા,
નહીં કો મુજે બચાયા હરી ગુન ગાઉં મેં. દીનકો.
માત તાત ભ્રાત પ્યારે જાએં સબે ન્યારે ન્યારે;
કાલ કો પ્રચંડ કોપ કોનસેં છુડાઉંમે. દીનકો.
ઓર આસ કું બીસારી વૃતિમેં વિરાગ ધારી,
કહે રેવાશંકર શ્રી પ્રભુ ચિત લાઉંમે. દીનકો.

પદ ૫૦ રાસ.

વંદન કરીએ જગદાધારા. (બેવાર.)
કર કરૂણાં હમ પર તું પ્યારા. વંદન.
તુજ ભક્તિ સદા નહીં વિસરૂં કદા હે હાથ ગદા ધરનારા. વંદન.
વિભુ વિશ્વ મહીં છો એક તુંહીં, અખીલેશ પ્રભુ ઓ મારા. વંદન.
દે શાંતી ઉર કરી કષ્ટ દુર, સુખ રિદ્ધીપુર કરનારા. વંદન.
હે વિશ્વંભર રટે રાત્રી અહર રેવાશંકર ગુણ તારા. વંદન.

પદ ૫૧ રાગ કવાલી.

(મુજે કયા કામ દુનીયાંસેં મેરા શ્રીકૃષ્ણ પ્યારા હે.)
લગી જે આગ વિષયોંકી, કદી તનસેં બુઝાવેંગી,
નફટ નાદાંન્દીલ નરકા, ભજન નાંહીં કરે હરકા;
ધરી યહ દેહ પાપોંસેં, ભરીકેં નાસ પાવેંગી. લગી જે.
કહાંસેં જગતમેં આયા, કહાં જાના તેં ઠહરાયા;
અભી ક્યા કૃત્ય હેં તેરા, બીચારે બાત આવેંગી. લગી જે.
માયા કી જાલમેં આયા, રયા નીશદીન તું ભરમાયા;
ભજન બીન પાપકી તેરી, તપત તનમેં તપાવેંગી. લગી જે.
ભરોંસા ક્યા રખો તનકા, બનેંગા ભોગ જહાંનમકા;
જપો યહ જાનકી જગદીશા, બની સબ બાત આવેંગી. લગી જે.
ગાઓ ગુન ગાન શ્રી હરકે, છુટો આવાગમન કરકે;
રેવાશંકર કહે પ્યારે જો ભક્તિ પુર્ન ભાવેંગી. લગી જે.

પદ ૫૨. શિવ સ્તુતિ.

વંદું હું મહેશ સુલ ધારી શંકરા, દયા દીન દાસ પર કરે તું ઇશ્વરા. વંદું.
કંઠમાં કરાલ વ્યાલ ચંદ્ર ભાલમાં, મુન્ડ તણી માલ છે રદય વિશાલમાં;
ભસ્મ અંગ શીશ ગંગ ધોલ વર્ગ્ગે ધરા. વંદું હું.
હે પીનાક પાણી હર્ષ આણીને અતી; કાપ કષ્ટ માહરા સુધારીને મતી;
હે કૃતાંત કાલના શંભુજી શ્રીહરા. વંદું હું.

ઉમા નાથ ભુત સાથમાં ભમો તમે, કેશુ કંઠમાં કારાલ ગરલતો રમે;
સહસ્ત્ર ઇંદુની સમાન ઓપતા ખરા. વંદુ હું.
ઇશ શીશ નામું દૃષ્ટિ રાખ મુજ પરે, રેવાશંકર સદાય સરણ તાહરે;
ગીરીજા પતિ અતિ દયાલ શ્રી વિશ્વંભરા. વંદુ હું.

પદ ૫૩—રાગ કાલીંગડો.

ભજ મન દયા સિંધુ ઘન શ્યામ, ભજ મન.
જાકે ભજનસેં ભવ દુઃખ ભાગે, કરત સ્તવન દીન યામ. ભજ.
ભવસાગર કે પાર ઉતારન, નાવ હૈ જીનકો નામ. ભજ.
અધમ ઉદ્ધારન પાપ નીવારન, શ્રીપતિ શોભા ધામ. ભજ.
ગજ ગુનીકાકી રાતકું તારે મહા પાપીષ્ટ પ્રમાન. ભજ.
રેવાશંકર કહે કરજોરી, પુરો પ્રભુ મન કામ. ભજ.

પદ ૫૪—રાગ (નાથ કેસેં ગજકો બંધ છુડાયો.)

સમજ મન ભક્તિ કરી ભવ તરીએ. (બે વાર.)
સાત્વિક શ્રેષ્ટ ગુરૂને સ્થાપી, આજ્ઞામાં અનુસરીએ;
દંભ કપટ હઠ સવ તજીને, ઇશ્વરમાં ચિત્ત ધરીએ. સમજ.
પાપ અમાપ ટળે તનના સહુ, પ્રભુ પદમાં સ્થિર ઠરીએ;
રેવાશંકર સબળ શરણથી, યમ કિંકર ભય હરીએ. સમજ.

પદ ૫૫—રાગ ઉપરનો.

અરે મન શ્રીહરી સેંણું જાઇને, થા તું નીર્ભય નામજ લઇને;
કામ ક્રોધ મદ લોભ અધર્મ જે ઈર્ષા આદે દઇને,
સબળા સત્રુઓ નાશ કરે તું, સત્ય ખડગ કર ગ્રહીને. અરે.
પૂર્ણ પ્રપંચી ઘણી જગ જાળ છે, જો નકી સ્વસ્થ થઇને;
ન્યારો થઈ નીજ આનંદ લેતું, કૃસ્ન કૃસ્ન મુખ કહીને. અરે.
માયીક જનના કૈક કુતર્કો, શાંતીથી સર્વ સહીને;
પરમ ક્ષમાનું પાત્ર બને તું, આનંદ મગ્ન રહીને. અરે.

રેવાશંકરની શુભ શીખતું, નિજ ઉર અંતર ગ્રહીને;
કાલ કરાલ તણું ભય ટાળી, આવ સુમાર્ગ વહીને. અરે.

પદ ૫૬—રાગ ઉપરનો.

ભજો જન ભાવથી ક્રુસ્ન મુરારી, સૌ મમતા મોહ નીવારી. ભજો.
જન્મ મરણનું અશય કષ્ટ મય, સમય સુજાન વિચારી;
તે દુઃખ દુર થવા તન જનનું, જાણો જરૂર કિનોરી. ભજો.
ભવસાગરમાં પૂર્ણ ભર્યું છે, દુશહ દુઃખોનું વારી;
તે તરવા ત્રીકમ વિણ કોઈ, અન્ય ન છે હિતકારી. ભજો.
માત પિતા સુત ભ્રાત સખા સહ, અતિ પ્રીય પ્રાણ પીયારી;
સ્વાર્થ લગી સૌ સ્નેહ બનાવે, અર્થ વિના નહીં યારી. ભજો.
આ તક ચુકી જશો અવનીપર, અતીશય થઇ અવીચારી;
પાછળથી પસ્તાવું પડશે, જડશે ન બચવા બારી. ભજો.
આનંદ કંદ એક વ્રજચંદનું, ધ્યાન અહરનીશ ધારી;
રેવાશંકર પ્રભુ પ્રીય થાવા, થાઓ પરમ અધીકારી. ભજો.

પદ ૫૭ રાગ-કંથ બીના રહી અકેલી મોરી જાન.

દ્વાદસ જે શુભ નામ જપો જન દ્વાદસ જે સુભ નામ;
પુરે પ્રભૂ મન કામ..............................જપો જન૦

સાખી.

અચ્યુત પદ આનંદથી......દિનદિન દુશણ જાય,
અચળ ઇદુ ઘટમાં વશે......આવાગમન ન થાય. જપો૦
કેશવ કરૂણાકર સદા......કાપે કષ્ટ તમામ,
ભવ દવ દુઃખ ટાળે પ્રભુ......શ્રી પતિ સુંદર સ્યામ. જપો૦
રામ રમાપતિ રવી સમાં......ઉદય થતાં ઘટમાંય,
અંધકાર અજ્ઞાનનો............નિશ્ચય નાશ જણાય. જપો૦
નારાયણના નામથી............ત્રિવિધી તાપ ટળી જાય,
ભાવ થતાં ભુધર પરે......જીવન મુક્ત થવાય. જપો૦

કૃષ્ણ નામ સમ નામ નહીં......આત્મજ્ઞાન સમ જ્ઞાન,
ભાવ સમી ભક્તિ નહીં......સમજે સૌ ગુણવાન. જપો૦
દામોદર દુઃખ ટાળવા......રહ્યા સદા સૌ પાસ,
કથા સુણી ગજ ગ્રાહની......ધર . અંતર વિશ્વાસ. જપો૦
વાસુદેવ આ વિશ્વમાં......ઘટઘટ વ્યાપક જાણ,
કષ્ટ હરણ કમળાપતી......પ્રેમ સહિત ઉર આણ. જપો૦
હરી કેશરી'નું કરો......ઉર ઉપવનમાં વાસ,
અઘ મૃગ દૂર રહે સદા......ચરે ન ભક્તિ ઘાસ. જપો૦
શ્રીધર શ્રી કમળા પતી......પરમેશ્વર જગરાય,
શ્રુતી જેનાં ગુણ સર્વદા......નેતી નેતી કહી ગાય. જપો૦
માધવ પદ પંકજ વિષે......મન મકરંદ જો થાય,
શાંતિ સુધા રસ પાનથી......આનંદ અંગ ન માય. જપો૦
રાધા કૃષ્ણ ઉરે ધરો......ગોપી વલ્લભ ગાઓ,
ગહન ભવાબ્ધિ વહનને......ગોપદ સમ તરી જાઓ. જપો૦
જનક સુતા જે જાનકી......નાયક રામ નરેશ,
ગુણ જેમાં ગણતાં સદા......પાર ન પામે શેષ. જપો૦
રાખી ભરોસો ભવ વિષે......ભજો રામ ભગવાન,
રેવાશંકર સૃષ્ટિમાં..........થાય સદા કલ્યાણ. જપો૦

પદ ૫૮—રાગ કલ્યાણ.

અં......તર જામી આવો બચાવો,
રક્ષક સર્વ તણાં પ્રભુ કહાવો.— અં..તરજામી.

આપ વિના નથી આશ અવરની, દુખદ પ્રસંગને દુર હઠાવો. અં૦
શરણાગતનું રક્ષણ કરીને, બીરુદ તમારૂં ઉજાશમાં લાવો. અં૦
તન મન ધનથી તાપ બતાવી, સુખ સંતતિ સહ પૂર્ણ સજાવો. અં૦
રેવાશંકરના પ્રભુ પ્યારા, ભક્તજનોને મન નિશદિન ભાવો. અં૦

પદ ૫૯—રાગ ભેરવી.

શંકર કે ગુણ ગાનાં, ભરતાનાં શંકર કે ગુન ગાના;

शंकर के गुण गाय बीना कहो, कैसे आय ठीकाना. मस्ताना०
अजर अमर पद पुर्न कलेश्वर, ईश अखंड उर लीना मस्ताना०
विश्वपतिको भजन करी के, अभय बरे पद पाना. मस्ताना०
रेवाशंकर देव दयानीधी, दे वांछीत वरदाना. मस्ताना०

पद ६० भेरवी राग.

सेवककी शुध लें...नां...शंकर स्वामी.....सेवककी शुध लेनां;
में याचक तुम दाता दीलावर, जो मांगो शो देनां.— शंकर०
बीड हरण तुम भोळे शंभु, किंचीत कष्ट रहेनां. शंकर०
अज अखंड अंतर के जामी, शानुं कुल हो रेनां. शंकर०
रेवाशंकर आप बीना कहो, और कीशीकुं कहेनां. शंकर०

पद ६१ राग खमाचनी ठुमरी.

मन भ्रांन तजी भव हारी भजो.—(३ वार).
सर्व प्रपंची जाळ जगतनी, तेमां शुं लपटाई रह्यो. मन०
मारुं तन धन एम तुं बोली, आशा पासमां जाय वह्यो. मन०
जन्म मरणनां कष्ट सहे छे, तोपण ना शुभ मार्ग ग्रह्यो. मन०
रेवाशंकर कहे सुज मनवा, हरी भज करी नित प्रेम नयो. मन०

पद ६२ राग ललीत. (ऊभी लीटी अक्षरमेळ.)

रे विश्वंभरा सहाय तुं मने,
व्हालथी करी विनवुं तने;
शंकटो टळे माहरा सहु,
कर कृपा प्रभु शुं अती कहुं.
रसीक श्री रमा नां पति हरी,
लाभ आपजो लक्षथी करी;
धाम रहे सदा चीत माहरुं,
राखी शांति ने स्नेहथी करुं;

મનન જ્ઞાન ને નીતિમાં રહે,
જોડી પાણીને દાસ એ કહે;
શીઘ્ર સા'ય થઇ કષ્ટમાં વિભુ,
રક્ષ જે સદા સ્નેહથી પ્રભુ.
હીત નથી હરી આપના વિના,
શરણ ચા'ય લે ઇંદ્ર આદિના:
તુજ દયા થકી કુટીલ કૈ તર્યા,
નામ માત્રથી પાપનાં ભર્યા.
બંધનો બહુ જગત જાળનાં,
દશનમાં પડ્યા વિકટ કાળનાં;
રક્ષ જે પ્રભુ તે થકી મને,
નાથ સર્વના વીનવું તને.

§પદ ૬૩ રાગ તેરે સબ દિન વૃથા ગયે—એ.

આનંદ કંદ એક અજ ઇશ્વિર વ્રજમેં પ્રગટ ભયે. કૃપાકર વ્રજમેં૦
મનહર ચરીત કરત મનમોહન, નિત નિત નયે નયેરે;
અહો ભાગ્ય સબ ગોપી ગ્વાલકે, જહાં જગદીશ રયે. કૃપાકર જહાં૦
વ્રજપેં શક્ર સકોપ હુવો જબ, બારહું મેઘ બયેરે;
ગ્વાલ બાલ બીન હાલ દેખી, પ્રભુ દિલમેં દયા લયે. કૃપાકર દીલ૦
ગોવરધન કર પર ગ્રહી લીનો, અંગુલી એક દયેરે;
છપન [1]યામ છત્ર સમ રાખ્યો, વ્રજ જન મુદીત રએ. કૃપાકર વ્રજ૦
ઇંદ્રિ ગુમાન ગયો એક છીનમેં, પ્રભુકે ચરન ગ્રએરે;
રેવાશંકર કૃષ્ણ કૃષ્ણ કર, નટવરલાલ નયે. કૃપાકર નટવર૦

---

§ અહીંથી કૃષ્ણલીલાનાં પદો, તેનાં ખાસ પ્રેમીઓને માટે ગોઠવવામાં આવ્યાં છે.

૧ પોહોર.

પદ ૬૪ રાગ ભેરવ-(તુમસે મન મેરો લાગ રહ્યો—એ રાહ.)

જાગહું શ્રી જગદીશ દયા કરી, જસોદા માત જગાવે. (૩ વાર.)
[1]પ્યારે લાલ સબ ગ્વાલ ખડેહેં, દ્વારપેં આનંદ ઘુલાવે;
ધેન ચરાવન જાઓ સુબનમે, મેં તુમ્પેં બલ જાવે. જાગ હું૦
સંગીતકે સુંદર સુરલાઈ, સંત શું શબ્દ સુનાવે;
આનંદ કી ધ્વની છાપ રહી, પ્રભુ ગુણ પ્રભાતમેં ગાવે. જાગ હું૦
પુર્ણ પ્રભાકરકા કીરણોંસે, [2]ઉડ ગણ ગગન દુરાવે;
રાજ [3]સુધાકરકો બીખર્યો, અબ [4]દીનકર ભૂપ કહાવે. જાગ હું૦
સુર નર વર બ્રહ્માદિક દેવા, મુનીજન મનમેં ધ્યાવે;
રેવાશંકર આપ ચરણમેં, નિશદિન ધ્યાન લગાવે. જાગ હું૦

પદ ૬૫ રાગ ભેરવ—ઉપરનો.

કૃષ્ણચંદ્ર કરૂણા કર, મોહન બનમેં બંશી બજાવે.—(૩ વાર.)
તાન માન સબ જોન સાંવરે, ત્રીભુવનકો લલચાવે;
મધુરાલાપ વિકાસ કરી, શુભ સંગીત નાદ સજાવે. કૃષ્ણચંદ્ર૦
ભુલે બ્રમાં ભેદ બેદકે, નારદ બીન તજાવે;
સુર, સુરનાયક સ્તબ્ધ હો ગયે, એસો નાદ મચાવે. કૃષ્ણચંદ્ર૦
ખગ મૃગ સકલ વિકલ હોઈ દોડે, ધેનું ન ત્રણ મુખ લાવે;
જલ યમુના કો ભયો અચલ સો, પ્રબલ વેગ અટકાવે. કૃષ્ણચંદ્ર૦
શુધ બુધ સર્વે તજી વ્રજ બાલા દોડી, ભવન તેં આવે;
રેવાશંકર રશીક લાલસેં, મીલી મન મોદ બઢાવે. કૃષ્ણ૦

પદ ૬૬ રાગ ભેરવ—ઉપરનો.

નફ્ટ નંદકે લાલ હમારે, કયો તુમ ચીર ચુરાએ.—(૩ વાર.)
નગન ખડી યમુનાં જલમેં હમ, લંપટ નહીં લજાએ;
કૃષ્ણ ચીર હર ચડે કદમ પેં, બેઠે મોં બીકસાએ. નફ્ટ૦
કહત કૃષ્ણ તુમ સુનો શયાની, બાત મેરી ચીત લાએ;
હમ લંપટ તુમ લાજ વાલી બીન, વસ્ત્ર પરી જલમાંએ. નફ્ટ૦

---

[2] તારા. [3] ચંદ્ર. [4] સૂર્ય.

દેહું કૃપા કરી ચીર હમારે, પરત તુમારે પાંએ;
દેખેં કો દુર્બાદ કહેં તો, હમ સબ મરત લજાએ. નંદ૦
આય હમારી પાસ પીયારી, સુંદર બસન સજાએ;
ઓર બાત કુછ કામ ન આવે, કરહું કોટી ઉપાએ. નંદ૦
જલસેં નીકલ ભઈ જબ ન્યારી, વનીતા વસ્ત્ર કંપાએ;
રેવાશંકર કે સ્વામી સંગ વ્રજમેં આનંદ છાએ. નંદ૦

પદ ૬૭ રાગ ભેરવી.

બંશી બજાવત પ્યારે સુબનમેં, બંશી બજાવત પ્યારે;
સુંદર સુર મીલાય સમકકો, પલટતાન લલકારે. સુબનમેં૦
મોહનકી ગુન ભરી ધુન સુનીકે, ઘરકે કામ બીસારે. સુબનમેં૦
વિરહ વ્યથા જાઈ અંગ અંગમે, કહાં મીલે કૃષ્ણ અટારે. સુબનમેં૦
રેવાશંકર કે સ્વામી બીન, તલસત નેત્ર હમારે. સુબનમેં૦

પદ ૬૮ રાગ ભેરવી તાલ કેર.

રાધે રાની જાની તોરી, યુક્તિ જો બનાઇ તેં;
બંશીકું ચુરાય લીની, કહાં તેં છીપાય દીની.
મેં તો ધ્યાન ધારી બેઠો, યમુનાપે નાયકે. રાધે રાની૦
કાયકું સતાવે પ્યારી, મોરલી તું દેહ મોરી;
રહું મેં આનંદકારી, બંશરી બજાઈ કે. રાધે રાની૦
વાંકે બીના ચેન નાંહી, મન ન મેરો ઠરાઈ;
દેતું વ્રકુભાન જાઈ, કહું સમુઝાઈ કે. રાધે રાની૦
સુનત પીયા કે બેન, બંશરી દીખાઈ દેન;
સ્વામી રેવાશંકર કો સેનસેં, રીઝાઈ કે. રાધે રાની૦

પદ ૬૯ રાગ કેરબો.

(જોઈ ટીપણું ને વાત કહું છું આજ સાચી રે.—એ રાહ.)
પ્રીતમ પ્રેમથી પધારો પ્યારા આવો મારી સાથ,
પ્યારા આવો મારી સાથ, બેટો અંક ધરી બે હાથ. પ્રીતમ૦

સુદર સુરતી મનમાં મારા રમી રહી દીન રેન,
કૃષ્ણ કાળા નંદ દુલારા, આપ વિના નહી ચેન. પ્રીતમ૦
રાસ વિલાસ આશથી આવી, વ્રજ વનીતા તમ પાસ;
વચન વિચારો પૂર્વે સમયનું, સાને કરો નીરાશ. પ્રીતમ૦
શરમ મરમને દુર મુકીં છે, સુણતાં બંશી નાદ;
ચાલો વિલંબ થાય છે, વાલા મુકી સઘડો વાદ. પ્રીતમ૦
પૂર્ણ પ્રેમથી વ્રજ વનીતાના, પુરીત સુણી વચન;
રેવાશંકરનાં સ્વામી ત્યાં પુરણ થયા પ્રસન્ન. પ્રીતમ૦

પદ ૭૦. (રાગ–તેરી મોસે નાહીં બને ગીરધારી.)

વા'હવા કેવી વાત બની, સખી મારી–આ–વાહવા કેવી;
વળશે બૈ દીનના બદલા સૌ ભુલશે ખોડ મુરારી. આ'વા'હવા૦
મુરલી પીતાંબર મુકુટ લઇને પહેરાવો સુંદર સારી; આ'વા'હવા૦
નંદકુંવરને નાચ નચાવો, નેહ ધરી કરી નારી. આ'વા'હવા૦
નવસત આભ્રણ અંગ સજાવો, મુરતી બને મનોહારી. આ'વા'હવા૦
રેવાશંકરના સ્વામી સંગ, ખેલ કરે વ્રજનારી. આ'વા'હવા૦

પદ ૭૧ રાગ ધનાશ્રી.

(તેરો વીરન મતવાલો રે નનદીયાં) એ રાહ.

તેં તો હર્યું છે ચિત મારૂં રે, રસીલી રાધે તેંતો હર્યું છે ચીતમારૂં;
વદન સુધાકર તારૂં સુશોભીત, મુજ મન વશ કરનારૂં રે. રસીલી૦
કોકીલ સમ તુજ શબ્દ શ્રવણું કરી, મન આનંદ થનારૂં રે. રસીલી૦
તુજ વિણ મુજને ચેન નહીં પ્રીયે, જીવન થાય એકારૂં રે. રસીલી૦
રેવાશંકરના સ્વામી કહે તુજ પર તનમન વારૂં રે. રસીલી૦

પદ ૭૨. રાગ ધનાશ્રી—ઉપરનો.

લાલન કાંઈ લજાઓ રે, મોહન મારા લાલન કાંઇ લજઓ;
સરવ સખી મુજ હાંશી કરી કહે, નટવર વેશ વરતાવો રે. મોહન૦

જોઈ મને મોહન પનઘટ પર, તાનથી બેન બજાવો રે. મોહન૦
અંતર પ્રેમતો અંશ દીશે નહીં, બહાર શું વ્યર્થ બતાવો રે; મોહન૦
રેવાશંકરનાં સ્વામી શું, ફોકટ ફેલ મચાવો રે. મોહન૦

પદ ૭૩. રાગ ધનાશ્રી—ઉપરનો.

તેરા ગુમાન હે ભારી રે કામનીયાં, તેરા ગુમાન હે ભારી,
દાન દીએ બીના કહાં ચલી જાતી, દધી બેચન વ્રજ નારી રે. કામ૦
જાનત હું મેં તેરી ઝીકર કોં, મોકું બનાતી તું મૈયારી રે. કામ૦
છોડું ન મે અબ દાન લીએ બીના, છલબલ કરેહું હજારી રે. કામ૦
કહત પ્રભુ રેવશંકરકે સુન ભ્રકુભાન દુલારી રે. કામ૦

પદ ૭૪—રાગ ભૈરવ.

માધુ બનકે બીહારી પ્યારે—(૩ વાર.)
છોડ હમેં દુખ દે ગયે, મોહન કપટી કામનગારે, માધુ૦
જાકે કાજ સબ લાજ તજીકે, આય છોડ ઘરબારે. માધુ૦
ઇત ઉત દેખ દેખ મેં હારી, મીલત ન નંદદુલા રે: માધું૦
રેવાશંકર કે સ્વામી બીન, જીવન હો ગયે ખારે. માધુ૦

પદ ૭૫. રાગ ભૈરવ.

મેં બીનવોં નંદ દુલારા—૩ વાર.
અરજ કરત હું ઉભય કર જોરી, દે દરશ દીલ હારા. મેં બીનવોં૦
કુંજકે બીહારી મેં પુકારી, કહું બાર બાર છાંડો યાર ના યે દાસ; મેં બીનવોં૦
ધુનત ધુનત શીર ઝુકત બદનપેં, નેનમેં નીર ચોધારા. મેં બીનવોં૦
રેવાશંકર કે સ્વામી બીન, તલશી નેત્ર હમારા. મેં બીનવોં૦

પદ ૭૬. રાગ કાલીંગડો (મદન પડયો કેડે એ રાગ.)

મળે ન ક્યાં મુરારી રે મળે ન ક્યાં મુરારી હું થઇ દુઃખયારી રે. મળે૦
જોઇ જોઇ જગજીવનને હું, સ્તબ્ધ બની છું બેન સારી રે; મળે૦
પ્રથમ સ્નેહ કરી સાથ લઇને નીરંજન વનમાં વીસારી રે. મળે૦
જાણ્યું ન મેં મનથી સખી મોરી ક્રુર છે કુંજ બીહારી રે. મળે૦

પ્રાણપતિની વિરહ વ્યથાતે નાંખે હૃદય વિદારી રે. મળે૦
રેવાશંકરના સ્વામી વિણ, વિરહ વિકલ વ્રજ નારી રે. મળે૦

પદ ૭૭. રાગ ભૈરવ.

શાણી ધીરજ ધર સ્યામ મળે, સ્યામ મળે દુઃખ સર્વે ટળે. શાણી૦
પ્રેમ નીહાળે પ્રીતમ તારૂં, ઘેલી શું નેત્રથી નીર ઢળે; શાણી૦
આ ક્ષણ અંતરધ્યાન થઇને, આવે, પાછા એજ પળે. શાણી૦
અદ્દભુત ચરીત કરત મન મોહન, કૃતી તેની નહિ કોઇ કળે. શાણી૦
રેવાશંકર પ્રભુ મળવાને, કરો પ્રાર્થના પ્રેમ વળે. શાણી૦

પદ ૭૮. રાગ સોરઠ તાલ દાદરો.

કેમ મોહન અમથી રીશાયા, અમથી રીશાયા પ્યારા મનમાં મુંઝાયા. કેમ૦

સાખી.

સ્યામ ભરોસે આપને.........તજ્યાં માતને તાત,
સ્વામી સહોદર સ્નેહીઓ.......સુણીન કોની વાત;
પ્રેમ પાસમાં પૂર્ણ ફસાયા. કેમ મોહન૦
કંચન ક્રોડ વસા કદી તજે ન આપ ઉજાસ;
ખાતર કસ્તુરી મળે.........લશણ ન છોડે વાશ,
સ્નેહી વિચારો ને ક્યાં દબાવ્યા. કેમ મોહન૦
રેવાશંકરનાં પ્રભુ.........માની અમારા : વેણ;
સ્નેહે આવો શ્રીહરી.........તમં વિયોગ દુખ દેણ
વિરહના વાદળ પુરણ છવાયા. કેમ મોહન૦

પદ ૭૯. રાગ સોરઠ—(કુબરીને જાદુ ડારા.)

સ્યામ મને ન સતાવો રે, પ્રીય સ્યામ મને ન સતાવો રે. પ્રીય૦
નિર્દય થઇ શું નંદના નંદન નાદ વિરહ વરસાવો રે. પ્રીય૦
માત તાત સુત ભ્રાત તજાવી, ત્રીકમ શું તરસાવો રે. પ્રીય૦

આપ વિના નહીં આનંદ ક્યાંઈ ભુધરના ભરમાવો રે. પ્રીય૦
રેવાશંકરનાં પ્રભુ પ્યારા મોહન મુખ દરશાવો રે. પ્રીય૦

પદ ૮૦ રાગ બીહાગ.

સુંદર સ્યામ પુકારૂં સખી મેં સુંદર સ્યામ પુકારૂં;
લગન લગી મોએ મોહન મીલનકી ઓર ન બચન ઉચારૂં. સખી૦
ધેન ચરાવન જાત સુબનમે, દીનભર દુઃખસેં હારૂં; સખી૦
સાંજ સમે સાંવરેકું નીહારી, આનંદ અંગ પસારૂં. સખી૦
દેખું લડીલેકું બંશુરી બજાવત, ઘરકે કામ બીસારૂં; સખી૦
રેવાશંકરકે સ્વામીપે મેં તન મન ધન વારૂં. સખી૦

પદ ૮૧ રાગ—કાલી બાદરવાને ઘેરા લઇ રે.

સખી મેં મેરે સ્યામસેં મીલન ગઇ રે. સખી મેં.
સાંવરે કે સાથ મોએ સનેહ સબળ ભયો, મધુર મોહન બીનું ચલે નહીં રે ! સ૦
નીપટ નીઠોર ભયે નંદકે દુલારે પ્યારે, છાંડકે છબીલે બન છીપ ગયે રે;
ઢુંઢત હારી નહીં મીલત પ્યારે, મોંકું દુઃખમે ડુબાય દઇ રે. સખી૦
વિરહકી પીર ભઈ અંગમે અનલ જેશી ઇત ઉત પેખું પીયુ નહીં દીખે રે;
કરત પુકાર ફિરૂં બાવરી બેજાર હોકે મોહન મીલેન કંહી રે. સખી૦
અતી અકુલાય સુધ સાનકો ભુલાય બેઠી, રેવાશંકર કે સ્વામી આય મીલેરે;
આનંદ અનંત અંગ અંગમે ઉદય ભયો, વિયોગ વિપતી ગઈ રે. સખી૦

પદ ૮૨ રાગ વિભાસ.

સુનહું યશોદા તેરો કૃષ્ણ સતાવે, કૃષ્ણ સતાવે મહી માખન ખાવે. સુન૦
હમ મહી બેચનકું મથુરાં મેં જાવે, ગ્વાલ બાલ સાથ લેકે ઘરમેં ઘુસાવે. સુન૦
ફોર મહી માટ દહીં દુધકું ગીરાવે, અબળ સબળ પર જોર દીખાવે. સુન૦
પકરને જાવે કોઈ હાથમેં ન આવે, દુરહીશેં દેખી હમે લકુટી દીખાવે. સુન૦
કબહુ ન મૈયા તુમ આંખ દીખાવે, લાલકે લક્ષન એશે તુમકુંહી ભાવે. સુન૦
સ્વામી રેવાશંકર કે ખેલ મચાવે, હરીકી હઠીલી લીલાં હમકું ન ભાવે. સુન૦

પદ ૮૩ રાગ વિભાસ.

કોન સખીરી મોકું મોહન મીલાવે, મોહન મીલાવે પ્યારે લાલસેં મીલાવે. કોન૦
ભુવન ભયાનક ભય ઉપજાવે, નંદકે નંદન બીના નીંદ્રા ન આવે. કોન૦
ત્રીવીધ પવન મુજે તૃપ્ત બનાવે, વિરહ અનલ યહી અંગ ધીકાવે. કોન૦
બન ઉપબન મોયે મનકોં ન ભાવે, ચંદ્રકી રશ્મિશિત અગ્ની ઉઠાવે. કોન૦
તરનીકો તેજ બડી જવાલા દીખાવે, કબહુંક નયનમે આંધીહીં છાવે. કોન૦
પ્રભુકે મીલન બીન પીર ન જાવે, સ્વામી રેવાશંકરકો કો સમુઝાવે. કોન૦

પદ ૮૪ રાગ (નાચે ઘુમ ઘુમ ઘુમ પ્યારી ગુલશનયે.)

રમે નટવર નંદ ઘર નેપુર પેરી સુઘર મોહન મદનવર વા...વા...વા...રમે.
પારબ્રમ પરમેશ ઇશિજે, ધ્યાનમેં ન આવે સુરેશકોં, સોહી સ્યામ;
વ્રજધામ, મનકામ, પુરે હામ, આનંદ અનંત છાયો, બાનું રૂપ ધરી આયો.
વા...વા...વા...રમે.

સંગ અંગ સુઘરાય આયકે, બાલકૃષ્ણ ગુન ગાયકે, કરે ગાન, ધરે તાંન;
પુરેં માંન, ભરે શાંન, યશોદા મૈયાકે ધામ; રેવાશંકરકે સ્યામ.
વા...વા...વા...રમે.

પદ ૮૫ રાગ માઢ.

(શ્રી કૃષ્ણ રાધાજીને સમજાવે છે.)

રાધા— જાઓ જાઓને કૃષ્ણજી કાળા, મુકો મોહનશું માંડ્યા ચાળા;
બોલો વેણ વળી મરમાળા.— જાઓ૦

કૃષ્ણ— ઘેલી ઘેલી શું રાધે ઘેલી, કરી પ્રીતી તેં પુરણ પેલી;
બોલો માન તજી અલબેલી. ઘેલી ઘેલી૦

રાધા— કાંઈ લજાવો હસાવો ફસાવો ન, વ્યર્થ બતાવો ન વાલ;
એમ ન પ્રેમતો નેમ જાણ્યા વિણ, કેમ મળે નંદલાલ. જાઓ૦

કૃષ્ણ— માન ગુમાન તજો વૃકુભાન, તણી દુહીતા દીલદાર;
પ્રેમ પ્રકાસ વિકાસ કરો પ્રીય, પુર્ણ બતાવીને પ્યાર. જાઓ૦

રાધા— શ્યામ તણું નહીં કામ મને કંઇ, જાઓ હટો વ્રજરાજ;

સ્યામ ભુજંગ ડશે નીજ અંગ તો, જીવન થાય અકાજ. જાઓ૦
કૃષ્ણ— સ્યામ ઘટા ઘન ઘોર ચડે નભ, કોણ બતાવે ન પ્યાર;
સ્યામ સુશોભીત કેશ હમેશ, ધરી નીત ઓપે નાર. ઘેલી૦
રાધા— કૃષ્ણ કુટીલ દીસો દીલનાં નહીં, અંતર પ્રેમ જણાય;
જીવન જુક્તિની જાળ વિષે કોઈ, ભામની ભોળી ફસાય. જાઓ૦
કૃષ્ણ— પ્રેમનો નો પાઠ પઢ્યા વિણ પ્રેમદા, ઉન્મદ વાણી ઉચાર;
હું શુધ સ્નેહ ચહું ચીતમાં કદી, ધારૂં ન અન્ય વિચાર—ઘેલી૦
રાધા— જાણું સહુ શુધ સ્નેહ ચહોછો, બોલો શું વ્યર્થ વચન;
પ્રીતમ પ્રેમદા સાથ લઈ પછી, એકલી મુકી વન. જાઓ૦
કૃષ્ણ— પ્રેમ નીહાળવા મુજ પ્યારી હું થયો અંતર ધ્યાન;
આજ પછી પ્રીય આમ કરૂં તો, નંદ બાવાની આન. ઘેલી૦
રાધા— વાક્ય સુણી વૃજબાલ વદે નહીં ખેદ ધરો વૃજરાય;
પ્રીતમ પ્રેમ પ્રકાશ થવાને આ મુજ યુક્તિ જણાય. જાઓ૦
કવી— ભામીની ભાવથી ભેટી પડી બહુ પ્રશ્ન થયાં જદુરાય;
ગોપી અને ગીરધારી તણાં ગુણ રેવાશંકર ગાય. ઘેલી૦

પદ ૮૬ રાગ ખમાચની ઠુમરી.

મન મોહન વિણ તન તેમ થયું.........(૩ વાર).
શ્રી ગીરધારી પ્રેમ વિસારી, ગયાં મથુરાં નવ આવ્યું કયું. મન૦
ચેન ન દીનકે રેન પડે કંઈ, નીર આ નેત્રથી જોય વયું. મન૦
કુબજા સંગે રંગ મચાવે, એ મુજથી નવ જોય સયું. મન૦
રેવાશંકરના સ્વામીથી, ગમતું નથી ક્ષણ દુર રયું. મન૦

પદ ૮૭ રાગ સોરઠ. (કુબરીને જાદુ ડારારે.)

નંદલાલ નમેરા ભારીરે, નંદલાલ નમેરા ભારી;
વૃજ વનીતા મેલી વિસારીરે, નંદલાલ નમેરા ભારીરે. નંદલાલ૦
પ્રીતી સર્વ તણી પરહરીને, કરી કુબજાં સંગ યારીરે. નંદલાલ૦
કપટી કૃષ્ણ રયા અંતરનાં, ઉપર શોભા સારીરે. નંદલાલ૦

પ્રેમજાળમાં પૂર્ણ ફસાવ્યા, નથી નીકળવા બારીરે. નંદલાલ૦
રેવાશંકરના સ્વામી વીણ, ગોપી ગ્વાલ દુઃખારીરે. નંદલાલ૦

પદ ૮૮ રાગ—ઓધવજી સંદેશો કહેજો શ્યામને.

મોહનજી મથુરાંથી કયારે આવશે, પ્રેમ અનલથી તનમાં લાગે લાયજો;
દામોદર વિણ દુઃખ નીશીદીન પામું અતી, સજની મારૂં વ્રેમાં અંગ સુકાયજો. મો.
શરદ સુધાકર છે કેવો રળીયામણો, જોતાં સૌનાં મનમાં આનંદ થાયજો;
મોહન વિણ મુજને એ બાળે બેનડી, વિરહ વ્યથા તે મારાથી ન ખમાયજો. મો.
વાલમથી વંદ્રાવન સરવે શોભતું, વાલી લાગતી આશ ઘડી વનરાયજો:
ગોવીંદ વિણ સખી મારી કંઈ ગમતું નથી, વનઘર સરવે મુજને ખાવા ધાયજો. મો.
શયન ભુવન જે સુંદર સુખકારી દિશે, જોતાં તેને ઉર મારૂં અકળાયજો;
કોયલડીના શબ્દો કાપે કાળજું, શ્યામ વિયોગે તનના કટકા થાયજો. મો.
રેવાશંકરના સ્વામી જ્યારે મળે, ત્યારે મારા મનમાં શાંતિ થાયજો;
ક્રુર થઈ કૃષ્ણજી જો નહીં આવશે, તો હું મારો પ્રાણ તજું પલમાંયજો. મો.

પદ ૮૯ રાગ શિયાનો કાનરો

કૃષ્ણ ગયાં તજી કપટ કરીને, પ્રીતમ પ્રચંડ વિસારી..........કૃષ્ણ ગયાં
જે વિણ ક્ષણ પણ જુગ સમ જાતી (તે વિના) કેમ આ જીંદગી જાય નીવારી;
વન ઉપવન તન ત્રાસ પમાડે, પ્રેમ અનલ દીએ અંગ વિદારી. કૃષ્ણ૦
વચન ભ્રષ્ટ થઈ બેશી રયાં ત્યાં, કરી કુબજાને પ્રાણ પ્યારી. કૃષ્ણ૦
જલ વિણ મીન ત્રષીત તન ત્યાગે, તેમ જશે જશે આ જીવન દુઃખારી. કૃષ્ણ૦
રેવાશંકરના સ્વામીનું, ધ્યાન ધરે નિશદીન વ્રજ નારી. કૃષ્ણ૦

પદ ૯૦ રાગ સોરઠ (ઉર પામે છે પરિતાપ એ રાહ.)

કહે છે ઓધવજી સમજાવી સૌ વ્રજનારનેરે. કહે છે૦
પ્રભુને નીશીદીન ધ્યાન તમારૂં, વનીતા વ્યર્થ ન વાણી ઉચ્ચારૂં;
ધન્ય ધન્ય વ્રજને વશ કર્યા મુરારને રે. કહે છે૦
કૃષ્ણે એમ કહ્યું છે પ્યારી, નથી તમો મુજથી કંઈ ન્યારી:
પંકજ અને પ્રભાકર સમ શુધ પ્યારને રે, કહે છે૦

પ્રેમથી દુર નથી હું દ્દારા, નિશ્ચય જાણી બોલ અમારા
તજી દેજો ઉરના સૌ વિરહ વિકારને રે. કહે છે૦
સર્વ પ્રપંચ તજી વ્રજ બાલા, અંગ વિભૂતી ધરી મૃગ મૃગછાલા;
ધ્યાન મારૂં ધારો થવા ભવ પારને રે. કહે છે૦
શ્રીહરીનો સંદેશો જાણી, સ્તબ્ધ બની ગઇ સર્વ શયાણી;
રેવાશંકર વધી વ્યથા વ્રજ નારને રે. કહે છે૦

પદ ૯૧ રાગ સોરઠ—ઉપરનો.

(ગોપીઓ ઓધવજીના વચનપર ટીકા કરતાં કહે છે.)

સુણજો સંદેસો વ્રજબાલા જે સ્યામે કર્યો રે. સુણજો૦
હું તમથી ન્યારો નથી કાંઇ, આવું નહીં કંઈ વ્રજ ની માંઈ;
વીરહ તમારો મુજથી નાં જાએ રસ્યો રે. સુણજો૦
લગન લાગી છે તમ બારે, છોડું નહીં કુબજાને ક્યારે;
મુખથી પ્રેમ અમારો બહુ તમમાં રચો રે. સુણજો૦
ભાવે ભેખ ધરોને પ્યારી, તજી સંસાર અસાર દુઃખારી;
કુબજા કૃષ્ણ જપો નિત નામ અતી નચો રે. સુણજો૦
ઓધવને મુક્યો સમજાવી, આવો સૌ વ્રજ નાર પટાવી;
રેવાશંકર કપટ કૃષ્ણમાં નાં ગયો રે. સુણજો૦

પદ ૯૨ રાગ કારાયડો.

સુકે સ્યામ વિનાનું આ શરીર રે, ધીરજ અમને નાવે જરી;
ઓધવ ક્રુર થયાં બલ વિરરે, ગોકુલમાંએ નાવ્યાં ફરી. ધીરજ૦
કુબજાએ વશ કર્યા કૃષ્ણ અમારાંરે, પુરે પીંજર જેમ કીરરે;
કેજો પ્રભુને પ્યારા છોડી થયા દીનદારા, જાણી નહીં અમ પીરરે. ધીરજ૦
મુખ દરશન વિના આ તન તલપેરે, નયણે અચલ વહે નીરરે. ધીરજ૦
એકવાર આવો પ્રભુ પરમ કૃપા કરી, કહીએ બીછાવીને ચીરરે. ધીરજ૦
રેવાશંકર પ્રેમ નીહાળીને, મગન થયાં જદુ વીરરે. ધીરજ૦

પદ ૯૩ ખમાજની ઠુમરી.

સખી સુરત દીઠાઇ કાનો ઠોર ઠોર. સખી૦

જો જસુદાકોં કહન જાત હોં, સુનત નહી કછુ મેરી શોર. સખી૦
બાટ ઘાટ સબ હાટ રચાકે, ફીરત સજન બન મેરી ઓર. સખી૦
શ્યામકું જો સમજાવન લાગું, ઓર અધિક વો કરત દોર. સખી૦
રેવાશંકર કે સ્વામીપે ચલત ન મેરા કોઈ જોર. સખી૦

પદ ૯૪ રાગ મહેશ નીલકંઠ—ભૈરવ.

શંકર સુત સ્નેહ ધરી સહાય કરો મારી,
ગણાધીશ નામ પ્યારૂં લાગે સારૂં ભારી. શંકર૦
કરૂણાજી કરજો સા'ય વિઘ્ન સહુ દુર જાય;
વિપતિને કરો વિદાય મોદીના અહારી. શંકર૦
ગજતણું વદન વિસાલ, દેખીને કંપે છે કાલ;
ગલે વ્યાલ, મહાકરાલ, મુશક અસવારી. શંકર૦
સિદ્ધિ બુદ્ધિ શોભે સંગ, સીંદુર અરચ્યું છે અંગ;
લક્ષલાભ કરે રંગ, શોભા સુખકારી. શંકર૦
આયુધ ફરશી વિશાલ, રાક્ષસો હણ્યાં કરાલ;
દીનના અતિ દયાલ, ભક્તહીતકારી. શંકર૦
ચરણ સેવ ચીત ચાય, માગે આપનીજ સા'ય;
રેવાશંકર સદાય સંપુટ કર ધારી. શંકર૦

પદ ૯૫ રાગ વિભાસ.

નમું મહાકાળી દેવી નમું મહાકાળી, દીનદયાળી દેવીઃ નમું૦
દેવતણાં દુઃખો જાણી વિનયની ધારી વાણી,
પ્રગટ થયાં પ્રમાણી હસ્ત સહ વાળી. નમું૦
મૈખ ચુંડ મુંડ ચોડયાં, રક્તબીજ આદે રોળ્યાં,
ખપર લઇને ખોળ્યાં, થઇને કરાળી. નમું૦
અનંત સ્વરૂપ ધાર્યાં, સર્વ સંકટો નીવાર્યાં,
ભક્તના ભયોને ટાળ્યાં, માત શ્રી મયાળી. નમું૦

આસરો તમારો મૈયા કષ્ટથી ઉગારો,
અર્જ ને સ્વીકારો, દીયો દીનદુઃખ ટાળી. નમું૦
વિપ્ર રેવાશંકરને રાખજો સદાય સરણે,
ભીડ ટાળો ભદ્રકાળી મેરથી મયાળી. નમું૦

પદ ૯૬ રાગ ધનાશ્રી.

આશા પુરા માતો જનુની, આશાપુરા માતા;
કરૂણાળી તું કષ્ટ વિદારે, આપે સુખ શાંતા. જનુંની૦
સંકટ હરણી છો જુગદંબા, વિશ્વતણી ધાતા. જનુંની૦
સેવક સરવે સ્નેહ ધરીને, આપ ચરણ ચા'તા. જનુંની૦
રેવાશંકર પર કરૂણાંકર, ગાયે ગુણ ગાથા. જનુંની૦

પદ ૯૭ રાગ (મધુર સ્વર કયાંથી આ સંભળાય એ રાહ.)

માતુ તારા દરશનથી દુઃખ જાય, માતુ તારા દરશનથી દુઃખ જાય. માતુ૦
આદ શક્તિ છો અંબે ભવાની, શેવકની સુખ દાય. માતુ તારા૦
પ્રણુતારત હરવા પૃથ્વીપર, મેર ધરી મનમાંય. માતુ તારા૦
સેવકને શરણે રાખીને, ઇચ્છિત આપો સદાય. માતુ તારા૦
આશ્રય અન્ય તણો કયાં શોધું, આપ વિના કહો માય. માતુ તારા૦
સમ્બંધ સરવે સૃષ્ટિ વિષે પણ, જનની સમ કો થાય. માતુ તારા૦
નિશ્ચય એ નીજ હૃદયે રાખી, જપું નામ જગમાંય. માતુ તારા૦
અંતર આપ નીરંતર જાણી શેવકની કરો સા'ય. માતુ તારા૦
દોષ દેખી કદી રોષ ધરો નહીં જાણી અબુધ મમ માય;
રેવાશંકર દાસ આપના, ગુણ નીરંતર ગાય. માતુ તારા૦

†પદ ૯૮ ભુજંગી રાગ આશાની લયમાં.

(દુઃખ હર દેવ્યાષ્ટક.)

દયા લાવી ને દીન આ દાસ કેરી, ભવાની જુઓ રે'મની દૃષ્ટિ ફેરી;
નિહાળી મહા દર્દ ને દીલ દાઝે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.

---

† આસ્તિક જનોને સૂચના—સં. ૧૯૫૮ ની સાલે પુરશોત્તમ માસમાં તુંણા બંદરમાં કોલેરાનું દર્દ ઘણા જોરથી ફાટી નીકળ્યું હતું તે વખતે

નમું અંબીકા ચંડીકા જોગ માયા, ઘણાં નામથી ગુણ જેના ગવાયા;
મને આદ્ય શક્તિ તણી આશ આજે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.
સહુ સૃષ્ટિની શાક્તજ્ઞાતા સુમાતા, રચ્યાં છે તમે સુર નરો ને વિધાતા;
વળી સ્થાવરે જંગમે જે બીરાજે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.
મહા દુષ્ટ દૈતો હતા કષ્ટકારી, કર્યા નાશ તેને કરે શસ્ત્રધારી;
ભર્યો સર્વ સંસારને સુખ સાજે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.
જનો ગામમાં રોગના ભોગ થાએ, સુણી વાત આ ઘાતથી કંપે કાએ;
સહું કષ્ટ એ આપને કેમ છાજે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.
ઘણાં દોષ મારાં હશે તે વિસારી, અરે માત મારી થજે સાયકારી;
મને અજ્ઞ જાણી કરીને નીવાજે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.
સહુ સૃષ્ટિમાં થાય આનંદકારી, રહું હું સદા સર્વદા હર્ષ ધારી;
ટળે આ ફિતાટો સહુ મનનાં જે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.
સુણી દાસ "રેવા" તણી દીન વાણી, થજે સા'ય જગદંબીકા હર્ષ આણી;
દુઃખો ટાળવા માહરી માત ધાજે, કૃપાળી ચડો ભક્તની વાર કાજે.

પદ ૯૯ રાગ બનઝારા.

નમું કલ્યાણેશ્વર ત્રિપુરારી, અદભુત આકૃતિ તારી;
કરો શેવક જનની સા'યે, જેથી સંકટ સૌ ટળી જાયે, જાઉ નાથ તમો પરવારી. અ.

અહીંના કેટલાક લોકો બીજા ગામડાઓમાં કે અંજારમાં ગયા હતા અને કેટલાક જવાની તૈયારી કરતા હતા પણ તે વખતે હું એવા કામના પ્રસંગ વચ્ચે હતો કે મારાથી ક્યાં પણ જઇ શકાય તેમ નહતું તેથી તે આપતિના સમયે ઉપરનું અષ્ટક બનાવ્યું કે ત્યારથી ગામમાં દર્દની શાંતિ થઈ એટલે કે ત્યાર પછી તે બીમારીનો એક પણ કેશ થવા પામ્યો ન હતો અને સર્વત્ર શાંતિ થઈ હતી તેથી આસ્તીક વાંચક જનો ખરી શ્રદ્ધાથી એવા કોઈ સંકટ વખતે તે અષ્ટકની ઉપાસના કરશે તો મને ખાતરી છે કે અવસ્ય નિર્ભય બનશે. પણ ખરી શ્રદ્ધાની જરૂર છે તે વિના કંઈ બનતું નથી. માટે ભાવિક જનોએ ખરી શ્રદ્ધાને શેવી આ પ્રયોગ કરવો એવી મારી ભલામણ છે.

નારણ પુર તેહ બીરાજે, આગળ રતનાંગર ગાજે, અતિ શોભા છે સુખકારી. અ.
વળી સુંદીર શ્રાવણ માસે ગડે નોબત પૂર્ણ હુલાશે, વાગે શંખ તુરી ત્રયધારી. અ.
કરે પુજા વિવિધ પ્રકારે, ઉર આનંદ આણી ભારે, કુંવર ગર કુળ પુજારી. અ.
વિપ્ર રેવાશંકર કહે છે, નિત આપ ચરણમાં રહે છે, શીવ સેવ ગણે સુખકારી. અ.

પદ ૧૦૦ રાગ સોરઠ.

જય મુરલીધર, નટવર સુંદર (એવાર).
નટવર સુંદર શ્રી ગીરિવર ધર. જય૦
વંદે સદા વ્રજ નાથ નિગમે વર,
શેષ સુરેશ વળી સચરાચર. જય૦
આદ્ય અખંડીત સંત સુખદ પ્રદ;
નિર્ગુન બ્રહ્મ શરીર સગુનધર. જય૦
દેવ દયાધર તું અમપર વર;
વિનય કરે છે રેવાશંકર. જય૦

ઇતિશ્રી રેવાશંકર વિરચીત બોધક અને ભક્તિયોગનાં સતપદ સમાપ્ત.

શ્રીકૃષ્ણ પ્રભુની બાલ લીલાનો કકકો છે.

રાગ (જય જય વૈકુંઠરાય ધ્રુવાખ્યાનનો રાગ.)

કકા ધરજે કોડથી પેલું શ્રી શીવસુતનું ધ્યાન,
સારદના સુમરણ થકી જાય અંતરનું અજ્ઞાન;
અજ્ઞાન નાશ થશે નીરધાર, જ્ઞાન પ્રભાકર પુર્ણ પ્રચાર;
પછી થશે મન ધાર્યું કામ, પ્રેમે જપો પુરૂષોત્તમ નામ. જે જે સુંદરશ્યામ.
ખખા ખેલ કરે હરી તેનો કોઇ ન પામે પાર,
દેવકી માતાના દેહથી લીધો કૃષ્ણતણો અવતાર;
અવતાર ઇશ્વરનો થયો જ્યારે, શીવ બ્રહ્મા સુર આવ્યાં ત્યારે;
સ્તવન કરીને લાગ્યાં પાય, પછી કર્યું શું પ્રભુએ ત્યાંએ. જેજે૦

ગગા ગોવરધનધારીએ દીધા દંપતિ ને દર્શન,
દેવકીને વસુદેવજી થયા મનમાં પુર્ણ મગન;
આભ્રણ અંગ સુશોભિત ભારી, છત્રમુકટ પીતાંબર ધારી.
ચક્ર ગદા ને પદ્મ વિશાલ, શંખ ધરી કર શ્રીગોપાલ. જોજો૦
ઘઘા ઘારણમાં પડ્યા જે છે કંશતણાં રખવાલ,
હાથ કળી અળગી થઈ વસુદેવની ત્યાં તતકાલ;
શીશુરૂપે થયા શ્રીઘનસ્યામ વાસુદેવ વિચારે તે ઠામ,
બાળકની કરવી રક્ષાય જાઉં અહીંથી ગોકુળ માંય. જોજો૦
ચચા વાત ચિતે ધરી ચાલ્યા લઈ ગોકુલની વાટ,
સુમરણ કરતા સ્યામનું પોતા જમુનાજીને ઘાટ;
ઘાટ ઉતરવા જાય છે જ્યારે, પુર ચડ્યું બહુ જોરથી ત્યારે;
સ્પર્શ કરવાને ચરણ સરોજ, જમુનાંજીએ ઉછાડ્યાં મોજ. જોજો૦
છછા છોળ ઉછાડથી વાસુદેવ ઉરે અકળાય,
છેવટ હાથ ઉંચા કર્યા લઇ લાલને બે કર માંએ:
પ્રભુએ વાત વિચારી મન, ચર્ણ વધાર્યું જગજીવન:
પર્સ થયો પદનો જેણીવાર, સૂર્ય સુતા થઇ શાંત તે ઠાર. જોજો૦
જજા જોરથી ચાલીને ગયા ગોકુળમાં વસુદેવ,
કન્યા લઈ જસોદા તણી રાખ્યો બાળક ત્યાં તતખેવ;
કન્યા લઇને આવ્યાં ઘેર, હાથ કડી પડી હતી જે પેર;
દ્વારનાં બારણાં બંધજ થયાં, ચોકીદારના ઘારણ ગયાં. જોજો૦
ઝઝા ઝબકી જાગીને કન્યાએ પાડી ચીશ,
ખબર થઇ જ્યાં કંશને ત્યારે આવ્યો કરીને રીસ:
ક્રોધ કરી ઝાલી કરમાંય, પટકી પ્રાણ લેવાને ત્યાંય;
એટલે કન્યા ગઈ આકાશ, કંશ પ્રત્યે કહ્યાં વચન પ્રકાશ. જોજો૦
ટંકા આયુષ તુટી છે તારો વેરી વશે વ્રજમાય,
બાર વરસમાં મારશે જે છે નંદ ગોવાલને ત્યાંય;
વચન સુણીને થયો મનભંગ, ક્રોધની જ્વાળા લાગી અંગ;

પુતનાને મુકી વ્રજમાંય, કૃષ્ણના પ્રાણ લેવાને ત્યાંય. જેજે૦
ઠઠા ઠાઠ કરી અતી આવી નંદરાજાને ઘેર,
હરવા પ્રાણ પ્રભુતણાં તેણે સ્તનપર ચોપડયું ઝેર;
માશી બનીને લીધું બાલ, ધવરાવવાને દીન દયાલ;
પ્રભુએ પ્રાણ શોશ્યાં પલમાંય, નારની ચેષ્ટ પડી છે ત્યાંય. જેજે૦
ડડા દુતો મોકલે નીજ દુશમન હણવા કંસ,
અહીં તો કૃષ્ણજી અવતર્યા કાઢવાને કંસનો વંશ;
આવ્યા દુતો પાછા ન જાય, રાક્ષસને મન ચીંતા થાય;
ગોકુલમાં સૌ મંગલ ગાય, નંદ જશોદાને હરખ ન માય. જેજે૦
ઢઢા અઢળક સંપતિ અતિ આવી વસી વ્રજમાંય,
પ્રભુ પોતે જ્યાં અવતર્યા ત્યાં ખામી શું કામ જણાય;
ગાયો ચરાવા જાએ વન, બંશી બજાવે જગજીવન;
ગોપીને ગ્વાલ થયાં વસ એમ, જલથી મીન દીશે છે તેમ. જેજે૦
રેણા શરદ રૂતુ તણી દીશે પુર્ણીમા પુર્ણ પ્રકાશ,
વનિતા આવી વન વિષે તેને કૃષ્ણે રમાડી રાસ;
રાશ રમાડી પાડયું વચન, વ્રજબાળાઓને કરી પ્રસન્ન;
પ્રેમ નીહાળવાને ભગવાન તે સ્થળથી થયાં અંતરધ્યાન. જેજે૦
તતા ત્યાં તરૂણી સૌ થઇ વિકલ અતી મનમાંય,
વિરહ વ્યથા વ્રજનારને અંગ અંગમાં ભેદી જાય;
ગોપીકા ગીત ગાયું જેણીવાર, પ્રગટ થયાં ત્યાં દેવ મુરાર;
લીલા પ્રભુની અપરંપાર, કવિ કો નીદ ન પામે પાર. જેજે૦
થથા થરથર કંપતાં આવ્યા ગોપી અને ગોવાલ,
ઈંદ્રનો કોપ અતી થયો તેણે માંડયાં પ્રલય કાલ;
પ્રલય કરવાને સુરરાએ દ્વાદસ મેઘ મેલ્યાં વ્રજમાંય;
મુશલધાર વહે છે ભારી, ઉગારો વ્રજનાં દુઃખહારી. જેજે૦
દદા દેવમુરારીએ શુણી સર્વના દીન વચન,
પલમાં પ્રોઢ પહાડજે ધર્યો કર ગોવરધન;

વ્રજપર છત્રા કાર ધરીને, ચક્ર મૂક્યું પછી ક્રોધ કરીને;
તેણે શોષ્યું સરવે પાણી, ઇંદ્રનું કામ થયું ધુળધાણી. જોજો૦
ધધા ધાંધલ બહુ કરી જ્યારે થાક્યો છે સુરરાય,
શરણે આવી શ્રીકૃષ્ણને કરજોડીને લાગ્યો પાય;
માંગી ક્ષમા કહી દીન વચન, અભય કર્યો સુણી તેનું સ્તવન;
વારંવાર નમી નીરધાર, ઇંદ્ર ગયો પછી સ્વર્ગ મોઝાર. જોજો૦
નના નટવરલાલજી કરે નૌતમ ખેલ અનેક,
રાક્ષસ આવે કંસનાં તેમાં જીવતો જાય ન એક;
માર્યો પેલો સકટાસુર, વ્યોમાસુર મહા બલપુર;
અઘાસુર બગાસુર માર્યા, કેશીની આદે સર્વે નીવાર્યા. જોજો૦
પપા શ્રી પુરૂષોત્તમે કરી દાવાનલનું પાન,
ઉગાર્યા સૌ ગ્વાલને અતી મેહેર કરી ભગવાન;
વત્સ હર્યા બ્રહ્માએ જ્યારે, પુર્ણ પ્રતાપ પ્રસાર્યો ત્યારે;
આપી વચ્છને લાગ્યાં પાય, સ્તવન કરી ચાલ્યાં બ્રહ્માય. જોજો૦
ફફા ફણીધર નાથવા કર્યો કાલંદીમાં પરવેશ,
જોતાં હરીને ઉઠીઓ અતી ક્રોધ ધરીને શેષ;
યુદ્ધ થયું ત્યાં અપરંપાર, કોઈ કોઇને ન ગાંજે લગાર;
શસ્ત્ર ફણેથી ધુંધવે ભારી, ગરજે જેમ મહા ભયકારી. જોજો૦
બબા બહુ બહુ બળ કરી જ્યારે થાક્યો અતીજ અહીશ,
નાગને ત્યારે નાથીઓ કરી કૃષ્ણે પુરણ રીસ;
નાગણીઓ સૌ લાગે પાય, વિનય કરે કરજોડીને ત્યાંય;
દયા ધરી છોડયો નાગને ત્યારે, આવ્યાં પ્રભુ પછી જલની બારે. જોજો૦
ભભા ભય પામ્યો ઘણું મનમાં મથુરાંનો નરેશ,
યુક્તિ કાંઈ ફળે નહીં તેથી અંતર દાઝે વિશેષ;
મુક્યો અક્રુરને ગોકુલ માંય, તેડવા ત્રીકમને બલરાય;
આવી અક્રુરે કહ્યું નંદરાય, ચાલો મળી સૌ યજ્ઞની માંય. જોજો૦

મમાં મોહન ચાલીઆં અક્રુરની સંગે જાય,
ગોપગણો સૌ સાથમાં બલદેવ અને નંદરાય;
પોતાં પ્રભુ મથુરાંની માંય, સામે મળ્યો છે ધોબી ત્યાંય;
વસ્ત્ર હર્યાં કરી તેનો સંહાર, આગળ ચાલ્યાં દેવમુરાર. જેજે૦
યયા યજ્ઞને કારણે લઈ ચંદન દાશી જાય,
કૃષ્ણને કોડથી ચર્ચીઉં જેથી પ્રસન્ન થયાં જદુરાય;
કૂબરીને આપ્યું ઉત્તમ રૂપ, વરવા વચન દીધું સુર ભૂપ;
આનંદ પામી અતીશે નાર, આગળ ચાલ્યાં દેવમુરાર. જેજે૦
રરા રાખ્યો રોશથી રાએ કુંજર મહા બળવંત,
માવતને સમજાવીઓ રામકૃષ્ણનો આણવા અંત;
કુબલયા પીડે રોકી વાટ, સંવે ગોવાલને થાય ઉચાટ;
ક્રોધ કરીને બંને ભ્રાત, કરી ગજેંદ્રની ક્ષણમાં ઘાત. જેજે૦
લલા લક્ષણવંતા ચાલી રંગમંડપમાં જાય,
દુષ્ટ તણાં મલ પુષ્ટ બનેલા આઠ ઉભા છે ત્યાંય;
યુદ્ધ માંડયું તેઓની સાથ, ક્રોધ કરીને ભીડી બાથ.
માર્યા આઠેને તે ઠામ જીત્યા કૃષ્ણ અને બલરામ. જેજે૦
વવા સર્વે વખાણતાં કહે બાલકને ધન્ય ધન્ય,
કંસ આ શબ્દો સાંભળી અને દાઝયો અતીશે મન;
ક્રોધ કરી લીધાં હથીયાર, બાળક બેઉને હણવા કાર;
એટલે કૃષ્ણે કીધું કામ, કેશ ગ્રહી કર પાડયો તે ઠામ. જેજે૦
શશા સર્વ સભા વચ્ચે કૃષ્ણે કાપ્યું કંસનું શીશ,
ઉઠયા કંસનાં બંધુઓ કરીને મન પુરણ રીસ;
બલરામે માર્યા છે સર્વ, રાક્ષસનો ઉતાર્યો ગર્વ;
કંસનો કાલ થયો છે જ્યારે, દેવનાં દુંદભી વાગીઆં ત્યારે. જેજે૦
ષષા સીધા ચાલીને છોડયાં માતપીતાનાં બંધ,
પુત્રો પેખી દંપતિ સહુ ભૂલી ગયા દુઃખ દ્વંદ;
દીધાં દાન દીલને ભારી, આશીશ લીધી અતી હીતકારી;

વાસુદેવની પોતી હામ, આનંદ મંગલ થાય તે ઠામ. જેજે૦
સસા સાંદીપનીની પાસે મુક્યાં છે બે બાલ,
જે જે પાઠ ગુરૂ કહે તે તે ગ્રહણ કરે તતકાલ;
શાસ્ત્ર પુરાણુને વેદ પ્રમાણુ, અલ્પ સમયમાં ભણ્યા નિરવાણુ;
પુત્ર ગુરૂનો ગયો યમ ધામ દક્ષિણામાં આપ્યો શ્રીઘનશ્યામ. જેજે૦
હહા હોંશથી આવીને લાગ્યાં માતપીતાને પાય,
નીરખી પ્રભુને સૌ પ્રજા નરનારીનો હર્ષ ન માય;
પછી પ્રભુએ આપ્યું રાજ, ઉગ્રસેનને કર્યા શીરતાજ;
કુબજાને પરણ્યાં ભગવાન, કર્યું પોતાનું વચન પ્રમાણુ. જેજે૦
બાળલીલા બહુ નામીની જે કો પ્રેમ ધરીને ગાય,
કષ્ટ ટળે સૌ તે તણા નિત આનંદ મંગલ થાય;
આનંદ મંગલ થાય અપાર, પ્રસન્ન થશે અતી દેવમુરાર;
રેવાશંકર કહે કરજોડ, છેવટ બોલીએ શ્રી રણછોડ. જેજે૦

હરીગીત છંદ.

હે ઈશ નામી શીશ પડીએ ખાંતથી તુજ ચર્ણમાં,
કર સા'ય હે શીવરાય, ગ્રહીને બાંય રાખો શર્ણમાં;
મહાદેવ કરીએ સેવ, ધરી એ ટેવ એક ચિતે કરી,
કલ્યાણેશ્વર સૌ દાસ જનના, કષ્ટને લે જો હરી.
સૌ મળી મંડળી સાથ જોડી હાથ કરીએ વિનતી,
અરે પ્રભુ સૌને આપજે તું સદા કાળે શુભમતિ;
છો દીનના દુઃખહારી સ્તુતિ અમારી લ્યો ચિત્ત ધરી,
કલ્યાણેશ્વર સૌ દાસ જનના કષ્ટને લેજો હરી.
છે માસ શ્રાવણ શીવતણો હુલાસ સૌના મન વિષે,
વર્ણન કરૂં દેવળ તણું શું અમર ભુવન સમ દિશે;
વાગે છે નોબત આરતી તુરી શંખ ઘંટા ઘુઘરી,
કલ્યાણેશ્વર સૌ દાસ જનના કષ્ટને લેજો હરી.
વર્ણન ન થાએ શીવ તણો જો મળે શેષને શારદા;
તો શું કહું મુજ મુખ થકી, માટે કરૂં છું આરદા.

કહે રેવાશંકર સ્નેહથી શીવ સન્મુખે સ્તુતી કરી;
કલ્યાણેશ્વર સૌ દાસ જનના કષ્ટને લેજો હરી.

શ્રી અંબાષ્ટક.

ા અંબાદેવી તું, ત્રીજગ જનની શોક હરની, કૃપાળુ કામાક્ષી કુધર તનયા કુંદબરની;
પા તારી યાચું અવર આશા નવ ધરૂં, અહો અંબા અંબા અહોનીશ ઉરેથી એજ ઉચરૂં
ાડાયો સંસારે, પ્રબળ દુઃખ દાવાનળ પડ્યું, ઉગરવાને આજે તુજ વિણ
રણ કો નવ જડયું; કૃપા ક્રારી ભારી સુરતી તારી મન ધરૂં. અહો અં૰
પાળુ થઈ દેવી, સરવ મમ કષ્ટો ઉર ધરજો; ઘણા દોષો મારા
ગુણુધ ગણી માતા દુર કરજો, ગણે ના ચિત્ત મારૂં અવર અવનીપર કંઇ ખરૂં. અ૰
ાશુનાં સૌ દોષો જનની મનમાં કાંઈ ન ધરે, પંપાળીને પ્રેમે સ્નેહી ચીત્તથી
ુબન કરે, દયા તેમજ ધારો સુલભ તમચર્ણે સ્થિત દરૂં. અહો અંબા૰
ીવા ધાતા દાતા તુજ શરણુ માતા ચિત્ત ધરૂં, તજી સવે આશા સબળ
જ સુમરણુ નીત કરૂં, વૃત્તી આપો એવી, સરલ શુભ શાંતીને વરૂં. અહો અંબા૰
ાં છે તે કામો ભક્ત જનની ભીડ હરવા, અરે યાચું માતા ઉભય કરજોડી
ાડી રેમ ધરવા, દુઃખોની જ્વાળાથી તાર તનને તોજ ઉગરૂં. અહો અંબા૰
ાળુ થઈ મારા દુશલ તન મનનાં સર્વ હરીને, સુખો આપો માતા સકલ
ગધાતા સીદ્ધી ભરીને, વળી દર્શન પામી વિકટ દુઃખ વામી ઉર ઠરૂં. અહો૰
નંતીની વાણી સ્નેહ આણી ઉર ધરજો, ઉરાકાસે આવી શસ્ત્ર સુધકર
મ સ્થિત દરજો; રેવાશંકર સર્ણે શીવા આપો સુખ ખરૂં. અહો અંબા૰

મરાઠી સાખી. કાલીંગડાની લયમાં.

આશાપુરામાં આદ્યશક્તિ છો...સેવકની સુખશાંતા,
અભય દાન દે ઇચ્છીત આપી...કર સરવે સુખદાતા;
ઇચ્છું હું એ માતા...............શાંતી દે વિશ્વતણી ધાતા,
આશ્રય તારો અહરનીશ છે......કુળદેવી કરૂણાળુ.
સત્વર થા સાવધ મંમાયા......દાસતણું દુઃખ ભાળી,
નીરાગી નેહ ધરી...............માત સે મારાં કષ્ટ હરી;

સતૂમુખ સંહાર.

ગણપતિ સ્તવન.

ભુજંગી છંદ—રાગ આશાની લયમાં.

વિધી વિષ્ણુ મહાદેવ ને ઇંદ્ર આદ, ત્રીલોકી વિષે જે રહ્યાં છે અનાદ;
કરે સેવ શુભ કામમાં પ્રથમ તારી, ગણાધિશ ગણનાથ આનંદકારી.
કરો છો અરે સ્વામી રક્ષા અમારી, ભજું છું સદા ભક્તના કષ્ટહારી;
હરો આધી વ્યાધી ઉપાધી અમારી, ગણાધિશ ગણનાથ આનંદકારી.
ભૂજા ચાર ને હાર કંઠે બીરાજે, વળી થાર મોદીકનો આહાર કાજે;
રહી સંગમાં સુંદરી અષ્ટ સારી, ગણાધિશ ગણનાથ આનંદકારી.
હતા દાનવો જે પ્રપંચી પ્રતાપી, જેનાથી રહ્યો લોકમાં શોક વ્યાપી;
ધરી હાથમાં ફર્શી નાખ્યાં વિદારી, ગણાધિશ ગણનાથ આનંદકારી.
ગણરાયને પાય નેપુર સાજે, અતી ઘુઘરીનો ઘણેણાટ વાજે;
ધર્યાં લાલ વસ્ત્રો સુઅંગે સુધારી, ગણાધિશ ગણનાથ આનંદકારી.
દયાના નીધિ નાથ આ હાથ મારો, ગ્રહીને સદા આપજે શર્ણુ તારો;
સહુ વિઘ્ન વારી સુબુદ્ધિ પ્રચારી, ગણાધિશ ગણનાથ આનંદકારી.
મુશુક વાહને મલપતા નાથ મારા, ભજું ભક્તિ ભાવે સદા ચર્ણુ તારા;
રચી છે રેવાશંકરે સ્તુતી પ્યારી, ગણાધિશ ગણનાથ આનંદકારી;

મરાઠી સાખો ટુંકી ચાલની.

હંશ વાહની હસ્ત જોડીને પ્રણમુ વારંવાર,
હરી ગુણ ગાવા હામ હું ધારૂં માટે મતી સુધાર;
કહું કથા શ્રી રામની જેમાં સીતાનો મહીમાયે,
માત શારદા મહેર કરે તો કાર્ય પુર્ણ મુજ થાયે.
દશરથ કુળ દીપક રઘુનંદન રણમા રાવણ મારી,
અવધપુરીમાં આવ્યા ત્યાંથી કહું કથા વિસ્તારી.

રાગ—કલજુગમેં એશે પાપી નર હોએંગે.

જય શ્રી રામ સદા સુખદાઇ, જય૦
રાવન સકુલ સદન સંહાર્યો દેવકી વિપતી છુડાઇ;
સબ જગમેં આનંદ ભયો હે, લંકા ભક્ત વિભીક્ષન પાઇ. જય૦
દેવન સહિત આય સુર નાયક, બહુ વિધ વિનતી સુનાઇ
મુદીત હોયકેં પુષ્પ ઉડાએ, મન હું ગગન તેં મેઘ ઝરી લાઇ. જય૦
ચતુરાનન ચરનન પરપરતે શીવને શીંગી બજાઇ;
જયજયકાર કીયો સબ દેવન, પ્રેમ મગન ભએ લોગ લુગાઇ. જય૦
આનંદઘન બેઠે સિંહાસન સીતા સહ રઘુરાઇ;
રેવાશંકર કહે કરજોડી, ધન્ય રહેજો પ્રભુ ગુન ગાઇ. જય૦

શ્રીમન્ પરમાત્મા દેવાધિદેવ ઇશ્વરાવતાર રઘુવંશ મણી શ્રીયુત રામચંદ્રજીએ રાવણની સાથે મહા ભયંકર સંગ્રામ કરી વિજય મેળવ્યો, અને દેવતાઓ તેમ મનુષ્યોના સંકટનો નાશ કર્યો, પછી પુષ્પક વીમાન પર બેશી સીતાજી લક્ષ્મણજી અને વાંદરાઓના સૈન્ય સાથે પ્રભુ અયોધ્યામાં પધાર્યા. ત્યાંની તમામ પ્રજા રામના દર્શનથી અત્યાનંદને પામી કૌશલ્યાદી માતાઓ અને ભરત વગેરે ભ્રાતૃ વર્ગના સ્નેહનું આલેખન કરતાં સાક્ષાત સરસ્વતી દેવી પણ ક્ષોભ પામી જાય, ત્યાં સાધારણ માણસની કલમ તે શું કરી શકે? માત્ર એટલુંજ કહી શકે કે આ વખતે અયોધ્યાપુરી તો આનંદનું ધામજ બની હતી. ઘરોઘર મંગલાચાર થવા લાગ્યા હર્ષના વાજીંત્રોનો કર્ણાનંદ ધ્વની ચારે તરફ પુરાઈ રહ્યો હતો. સુહાશણ સુંદરીઓ વિદ્યુતની સમાન પ્રકાશ આપી કોકીલના જેવા કંઠથી મંગલસુચક ગીતો ગાતી ઝપાટાબંધ રાજમહાલય તરફ જતી હતી. પ્રજા અને અધીકારી વર્ગ પોત પોતાની શક્તિ મુજબ ભેટ હાથમાં ગ્રહણ કરી ત્યાં હાજર થયા. સૂર્ય વંશના કુળ ગુરૂ બ્રહ્મ ઋષી વશિષ્ઠની આજ્ઞાથી સુમહુર્ત સાધી રામચંદ્રજીને રાજ્યાભિષેકની ક્રિયાઓ કરી કે ત્યાં મળેલા તમામ જન સમાજે હર્ષના પુકારો કર્યા અને પરમાનંદમાં મગ્ન થઈ લાવેલી ભેટો તેમની પાસે ધરી. સર્વાંતરયામી રામચંદ્રજીએ પણ સર્વ સમાજનો પૂર્ણ ભાવ જોઇ તેમનો સારી રીતે સત્કાર કર્યો કે તેથી સર્વને

રાગ ગીતો.

નીકુંભ કુંભકરણ સુતે, સુંદરી તેની હતી સગર્ભા જે
પુત્ર પ્રસવ આશાથી, આવી રસાતલ મહીં પીતા ગ્રહતે
કહી વિગત વિસ્તારી, નીજ કુલ ક્ષયની સહુ પીતા પાસે
સુત સમ્ભવ આશાથી રહેવા લાગી અનંત હુલાશે.

મરાઠી સાખી ટુંકી ચાલની.

થયો વખત ત્યાં પૂર્ણ ગર્ભનો, આવ્યો પુત્ર પ્રમાણ
પુન્ડરીક પછી નામ ધરાવ્યું પુછી ગુરૂને વાણ
થતાં પ્રૌઢ પાપીષ્ટ થયો તે, કરતાં બહુ દુષ્કર્મ
સહુ શીશુને સંતાપ પમાડે, નહીં પ્રવર્તે ધર્મ

અનહદ આનંદથયો. આ વખતે દેવાધિપે (ઇંદ્રે) સર્વેદેવતાઓના સમાજ સવ-તમાન આવી પરમાનંદ રૂપ રામચંદ્રજીની પ્રાર્થના કરીને પ્રસન્ન કર્યા. અને આકાશ માર્ગમાંથી પુષ્પની વૃષ્ટી કરી સ્વર્ગ પ્રત્યે ગયાં. ત્યારે ચાર વેદ સાથે પીતામહ બ્રહ્મા અને અખંડ અજન્મા કૈલાસવાસી સદાશીવ વગેરે દેવાધિદેવોએ પણ પરમતત્વમય વિશ્વવ્યાપક વિશ્વપતિ શ્રીરામચંદ્રજીનું અને રામાવતાર સીતાસહ યુગલ સ્વરૂપનું ચિંતન કરી સ્વસ્થાને ગયા. ત્યાર પછીથી આ કથાની શરૂઆત થાય છે.

જ્યારે રામચંદ્રજીએ રાવણના તમામ કુળનો નાશ કર્યો કે પાછળ તીલાંજલી દેવા વિભીક્ષણ સિવાય કોઈ ન હતું. તે વખતે રાવણના ભાઈ કુંભકરણના કુંભ અને નીકુંભ નામના બે પુત્રો કે તેઓ પણ રામના બાણે વિનાશને પામ્યા હતા. તેમાં નીકુંભની સ્રીના પેટમાં ગર્ભ હતો તેનો બચાવ કરવાના હેતુથી પોતાના પીતાને ત્યાં રસાતલમાં તે ગઈ, અને શોકાગ્રસ્ત મુખે તેણે પોતાના કુટુંબની દુર્દશા પોતાના પિતા પાસે વર્ણન કરી તેથી તેને પણ શોચ થયો. પણ પોતાની પુત્રીને ઘણીજ ધીરજ આપી પોતાને ત્યાં સ્નેહથી રાખી. તેથી તે થોડે થોડે પોતાનું દુઃખ વિસારવા લાગી અને ધીરજ ધરી પુત્રોત્પત્તિની આશાએ તે વખતનું અવલંબન કરવા લાગી. દૈવેચ્છાથી ગર્ભનો વખત પૂર્ણ થતાં એક મહાન પ્રબળ અને પરાક્રમી પુત્રને

કિંઅ અતી નીજ રૂપ રચ્યું છે ઘણી ભયંકર કાયે
વઢતાં બહુ વીરોની સાથે, ડરે નહીં મન માંહે
ત્રાસ પામતાં તમામ દાનવ બોલ્યાં વચન વિચારી
શું શઠ તું સંતાપે અમને, માર વેરી વીસુ ધારી
તુજ કુળ સઘળું કરી નીકંદન, જન રહે કો ધરણીમાં
તેનું વેર વાળ્યા વિણ મુરખ, ધીક છે તુજ કરણીમાં

તેણે જન્મ આપ્યો. તેના પીતાએ પોતાના સર્વ રાજ્યમાં આનંદ મનાવ્યો, વાજીંત્રો વગડાવ્યાં, અને પોતાની પુત્રીને સારૂં લગાડવા ઘેર ઘેર મંગલાચાર કરાવ્યા. પછી પોતાના કુલગુરૂ શુક્રાચાર્યને બોલાવી તે પુત્ર તેમના ચર્ણ પાસે મુક્યો. તેને જોઈ શુક્રાચાર્યે પોતાના ત્રીકાલ જ્ઞાનથી ભવિષ્ય જાણીને બોલ્યા, શિષ્ય! આ પુત્ર મહા પ્રતાપી અસાધારણ બળવાળો અને મોટી સંપતિનો ભોક્તા થશે. નાની અવસ્થામાં પણ મોટાં મોટાં કામો કરી સ્વ-પરાક્રમે સુખનું સ્થાન મેળવશે. આ પ્રમાણે આચાર્યનાં વચન સાંભળી સર્વ કુટુંબી આનંદિત બન્યા અને પછી અશુરેસેં (રાક્ષસોના રાજાએ) પોતાની પુત્રી આ પુત્રના જોગે સુખી થશે એમ વીચારી વારંવાર તેના મુખનું ચુ-મ્બન કરી કરી ગુરૂના ચર્ણમાં મુક્યો. શુક્રાચાર્યે તે બાળકના માથા ઉપર હાથ મુકી તેનું નામ પુન્ડરીક પાડવા સૂચના કરી અને જવા માટે રજા માગી, એટલે અસુરપતીએ આખા કુટુંબ સહિત તેમનું અર્ઘપાઘ પૂજન કરી ભેટ આપી સન્માનથી વિદાય કર્યા.

પુન્ડ્રીક પ્રતિદિન પૂર્ણ કળાએ પ્રબળ થતો ગયો, તે એટલે સુધી કે દસ વરસની અંદર તો તેણે તમામ આસુરી વિઘાને સંપાદન કરી લીધી. વળી શસ્ત્ર વિઘામાં પણ એવો નિપૂણ થયો કે રશાતલવાસી મોટા મોટા પ્રબળ વીરો પણ તેને પહોંચવા શક્તિમાન થતા નહીં. તેની આકૃતિ તેના પીતા-મહ કુંભકરણના જેવી ભયંકર હતી, તેની સાથે તેનાં કૃત્યો પણ ભયંકરતા દરશાવવા લાગ્યાં. તે બાળકોની સાથે રમવા જાય ત્યાં કોઇને નદીમાં ડુબાડે, કોઇને શસ્ત્રથી મારે, કોઇને જીવતા ડાટે ને કોઈના હાથ પગ ભાંગી નાંખે ને કોઈની આંખો ફોડી નાંખે, એમ દરરોજનું કૃત્ય તેણે ચાલુ કર્યું. પાંચ

રાગ કલ્યાણ—છાંડો છાંડોજી મોરી કલઇયાં-એ રાગ.

ધરે કેવું ગુમાન મન માંહી, વિચાર ઉર કાંઈ, મીથ્યાભિમાન ધારી—ધરે.
રાજ્ય પણ ગયું, કાંઈ નવ રહ્યું—કર્યું સરવ કુળ વિનાસ,
વસે પૃથ્વીમાં તે વાસ, કરે બળ તહાં પ્રકાસ, બકે શું અમારી પાસ,
વેર લે સુરારી. ધરે કેવું ગુમાન.

પચીસ બાળકોનું સત્યાનાશ વાળ્યા વગર તેને કદી પણ સંતોષ થતોજ નહીં. રશાતલ નિવાસી તેના આવા અઘોર કર્મથી અકળાયા, અને તેના માતામહ જે રશાતલનો અધિપતી હતો તેના પાસે ફર્યાદ કરી. જેથી તેણે ઘણી રીતે તેને સમજાવ્યો, ધમકાવ્યો, છતાંએ તેના કૃત્યમાં જરા સરખોએ ફેર પડયો નહીં. કેમકે તેને પ્રથમથીજ સ્વતંત્ર રહેવા આપ્યો અને હવે તો તે પૂરો શક્તિમાન થતાં શાની દરકાર કરે? એકાદ જણ તો તેને કહી પણ શકે નહી, તેથી એ દરકારીમાં તેણે તેવુંજ પોતાનું આચરણ જારી રાખ્યું. તેથી ઘણાં રાક્ષસો એકઠા મળી એક યુક્તિ શોધી તેની પાસે આવી કહેવા લાગ્યા. અરે પુન્ડ્રીક! અમને કંપાવવા અને અમારા બાળકોનું સત્યાનાશ વાળવામાંજ તું તારા બળનું સાર્થક સમજે છે કે શું? પણ નીચ! ગમાર? વિચાર તો કર કે જ્યાં તને બચવાનું અભય સ્થાન છે, જે કોમ તને ખરા અંતઃકરણથી ચાહે છે, જ્યાં તારા કુટુંબનો નાશ કરનાર શત્રુ તારો પરાભવ કરવા શક્તિમાન નથી, અને જે સ્થાનમાં તારૂં અને તારી માતાનું પોષણ છે, તેજ સ્થાનનું અને ત્યાંના નિવાસીઓનું નીકંદન કરવા તત્પર થયેલા નફટ, તને ધિક્કાર છે. જો તારા બળનું સાર્થક કરવાની તારી ઇચ્છા હોય તો તારા લક્ષાવધિ કુટુંબનો નાશ કરતા જે તારો શત્રુ માત્ર મનુષ્ય પૃથ્વી પર હાજર છે, તેને નાશ કરી તારા પિતા અને પિતામહના ઋણથી મુક્ત થા. અમારી સાથે આ વર્તન ચલાવવાથી તો તને જાતીદ્રોહનું કલંક હમેશને માટે તારા કપાળપર કાળા ડાઘ જેવું કાયમ રહેશે. અને કોઈ પણ તને યશ આપશેજ નહિ. તારા કુટુંબનું વેર લીધા વિના અમે તારા વિરત્વને ધિક્કારીએ છીએ, અને બીજાઓ પણ ધીક્કારશેજ. નિર્લજ તારા કૃતવ્યનું તને ભાન નથી. કે તારે શું કરવાની જરૂર છે. આપ કેટલાક અપમાનીત

રાગ મરાઠી—સાખી ટુંકી ચાલની.

વચન સાંભળી સ્તબ્ધ બનીને આવ્યો ઘર મોઝાર,
સર્વે વિગત પુછે જનનીને વિકલ ચિતે નિરધાર.

રાગ—તેરો સબ દિન વૃથા ગયો—એ રાહ.

પુછું તેનો પ્રતી ઉત્તર દે માતા મે'ર કરી, અરે મુજ માતા મે'ર કરી—પુછું.
કોણ પીતા પૃથ્વીમાં મારો, રાજ કર્યું નગરીરે
તું કહે કોણ દુઃખથી આવી, રહી પાતાલ ઠરી. અરે મા રહી—પુછું.

શબ્દોથી તીરસ્કાર કરી પોતાના ધારવા પ્રમાણે તેના પર પુરી અસર થઈ છે એવું જોઈ તેઓ સૌ સૌને ઠેકાણે ગયા. પુન્ડ્રીકનું આ અપમાનથી એકદમ મોઢું ઉતરી ગયું, અને તેઓના બોલેલા શબ્દો તેને વજ્રની પેઠે સાલવા લાગ્યા. જેથી વિચાર કરવા લાગ્યો કે આ શું ? બધી વાત સાચી હશે ? મારા લક્ષાવધી કુટુંબનો નાશ કરતા એક મનુષ્યજ. તે વળી પૃથ્વીમાં રહેનાર, જ્યારે તેમ છે ત્યારે હું તેનાથી કેમ અજાણ રહ્યો છું, મારા દુર્મદના કારણે આટલી બધી હકીકતથી જ્યારે હું અજાણ રહ્યો છું, તે શું ધિક્કારને પાત્ર ન ગણાય ? ગણાયજ. એમ વિચાર કરતો કરતો ચિંતાગ્રસ્ત ચિતે પોતાની માતા પાસે આવ્યો. તેનું મલીન થયેલું મુખ જોઈ તેની માના મનમાં ધાસ્તી ઉત્પન્ન થઈ કે આ શું. કોઈ દિવસ નહીં ને આજે તેની અત્યંત દુઃખદ સ્થિતિ હોય તેમ જણાય છે. એમ જોઈ તરત દોડી તેને બાથમાં લઈ છાતી સાથે દબાવ્યો, અને પ્રેમપૂર્વક તેના ગાલ પર એક ચુમ્બન કર્યું અને બોલી, બેટા! આજે આમ ઉદાસ થવાનું કારણ શું છે તે તું મને સત્વર જણાવ. શું તને કોઇએ કાંઈ કહ્યું છે કે કોઈનાથી તું હાર પામ્યો છે ? કે તારૂં કાંઈ ખોવાયું છે ? જો હોય તે મને ખુલ્લા દીલથી કહે, મુંઝાય છે કેમ, પ્યારા પુત્ર, હું તારા શોકાતુર થયેલા મુખને જોઈ શકતી નથી. કેમકે તારે લીધે મેં મારા અપાર કષ્ટનું વિસ્મરણ કર્યું છે. તે તું તારૂં કષ્ટ પામવાનું કારણ કેમ દીલ ખોલી કહેતો નથી. શું તારી માતાને તું વધારે દીલગીર કરવા ચાહે છે. પુન્ડ્રીક માતાનાં વચન સાંભળી બોલ્યો, માજી હું જે પુછું. તેનો મને બરાબર ખુલાશો આપ કે પ્રથમ તો મારો પીતા કોણ છે ? તારે અહીં

કર્પાંથી બોલ્યા અસુરો સહુ વાણી ક્રોધ ભરી રે.
જોર હોય તો જીત શત્રુને, વસુધામાં વીચરી. અરે શઠ વસુધા–પુછ્યું૦
મુજ કુટુંબ શું સઘળું માર્યું, નર વાંદર વિફરી રે;
સાચી વાત સર્વે સંભળાવે, ગુપ્ત ન રાખી જરી. અરે મા ગુપ્ત–પુછ્યું૦

રાગ લલીત–કામદા છંદ.

વચન સાંભળી પુત્રના તહીં, રાક્ષસી તણી ધૈર્ય ના રહી:
પુત્ર માહરા શ્રવણ કર જરા, તુંજ કુટુંબનાં હાલ જે ખરા.

રહેવાનું કારણ શું છે? મારૂં રાજ્ય કયે સ્થળે હતું? વળી મને આવી વાતથી આટલી સુધી અજ્ઞાત રાખ્યો તેનું કારણ શું? માજી! રસાતલવાશી ઘણા રાક્ષસોએ સાથે મળી તીરસ્કાર યુક્ત વચન કહી મારૂં ઘણું જ અપમાન કર્યું; અને કહેવા લાગ્યા કે તારા આખા કુટુંબનો નાશ, નર અને વાંદરોથી થયો છે. તેનું વેર જ્યાં સુધી તેં લીધું નથી, ત્યાં લગી તારા તમામ કૃત્યોને ધીક્કાર છે. માટે માજી! શુ તેમનું કહેવું ખરૂં છે? અને જો તેમ હોય તો કૃપા કરી તે હકીકતનું સવિસ્તર વર્ણન મારા પાસે કર: કે જેથી હું મારા પીતાનું વેર લઇ રૂણ મુક્ત થાઉં. પુંડ્રીકના મુખથી આવાં વચન સાંભળતાં તેની માતા એકદમ શોકમાં સ્તબ્ધ બની ગઇ, અને તેની બંને આંખોમાંથી ચોધારા આંસુ પડવા લાગ્યાં. ને કરૂણાર્દ્ર સ્વરથી કહેવા લાગી, પ્યારા પુત્ર! તેં જે કાંઇ સાંભળ્યું છે તે તમામ ખરૂં છે. પણ તારી અવસ્થા નાની હોતાં હજુ સુધી મેં તે વાત તારી પાસે કરી નથી. હું પણ જો તે વાતને યાદ કરૂં છું તો મારી છાતી દુઃખથી ફાટી જાય છે. જેથી તને તેની યાદ આપી દુઃખી બનાવવો એ મને યોગ્ય ન લાગતાં મેં તને તેથી અજ્ઞાત રાખ્યો છે. પણ જ્યારે પોતાની મેળે અકસ્માત તને ખબર મળી તો હવે હું તને સવિસ્તર વર્ણન કરી કહું છું તે સાંભળ.

પૃથ્વીની અંદર લંકા જેવું કોઇ બીજું શહેર નથી, ત્યાં તારા પીતાદીકનું રાજ્ય હતું. જેઓ સુવર્ણમય લંકામાં સ્વર્ગ કરતાં પણ સો ગણું વૈભવ આપણું કુટુંબ ભોગવતું હતું. આપણાં આખા કુળનો અધિષ્ઠાતા, અને લંકાના રાજ્યાસનપર બીરાજનાર, મહા સમર્થ જે રાવણ હતો કે તેને દશ

ઋશી પુલસ્તનું ગોત્ર તાહરૂં, રાજ આપણું ગઢ લંકામાં ખરૂં;
કંપતા સહુ દષ્ટી દેખતાં, સુર અસુર નરો નમ્ર થઈ જતાં.
વરૂણ વાયુને ઇંદ્ર દેવતા, આવીને તહીં નીત્ય સેવતા;
સૂર્ય ચંદ્રનું ચાલતું નહીં, કાલ હાલતો વિનવીને તહીં;

માથા ને વીસ હાથ હતાં વરદાનના પ્રભાવથી તે એવો બળવાન થયો હતો કે ત્રણ લોકમાં તેને જીતવા કોઈ સમર્થ થતું નહીં. સર્વ સૃષ્ટીના ઉત્પન્ન કરતા બ્રહ્મા તો તેની પાસે નીત્ય વેદની ધ્વની કરવા આવતા ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, વાયુ, વરૂણ, કુબેર, યમ આદી તમામ દેવતાઓ પણ તેની આજ્ઞાને અનુસરી પ્રતિદીન લંકામાં આવી, પોતપોતા અધિકાર પ્રમાણે સોંપેલું કાર્ય કરી જતા; અને તેના ક્રોધાનલથી કંપાયમાન થતા. તે ઉપરાંત તેના બીજા પરાક્રમો પણ ઘણાં અદ્‌ભુત હતાં. કે જેણે કૈલાસ જેવા પહાડને પોતાની ભુજાઓ પર ધારણ કર્યો હતો. જેણે દીગપાલકે જે પૃથ્વીના છેડા પકડી રહેલા છે, તેના વજ્રથી પણ કઠણ દાંતને પોતાની છાતી સાથે અફડાવી ભાંગી નાંખ્યાં. અને યમદેવનો કાલદંડ પણ જેને અસર કરી શક્યો નહીં. એવી તેની અમોઘ શક્તિ હતી. તેના મોટા પુત્ર મેઘનાદના પરાક્રમોનો પણ પાર ન હતો. તેણે ઇંદ્રને જીતી પોતાનું નામ ઇંદ્રજીત ધારણ કર્યું હતું. પાતાલમાં રહેલા વાસુકી નાગને જીતી તેની કન્યા સતી સુલોચનાને તે વર્યો હતો. અને રામની સાથે અઢાર પદ્મ વાંદરાઓને યુદ્ધસ્થાનમાં બે વખત મૂર્છા આપી પરાજય કર્યા હતા. વળી તારા પિતામહ કુંભકર્ણ તો તે બંને કરતાં પણ અધિક બળવાન હતા. જેની સત્તા આખી પૃથ્વી અને સ્વર્ગ લોકમાં પણ પ્રકાશમાન હતી. તેણે અમોઘ તપસ્યા કરી બ્રહ્માને પ્રસન્ન કર્યા, પણ ઈંદ્રાસનનું વરદાન માગવા જતાં નીંદ્રાસન માગી ગયા જેથી છ મહીના લગી તેમને નીંદ્રામાંજ રહેવું પડતું. રામની સાથે ભયંકર રણસંગ્રામમાં લાખો વાંદરાઓને પોતાના મુખમાં હોમ્યા હતા. લાખોને પગવતે ચગદી નાંખ્યા હતા, અને કરોડોને બે હાથવતે પકડીને પછાડી મરણને શરણ કર્યા હતાં. તારા પીતાએ પણ વિકટ સંગ્રામમાં તુમુલ યુદ્ધ કર્યું હતું, તે ઉપરાંત વિકટાક્ષ, મહોદર, મહાકાય, વગેરે લાખો વિરો હતા. વા'લા પુત્ર "વિનાશકાલે વિપ-

રાગ—ગગન ગંભીરશેં ગાત.

પ્રથમ રાવણ બલવીર, કુંભકર્ણ અતી ધીર, તોડે દિગજનાં શરીર,
વિર મહા પ્રચંડ જે, લક્ષકોટી પરીવાર, મળે લક્ષ્મીનો ન પાર,
કર્યો રાજનો વિસ્તાર, સ્વર્ગ આદી ખંડ જે,
સર્વ દેવ થયાં દીન, સૃષ્ટી સમગ્ર આધીન, શત્રુ સઘળા ગમગીન,
લીન શોકના ઝરા, મેઘનાદ મહા વિખ્યાત, વળી નીકુંભ જે તુજ તાત.
કરે કાલ તણી ઘાત, વજ્ર દેહી જે ખરા.

રીત બુદ્ધિ" એ કહેવત અનુસાર થયું. રાવણે પોતાને અમર અને અજીત સમજી કામના મદમાં અંધ બની રામચંદ્રજીની સ્ત્રી મહા સતી સીતાનું કપટથી હરણ કર્યું. અને લંકાની બહાર અશોક વૃક્ષની નીચે એક બગીચામાં રાખી, તેનાપર ઘણાં જુલ્મો કર્યા. પણ તે સતી પોતાના સત્યથી કિંચીત માત્ર પણ ચલાયમાન થઈ નહિ. ઘણાં ઘણાં છલબલ કર્યા પણ માન્યું નહીં. શામ, દામ, ભેદ, ને દંડથી થતી યુક્તીઓ કામે લગાડી, પણ જેનું મન માત્ર પતી પરાયણજ હતું તેના પાસે કરોડો ઉપાય પણ શું કામ કરી શકે? કંઇ નહીં. તેની સર્વ મહેનત ફોકટ ગઈ. પછી હનુમાન નામના મહા બલવાન વાંદરે લંકામાં આવી સીતાજીની ખબર મેળવી. અક્ષયકુમારનો નાશ કરી, લંકામાં આગ લગાડી, પાછા રામની પાસે ગયા અને તેમને બધી હકીકત કહી. જેથી અવધપતી શ્રી રામચંદ્રજીએ સો જોજનનો સમુદ્ર બાંધી અઢાર પદ્મ વાંદરાને સાથે લઈ સુવેલ નામના પર્વત પાસે ઉતર્યા. ત્યારે અંગદ નામના વાંદરને રાવણની પાસે વૃષ્ટી કરવા મોકલ્યો. પણ દૈવની વિચીત્ર ગતીને આધીન થઇ રાવણે તેના કહેણને માન્યું નહીં. અને સીતાજીને પાછી આપવા તેણે ચોખી ના પાડવાથી લડાઇ શરૂ થઇ. તેમાં પણ કુલાંગાર વિભીક્ષણ જે રાવણનો સગો ભાઇ થતો હતો, તેણે શત્રુને મળી તેમને મદદ કરી, અને બધાનો નાશ કરવાની તમામ યુક્તીઓ તેણે બતાવી. જે સંગ્રામની અંદર કાલને પણ ત્રાસ પમાડે તેવા ઈંદ્રજીત અતીકંપન, અતીકાય, વીકટાક્ષ, મહોદર, નીકુંભ અને કુંભ તથા પાતાલમાં રહેલા અહીરાવણ અને મહીરાવણ વગેરે શૂરાઓ ઘણાં જોરથી રણસંગ્રામમાં ઝુંઝયાં પણ આખરે

વિરહના સાખી.

સુણ સુત દૈવાધીન ગતીછે, કોઇન પામે પાર, કુલપતી રાવણ કાળમદેથી હરી રામની નાર; જેથીઅવધપતી ક્રોધીત થઇને વાંદર સૈન્યની સાથ, સત જોજનનો સાગર બાંધી વઢવા ભીડી બાથ,–કુલાંગાર વિભીક્ષણ કહીએ રાવણ કેરો ભ્રાત; મળી શત્રુને શા'ય કરી ત્યાં કરવા કુળની ઘાત, કાલ સમાન ભયંકર યોદ્ધા મુવા સર્વે રણ માંયે, ઇંદ્રજીત અતી કંપન આદી અક્ષયને અતી કાયે.

વળી વીકટાક્ષ મહોદર શુરા ઝુંઝયાં રણ મોઝાર;
કુંભ નીકુંભ અને અહીરાવણ ગયા મૃત્યુને દ્વાર.

પડયાં. છેવટ કુંભકરણ અને બોંતેર કરોડ રાક્ષસો સહવર્તમાન નારાંતક, અને સર્વેનો નાશ થવા પછી રાવણ પણ રામના અસહ્ય બાણોથી પરાજીત થઇ રણમાં પડયો. બેટા તારૂં કુળ સ્વર્ગના નંદન વન જેવું હતું. પણ રામચંદ્રરૂપ કુહાડામાં કુળદ્રોહી વીભીક્ષણ રૂપી હાથો પડવાથી, સર્વેનું નીકંદન થયું. તે એક કુસંપનું કારણ સમજવું. જો તેમ ન થાય તો શત્રુથી પરાભવ થાયજ નહીં. તે વીષે એક દ્રષ્ટાંત કહું તે સાંભળ. એક લુહાર ઘણાએક કુહાડા લઇ જંગલમાં થઇને જતો હતો, તેને જોઇ તમામ ઝાડો કંપાયમાન થવા લાગ્યા. તેઓને જોઇ સર્વેથી મોટું વૃક્ષ હતું તે બોલ્યું, ભાઇઓ ! તમે બીઓ છો શા માટે? ત્યારે તેઓ બોલ્યાં કે આટલા બધા કુહાડાથી આપણા આખા જંગલનો ઘાણ નીકળી જશે, એમ વિચારી અમને ઘણો ભય લાગે છે. તેઓના આવા વચન સાંભળી તેમને ધીરજ આપી પેલું મોટું વૃક્ષ બોલ્યું, ભાઇઓ આટલા તો શું પણ તેથી વીશેષ હોય તો પણ ડરવાનું કાંઇ કારણ નથી તેઓ ગમે તેટલા સાથે મળે તોપણ આપણી એક સાધારણ ડાળી કાપવા તેઓ સમર્થ નથી. જ્યાં સુધી તમેજ તેમાં હાથારૂપ પડયા નથી ત્યાં લગી જરા પણ ચીંતા કરવી નહીં. પણ તમારામાંથી કોઇએ જ્યારે તેમાં હાથારૂપ પ્રવેશ કર્યો ત્યારે એક કુહાડો પણ આપણા આખા વનનું છેદન કરવા સમર્થ થશે. આ સાંભળી તમામ વૃક્ષો શાંત થયાં. જો બેટા વિભીક્ષણ શત્રુની સાથે મળી ગયો ન હોત તો તારા પ્રબળ કુટુંબની આ દશા થવા પામત નહિ. જ્યારે સર્વે કુટુંબનો સત્યાનાશ વળ્યો કે

છેવટ કુંભકરણ નારાંતક, રાવણ સહ પરીવાર
સર્વે હણાયા રામ સરેથી, પામ્યા પરમોદ્ધાર
તુજ કુલ નંદન વન આ જગમાં, રઘુકુલ કેતુ કુઠાર
દંડ રૂપીઆ દુષ્ટ વીભીક્ષણ, થયો નાશ નીરધાર

રાગ ઢાંઢી.

કર્યો નાશ રામચંદ્રજીએ જ્યારે, કુલદ્રોહીનો અભિષેક થયો ત્યારે
સર્વે દેવ તે નીશંક થઈ શીધારે, કર્યો નાશ રામચંદ્રજીએ જ્યારે
દેવ કલ્પ લગી લંક રાજ્ય પામ્યો, રામ સ્નેહ થકી શાંતી માંહીં જામ્યો
નથી કષ્ટ તેહનેજ કો પ્રકારે, કર્યો નાશ રામચંદ્રજીએ જ્યારે.

કુલદ્રોહી વિભીક્ષણનો લંકામાં રાજ્યાભિષેક થયો. એક કલ્પ લગી તેનું રાજ અચળ થવા રામે વચન આપ્યું છે; જેથી નિશ્ચિંત બની આનંદથી રાજ્ય ભોગવે છે. પછી રામે પોતાની સ્ત્રી મહા સતી સીતાજી અને લક્ષમણ નામના ભાઇને સાથે લઇ વાંદરાના સૈન્ય સહિત મોટા આનંદથી જય ધ્વની કરતા ત્યાંથી વિદાય થયા. શાણા પુત્ર! આ સવિસ્તર વૃત્તાંત આપણા કુટુંબનું છે જે સંભાળવા માત્રથી મારૂં હૃદય કષ્ટ પુરીત થઇ ભેદાઇ જાયછે. પણ દૈવની વીચીત્ર ગતીનો વિચાર કરી શાંત થવું કારણ કે તેની પ્રબળ સત્તાને કોઇ ટાળી શકતુંજ નથી.

આ પ્રમાણે પોતાની માતાના મુખેથી થયેલું વર્ણન શ્રવણ કર્યું તેની સાથે માતાની દુઃખદ સ્થિતિનું નિરીક્ષણ કરી પુન્ડીકના મનમાં એકદમ ક્રોધનો નીવાસ થયો. આંખો લાલચોળ બની ગઈ અને તેની સાથે એક ભયંકર ગર્જના પણ તેણે કરી. પછી પોતાની માને ધીરજ આપતો બોલ્યો (માજી! થવાનું હતું તે થયું, પણ હવે તારે કાંઈ પણ ચિંતા કરવી નહીં. તું શાંત થા, કેમકે હું હમણાંજ પૃથ્વીપર જઈ મારા કુટુંબના શત્રુનો પરાજય કરી પુરતો બદલો મેળવી કુળઘાતી વિભીક્ષણને પણ તેના નીચ કામની પુરી સજા કરી, થોડાજ વખતમાં આવી તને પ્રણામ કરીશ. વહાલી મા! હવે તારા અપાર દુઃખનો અંત આવ્યો છે તું નક્કી માનજે કે જેના પર જાતીદ્રોહનું કલંક ચોંટયું છે એવા વિભીક્ષણને લંકાના પવિત્ર રાજ્યા-

ગયા રામ શીયા સાથ અવધ માંહી, ભ્રાત લક્ષ્મણજી સદા સુખદાઇ
કૃપાસેન સાથ જયધ્વની પુકારે, કર્યો નાશ રામચંદ્રજીએ જ્યારે
સુત શ્રવણ કરે એ વૃતાંત તારૂં, અરે ફાટી જાય હાય હૃદય મારૂં
લખ્યા લેખ જગત માંહી કોણ ટાળે, કર્યો નાશ રામચંદ્રજીએ જ્યારે.
કરી ગર્જના રાક્ષસે તેહ વારે, સુણ્યા માતના દીન વાકયોજ જ્યારે,
કરૂં નાશ હું એહનું આજ માતા, ધરે ખેદ ના ઉરમાં ધાર શાંતા
પછી સાંભળી પુત્રની ક્રોધ વાણી, વદે રાક્ષસી ઉર વિષે ધૈર્ય આણી
ધરી શાન્તી ને પુત્ર તું જો વીચારી, કરે વેર લઇ પક્ષને પૂર્ણ તારી
મહા દૈવી યોદ્ધો અતિ રામચંદ્ર, નથી તે સમા વાયુને વરૂણ ઇંદ્ર
વળી અસુરને સુર નરો યક્ષ માત્ર, કરે સર્વના બાણુથી ચૂર્ણ ગાત્ર

સનપરથી ભ્રષ્ટ કરી મારૂં સ્વરાજ્ય પાછું મેળવી આગળની માફક દીપતું કરીશ. તારા અગાધ દુઃખનો અંત લાવવો એ મારી ફરજ છે. જ્યાં સુધી કહેલું કામ મેં કર્યું નથી ત્યાં લગી મને જરા પણ શાંતી થતી નથી. માટે માજી! તું મને આજ્ઞા આપ કે હું મારા કામમાં પ્રવૃત થાઉં. આમ બોલતાં બોલતાં તેનું આખુ શરીર ક્રોધમાં લાલચોળ થયેલું જોઈ તેની માતાએ તેને શાંત કરતાં કહ્યું. પ્યારા પુત્ર! તારા વડીલો શું ઓછું સામર્થ્ય ધરાવતા હતા. તે મહા બળવાન ને અપૂર્વ સત્તાવાળા પણ જેના હાથે વિનાશ પામ્યા છે, તેને જીતવાની તું હામ ધરાવે છે તે કેવળ નિરર્થક ગણાય, માટે પુત્ર શાંત થા. સાહસ કરવાથી કોઇપણ સુખી થયું નથી, માટે તારા ક્રોધને નિવૃત કર. પુન્ડ્રીક બોલ્યો માજી! શું તું મારા ઉત્સાહનો ભંગ કરી કાયર બનાવી મને નીરાશ કરવા ચાહે છે. શું હું મારા કુટુંબ પર થયેલા જુલમનો બદલો ન માગતાં બેશી રહું કે? ના ના તે મારાથી કદી પણ બની શકશે જ નહીં. જ્યાં સુધી મારા શરીરમાં રક્તનું એક પણ બીંદુ હશે, જ્યાં લગી હું કંઇ પણ કામ કરવા સમર્થન હોઇશ, કે મારા હાથો સહસ્ત્ર ઉપાડવાને સમર્થન હશે ત્યાં સુધી પણ હું તેઓને છોડનાર નથી. પુત્રના વચનથી તેને લાગ્યું કે પોતાનો કરેલો નિશ્ચય તે કદી પણ છોડશેજ નહીં. તેથી તેની મા બોલી, પુત્ર! હું તને નિરૂત્સાહ કરવાને કહેતી નથી, પણ મારા

રાગ ધનાશ્રી.

સુણુ સુત વચન પ્રમાણુ પ્યારા, સુણુ સુત વચન પ્રમાણુ. પ્યારા.
શાંતિ ધરીને જા ધરણીમાં, સતમુખ પાસે જાણુ. પ્યારા.
ગમન નથી જ્યાં સૂર્ય ચંદ્રનું જળમય છે નીરવાણુ. પ્યારા.
જલ પૃથ્વી આકાશથી ન્યારૂં, પુર માયાવી જાણુ. પ્યારા.
સતમુખ તણી સાહ્યતા મળતાં, થશે ખુશીની ખાણુ. પ્યારા.

કહેવાનો ભાવાર્થ જુદોજ છે. તે સમજવાની તારે જરૂર છે. માટે શાંત થઈ મારી વાતને ધ્યાન આપી સાંભળ! તું જેને જીતવાની હોંશ ધરે છે તે રામચંદ્ર મોટી દૈવી સત્તાને ધરનાર છે કે જેના બાણથી ઉગરવાને દેવ ગાંધર્વો કે રાક્ષસ ને મનુષ્ય કોઇપણ શક્તિમાન નથી. તો તું એકલોજ તેની સામે વઢવા જતાં શું જય મેળવી શકે? એ આશા મૃગજલ સમાનજ ગણાય. પણ તારો એજ નિશ્ચય છે તો તું કોઇ પ્રબળ પક્ષને મેળવી તારા ધારેલા કાર્યમાં યશસ્વી થા. આ સાંભળી પુન્ડ્રીકને શાંતી વળી વિચાર કરી પોતાની માને પૂછવા લાગ્યો કે, માજી! તમારા કહેવા પ્રમાણે પ્રબળ પક્ષ મેળવવા મારે શું કરવું? એવો પરાક્રમી તે કોણ છે કે જેની પક્ષ મેળવી મારી ધારણામાં હું પાર પડું. રાક્ષસી બોલી બેટા! માયાવીપુર નામના શહેરમાં સતમુખ રાવણ મહા પ્રતાપી અને અજીત છે. તેને જીતવા ત્રણ ભુવનમાં પણ કોઇ સમર્થ નથી. તેને શરણ જતાં તારી મનોવૃત્તિ સફળ થવા સમ્ભવ છે. તેણે પોતાનું શહેર તપના પ્રભાવે જલ, પૃથ્વી અને આકાશથી ન્યારૂં ટકાવ્યું છે. જો તે તને સહાય કરે તો તારા શત્રુઓ જીતવામાં તને બીલકુલ મહેનત પડશે નહીં. પુત્ર તારૂં પ્રારબ્ધ ઘણું પ્રબળ છે, એમ ત્રીકાલને જાણનાર આપણા ધર્મ ગુરૂ શુક્રાચાર્યે પણ તારા જન્મ વખતે કહ્યું હતું. તે ઉપરથી હું હીંમત ધરી કહી શકું છું કે તારૂં કાર્ય સફળ થશેજ. પુન્ડ્રીક બોલ્યો, માજી! એ તો ખરૂં પણ, સતમુખને મળવા માટે મારે શું કરવું? મેં રસાતલ છોડી બીજા કોઇપણ સ્થળને જોયું નથી તો હું એવા અજ્ઞાત શહેરમાં કેમ પહોંચી શકું? તે શહેર અહીંથી કેટલા જોજન દુર છે, અને ત્યાં ક્યાં થઇને જવાશે, તે કૃપા કરી સર્વ હકીકત મને સમજાવ તો હું -

(રાગ—લાજ તું રખજે ભવાની એ રાહ.)

કહીતેં સર્વ વાત સારી, સહુ મુજ મનમાં મેં ધારી, વિજયને સત્વર દેનારી. કહી૦
ક્યાં આવ્યું તે પુર માયાવી નહીં મુજને એ જ્ઞાન,
વાત સાંભળી તારી પાસે ક્યાં પહોંચું તે સ્થાન, થાય કેમ સફળ આશ મારી. કહી૦
સુણી વાક્ય સુતનાં વનિતા કહે સાંભળ પુત્ર સુજાણ;
હું કહું તે રસ્તે ચાલીને જાજ્યાં નીશીચર ભાણ, થશે અતી આનંદકારી. કહી૦
ચાર લક્ષ જોજન ચાલીને જા અવની પર આપ,
દક્ષિણમાં દીલ ધરીને જાતાં જોઇશ જલધી પ્રતાપ, ભડે ઉછળે તરંગ વારી. કહી૦

સુખ રૂપ મારા કાર્યને સફળ કરવા શક્તિમાન બનું. રાક્ષસી બોલી બેટા! તે વિષે તું નિશ્ચિત રહે, તેના માર્ગ વિગેરેની તમામ હકીકતથી હું તને જાણીતો કરૂં છું. પ્રથમ તો તારે પૃથ્વીપર જવા માટે અતલ, વિતલ અને તલાતલ જે ઉપરના પાતાલના ભાગો છે તેને ઓળંગવા પડશે અને ત્યાર પછી પૃથ્વી આવશે તે અહીંથી ચાર લાખ જોજન પર છે. ત્યાં સુધી તો ઘણા રાક્ષસોની અવર જવર હોવાથી તેના રસ્તા વિષે કાંઇપણ મુંઝવણ પડશેજ નહીં. પૃથ્વી પર જઇ દક્ષિણ દિસાનો રસ્તો લેતાં સો જોજન પર એક મોટા મહાસાગર જોવામાં આવશે, જેના પ્રબળ પહાડ સમ તરંગો ઉછળતા અને તેથી થતો ભયંકર ધ્વની તારા સાંભળવામાં આવશે. પુત્ર તેના ભયાનક વ્યતીકરોથી ન ડરતાં સમ્પૂર્ણ હામથી તારા કામમાં પ્રવર્ત થજે. અને તે સ્થળથી સાત કરોડ જોજન સમુદ્ર ઉલંઘન જ્યારે કરીશ. ત્યરે સૂર્ય ચંદ્રની ગતી પણ બંધ થશે. માત્ર અગાધ મહોદધી (સમુદ્ર) ના હદમહત શબ્દો શીવાય કંઇપણ સંભળાશે નહિ. વળી તારામંડલનો પણ લેશ માત્ર ઉજાશ તારા જોવામાં આવશે નહિ. ત્યાંથી અંધારામાં ગતી કરતાં એંશી ક્રોડ જોજન રસ્તો કાપ્યા પછી સુંદર અને તેજોમય માયાવી પુરના દર્શન થશે. ત્યાં જવાથી અને તે પુરના અધિષ્ટાતા સતમુખને શર્ણ થવાથી તારૂં સમ્પૂર્ણ કલ્યાણ થશે. તે પરાક્રમી વીર તારા અગાધ દુઃખનો અંત લાવશે, અને તારી મનેચ્છા પૂર્ણ કરશે. માટે વા'લા પુત્ર તું એ કાર્યમાં ખુશીથી પ્રવર્ત થા. હું સદાનંદે તને આશીશ આપી તારા મસ્તક પર હાથ મુકી

મરાઠી આખી ટુંકી ચાલની.

સાત કોટી જોજન જાતાં ત્યાં, નહીં રવી શશી પ્રકાશ;
સીંધુ સોર સંભળાશે કાને, નહિ ઉડગણુ આભાસ.
એંશી કોટી જોજન ચાલી ત્યાં, જાગ્યાં નીશીચર નાથ;
પડે પ્રવાસે સફળ થશે સૌ, મુકું તુજ શીર હાથ.

કહું છું કે તારૂં કાર્ય જલદીથી પાર પડો. માતાના અનુકુલ વચનો સાંભળી પુંડ્રીકે તેને પ્રણામ કરી જવાની તૈયારી કરી પ્રવાસે પડયો. થોડાજ વખતમાં ચાર લાખ જોજનનો રસ્તો વટાવી પૃથ્વીપર આવી પહોંચ્યો અને પોતાનું કામ સત્વર સાધવાની તીવ્ર ઇચ્છાવાળો પુંડ્રીક, પળ માત્રમાં સમુદ્રને કીનારે આવ્યો તેની માતાના કહેવા પ્રમાણે મહાન દુસ્તર અને ભયાનક સમુદ્રને તેણે જોયો. પણ માત્ર પોતાનાજ કાર્ય સાધવામાં જેની પ્રબળ વૃત્તી છે એવો પુંડ્રીક તેણે તો નિશ્ચય કર્યું કે "દેહ પાતયામી વા અર્થ સાધયામી" "કાંતો ભલે દેહનું પતન થાય કે ધારેલું કામ પાર પડે" એવા સમર્થ સૂત્રને જેણે ગ્રહણ કર્યું છે તેને જગતમાં એવી કઈ વસ્તુ છે કે ભય ઉપજાવવા સમર્થ થાય. મહત્ કાર્યો કાંઈ સહેલાઇથી બની શકતાં નથી વળી ઉપરોક્ત (ઉપરના) સૂત્રને સાધનાર સાહસીક અને બુદ્ધીમાન વ્યક્તિને દૈવ પણ પોતાની મેળે સાનુંકુળ થાય છે તે તિષે કહ્યું છે કે—

उद्योगं साहसं धैर्यं बलबुद्धी पराक्रमम् ।
षडैतेयत्र विद्यंते तत्रदेवोऽपि शंकते ॥

ઉદ્યોગ, સાહસ, ધૈર્ય, બલ, બુદ્ધિ, અને પરાક્રમ એ છ વાના જ્યાં હાજર હોય ત્યાં દેવો પણ ભય માને છે તો પછી એવું કયું કાર્ય છે કે બની ન શકે? અનેજ. આવા મહાન મહાસાગરને જોઇ તેને ઘડીભર વિચારતો થયો કે અહો ! ! આવાં અગમ્ય ઉદધી (સમુદ્રમાં) માં ઝંપલાઇ આફતમાં પડવું છે, અસંખ્ય જોજન ચાલવાનું છે, સૂર્ય ચંદ્રનો પ્રકાશ નથી, સરલ રસ્તો પણ નથી, તેમ કોઈ મળવાનું પણ નથી, કે જેને પૂછવાથી હું ધારેલે સ્થળે પહોંચીશ. ક્ષણભર આવા નીર્બળ વિચારને તેના હૃદયમાં સ્થાન મળતાં, તેની પ્રબળ ધીરજને ધક્કો લાગ્યો. અને કાયર પણ થયો.

રાગ હરીગીત.—ત્વરાથી.

વંદન કરી નીજ માતને પુંડ્રીક ત્યાં પંથે પડયો, ચાલીને જોજન ચાર લક્ષ અવની વિષે આવી ચડયો;
કરી ગર્જના ત્યાં ઘોર, ને વળી શોર પાડી સંચર્યો, ધરી જોરને આકાશ માર્ગે પુન્ડરીક પછી પરવર્યો.
વાયુથી વેગ વધારીને, નભ માર્ગમાં ખગવત્ જતાં, કંઇ અવર નઇ સંભળાય ત્યાં ગડેડાટ સિંધુના થતાં, તરણી તણાં આભાસને મુક્યું તીયાં ત્રણ પહોરમાં,
ચાલ્યો અતીતમ નીબળથી વિદ્યાડસુરીના જોરમાં,
બળ પ્રબળથી પંથે પડયો, દીન પાંચમાં પુન્ડ્રીક તે;
અહોનીશ ચાલી ઉમંગથી આવ્યો પુરી નજદીક તે.

પણ થોડીવાર પછી તેના મનસ્વી વિચારો બદલાયા, અને કાર્યોત્સાહનો (કામ કરવાના ઉત્સાહનો) જુસ્સો તેના અંગે અંગમાં જાગ્રત થયો. અને તેણે એજ નિશ્ચય કર્યો કે—**वनेजने शत्रुजलाग्नीमध्ये, महार्णवे पर्वत मस्तके वा ॥ सूतं प्रमत्तं विशमस्थितं वा रक्षन्ती पुण्यानी पूरा कृतानि.** કોઇપણ પ્રાણી ભલે વનમાં હોય કે પોતાના કુટુંબમાં હોય, મહા સમુદ્રની મધ્યમાં હો કે ભયંકર અગ્નીની વચમાં હો, કે પછી ભલે પર્વતના શીખર પર હો; સુતેલો ગાંડો કે હળાહળ ઝેરની અસરથી વ્યાપ્ત હોય, તેમાંથી પણ પૂર્વેના કરેલા પુન્યો તેનું રક્ષણજ કરે છે. વળી તેને એક બીજો વિચાર આવતાં તેની દ્રઢતાને સમ્પૂર્ણ પુષ્ટી મળી કે; દરેક પ્રાણીને પાંચ બાબતો તો આગળથીજ નીર્માણ થયેલી હોય છે તે વિષે એક બુદ્ધિમાને કહ્યું છે કે-**पंचैतानीह अज्यंते गर्भस्थस्येवदेहिनः आयुकर्मांचवित्तंच विद्यानी धनमेवच ॥** જયારે માતાના ઉદરમાં ગર્ભ હોય ત્યારથીજ પાંચ બાબતો નીર્માણ થઇ જાય છે. ૧ આયુષ્ય, ૨ કર્મ, ૩ પૈસો, ૪ વિદ્યા, ૫ નાશ, તેમાંથી તો યત્કિંચીત (જરા પણ) ફેર થતો નથી. ત્યારે ડરવું કોનાથી? બનવાનું છે તે તો અવશ્યજ થશે. ભલે લાખો ઉપાય કરે તો પણ ભવિષ્યને બદલાવા કોઇ સમર્થ નથી. તેમ મારૂં ભવિષ્ય શ્રીમન્ દૈત્યાચાર્યે (શુક્રાચાર્યે) આગળથીજ કથન કર્યું છે, તો પછી ખોટી શંકા લાવી મ-

રાગ—નાથ કેસે ગજકો બંધ છુડાયો.

થયો અતી મગન ઉરે વિદ્યુધારી, જોઇ શહેરની રચના સારી. થયો૦
જલ પૃથ્વીથી વિરક્ત દીસે છે, નહિ આકાશ આધારી;
નિજ બળથી સ્થળ અધર ટકાવી, રાજ્ય કરે છે સુરારી. થયો૦
દુર્ગે પ્રવેશ કરે પુંડ્રીક ત્યાં દીઠું અચરજ ભારી;
કોના પાંચ પચીશ વીસ શીર, દ્વીગુણી ભુજા દઢ ધારી. થયો૦
સત્મુખ પ્રજા સહુ પુંડ્રીકને જોવા મળી દીશી ચારી,
ચકીત ચીત્તે પુછે બહુ પ્રશ્નો, કહે પુંડ્રીક વિચારી. થયો૦

નને નિર્બળ કરી ધારેલા કાર્યમાં વિઘ્ન લાવવું તેને કોણ ડહાપણ કહેશે. મનની ગતી વિચીત્ર છે, કે જે એકજ ક્ષણમાં નીર્બળને મહાન શૂરવીર બનાવે છે. અને પ્રબળ પરાક્રમીને પોતાની સત્તાથી કાયરની હારમાં દાખલ કરવા શક્તિમાન થાય છે. તેણે પુંડ્રીકને પણ જરા વાર કાયર બનાવી નીરાશ કર્યો હતો, તેજ મને ફરી પાછું સમ્પૂર્ણ શૌર્ય આપી શક્તીમાન બનાવ્યો. કે પુંડ્રીકે મોટી ગર્જના કરી આકાશ માર્ગમાં ગમન કર્યું. પોતાની અપાર શક્તિના જોગે તેણે પોતાના વેગને વાયુ કરતાં પણ અધિક બનાવી ગગન માર્ગમાં ગતી કરવા લાગ્યો. જેમ કોઇ પ્રબળ પક્ષી પોતાના શિકારને જોરથી સપડાવવા દોટ મારતું હોય, તેમ તે જવા લાગ્યો. માત્ર ત્રણ જ પહોરમાં સાત ક્રોડ જોજન વટાવી સૂર્ય ચંદ્રને પણ પાછળ રાખ્યા. આસુરી વિધાના જોગે તે નીશાચર ઘોર અંધારામાં ગતી કરવા લાગ્યો. અહીં મહા સમુદ્રના પ્રબળ અને કર્ણભેદક ઉછાળા સીવાય કાંઇપણ જોઇ કે સાંભળી શકતો નહતો. પણ તેની કાર્યસાધક ઉત્કૃષ્ટ વૃત્તીએ તેને પુર્ણોત્સાહથી એવો તો સબળ બનાવ્યો હતો કે તે થાકવાને બદલે દરેક ક્ષણે પોતાની ગતીને વિશેસતા આપતો હતો. એમ કરતાં પાંચ દીવસના પ્રવાસથી પોતાને ધારેલે સ્થળે માયાવી પુરમાં આવી પહોંચ્યો. તે માયાવીપુરની અલૌકીક લીલાનું દર્શન કરી ઘણું આનંદ પામ્યો. અને ત્યાંની સમૃદ્ધિને જોતાં તેને ત્રણ લોકના સુખો તુચ્છ જણાવા લાગ્યાં. તે અદ્ભુત લીલાનું દીગદર્શન કરતો પુંડ્રિક શહેરના દરવાજા પાસે આવ્યો. ત્યાંથી થઇને આવતાં જતાં રાક્ષસોને જોઇ

નીજ આગમન કારણ પુન્ડ્રીક કહે, સર્વ પ્રતિ વિસ્તારી
દ્રવીત ચિત્તે કહે દક્ષ રાક્ષસો, સાંભળ વાત અમારી. થયો૦
આજ અતિ આનંદ તણો દિન, સતમુખનો છે ભારી
નિશ્ચય કાર્ય સફળ તુજ થાશે, લે ઉરમાં નકી ધારી. થયો૦
વચન અતિ આનંદ તણાં સુણી, ચિંત્તા સર્વ નિવારી;
નમન કરી સૌ દૈત્ય જનોને, ચાલ્યો જ્યાં છે સુરારી. થયો૦

તે ઘણોજ આશ્ચર્ય ચકીત થયો કેમકે તેણે જેટલા રાક્ષસો જોયા તે સર્વે મહા ભયંકર આકાર વાળા કે જેની પાસે પૃથ્વીપર અને પાતાલમાંના મોટા રાક્ષસો પણ એક નાના સરખાજ ગણાય. વળી તેઓમાંના કોઇનું પણ તેણે એક મોઢું કે બે હાથ જોયાંજ નહિ. પણ તે બદલ કોઇના પાંચ કોઇના દસ કોઇના વીશ, કોઇના પચીશ, ને કોઇના પચાસ કે તેથી પણ વધારે તેણે જોયા. વળી મુખના પ્રમાણમાં મહા બળવાન બમણી ભૂજાઓ જોઇ, વળી પાંચ કરતાં ઓછાં મસ્તકો અને દશ કરતાં ઓછી ભૂજાઓ તેણે કોઈની જોઈ નહીં. આવો અદ્‌ભૂત પ્રકાર જોઈ તે આનંદાશ્ચર્યમાં ગરકાવ થયો. તે માયા-વીપુરના રાક્ષસો પણ પુન્ડ્રીકને જોઈ અચંબો પામી તેને જોવા એકઠા મલ્યા કેમકે તેમણે એક મસ્તક ને બે ભૂજાઓ વાળો કોઈ પણ અસુર જોયો હતો નહીં. થોડીવારમાં તેને જોવાના કૌતુકથી હજારો રાક્ષસો ત્યાં એકઠા મલ્યા, તેમાંના કેટલાક તેને પૂછવા લાગ્યા કે, ભાઈ તારૂં નામ શું? તારા જેવા એક શીરી રાક્ષસો તે પૃથ્વીના કયા ભાગમાં રહે છે? અને તે કૌવત કેવું ધરાવતા હશે? આ અમારૂં સ્થાન તને કોણે બતાવ્યું? અને અહીં આ-વવાનું તારૂં પ્રયોજન શું છે? એ પ્રમાણે જુદા જુદા રાક્ષસો તરફથી થતા જૂદા જૂદા પ્રશ્નોના જવાબ તેણે યથાસ્થિત આપી, અને કરૂણા ઉપજાવે એવી વાણીથી પોતાના પર પડેલું સંકટ અને આવવાનું કારણ સંભળાવ્યું. જેથી ત્યાંના તમામ અસુરોને પુન્ડ્રીકપર દયા આવી, ને કહેવા લાગ્યા. પુન્ડ્રીક! તારા સદ્‌ભાગ્યે અમારા મહારાજા સતમુખનો આજે જન્મ મહોત્સવ હોવાથી રાજબાગમાં સમસ્ત પ્રજા અને મંત્રીવર્ગ સાથે સતમુખ રાવણ ત્યાં આખો દીવસ આનંદમાં નિર્ગમન કરવાનાં છે. ત્યાં જવાથી તારૂં કામ નિશ્ચય

મરાઠી ચાલની સાખી. (ટુંકી ચાલની.)

તે વખત ત્યાં બાગની માંહી, આવ્યો સત્‌મુખ જાણ;
ઉમંગ ધરી આસન પર બેઠો, પુર જન સહિત પ્રમાણ.
યોદ્ધા સરવે ખડગ ગ્રહીને, ઉભા છે ચોપાસ;
મિત્ર મંડળ મળીને બેઠું, પામ્યો અતિ હુલ્લાસ.
તે વખતે પુન્ડ્રીક ત્યાં આવ્યો, કરતો આરત નાદ;
સત્‌મુખ તણે ચરણે જઈ લાગ્યો, બોલ્યો કરૂણાં સાદ.

સફળ થવા સંભવ છે, માટે તું બાગમાં જા. અને તારા પ્રયાસમાં ફળીભૂત થા. તેઓનાં આવાં હીતકર અને કાર્યસાધક વચનો શ્રવણ કરી આનંદ પામી મળેલા સર્વે રાક્ષસોને પ્રણામ કરી ત્યાંથી પોતાના પુરૂષાર્થને સફળ કરવા રાજ બાગ તરફ ગયો. અને પેલા રાક્ષસો પોતપોતાના કામમાં પ્રવૃત્ત થયા. પુન્ડ્રીક રાજબાગમાં આવી એક વૃક્ષની નીચે થોડીવાર બેઠો કે લાખો રાક્ષસો પોતાના અધિકાર પ્રમાણે ગોઠવાયલા આસનો પર બેશી ગયા. સર્વેના દાખલ થવા પછી હજાર યોદ્ધાઓએ હાથમાં ખડ્ગ અને ચમર ધારણ કરેલાં છે તેની મધ્યમાં સત્‌મુખ કે જેના પર કાળી મરકત મણીઓથી પુરીત છત્ર નવીન મેઘની ઘટા જેવું શોભી રહ્યું હતું; તેઓના મધ્યમાં રહેલી સુવર્ણની રેખાઓ વીજળી સમાન પ્રકાસ આપતી હતી, તેણે બાગની અંદર પ્રવેશ કર્યો કે અનેક પ્રકારના આનંદજનક વાજીંત્રોના નાદ થઈ રહ્યા ને તમામ પ્રજાવર્ગ અને મંત્રીવર્ગ હાથ જોડી પોત પોતાના આસન પાસેજ ઉભા થઈ રહ્યા. એટલે સત્‌મુખ ઉચ્ચાશન પર બીરાજમાન થયો કે ચારે બાજુએથી આનંદ ધ્વની ઉદ્‌ભવીત થયો. અને પછી સૌ સૌના આસન પર સર્વે બેઠા. આ વખતે સત્‌મુખનું હૃદય પણ આનંદમાં ઉભરાતું જોઇ, ચતુર અને કાર્ય દક્ષ પુન્ડ્રીક પોતાનું કામ પૂર્ણ થવાના પ્રત્યક્ષ સંજોગ તેની વિચીક્ષણ બુદ્ધિના જોગે વિચાર કરી, સમય સાધી, કરૂણાદ્ર મોઢું કરી ટપકતાં આંસુએ આરત સ્વરથી પોતાના કષ્ટને સ્પષ્ટ દેખાડતો સત્‌મુખના સિંહાસન પાસે પડયો, અને તેના ધારવા પ્રમાણેજ સત્‌મુખને અસર થઈ. તેણે પુન્ડ્રીકને મહા દુઃખમાં ઘેરાએલો જોતાં, તેના અંતઃકરણમાં દયાએ નિવાસ કર્યો ને બોલ્યો;

મુજ કુલ સઘળું કરી નીકંદન, જન રહે કો જગ માંહી;
તેથી આપ શરણુ હું આવ્યો, અહો દીનની બાંહ્ય.
એમ કહીને કરી દંડવત, પડયો પૃથ્વી મોઝાર;
ગદ ગદ કંઠે વચન ઉચ્ચારી, રોયો બહુ તે ઠાર;
આરત વદન અસુરનું દેખી, બોલ્યો સતમુખ વાણ.

પુત્ર! આટલું બધું રૂદન તું શા માટે કરે છે. તું કોણ છે? તું શા મ આવ્યો છે? તને એટલું બધું શું સંકટ છે કે તારૂં રડવું બંધ થતું ન બોલ બેટા, તારી હકીકતનું વર્ણન કર તો હું તારા દુઃખનો અંત થોડા વખતમાં લાવીશ, એ તું નિશ્ચય માનજે. આવા અગમ્ય નગરમાં તું કે આવી શકયો? અને એ રસ્તો તને કોણે બતાવ્યો તે કહે. કારણ કે પૃથ્ માં રહેતા અસંખ્ય રાક્ષસોમાં માત્ર દશાનન (રાવણ) ના કુટુંબ સિવ આ સ્થળનું કોઇને ભાન નથી. માટે ખરેખરી હકીકત કહે, આ સાંભ પુન્ડ્રીક બોલ્યો, અસુરેશ! મારા પર પડેલી આફતના વર્ણનમાં તમારા પૂ લા સવાલોનો સમાવેશ થાય છે, માટે શ્રવણ કરો. આમ કહી કરૂણા ઉ જાવે એવી વાણીથી પોતાની મા પાસેથી સાંભળેલી વિગતનું તેણે સારી રી વર્ણન કર્યું અને વિશેષમાં તેણે કહ્યું કે, અસુરપતિ! એક મનુષ્યજ પૃથ્વી ઉત્તમ સ્થિતિને ભોગવતું અમારૂં લક્ષાવધી કુટુંબ વિનાસ કરી નિશ્ચિંત બ અને તેનો બદલો ન લેતાં આપણે બેસી રહીએ એ આપણી આખી જ્ઞાતિ હીનપત આપવા જેવું છે. માટે સમર્થ વિર! મારા પર પડેલી આફત ટાળવા અને જ્ઞાતિપર ઉપકાર કરવા તત્પર થાઓ. હું તેને પહોંચી વળ શક્તિમાન નથી, એમ મારી માતાના મુખથી સાંભળીને આપને શરણે આ વ્યો છું માટે દયાનિધિ મારૂં રક્ષણ કરો. જ્યાં સુધી શત્રુનો બદલો લેવાં નથી, ત્યાં લગી મારા અંતઃકરણમાં વેર રૂપી પૂર્ણ તેજથી પ્રજ્વલીત થયે અગ્નિ શાંત થશે નહીં. અને કુલાંગાર વિભીક્ષણને પદભ્રષ્ટ કરી લંકા રાજ્યાસન મેં મેળવ્યું નથી, ત્યાં સુધી મને મારૂં જીવન પણ વૃથાજ લા છે. આ કામ મારી શક્તિથી બહાર હોતાં હું આપને કરગરી કહું છું આપ મારી સહાયતા કરશો જેથી હું મારાં ઇચ્છીત મનોરથ પૂર્ણ કરૂં. આ

પુત્ર પ્રસન્ન થઇને આ વખતે, કહેજે હોય પ્રમાણ;
વચન સાંભળી સતમુખ કેરાં, વદે દુષ્ટ તે ઠાર.
શ્રવણ કર્યું નીજ જનની પાસે, કહ્યું કરી વિસ્તાર.

સઘળી આશાઓનું માત્ર આપની સહાયતા પરજ અવલંબન છે માટે દયા લાવી શરણે આવેલાનું કલ્યાણ કરો, આ પ્રમાણે કરૂણામય વચનો સાંભળતાં પુન્ડ્રીક પર તેને અત્યંત દયા ઉભરાઇ આવી, અને તેના શત્રુઓ પ્રતિ ક્રોધ પણ થયો ત્યારે તેને ધીરજ આપતો સતમુખ બોલ્યો, પુન્ડ્રીક! તું જરા પણ ચિંતા કરીશ નહીં. તારા શત્રુઓ તું નાશ થયેલાજ સમજ. તું હવે નિર્ભય થયો છે,–હું તને અંતઃકરણથી સહાય કરીશ અને મારા પુત્ર પ્રમાણે ગણીશ, પૃથ્વીની અંદર ઉંચ સ્થિતિને ભોગવતા દશાનન કુટુંબની આ દશા જોઇ તેના પ્રતિ મને ઘણી દયા ઉત્પન્ન થાય છે. તારો શત્રુ કયા સ્થળમાં રહે છે, એ તું મને બતાવીશ તો સત્વર તેનો નાશ કરી વિભીક્ષણને પદભ્રષ્ટ કરી તને લંકાનું રાજ્ય આપીશ અને ત્યાં તને કંઇપિણ સંકટ થાય તો હું તને સહાય કરીશ. માટે શાન્ત થા. એમ કહી ક્રોધાવેશમાં તેણે ઘોર ગર્જના કરી, તે સાંભળતાં પુન્ડ્રીક તો સ્તબ્ધજ બની ગયો. પછી શાંત થઇ સતમુખના ચર્ણનો સ્પર્શ કરતાં તેનો ઉપકાર માનતો બોલવા લાગ્યો, અસુરાધિપ! આપનું કહેવું યથાર્થ છે પણ મેં મારા શત્રુનું સ્થાન જોએલું ન હોવાથી આપણે લંકા તરફ જઇ વિભીક્ષણને પદભ્રષ્ટ કરી રાજ્ય મેળવશું તો વિભીક્ષણ રામચંદ્રનુંજ શર્ણ લેશે, તે તેની સહાયતા કરી પોતાની મેળે આપના પર ચડાઇ કરશે, એમાં મને જરાએ સંશય લાગતો નથી. કારણ કે એક તો અમારા કુટુંબ પર પૂર્ણ વિજય મેળવ્યો છે તેના અભીમાનથી, અને બીજું વિભીક્ષણને લંકાનું રાજ્ય એક કલ્પ લગી કાયમ રહેવા વચન આપ્યું છે તેથી, જરૂર તે અહીં સુધી આવશે અને ત્યારે તેને જીતવામાં કાંઇપિણ હરકત આવશે નહીં. માટે પ્રથમ લંકામાં ચાલી વિભીક્ષણનેજ પદભ્રષ્ટ કરવો એ આપણું મુખ્ય કામ છે. પુન્ડ્રીકનાં વચન સાંભળી સતમુખે સભા વિસર્જન કરી, અને પુન્ડ્રીકને પોતાના સ્કંધ પર બેસાડી તેજ વખતે તેણે આકાશ માર્ગમાં ગતિ કરી અને પોતાના વેગને એટલે સુધી વધાર્યો કે ઉપર બેઠેલો

ભુજંગી શ્લોક.

પછી સાંભળી બાળની દીન વાણી, કરી ગર્જના રાક્ષસે ક્રોધ આણી
ધરે ધૈર્ય તું પુન્ડીક મારા, કરૂં ચૂર્ણ ક્ષણ એકમાં શત્રુ તારા.

પુન્ડીક તો જ્ઞાન શુન્યજ બની ગયો, તેને પોતાનું જરા પણ ભાન રહ્યું નહીં. એવા પ્રબળ વેગને પ્રતિક્ષણે વધારતાં એકજ પહોરમાં તેણે પૃથ્વી જોઇ. પુન્ડીકને પૂછવા તેણે સવાલ કર્યો, પણ જવાબ નહીં મળતાં તે પૃથ્વી પર ઉતરી જ્યાં પુન્ડીકને જોયો તો તે બેભાન થયેલો જોવામાં આવતાં, કેટલાક ઉપચારો વડે તેને સાવધ કર્યો. સાવધ થઇ પુન્ડીક જુવે છે તો પોતાને લંકા નજીક સુવેલુ નામના પર્વત પાસે જોયો, ત્યારે સતમુખ પ્રતિ બોલ્યો કે આપણે પોતાને ધારેલે સ્થળે લંકામાં પહોંચ્યા છીએ. કારણ કે આવો સુવર્ણમય દુર્ગ લંકા સિવાય આખી પૃથ્વી પર ક્યાંય નથી અને મારી માતાના વર્ણન પ્રમાણે આપણે નક્કી સુવેલુ નામના વિજયી પર્વત પાસે છીએ. આ સાંભળતાં સતમુખ રાવણે પોતાના ધનુષ્યમાં અગ્ન્યાસ્ત્રનું અનુસંધાન કર્યું કે તેમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી. મંત્ર પ્રેરીત શીખાઓ વિભીક્ષણના સિંહાસન નજીક જતાં તે જાણી ગયો કે આવો બાણનો પ્રતાપ સતમુખ સિવાય આખી પૃથ્વીમાં પણ કોઇનો નથી. એટલામાં કેટલાક રાક્ષસોના કહેવાથી તેને ખબર મળી કે, પુન્ડીકની પક્ષે સતમુખ આવ્યો છે. અને તેણે અગ્ન્યાસ્ત્રનું અનુસંધાન કર્યું છે. એટલે વિભીક્ષણ રાજ્યનો લોભ મૂકી આકાસ માર્ગેથી પ્રભુને શરણ અયોધ્યા પ્રતિ જવા લાગ્યો. તેને જતાં જતાં પણ કેટલીક અગ્ન્યાસ્ત્રની જ્વાળાઓએ પરાભવ કર્યો. તેથી કષ્ટ પીડિત પ્રભુનું ચીંતવન કરતો તે આકાસ માર્ગે ગતિ કરવા લાગ્યો, સતમુખે તેને જતો જોયો અને ધારે તો તેને પકડી શકે તેમ હતું, પણ તે પોતાના સ્વામીને લઇ માયાવીપુરમાં આવશે, એવી આશાથી તેને તેણે જાણી જોઇને જતો કર્યો. પછી લંકામાં આવી પુન્ડીકને રાજ્યાસન આપી થોડાજ વખતમાં તે માયાવીપુરમાં પહોંચ્યો.

ભગવત્ ભક્તો અને સજ્જનો આ ચાલતા પ્રસંગને અહીંજ મુકી અયોધ્યાપુરીમાં મહાપ્રભુ શ્રીરામચંદ્રજી આ વખતે શું કરે છે, તે તરફનું ધ્યાન આપ

રાગ–ટુંકી ચાલની મરાઠી સાખી.

પુંડ્રીકનીજ સાથે લઇને ચાલ્યો તેણી વાર, એક પહોરમાં પોતે સત મુખ લંકાગઢ મોઝાર; ક્રોધ કરીને અનલ અસ્ત્ર ત્યાં સાંધ્યું કર મોઝાર, તૃમ થઇને નાઠો વિભીક્ષણુ કરતો દીન પુકાર; રાજ્યાસન સોંપી પુન્ડ્રીકને વળીયો સતમુખ જાણુ, શાંતી ધરીને શહેરમાં આવ્યો કામ કરી નીરવાણુ.

રાગ ગીતી.

અહીં શ્રી રામ બીરાજ્યા, ઉરમાં આણી અનંત અહ્લાદ;
દેવ ઋષિ ત્યાં આવ્યાં, ગાતાં વીણાથી ગુણાનુવાદ.

ખેંચવાની આપણેને અગત્ય છે. આજે કારતક માસના શુકલ પક્ષની એકાદશી (દેવદીવાળી) હોવાથી રાજ્ય સ્થાનમાં મોટો મહોત્સવ થઇ રહ્યો છે. અને ઇશ્વર સ્તવનમાં સહાનંદે રાત્રી નીર્ગમન થતી હતી. તમામ રાજ્ય કુટુંબી અને શહેરના સજ્જન ભગવદ્ ભકતો એકઠા મળી પ્રસન્ન ચિત્તે પ્રભુનું સ્તવન કરી રહ્યા હતા. સર્વત્ર આનંદ વ્યાપમાન થયેલો જોવામાં આવતો હતો. એટલામાં ગગન માર્ગેથી ગતી કરતાં મહાન ભક્ત નારદજીનું ત્યાં આગમન થયું. જેને જોતાં સર્વ સજ્જનો સહવર્તમાન અયોધ્યાધીશ રામચંદ્રજીને અત્યંત આનંદ થયો. અને ઉભા થઇ મુની મહારાજનો સત્કાર કરી આસન આપી અર્ધ્યપાદ્ય પુજન કર્યું. નારદજી પણ પ્રભુના આવા સ્નેહપૂર્વક સન્માનથી ઘણાં પ્રસન્ન થયાં. અને સર્વ મંડળ સાથે રામચંદ્રજીની ઇચ્છાને અનુસરી હરી ચર્ચાનું કથન કરવા લાગ્યા. પ્રસંગ ચાલતાં અર્ધ રાત્રીનો સમય થવા આવ્યો હતો. નીશાનાથ (ચંદ્રમાએ) રમાનાથના દર્શન નીમીત્તે પોતાની ગતી મંદ કરી હોય તેમ ધીમે ધીમે ગગન મંડલમાં થઇને જતાંજતાં પોતાના શીતલ પ્રકાશથી પ્રભુને આખી સભા સહવર્તમાન આનંદ આપતો હતો. તે વખતે કથનનો એકાદ પ્રસંગ પૂર્ણ થતાં નારદજી ક્ષણભર શાંત થયાં. ત્યારે પરમ કૃપાળુ રામચંદ્રજીને કંઇ વિચાર ઉદ્દભવિત થતાં બોલ્યાં, દેવ ઋષી! જગતમાં રહેલા મહા દુષ્ટ અને બળવાન રાક્ષસોનો મારા હાથે પરાજય થયો, અને જેના જોગે મારા ભકતોને નીર્ભય બની સહાનંદથી સ્વાત્મ સાધનમાં પ્રવર્ત થએલા જોઇ મને ઘણોજ આનંદ થાએ છે. હું

પ્રેમે પૂજન કીધું, મુની તણું શ્રીપતિએ સ્નેહ ધરી;
ઉત્તમ આસન આપી, નીજ મુખ પ્રભુએ બહુ સ્તુતિ ઉચરી.
હર્ષ ધરીને બોલ્યાં રામચંદ્રજી સુણો ઋષીરાજ;
સર્વ દુષ્ટને માર્યા, કામ આપણું થયું પૂર્ણ આજ.

ધારૂં છું કે હવે આખા જગતમાં કોઇ પણ મારા ભક્તને સતાવનાર દુષ્ટ નહિજ હોય, અધમાચાર્ય રાવણ કે જેના સમાન પરાક્રમી વીર સૃષ્ટીમાં પણ ઉત્પન્ન થવા સંભવ નથી, વળી તેનું લક્ષાવધી કુટુંબ અને તે પણ અલૌકીક સત્તાધારીને મોટા મોટા દેવોના વરદાનથી પ્રબળ બનેલું, તેઓના નાશની સ્વપ્નમાં પણ કોઈ ઇચ્છા કરે તો મૂર્ખતા ગણાય. તેવા અજીત અને વીર પરાક્રમીનો વિનાસ કરી મારા પ્રિય ભક્તોને તેના અનંત ત્રાસથી મુક્ત કર્યા તેનાથી વિશેષ આનંદ તે બીજો કયો કહેવાય ? મેં જે કારણથી આ મનુષ્ય દેહ ધર્યો છે તે સર્વ કાર્ય પરિપૂર્ણ રીતે પાર પહોંચ્યું છે, એમ મને હવે જણાય છે. સુરમુનિ ! તમને તેમાં રહેલી અધુરાસ જણાતી હોય તો કહો. જગદુદ્ધારક રામચંદ્રજીનાં વચન સાંભળી નારદજી તેમની સ્તુતિ કરતા કહેવા લાગ્યા. પ્રભુ, આપ તો સમર્થ, નિયંતા ને સેવક જનોના સુખદાતા છો. આપનાં આવાં સર્વોત્કૃષ્ટ કાર્યથી તમામ ભક્તો સુખી થયા છે. અને શુદ્ધ અંતઃકરણથી નિર્વીઘ્ને આપનું સ્મરણ કયા કરે છે. વિભુ ! વિશ્વપાલક ? આપનું પરમ દયા પૂરિત ચિત્ત જોઈ અમારા જેવા સેવકો સદા કાલ આપનાં ચરણ કમલ છોડી અન્ય સ્થળમાં નિવાસ કરવા ઇચ્છા ધરાવતાજ નથી. પ્રભુ ! પૃથ્વીમાંના તમામ રાક્ષસો આપનાં તીવ્ર અને અગ્નિ સમાન અસહ્ય બાણોના ભયથી હમેશને માટે સૃષ્ટિ છોડી સીધાવી ગયા છે. જગદાત્મક ! આપની સદા કાલ જય થાઓ જય થાઓ, પ્યારા પ્રભુ ! રાવણ જેવા પરાક્રમી અને વિજયશાળી ત્રણ ભુવનમાં પણ કોણ થનાર છે. તેનો આપના સિવાય નાશ કોણ કરી શકે?—સમર્થ સ્વામિ ! આપની અદ્દભૂત શક્તિને ધન્ય છે. એમ કહેતા નારદજી હજુ આગળ બોલવા જતા હતા, પણ તેમને બોલતાં અટકાવી રમાવતાર મહા સતી સીતાજી તેમની અતિશયોક્તિ અસત્યમાં ઉતરતી જોઈ કહેવા લાગ્યાં. ભક્તરાજ દેવમુનિ ! બ્રહ્મ પુત્ર ! જરા

રાગ–(મંગલકર ભવ ભય હર હે ઉમાપતિ.)

જય જય જય રામચંદ્ર શ્રી રમા પતિ. અકળીત પ્રભુ આપની કળાયનાં કૃતિ.જય.
રાક્ષસો સંહારી સુર નરો સુખી કર્યા, સર્વ ભક્ત આવી આપ ચરણમાં ઠર્યા,
દાસની હુલાસમાં એકાગ્રની વૃત્તિ, જય જય જય રામચંદ્ર શ્રી રમાપતિ,
અસુર તણું અંશ જગતમાં નથી જરા, થયા નાસ સર્વ આપ હસ્તથી ખરા,
થયું કામ પૂર્ણ ના રહ્યું હવે રતી, જય જય જય રામચંદ્ર શ્રી રમાપતિ.

ગીતિ.

સુર નર અસુર ન જન્મ્યા, ત્રિભુવનમાં કો દશ કંધર જેવા
ધન્ય ધન્ય પ્રભુ પ્યારા, સફળ થયાં તે તણાં પ્રાણ લેવા.

વિચાર કરો, આપના સુશીલ અંતઃકરણમાં અસત્યનો ભાવ થવો ન જોઇએ. કારણ કે અસત્ય જેવું એક પણ પાપ જગતમાં નથી. માટે દરેક મનુષ્યે સત્યમાં પ્રીતિવંત બનવું જાઇએ. જુઓ સત્ય કેવું બળવાન છે કે વિશ્વામિત્ર જેવા તપોધન પણ હરીશ્ચંદ્ર જેવા સત્યવાદીને કષ્ટ આપતાં અંતે ઘણુંજ પસ્તાયા હતા. વળી સત્યને માટે વિદ્વાનો પણ કહે છે કે–**सत्ये न धार्यते पृथ्वी सत्येन तपतेरवीः। सत्येन वाती वायुश्च सर्वं सत्येन् प्रतिष्ठितम्॥** સત્યને આધારે પૃથ્વિ સ્થિરતાથી આખી સૃષ્ટિને ધારણ કરે છે, સત્યથી સૂર્ય-નારાયણ સમ્પૂર્ણ તેજથી પ્રકાસે છે, (તપે છે) સત્યથી વાયુ પણ વાય છે, એ સર્વેનું બળ સત્યજ છે, સત્ય વિના કાંઇ પણ નથી. આપ રાવણની એટલી બધી પ્રશંસા કરો છો કે ત્રણ લોકમાં એના જેવો વીર કોઇ થયો નથી ને થશે નહીં અને તેને મારવામાં અત્યંત દુર્ઘટ અને મહદ્ કામ ગણો છો, એ અસત્ય મિશ્રીત અતિશયોક્તિ કરી શ્રીહરીને મિથ્યા ફુલાવો છો, મારા પ્રભુને હું કંઇપિણ કહેવા સમર્થ નથી, પણ સત્યનો લય થતો જોઇ સતીને કહેવાની ફરજ સમજી હું કહું છું કે રાવણ જેની પાસે કંઇપિણ ન ગણાય, તેવા રાક્ષસો હજી પૃથ્વીપર કાયમ છે તો પછી તેને મારવામાં આટલી બધી મહત્તા માનવી એ શું ભૂલ ન ગણાય? આ પ્રમાણે જનકજાયા (જાનકી) નાં વચન સાંભળી નારદજી તો સ્તબ્ધ બની ગયા, પણ રામચંદ્રજીને ગુસ્સો આવવાથી કંઇ કહેવા જતા હતા, ત્યાં તો વિભીક્ષણને દીનતા ભરેલા ઉચ્ચાર

સાખી ટુંકી ચાલની.

ઋષીના વાક્ય સાંભળી શ્રીપતી, ઉરમાં થયા પ્રસન્ન;
વખત વિચારી વિબુધ મુનીને, કહે વૈદેહી વચન.

રાગ ભૈરવ.

ઋષીરાજ અસત્ય ન કાજ કરો, કાજ કરો નહીં કેમ ડરો: ઋષીરાજ૦
અસુર નથી અવની પર કોઇ, સુજ્ઞ થઇ એ શું ઉચરો. ઋષીરાજ૦
પ્રબળ રાક્ષસો પૃથ્વી પરે બહુ, સ્વર્ગ આદીને દુર ધરો; ઋષીરાજ૦
રાવણ હણવો કોણ માત્ર છે, ફોકટ ગર્વ ધરી વીચરો; ઋષીરાજ૦
મચ્છરને મારી મલકાવું, જેમ મલ્યો કોઈ વિર ખરો. ઋષીરાજ૦

કરતો પ્રભુના ચરણમાં પડયો, અને કરગરી કહેવા લાગ્યો, મહા પ્રભુ! વિશ્વપાલક, પ્યારા હરી, ઉગારો, હું આપને શરણ છું. સતમુખના અગનાસ્ત્ર થી મારૂં અંગ બળી ખાખ થાય છે. માટે પ્રભુ મને શાન્તિ કરો. દીનબંધુ! કુંભકરણના પૌત્ર પુન્ડ્રીકની પક્ષ કરી, તે સતમુખે મારી તમામ આશાઓનો નાશ કર્યો છે. પ્રભુ! આપના સિવાય મારૂં બીજું તે શરણ કોણ છે. માટે રમાપતિ ભયહર, ભવાબ્ધિ તારક પ્રભુ! રક્ષા કરો, રક્ષા કરો, આવાં દીનતાનાં ભરેલાં વચન વિભીક્ષણના મુખથી સાંભળી, અને તેને વ્યાકુલ થતો જોઈ, રામચંદ્રજી ચકિત થઇ તેના શરીરપર પોતાનો હાથ ફેરવી તેને શાંતિ કરી, અને પોતાની સામે બેસાડયો. પછી નારદજીની સામે જોઇ દયા ધન પ્રભુ બોલ્યા, ઋષીરાજ! મહા સતી સીતાજીનાં વચન અક્ષરસ સત્ય થયાં, પરંતુ મારા પ્યારા ભક્તને દુઃખ દેનાર એ અધમ અસુરનો હું ત્રણ દીવસમાંજ નાશ કરીશ, એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. આમ બોલી વિભીક્ષણને સતમુખની તમામ હકીકત જણાવવાનું કહેતાં, લંકાનાથે, હાથ જોડી તેના નામ ઠામ બળ અને માર્ગ વગેરેની હકીકત સવિસ્તર કહી સંભળાવી. તે સાંભળતાંજ રામચંદ્રજી તો સ્તબ્ધજ બની ગયા, કે પ્રથમ તો ત્રણ દીવસની અંદર ત્યાં પહોંચીજ કેમ શકાશે. તેનાપર વિજય મેળવવાની વાત તો દુરજ રહી. આમ વિચારી શોકાગ્રસ્ત થયેલા રામચંદ્રજીને જોઇ વખત વિચારી નારદજી બોલ્યા, પ્રભુ આપ સર્વજ્ઞ થઇ પ્રાકૃત મનુષ્યની પેઠે નીરાશ

મરાઠી સાખી.

જનક સુતાનાં વચન સાંભળી, ચડી રઘુપતિને રીશ;
એ અવસરમાં અસુરપતિએ, નામ્યું પ્રભુને શીશ,
શ્રીપતી સા'ય કરો..........દાસના સંકટ સર્વે હરો.

કેમ થાઓ છો. જેમ મૃગની નાભીમાં કસ્તુરી હોય છતાં અજ્ઞાન મૃગ ક્યાંથી સુવાસ આવે છે તે મેળવવાને જ્યાં ત્યાં દોડયા કરે, તેમ આપ સર્વજ્ઞને કરવું ઉચીત નથી. કારણ કે મહાવીર (હનુમાનજી) જેવા મહા બલીષ્ટ યોદ્ધાઓ આપની આજ્ઞાને આધીન છે. છતાં આપને ચીંતા શા માટે કરવી જોઇએ. આપની આવી મનુષ્ય ચેષ્ટાથી કેટલાક અર્ધ દગ્ધ જ્ઞાનવાળા લોકો ખાટા તર્ક કરી માયામાં સપડાય છે, અને આપને ખરા રૂપમાં જાણી શકતા નથી. તેથી હમેશાં જન્મ મરણના ચક્રમાં અથડાયા કરે છે. પણ અચાજ્ઞાન વાળાઓ તો ગમે તે વખતે પણ આપને ચરાચર વ્યાપક પુર્ણ બ્રહ્મ જ ગણે છે. આપની કૃપાથી તેઓને જરા પણ માયાનો આવીર્ભાવ થતોજ નથી. માટે પ્રભુ એવા અલ્પજ્ઞ ભક્તો પર દયા કરી તેઓના હૃદયને અજ્ઞાનનો ધક્કો ન લાગે અને હમેશાં આપનાં ખરા તત્વને જાણી નીર્ભય બને, તે માટે આપને સર્વજ્ઞપણુંજ ધારણ કરવાની જરૂર છે. પરંભક્ત દેવ મુનીના પરોપકારાર્થે પણ સમયોચિત્ત બોલેલા વચનો સાંભળી, રામચંદ્રજીએ તે વખતે મહાવીર સામે જોયું. કે તેજ વખત પ્રભુના ચરણમાં માથું નમાવતા હનુમાનજી બોલ્યા, રઘુવંશ મણી! મને શું આજ્ઞા છે, રામચંદ્રજી બોલ્યા, મારૂતી ! આજે મહા વીકટ કામ પડયું છે. કરોડો જોજનનો રસ્તો કાપી માયાવી પુરમાં પહોંચવું છે. જો તેમ ન થાય તો મારી પ્રતિજ્ઞા ભંગ થાય. માટે આ કાર્યમાં ત્યાં પહોંચવાને પ્રથમ તમારી હીંમત પરજ આધાર છે પ્રભુના આવા વચન સાંભળી હનુમાનજી બોલ્યા, દયાનીધી ? શા માટે ચીંતા કરો છો આપની કૃપાથી આપની સેવકને કરોડો જોજન કાપવામાં કંઇપણ સંશય જણાતો નથી. રામચંદ્રજી બોલ્યા, પણ મારૂતી ! શું એકાદ બે જણની સાથે ત્યાં પહોંચવું છે? એમ કરવાથી આપણું કામ પૂર્ણ થાય તેમ નથી. ત્યાં તો આખા લશ્કરની જરૂર છે. કારણ કે વિભીક્ષણના કહેવા પ્ર-

રાગ કારાચડો.

સા'ય કરોને ઘનશ્યામરે, શરણે આવ્યો, સા'ય કરોને ઘનશ્યામ;
અધમ અસુરનાં, અનલ સરેથી રે, અંગ બળે છે તમામ રે; શરણે૦
સબળ શરણ હરી, આપ તણું છે રે, ભવ ભય ભંજન રામ રે. શરણે૦
પુન્ડ્રીક પક્ષે, સત્‌મુખ આવીને, તેણે તજાવી સૌ હામરે; શરણે૦
રામ રમાપાત, અતી ભય કાપીને, પુરો પ્રભુ મન કામ રે. શરણે૦

માણે સતમુખ એક મહા બળવાન અને પુરો પરાક્રમી છે. અને તેના સેનાધિસો દશાનન કરતાંએ ઘણાં બળવાન છે, તેને જીતવું તે કાંઇ સહેલ વાત નથી. હનુમાનજીએ રામચંદ્રજીની ઇચ્છા જાણી ભયંકર પર્વતના આકારે પોતાનું શરીર વધાર્યું, અને બોલ્યા, પ્રભુ હવે આપ ચીંતાનો ત્યાગ કરી મારા ખભાઓ ઉપર આખા સૈન્ય સાથે બીરાજમાન થાઓ. આમ સાંભળતા અને મહાવીરનું મહા ભયંકર પણ કાર્ય સાધકરૂપ જોઇ પરમપ્રભુ ઘણાજ પ્રસન્ન થયા. અને પોતાની પ્રતિજ્ઞા હવે પૂર્ણ થશે એવી ખાતરી આવી. તે વખતે વિજયવાન વાંદર અને રીંછોનું સૈન્ય એકઠું કરી વિભીક્ષણ અને લક્ષ્મણજી સહવર્તમાન અઢાર પદ્મ વાંદરા સાથે તૈયાર થયા, અને હનુમાનજીના એક ડાબા ખભાપર બધું લશ્કર બેશી ગયું, અને જમણા ખભાપર લક્ષ્મણજી સાથે રામચંદ્રજી બીરાજમાન થયા. પછી આજ્ઞા કરતાં તરતજ મહા બળવાન અને પ્રબળ સત્તા ધારી હનુમાનજી, અઢાર પદ્મ લશ્કરને ઉપાડી ગગન માર્ગમાં ગતી કરવા લાગ્યા. મહા વેગથી ચાલતાં ચાલતાં બરાબર પાંચ પ્રહર વિત્યા ત્યારે સમુદ્રમાં મોટો પર્વત હનુમાનજીના જોવામાં આવ્યો, તેનાપર જરાવાર વિશ્રાંતી લઇ પ્રબળ વેગથી પાછું ચાલવા માંડયું. પાછા બે પ્રહર વિત્યા ત્યારે સમુદ્રમાં એક વિશાળ બેટ જોવામાં આવ્યો. ત્યાં અઢાર પદ્મના અસંખ્ય બોજથી થયેલા શ્રમ ને નિવૃત્ત કરવા હનુમાનજીએ સર્વ સૈન્ય સહિત પ્રભુને ત્યાં ઉતાર્યા. ત્યારે રામચંદ્રજી ચીંતા ગ્રસ્ત થઇ હનુમાનજીને કહેવા લાગ્યા, મહાવીર! સાત પ્રહર વિત્યા છતાં આપણે સૂર્ય ચંદ્રની ગતી વટાવી ગયા નથી, જેથી વેળાસર ત્યાં પહોંચવા વિષે મને ઘણોજ શંસય રહે છે. કરેલી પ્રતીજ્ઞા પૂર્ણ થશે કે કેમ તે વિષે મને પુરેપુરો

મરાઠી સાખી. ટુંકી ચાલની.

અર્જ સુણી અસુરેશતણી ત્યાં, વિસ્મય પામ્યા રામ;
દેવ ઋષીની સામે જોઇ, બોલ્યાં શ્રી ઘનશ્યામ;
સત્ય સતી સીતાની વાણી, થઇ સરવ ઋષીરાજ.
પણ રાક્ષસ મારૂં દીન ત્રણમાં, સત્ય પ્રતિજ્ઞા આજ;
પૂછ્યું પ્રેમ ધરીને પ્રભુએ, વિભીક્ષણને વાણ.
સતમુખ તણી હકીકત સરવે, કહો સત્ય નીરવાણ;
હસ્ત જોડીને કહે અસુરપતિ, સરવ વિગત વિસ્તારી;
નામ ઠામ પૌરૂપ માર્ગની, સર્વે વર્ણવી ન્યારી.

ગીતી.

શ્રવણ કરી તે વાણી, થઈ ઉદાસને સ્વસ્થ થયાં રામ;
બોલ્યાં વચન વિચારી, દેવ ઋષી ત્યાં સાંભળો ઘનસ્યામ.
કસ્તુરી નીજ કુક્ષે, પણ મૃગ ભટકે સુવાસની આશે;
તેમ પવન સુત પાસે, છતાં આપની ચીંતા ના નાસે.

વિચાર થઇ પડયો છે. તમે અગાધ સૈન્યના અપાર બોજને ધારણ કરી અમોઘ ગતી કરો છો, છતાંએ ધારેલું કામ પૂર્ણ થાય એમ મને લાગતું નથી. આવી ચીંતા યુક્ત સ્વામીના વચન સાંભળી મારૂતી બોલ્યા, નાથ ! આપ નિર્ભ્રાંત રહો, કારણે આપણે કરોડો યોજનને અંતરે આવ્યા છીએ. હવે એકાદ પહોરમાં સમુદ્રનો કીનારો મેળવી શકીશું, એમ મને નિશ્ચય જણાય છે, એમ સ્વામી અને સેવકની થતી વાત ચીત સાંભળી સમુદ્રમાં રહેતા એક જબરજસ્ત મગરમત્સે પોતાનું મોઢું બહાર કહાડયું, ને એવી ફુંકાર મારી કે તેથી ઉડેલું પાણી સૂર્યનારાયણને ભીંજવતું હોય એમ જણાવા લાગ્યું. પછી તેણે એક બગાસું ખાધું કે બધા વાંદરાંઓ ભયભીત બની ગયા. જાણે આખી પૃથ્વીને ગળી જશે કે શું એટલામાં તે મગરે પવન પુત્ર હનુમાનજીની સામે જોઇને અટ્ટહાસ કર્યું કે જેથી આકાશમાં કેટલીક વાર તેનો મહા ઘોર ધ્વની થવા લાગ્યો. પછી તે બોલ્યો, કહો, કપીવર તમારે ક્યાં સુધી પહોંચવું છે. શું લંકામાં જવું છે કે નીઃશંકપણેથી ચાલ્યા જશો ? તમે

સાખી ઢુંકી ચાલની.

દ્રષ્ટી નાંખી ત્યાં શ્રી ઘનસ્યામે, પવન પુત્રની પાસ;
હસ્તજોડી હાજર થઇ ઉભા, ઉરમાં ધરી હુલ્લાસ.

રાગ દીંડી.

પવન પુત્રને નીહાળી શ્રી ખરારી, વદે વચન આજ પડીઉં કાજ ભારી;
માટે કરવું કેમ કહોને વીચારી, પવન નિહાળી શ્રી ખરારી.
કહે મારૂતી નિશ્ચિંત થાઓ સ્વામી, બેસા સૈન્ય સાથ નાથ કહું પ્રણામી;
મુજ અંગપરે શોક સૌ વીસારી, પવન પુત્રને નીહાળી શ્રી ખરારી;
ધર્યું રૂપ મહા સૈલની પ્રમાણ, વક્ર દેહ અતી વજ્રની સમાન,
જોઇ હરખીયાં હ્રદય રાવણારી, પવન પુત્રને નીહાળી શ્રી ખરારી;

તમે પહેલું જ્યાં વિશ્રામ કર્યું હતું તે મારા મસ્તક પર હતું. અને હમણા જ્યાં બેઠા છો તે મારી પીઠ છે. હજી એક પ્રહરમાં તો મારૂં પુંછ પણ ઓળંગી શકશો નહીં, તો મારા જેવા બીજા અગ્યાર મગરમત્સો તમારે ઓળંગવા પડશે, ત્યારેજ ધારેલે સ્થળે પહોંચી શકશો. તમો મોટા બળવાન અને શુરા છો, ત્યારેજ અઢાર પદ્મ વાંદરાનો બોજ તમારા શરીર પર ધારણ કરી કરોડો જોજન પર આવી શકયા છો. પણ ભક્તરાજ ? આ રસ્તો ઘણો લાંબો ને દુર્ઘટ હોવાથી સહેલાઇએ પોહોંચી શકાય નહિ. મગરમત્સના આવાં વચન શ્રવણ કરી રામચંદ્રજી તો સ્તબ્ધજ બની ગયા. મગર સામે જોઇ બોલ્યા, ભાઇ ! તું અમારા પર ઉપકાર કરી સતમુખના માયાવી પુરમાં પહોંચાવ. નહિ તો મારી કરેલી પ્રતિજ્ઞાને હરકત થશે. આવી રીતે રામચંદ્રજીના વચન સાંભળી મગર બોલ્યો, પ્રભુ ! હું જાણું છું, કે આપ સર્વેશ્વર પુર્ણ બ્રહ્મ નારાયણ છો. પૃથ્વી પરનો ભાર ઓછો કરવા આપના અંશ સહિત આપે સગુણ અવતારને ધારણ કર્યો છે, અને આપની ઇચ્છા માત્રથી શું કામ થઇ શકતાં નથી ? બધુંજ બને છે. પણ મને મોટાઇ આપવા માટે કહો છો તો હે પ્રભુ ! હું માત્ર અરધા પહોરમાં આપને પહોંચાવી આપીશ. એમ કહી મહા બળવાન જળચર કે પાણીની અંદર જેની મહાન સત્તા છે તે દોટપર દોટ મુકી તીવ્ર ગતીથી દોડયો, કે ઉપર બેઠેલા તમામ

રાગ ધનાશ્રી.

ધર્યું વિકટ બહુ રૂપ કપીએ, ધર્યું વિકટ બહુ રૂપ;
સુવર્ણ સૈ'લ સમાન સુશોભીત, સુંદર કાંતી અનુપ. કપીએ૦
વામ ભુજા પર સૈન્ય ભરાયું, દક્ષિણ પર સુર ભૂપ. કપીએ૦

મરાઠી સાખી ટુંકી ચાલની.

શ્રીપ્રભુની આજ્ઞા પામીને, ચાલ્યા પવન કુમાર;
પ્રબળ વેગથી પંથ કરે છે, ધરી આનંદ અપાર.
પાંચ પહોર વિત્યા છે જ્યારે, આવ્યું સૈ'લ મહાન;
ક્ષણભર ત્યાં વિશ્રાંતી લઇને, પાછું કર્યું પ્રયાણ.
વળી યામ વિત્યા બે જ્યારે, આવ્યો બેટ વિશાલ;
ત્યાં પણ કપીવર શ્રમ હરવાને, ઉતર્યો છે તતકાલ.
ચીંત્તાગ્રસ્ત ચિત્તે રઘુવર કહે, સાંભળ કપી સુજાણ;
સાત યામ અહીંઆં વિત્યા છે, થશે પ્રતિજ્ઞા હાણ.

વાંદરાઓ ઘણાજ ચકીત થયા. તેના કહેવા પ્રમાણે માત્ર અરધો યામ વિત્યો કે માયાવીપુર નજદીક આવી ઉભો રહ્યો. આ જોઇ શ્રીમન્ રામચંદ્રજી અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, મારા પરમ ભક્ત મગરરાજ ! તને ધન્ય છે, તારા વડે મારી પ્રતીજ્ઞાને ઘણોજ ટેકો મલ્યો છે. હું તારાપર ઘણોજ પ્રસન્ન થયો છું. પ્યારા ભક્ત તું હજી પણ અહીં રોકાજે. કેમકે સતમુખને જીતી પાછા ચાલીશું ત્યારે પણ તારી અમને જરૂર પડશે. આવાં પ્રભુનાં પરમ પ્રીય વ-ચન સાંભળી મગર ઘણોજ પ્રસન્ન થયો ને વારંવાર પ્રભુને પ્રણામ કરી તેમની આજ્ઞા સ્વીકારી. પછી હનુમાનજીએ સર્વ સૈન્ય સહિત રામચંદ્રજીને પોતાની સુઢ પર બેસાડી ગગન તરફ ઉંચી ગતી કરી સમુદ્રથી સો યોજનની ઉંચાઇ પર આવેલા માયાવીપુરના વિશાળ દરવાજા પાસે આવી બધા લશ્કર સાથે રામચંદ્રજીને ત્યાં ઉતાર્યા. પણ તે વખતે અત્યંત અંધારૂં હોવાથી પ્ર-ભુએ બધા વાંદર તથા રીંછોને આજ્ઞા કરી કે સુકેલાં વૃક્ષો સળગાવી અજ-વાળું કરો. આજ્ઞા મળતાંજ લાખો સુકેલાં વૃક્ષો ઉખેડી સળગાવી સર્વત્ર પ્ર-કાશ કરી મુક્યો. અને પછી પ્રભુની આજ્ઞા લઇ હાથમાં સળગાવેલાં વૃક્ષો

રાગ હીંડી.

અરે સ્વામી વ્યર્થ શોકને નીવારો, હશે દુર નહીં સિંધુનો કીનારો;
જશું યામ એકમાંજ એમ ધારો, અરે સ્વામી વ્યર્થ શોકને નીવારો.
સુણી વાક્ય મગર વદન બા'ર લાવે, નીજ સ્વાસ ખાધે સૂર્યને ભીંજાવે;
જાણે આનનથી ક્ષિતી ગળી જનારો, અરે સ્વામી વ્યર્થ શોકને નીવારો.
પવન પુત્ર સાંમે દૃષ્ટીને મીલાવી, કર્યું અટ્ટહાસ ગગને ગજાવી;
ખરે કહે કપી તું ક્યાં સુધી જનારો, અરે સ્વામી વ્યર્થ શોકને નીવારો.
પ્રથમ સ્થાનમાં વીરામ જ્યાં કર્યું તું, નકી'માન મારા શીરપરે ઠર્યું તું;
હવે પૃષ્ટ પરે આ થયો ઉતારો, અરે સ્વામી વ્યર્થ શોકને નીવારો.
હજુ પુંછ મારૂં પો'રમાં ન આવે, નથી લંક જવું જે નીશંક ધાવે;
મગર મુજ સમા અગ્યાર અવર ધારો, અરે સ્વામી વ્યર્થ શોકને નીવારો.

મરાઠા સાખી ટુંકી ચાલની.

વચન સાંભળી જલચર કેરાં, સ્તબ્ધ થયા ત્યાં રામ;
મગરા તણા મુખ સામે જોઇ, બોલ્યા શ્રી ઘનશ્યામ.
ભાઇ તું કર ઉપકાર અમો પર, ધર સતમુખને ઠામ;
નહીં તો વચનભ્રષ્ટ થાઉં છું, એમ વદે ભગવાન;
વાક્ય સુણી રઘુવરનાં જળચર, કહે કરી પ્રણામ.
સતમુખ તણે શહેર પહોચાડું, જાય ન અરધો જામ;
એમ કહીને દોટ મારતો, જલમાં નીજ બલ ધારી;
અર્ધ પહોરમાં પહોંચ્યો જલચર, પ્રસન્ન થયા અસુરારી.

સાથે માયાવીપુરના દુર્ગ પર ચઢી કુદાકુદ કરી ઘોર ગર્જનાઓ કરવા લાગ્યા. જેનો અવાજ શહેરમાં સુતેલા સતમુખના કર્ણ પર પડતાં તેણે તેજ વખતે સેવકને આજ્ઞા કરી કે આટલો બધો શોર બકોર શાનો થાય છે, તે બરાબર તપાસ કરી ખરેખરૂં કારણ જણાવ. સતમુખની આજ્ઞાથી ગએલો અસુર કીલ્લાપર દુરથી જુવે છે તો અસંખ્ય વાંદર રીછો હાથમાં સળગતાં વૃક્ષો લઇ કુદતા જોઇ તેને ભુત જાણી ત્યાંથીજ તે પાછો વળ્યો અને સતમુખ પાસે આવી કહેવા લાગ્યો, સ્વામી ! નિશ્ચિંતપણે નીદ્રા કરો આમાં ભય જેવું કારણ કંઇ પણ નથી. કેમકે અસંખ્ય ભુતો હાથમાં મોટાં મોટાં વૃક્ષો સળ-

સાંભળ ભક્ત મગર મુજ વાણી, કરજે અહીં નીવાસ.
વળી પણુ તારે પૃષ્ટ બેશીસું, ત્યારે જશું અવાસ;
પછી ઘોરતમ રામ નીહાળી, હુકમ કીશને કીધો;
સુકાં મોટાં વૃક્ષ લગાવી, અંધકાર હરી લીધો;
સબળ સેન લઇ પ્રબળ કાષ્ટકર, દુર્ગ પરે ચડી જાએ;
નાદ ભયંકર ભાલુ કપી સૌ, કરતાં કુદે ત્યાંએ.

ગીતી.

સત્‌મુખ કહે સેવકને, શહેર બા'ર આ શોર સબળ થાએ;
તેનું કારણુ શું છે, સત્વર જઇને તપાસ કર ત્યાંએ.

ગાવી કીલ્લાપર કુદાકુદ કરે છે અને રમે છે. જેનું એ કૌતુક જોતાં પ્રેક્ષકોને ગમત થયા વિના રહેજ નહિ. તેવા કરોડો ભુતો છે અને તેમાં એક સર્વ ભુતાધિશ છે. કે જેની આજ્ઞામાં તે સર્વ ભુત માત્ર વર્તે છે. આ સાંભળી સતમુખે ફરીથી શયન કર્યું. થોડીજવાર થઇ કે વળી પાછાં રીંછ અને વાંદરાઓએ મોટી ગરજનાઓ કરી કે જેના અતી ગંભીર નાદથી સત્‌મુખ અત્યંત ક્રોધાયમાન થઇ જાગ્રત થયો. અને તેના આરક્ત થયેલા નેત્રોને જોઇ ત્યાં રહેલા પ્રચંડ રાક્ષસોં પણુ ઠરીજ–સહમીજ ગયા. અને હવે શું થશે તેનો વિચાર કરવા લાગ્યા. એટલામાં તો તેણે સૈન્યાધીશ, કાલકેતુ કે જેના પચીસ માથાં અને પચાસ ભુજાઓ હતી, તેને રોશથી આજ્ઞા કરી કે જાઓ, સત્વર તમારા તમામ લશ્કરને સાથે લઇ આવેલા સૈન્યનો પરાજ્ય કરી મને જલદીથી જવાબ આપો. આ આજ્ઞા સાંભળતાંજ કંઇપણ બોલ્યા વિના માથું નમાવી કાલકેતુ પોતાના લશ્કર સાથે રાજમહેલથી બા'ર પડયો. દુર્ગ પાસે જાય છે ત્યાં તો શુરવીર વાંદરાઓએ મોટા મોટા પર્વતો અને સળગતા વૃક્ષોના ઉપરથી વરસાદ કરી મુક્યા. ત્યારે કાલકેતુની આજ્ઞા થતાં અસુરોએ પણુ અસ્ત્રાસ્ત્રનો ઉપયોગ કરવા માંડયો, પણુ વાંદરોનું વિજયોત્સાહી સૈન્ય હઠયું નહીં. તેને જોતાં કાલકેતુને અંતરમાં ઘણોજ ક્રોધ આવ્યો જેથી તેણે પચીસે ધનુષને સાંધી વજ્રમય બાણુ છોડવા માંડયાં, કે તેથી વાંદરાઓ ટપોટપ પડવા માંડયાં. અને એકદમ ભયગ્રસ્ત બની ભાગવા લાગ્યા.

સાખી મરાઠી ચાલની.

સેવક આવી કહે સતમુખને, શ્રવણ કરો મુજ વાણુ;
ભયનું કારણ કાંઇ નથી પણ, ભૂત ભમે છે જાણુ.
જેનો કાંઈ પાર નહીં...........એક છે ભૂતાધિશ તહીં;
પ્રબળ કાષ્ટ સળગાવી પ્રીતે, રમે રંગમાં ભારી;
અદ્દભૂત ખેલ જોઇને એના, ઉપજે આનંદકારી.
શયન શાંતીથી કરો...........ચીત્તમાં કાંઇ ન ચિંતા ધરો;
વળી ગર્જના વાંદર સૈન્યે, દુર્ગ પરેથી કીધી;
સતમુખ ઉઠયો શયન તજીને, રીશ અંતરે લીધી;
જોઇ સૌ અસુર ડરે.........અતીભય ધારી સ્તબ્ધ ફરે.
કાલકેતુને કહે સુરારી, સબળ સૈન્ય લઇ જાઓ;
દુશ્મન દળનો કરી પરાજય, વેગે વહેલા આવો.
જાઓ નહીં વાર કરો.........શત્રુના સત્વર પ્રાણ હરો.

રાગ પીલુ.

કાલકેતુ લઇ સૈન્ય સંગાથે, આયુધ સર્વે સજ્યાં નીજ હાથે; કાલકેતુ૦
દુર્ગ પરેથી વાંદર સેના, માર કરે બહુ પાછી ફરે ના; કાલકેતુ૦
કાલકેતુને ક્રોધ વસ્યો છે, પ્રબળ બાણ લઈ પુંઠે ધસ્યો છે. કાલકેતુ૦
ભાગ્યા વાનર ભાલુ ત્યાંથી, પુઠે સૈન્ય સહીત કાલ ભાથી. કાલકેતુ૦

કાલકેતુ પોતાના પ્રચંડ સૈન્ય સહિત તેની પાછળ પડયો. રાક્ષસોના મારથી વિકલ થતું અને ભાગતું પોતાનું સૈન્ય જોઇ પરમ કૃપાળુ રામચંદ્રજીએ તેજ વખતે સારંગ નામના ધનુષમાં બાણનું અનુસંધાન કર્યું, કે પૃથ્વી અને આકાશમાં તુમુલ નાદ થવા લાગ્યો. પૃથ્વી કંપાયમાન થઇ જોત જોતામાં કાલકેતુના અસંખ્ય લશ્કરનો કેટલોક ભાગ નાશ થયો અને પ્રભુનાં અસહ્ય બાણોનો પ્રહાર સહન ન થવાથી કેટલાક રાક્ષસો ચારે તરફ ભાગવા લાગ્યા પોતાના લશ્કરમાં આવું ભંગાણ પડેલું જોઇ એકદમ ક્રોધીત થઇ બાણોની જાળ કાલકેતુએ કરી મુકી જેથી વાંદરાઓનું સૈન્ય ભયભીત સ્થિતિમાં આવી પડયું અને આરત નાદ કરવા લાગ્યું. જેથી ભક્ત વત્સલ પ્રભુએ તેનો નાશ ક-

રાગ સાખી મરાઠી ચાલની.

વિકલ સૈન્ય વાંદરનું જોઈ, કોપ્યા શ્રી અવીનાશી;
સારંગ હાથ ધરી સર સાંધ્યું, વેગે વૈકુંઠ વાશી.
મુક્તા શોર થયું..............ઘણા રાક્ષસનું ઘાણ ગયું;
કાલકેતુએ જાલ કરી ત્યાં, બાણુતણી બહુ ભારી.
એક સરેથી શ્રી રઘુપતિએ, સત્વર સર્વે નીવારી;
વળી સર સંચર્યા..............ઘણાં દુષ્ટોના પ્રાણ હર્યા.
અર્ધ ચંદ્ર એક બાણ સાંધીને, માર્યું કરી અતી ક્રોધ;
કાલકેતુના શીશ છેદીઆં, પડયો પૃથ્વીમાં જોધ;
સૈન્ય સૌ વીખરાયું..............જાણ સતમુખને સર્વે થયું.

રવાની ઈચ્છાથી અત્યંત તેજસ્વી બાણને ધનુષમાં સંધાન કર્યું. તેની પ્રત્યંચા કર્ણ પર્યંત ખેંચી કે તે બાણની અંદરથી અગ્નીની જ્વાળાઓ નીકળવા લાગી. દશે દીશાઓ ભય ગ્રસ્ત ભાસવા લાગી. એવું અમોઘ બાણ ધનુષ્યમાંથી છુટતાંજ રાક્ષસો સઘળા ભયભીત થઈ ભાગવા લાગ્યા. કાલકેતુનાં પચીશ માથાં પૃથ્વી પાડી, બીજા હજારો રાક્ષસોનો નાશ કરી, તે બાણે પાછું રામચંદ્રજીના ભાથામાં પ્રવેશ કર્યો. અહીં રણસંગ્રામમાં કાલકેતુ પડયો કે તરતજ સતમુખને તેની ખબર મળતાં તેને આશ્ચર્ય થયું. અને વીચારવા લાગ્યો કે આવા વિજયશાળી અને મહા પ્રચંડ કોઈ ઠેકાણેથી પણ નહીં હાર પામેલા કાલકેતુનો નાશ કરનાર એવો તે કોણ હશે? નક્કી વિભીક્ષણનો સ્વામી રામજ હોવો જોઇએ પુંડ્રીકનું કરેલું વર્ણન સત્યતા ભરેલું થયું. હું દશાનન પર તેની નીર્બળતા વિષે હસતો હતો કે એક મનુષ્યના હાથે તે હણાયો. પણ આ કાલકેતુનો મારનાર એજ મનુષ્ય હોય તો દશ કંધના પરાક્રમમાં જરા પણ ખામી ગણી શકાય નહિ. પણ ઠીક, અહીં આવવાથી તે પ્રબળતાનું ભાન ભૂલી જશે, તેથીજ તેને દૈવે અહીં પ્રેર્યો છે. આમ વીચારતો સતમુખ એકદમ ક્રોધમાં લાલચોળ નેત્રો કરી સર્વ સૈન્યના અધીશ્વર સિંદુરનાદ નામના અસુરને આજ્ઞા કરી કે તેણે થોડીજ વારમાં મોટું લસ્કર તૈયાર કર્યું. સતમુખ પણ પોતાનાં આયુધો સજી તૈયાર

ગીતી.

સતમુખ સૈન્ય સજીને, આવ્યો છે શ્રીપતિની પાસ ખરે;
ધન્ય ધન્ય માનવને, જે મુજ સામે લડવા હામ ધરે.

ભેરવી.

નથી લંકા ગઢ લેવું, જાણો ને એ જરૂર;
રાવણ કુંભકરણ નથી હણવા, છે અહીં સતમુખ સુર. નથી૦
રાક્ષસો હણ્યા અપાર, તેહનો ચડયો છે ભાર;
ગર્વ નીવારી, તમને મારી, બદલો વારીશ, લ્યો ધારી;
દેહ નેહ છોડી આમ, આવીને કરો સંગ્રામ. નથી૦

થઇ તે લસ્કરની સાથે રણસંગ્રામમાં ચડયો. બહાર આવ્યો તો રામચંદ્રજી તેની રાહ જોઇનેજ ઉભેલા હતા. ત્યાં આવી મહા ગર્વથી ગંભીર વાણી કરી બોલવા લાગ્યો. અરે મનુષ્ય ! તમને ધન્ય છે કે તમે મારી સામે ઉભા રહેવાને પણ શક્તિમાન થાઓ છે. તમે પૃથ્વીમાંના રાક્ષસો પર વિજય મેળવ્યો તેની આશામાં ફુલાઇને અહીં આવ્યા છો, પણ તમારી મોટી ભૂલ થઈ છે. આ કુટુંબઘાતી વિભીક્ષણના કહેવાથી આખા સૈન્ય સાથે કાલ પ્રેરીત અહીં આવ્યા હોય એમ જણાય છે. નહીં તો શું લંકા ગઢપર વિજય કરવો છે, કે રાવણ કુંભકરણ વા ઇંદ્રજીત અતી કંપન આદી અલ્પ વિરોનો નાશ કરવો છે, કે પાતાલમાં પેશી અહી, મહીને મારવા છે, તેવું કાંઈ સહેલું કામ જાણશો નહી. અહીં તો પ્રબળતાના સો સમુદ્રો ઓળંગવા છે. પણ એવું જણાય છે કે તમે પૃથ્વીમાંના ઘણા રાક્ષસોને માર્યા છે, તેનો તમારાપર પુરેપુરો ભાર ચડયો છે. તેથી દૈવ પ્રેરીત પોતાની મેળેજ તમે અહીં આવી ચડયા છો તો હું તમને કોઇને પણ અહીંથી જીવતા જવા આપીશ નહીં એમ નિશ્ચય માની સાવધ થાઓ. અને તમારા બચાવ માટે જે કરવું હોય તે કરો. એમ કહી તેણે એક ઘોર ગર્જના કરી કે વાંદર અને રીંછો તો તે સાંભળતાંજ ભયભીત બની ગયા. ને મન સાથે વીચારવા લાગ્યા કે શું સતમુખનાં બોલેલાં વચનો સત્યજ થશે કે શું ? લંકામાં યુદ્ધ કરતાં કુંભ કર્ણ જેવાની સાથે બાથ ભીડતા જેઓને ભયનો જરા પણ

ગીતી.

વચન સુણી સત્મુખનાં, કરૂણાકરને ક્રોધ અનલ વ્યાપ્યો;
સારંગ સધ ચઢાવી, રથ સારથી ને ધજા દંડ કાપ્યો.
લક્ષ્મણ પણ સર સાંધી, ઘણાં તમીંચર તણો વિનાશ કર્યો;
દનુજ વિકલ દળ દેખી, આવ્યો સતમુખ સત્વર ક્રોધ ભર્યો.

ભાસ ન જણાયો હતો, તેવાઓ પણ આ સત્મુખની ગર્જનાથી કંપાયમાન થવા લાગ્યા, લંકામાં રાવણ કુંભકરણ કે ઇંદ્રજીત તેઓને અત્યંત બળવાન જણાતા હતા, પણ અહીંઆં તો તેના સૈનીક સુરોએ પણ તેઓથી વિશેષ બળવાન અને ભયંકર જણાવા લાગ્યા. તેથી તેઓનાં મુખ અત્યંત નિરતેજ બની ગયાં. કૃપાધન રામચંદ્રજીએ ગર્વથી બોલેલા કડણ વચનો સાંભળી અને તેની ગર્જનાથી ભય ગ્રસ્ત થયેલા પોતાના સૈન્યને જોઇ, તેમને એકદમ ક્રોધાનલ વ્યાપ્ત થયો—ક્રોધ ચડયો. લક્ષ્મણજીને યુદ્ધની આજ્ઞા આપી પોતે પણ સારંગ બાણ ચડાવી સત્મુખના રથ સારથી અને ધજાના દંડનું છેદન કર્યું લક્ષ્મણજીએ પણ અતી વેગથી બાણોનો વરસાદ કરતાં ઘણા રાક્ષસોનો નાશ કર્યો. આવું પોતાના સૈન્યનું પરાજય થતું જોઈ સત્મુખ એકદમ ક્રોધિત થઈ તરત બીજા રથપર બેસી લક્ષ્મણજીએ કરેલી બાણની જાળનું છેદન કર્યું. અને બીજાં એટલાં બધાં બાણો મુકયાં કે જેનો પારજ નહિ. ને તેનાં બાણો જાણે મહા ભયંકર ફુંફાડા મારતા સર્પો આવતા ન હોય એમ જોઈ રામનું સન્ય દશે દીશામાં ભાગવા લાગ્યું. જેથી વળી વિશ્વપાલક પરમાત્માએ પ્રચંડ કોપ કરી પચાશ બાણ મુકી સત્મુખના સર્વ બાણનો વિનાશ કર્યો. અને બીજાં એક હજાર બાણ મુકી તેનાં સોએ મસ્તક છેદન કર્યા. એટલામાં એક મોટું આશ્ચર્ય થયું કે જેટલા તેના રૂધીરના બીંદુ પૃથ્વી પર પડયા તેમાંના એક એક બીંદુમાંથી સો સો સતમુખ રાવણ ઉત્પન્ન થવા લાગ્યા. તેવા હજારો બીંદુ પૃથ્વી પર પડતા આવે ને લાખો સતમુખો થઈ સમર ભુમીમાં મારામાર કરે. જેમ જેમ રામચંદ્રજી ઘણાં ઘણાં બાણ મારે તેમ તેમ અસંખ્યાત સત્મુખ ઉત્પન્ન થઈ યુદ્ધ ભૂમીમાં ત્રાસ મચાવે. આ વખતે વાંદર અને રીંછોને વીમાસણ થવા લાગ્યું. તેઓ

મરાઠી સાખી ટુંકી ચાલની.

બહુ બાણ મુકી મહીપતિને, છેદી છે સર જાલ;
વળી સરો છુટયાં સતમુખનાં, જાણે ઉરગ કરાલ.
મરકટ ભટભાગ્યાં ભાળીને, કોપ્યા શ્રી અવીનાશ:
સબળ સરો છેધાં સત મુખનાં, મુકી બાણ પચાશ.
સહસ્ત્ર બાણુથી સત શીર છેધાં, સતમુખ તણાં સુજાણ;
કૌતુક એક હવું તે વખતે, શ્રવણ કરો મુજ વાણ.

વીચાર કરવા લાગ્યા કે જરૂર અહિ સર્વેનો વિનાશ થશે તેમાં સંશય નથી. કેમકે આ વખતે વાંદરાઓ કરતાં સતમુખની સંખ્યા તેઓને વધારે ભાસવા લાગી. વળી પ્રતીક્ષણે તે વધતીજ જતી હતી. સત મુખનાં યુથનાં યુથ લાખો વાંદરાઓની પાછળ પડી તેમનો નાશ કરવા લાગ્યા, અને દશે દીશામાં સતમુખોએ વાંદરા અને રીંછોનો ઘાણ વાળવા દોડાદોડ કરી મુકી. રામચંદ્રજીના મોટા: મોટા સૈનીકો જે સુગ્રીવ, હનુમાનજી, અંગદ, રૂક્ષરાજ, જાંબુવાન, નલ નીલ, ગય, ગવાક્ષ, દૃયંદ, અને મયંદ, તેમ સુખેણ, વગેરા પ્રચંડ યોદ્ધાઓને હજારો સતમુખોએ સાથે મળી મૂર્છા આપી. પછી લાખો સતમુખો એક સામટા લક્ષ્મણજીને ઘેરી તેમને પણ મૂર્છા આપી. અને ફરી અકેક વાંદરની પાછળ અકેક સત મુખ પડી જરા વારમાં આખા લશ્કરને અચેત બનાવી દીધું. હવે આખી રણભુમીમાં માત્ર રામચંદ્રજીજ યુદ્ધ કરનાર હતા. તેમને તમામ સત મુખોએ ઘેરી ચારે તરફથી અસંખ્યાત બાણ વૃષ્ટી કરવા માંડી. રામચંદ્રજી: પણ ઘણા ક્રોધથી રણભૂમિમાં ઝુઝવા લાગ્યા, પણ જેમ જેમ પોતાના વિજેતા વીશીખનો (બાણોનો) પ્રહાર કરવા લાગ્યા છતાં જરા પણ વિજય મળવાની આશા તેઓને જણાઇ નહીં. તેના વર પ્રભાવે ઘટવાને બદલે અત્યંત વૃદ્ધી થતી જોઈ સમયની વિચીત્રતાને વિચારી જેના કટાક્ષવડે કાલ પણ કંપાયમાન થાય છે એવા અખંડાત્મા પૂર્ણ બ્રહ્મ રામચંદ્રજીએ: પણ રણસંગ્રામમાં શયન કર્યું.

સતમુખ આ વખતે સમ્પૂર્ણ વિજય મેળવવા શક્તિમાન થયો, અને સમરાંગણ પુરૂં થતાં ઉત્પન્ન થયેલા સર્વે સતમુખો અદ્રશ્ય થયા પછી એકલો

રૂધીર બીંદુ ઉડયા અવની પર, સતમુખ તણા અનેક;
એક બીંદુથી સત સત રાવણ, ગણતાં નાવે છેક.
જેમ જેમ રઘુપતિ સર મારે, ઉપજે સત મુખ તેમ;
વાંદર સૈન્ય વિમાસે મનમાં, આંહી ન થાશે ક્ષેમ.
સતમુખ સર્વ દીશામાં દોડે, ભાગે વાનર યુથ;
સહસ્ત્ર કોટી સતમુખ રણમાંહી, મારે સૈન્ય વરૂથ.
મોટા યોદ્ધા પવનપુત્ર સમ, પડયા સરવ રણમાંય;
લક્ષ્મણને ઘેરી સતમુખ બહુ, આપી છે મુરછાયે.
રામ રોશથી રણમાં ઝુઝે, વળી અંતર ગભરાયે;
નજર કરે જ્યાં જ્યાં રઘુપતિ ત્યાં, સત મુખ નહીં સમાયે.

રહેલો સાચો સતમુખ પોતાનું બાકી રહેલું સૈન્ય લઇ વિજય ધજા ફરકાવતો પોતાના શહેરમાં ગયો.

સતમુખ ગયો એવું જોઈ રામચંદ્રજીએ તરતજ ફરીને સર્વ સૈન્યમાં ફરીને જોયું તો, વાંદર અને રીંછના અઢાર પદ્મ દળમાં લક્ષ્મણજી સહીત સર્વે મુર્છીત થએલા તેઓના જોવામાં આવ્યા. કોઇપણ સાવધ નથી એવું જોઈ શ્રી રામચંદ્રને વિચાર થયો કે પ્રતિજ્ઞાનો સમય પુરો થવાને હવે થોડો જ વખત છે. આટલીવાર સુધી યુધ ચાલતાં કાંઇ ન થયું તો હવે માત્ર બે પ્રહરમાં શું થવાનું છે? મારાં વિશ્વ વિજેતા અપૂર્વ બાણો પણ તેના વર પ્રભાવે તેના નાશને બદલ વૃદ્ધિના કારણરૂપ બન્યા, તો તેની સાથે યુદ્ધ કરતાં કેવી રીતે વીજયની આશા રાખી શકાય? ખરૂં જોતાં સત મુખે મને પુરેપુરોજ હરાવ્યો છે. મારા અગાધ લશ્કરમાંથી તેણે એકને પણ એવો રાખ્યો નથી કે જેને પુછવાથી તે જવાબ આપે. બધા બેશુદ્ધીમાંજ છે. સતી! તારા વચનોનો ભાવાર્થ તે વખતે મને બરાબર નસમજાયો, પણ આ વખતે હું પુરેપુરૂ સમજ્યો છું. ધન્ય છે, પતિવ્રતા સતી તારા સત્ય ભાષણને તે વખતે તેં મને મીથ્યાભીમાન કરતો અટકાવ્યો. મારા કોપની પણ તેં દરકાર ન કરતાં મને સાચાંજ વચનો સંભળાવ્યાં અને તે જ ક્ષણે વિભીક્ષણે તારા વચનોની સત્યતા કરી એ ઠીકજ થયું, નહીં તો સાહસ કરી હું તારૂં

એમ વિચારી વિશ્વ પતિએ, રણમાં કર્યું શયન,
સત મુખ વિજય ધ્વજા ફરકાવી, મલકાયો બહુ મન.
સમરાંગણ સમ્પૂર્ણ થયું ત્યાં, માયા થઈ વિદાએ;
એક રહ્યો સાચો સત મુખ તે, પોતો પુરની માંએ.
પછી ઉઠીને અવધપતીએ, નજર કરી રણમાંએ;
પદ્મ અઢાર સૈન્ય પોતાનું, પડયું પૃથ્વીમાં ત્યાંએ.
સર્વ સૈન્ય સંભાળી જોયું, નથી કોઈ હુશીયાર;
વિર પડયા નીચ્ચેષ્ટ થઇને, રઘુપતિ કરે વિચાર.

રાગ માલકોશ.

અરે દુષ્ટ આ કેમ પામે વિનાશ, પ્રતિજ્ઞા જશે જે કરી છે પ્રકાશ. અરે૦
અતી તીવ્ર બાણો શરીરે જતાં, જોઉં લક્ષ રૂપો રૂધીરથી થતાં. અરે૦
ખરે સતમુખે હાર આપી મને, સહુ સૈન્ય મારૂં વીખેર્યું વને. અરે૦
હવે જાનકીનું ધરૂંછું હું ધ્યાન, ખરે આદી શક્તિ પ્રબળ છે મહાન. અરે૦

અપમાન કરત અને હમણાં તે માટે મારે ખરેખરી દીલગીરી કરવી પડત. જે થયું તે ઠીકજ, પણ હવે મારી પ્રતિજ્ઞા કેમ જળવાય, અને સતમુખના નાશનો ઉપાય મને કોણ બતાવે. એમ મનો ગત વિચાર કરતાં પ્રભુને કંઇ યાદ આવ્યું હોય તેમ મનમાંજ બોલવા લાગ્યા. બરાબર છે કે જે સતમુખ સૃષ્ટીના કયા ભાગમાં રહે છે એમ દુનીયામાં કોઈ જાણતું નહતું. તે જેણે પોતાના સતીત્વના પ્રભાવથી જાણ્યું, તો તે પતિવ્રતા સતી તેના નાશનું કારણ બને એમાં સંશય જેવું નથી. માટે મહા શક્તિમાન મહાસતી સીતાનું હું ધ્યાન ધરૂં કે તે આવી સતમુખનો સંહાર કરે. અને તેથી પણ મારી પ્રતીજ્ઞા પુરી થઈ ગણાશે. કેમકે સ્ત્રી પણ પુરૂષનું અર્ધું અંગજ ગણાય છે. એમ વિચારી રામચંદ્રજી મહા સતી જાનકીજીનું ધ્યાન કરવા લાગ્યા.

વાંચકવૃંદ યાતો ભગવદ્ ભક્તો! આટલે સુધી આ કથા પ્રસંગ વાંચતાં આપને ઘણા *સંશયો ઉદ્દ્ભવિત થયા હશે. અને થાય, એ સમ્ભવિત છે.

---

* વાંચનાર ગ્રહસ્થો આ કથાનો પ્રકાર ઘણોજ વીચીત્ર છે. કેમકે તે કથા અદ્દભુત રામાયણની હોવાથી તેનું દરેક વર્ણન અદ્દભુતતા સુચન કરે છે.

મરાઠી શાખી ઠુંકી ચાલની.

ધ્યાન ધર્યું જ્યાં શ્રી રઘુપતિએ, સીતાનું મનમાંયે;
તેજ ક્ષણે આવીને ઉભાં, પ્રસન્ન થયા જગરાએ.
કહો નાથ શી આજ્ઞા અમને, દેવી વદે વચન;
કરૂણા કર કહે કમળાક્ષીને, કરો સૈન્ય સજીવન.
સત્ય વચન સરવે સતી તારૂં, સતમુખ મહા બળીષ્ટ;
શેષ પોર એ રયા બાકીના, થાય પ્રતિજ્ઞા ભ્રષ્ટ.
આદ્યશક્તિ તું સબળ ત્વરાથી, સતમુખ કર સંહાર;
સ્વામી હુકમને શીરપર ધારી, સતી થયાં તૈયાર.
કરી સજીવન સર્વ સૈન્યને, વદે વચન સીતાએ;
સકલ સૈન્ય લઈ જાઓ કહ્યું ત્યાં, સતમુખ તો જીતાએ.

કારણ કે જગત નીયંતા રામચંદ્રજી પૂર્ણ બ્રહ્મ જેના અગાધ યશનું વર્ણન આદી કવી શ્રી વાલ્મીક રૂષિએ કરેલું છે. જેના એકેક રોમમાં હજારો બ્રહ્માંડોની ગણના યોગવ્રતીને પાર પહોંચેલા અને સંપૂર્ણ જ્ઞાનીઓ કરી રહ્યા છે. બ્રહ્મરૂપે જેનું નિરૂપણ કરતાં સાક્ષાત વેદો પણ નેતિ નેતિ કહી વિરામ પામે છે. જેની ઇચ્છા માત્રથી અનંત બ્રહ્માંડો ક્ષણમાં ઉત્પન ને નાશ થાય છે. જે પ્રભુ સમસ્ત લોકમાં રહેલા સ્થાવર જંગમ-ભુત પ્રાણી માત્રમાં એક સરખા વ્યાપી રહ્યા છે. આવા મહા સમર્થ પ્રભુ એક સતમુખ જેવાથી હારી જઇ આટલી બધી ચિંતા કરે, વળી દશમુખ (રાવણ) જેવા ને મારી

હાલના સમયમાં ઘણા મસ્તકો અને ઘણી ભુજાઓનું જે વર્ણન છે, તેમ કરોડો જોજનના રસ્તાનો વિસ્તાર વળી માયાવી પુરનો અદ્દભુત (અનાધાર) પ્રકાર ને દેવીના સ્વરૂપનું વર્ણન, એ સર્વ ખરાપણા વિષે સંશય ઉપજાવે એવું છે. તો તે વિષે કંઇ ખુલાસો કરવો અગત્યનો ગણાય. પ્રથમ તો મારે આ આખ્યાન લખવાનો હેતુ માત્ર પતિવ્રતાનો ઉત્કૃષ્ટ વિજય વર્ણન કરવાનો અને તે, આમાં બરાબર છે. (વળી દેવી ભક્તોને અનુકુલ થાય) તેથીજ એની ગુજરાતી ભાષાથી રાગોમાં ગોઠવણ કરી કથાના રૂપમાં તૈયાર બનાવ્યું છે. હવે બીજો ખુલાસો એકે કેટલાક ગ્રંથોમાં કવિઓની અતીશયોક્તિ ભરેલી

રાગ—પહાડી.

ગુફામાં જાઓ સર્વ સૈન્ય સહ તમેજ સ્વામી,
નીકળશો બા'રના કહુંછુ હવે શીશ નાંમી. ગુફામાં૦
આવું અસુર ઝટ મારીને, થશે નહીં બહુ વાર,
માટે મન દૃઢ રાખીને, બેશો સૌ આ ઠાર;
ધરી જડતા કદી કોબા'ર આવી ઉભો રયો;
જાણો જગદીશ તે ખરેખરો બેહાલ થયો. ગુફામાં.

પોતાની મહતાનો પોતે પ્રકાશ કરે, તેમ ફરી સતમુખને મારવા પોતાની સ્ત્રી સીતાનું ધ્યાન ધરે, એવું કેમ બને? એમ સર્વને સંશય થાય એ સ્વાભાવીક છે તો તે વિષે મારી યતિકંચીત મતી અનુસાર અહીં થોડો ખુલાસો લખીશ તો અયોગ્ય નહીં ગણાય.

પૃથ્વીપર પ્રખ્યાતી પામેલા પરાક્રમી અને વીજયી વીર રાવણનો નાશ વાંદરાઓ અને રીંછોના સૈન્ય સાથે રામચંદ્રજીએ કર્યો. અને તે લંકાના

બાબતો જોવામાં આવે છે. જેમકે શ્રીમન વ્યાસ પ્રણીત મહાભારતમાં એક ઠેકાણે અર્જુનના બાણની વિષેસતા બતાવવાને લખ્યું છે કે, " અર્જુનના ધનુષ્યમાંથી બાણ છુટતા પહેલાં કૌરવોનું સૈન્ય જમીનદોસ્ત થયું " આ પરથી સમજવાનું છે કે અર્જુનનું બાણ છુટે નહીં તેથી પહેલાં કૌરવનું સૈન્ય જમીનદોસ્ત કયાંથી થાય ? તે પરથી વિચારવું જોઇએ કે આ ઠેકાણે વ્યાસજીએ અત્યંતાતિશયોક્તિ રચી છે. તેમ આ કથામાં પણ ઘણી જગોએ તેવું જોવામાં આવે છે. જેમકે રસ્તાના અનહદ વિસ્તારનું. દેવીના સ્વરૂપનું, અને માયાવીપુરનું વર્ણન પણ તેવાજ પ્રકારનું છે. વળી સો મસ્તક, પચાશ અને પચીસ મસ્તક, ને તેનાથી બમણી ભૂજાઓ, એ વિષય રૂપાંતરનો છે. તે ઠેકાણે જેટલાં માથાં કે ભુજાઓ હોય તેટલા યોદ્ધાઓનું કૌવત તેમાં છે એમ સમજવું જોઇએ. કેમકે પુરાણોમાં ઘણી જગોએ ખગોળની કેટલીક સમજ પાડવાને ચંદ્ર અને તેને લગતા તારાઓ ને રૂપાંતર આપી કેટલીક વાતો જોડી કાઢેલી આપણા જોવામાં આવે છે. તે પ્રમાણે આ વિષય સમ્બંધી પણ સમજી લેવું.

માટે વચન મુજ માનીને, રાખી ઊર વિશ્વાસ;
બેસો બા'ર ન આવશો કહુંછું સત્ય પ્રકાસ;
ધરી જતા કદી કો બાર આવી ઉભો રહ્યો;
જાણો જગદીશ તે ખરેખરો એ હાલ થયો. ગુફામાં૦

અપાર યુદ્ધમાં વીર વાંદરો અને રીંછોએ અદ્દ્ભુત પરાક્રમો કર્યા હતાં. લક્ષ્મણજીએ પણ ઇંદ્રજીત વગેરે અજીત રાક્ષસોનો વધ કરી વિજયમાં બરાબર સહાય કરી હતી. અને હનુમાનજીએ પણ એવાં પરાક્રમો કર્યાં હતાં, કે જેથી રામચંદ્રજી તેમના પર અત્યંત પ્રસન્ન રહેતા. આ વિજય થયા પછી તમામ વાંદર તથા રીંછોને લક્ષ્મણજી સુદ્ધાં સર્વને પોતાના બળ વિષે ગર્વ રહ્યો હતો તે ખોટો મોહ નિવૃત કરવાને આ સતમુખના સંગ્રામનું પેહેલું કારણ હતું

બીજું કારણ એ કે દરેક વખતે રામચંદ્રજીએ તો પોતાના અમાનુપીક માણસથી ન બની શકે તેવા કૃતવ્યો બતાવતાં, પ્રત્યેક ભક્તોને રામચંદ્રજી પુર્ણ બ્રહ્મ નારાયણ છે, એવી સમ્પુર્ણ ભાવના સ્થીર રહી હતી. પણ સીતાજી જો રામાવતાર પરમાત્માની મહા માયા હોય તો, રાવણ તેને આટલું બધું કષ્ટ કેમ આપી શકે? તે સંશય નીવૃત કરવા આ મહાન કાર્ય સતી શીરોમણી મહા માયા શીતાજીના હાથે કરાવવાની ઇચ્છિાથી પરમાત્મ શ્રીયુત રામચંદ્રજીએ યદ્રચ્છાએ આ કાર્યની ઉત્પત્તિ કરાવી, પોતાની પ્રબળ શક્તિ મહામાયાનું કેવું પરાક્રમ છે તે સર્વ સૈન્ય તથા આખા વિશ્વને પ્રત્યક્ષ બતાવ્યું. (એ બીજું કારણ.)

વળી ત્રીજું કારણ તેનો વરદાન પ્રભાવ હતો. કદી સ્વઇચ્છાથી તેઓ ગમે તેમ કરી શકે, પણ રામચંદ્રજીનો અવતાર શ્રુતીપથ પાળક (વેદના રસ્તાનું પાલન કરનાર) નીતીમય હોવાથી તેને દેવો તરફથી મળેલા વરદાનો કેમ નષ્ટ કરે? તેમ મનુષ્યનું શરીર ધારણ કરેલું હોતાં તે પ્રમાણે તેનો ચીતાર પણ આપવો જરૂરનો હોવાથી, તેમ કરતાં તેઓને જોઇ અલ્પજ્ઞ મનુષ્યોને વિસ્મયતા પ્રાપ્ત થયા વીના રહેજ નહીં. તેમના સમર્થ સેવકો તો કોઇપણ વખતે પોતાના હૃદયમાં કદીપણ સંશયને સ્થાન આપતા નથી. કેમકે એક જાદૂગર અદ્ભૂત ખેલો કરી અનેક પ્રેક્ષક વર્ગને આશ્ચર્યમાં ગરકાવ કરે

રાગ ભેરવી.

કેવું રૂપ ધર્યું અતીશે કરાલ અસુર સંહારવાને ધરી ઉર વાલ કેવું૦
અઢાર ભુજાને ધારી આયુધો લીધાં સંભારી,
શીશ જેનું સ્વર્ગમાં ચરણ પાતાલ. કેવું૦
મુંડ તણી માલ ધરે ખપર લીધું છે કરે,
દળ બળ ટાળી દેવી કરાળી જય ભય હારી નમું નમું. કેવું૦

છે. પણ તેજ ખેલો તેના શિષ્યને જરાપણ હેરત પમાડી શકતા નથી. તેજ પ્રમાણે તેના ભાવીક ભકતો તેની પ્રબળ માયાને પારખી મોહમાં સપડાતા નથી. માટે સજ્જન પુરૂષોએ તો સંપુર્ણ સ્નેહથી દૃઢતા પુર્વક પરમાત્માની અચળભકતી કરી જીવરૂપ ગ્રંથીનું છેદન કરતાં અમર આત્માને જન્મ મરણના કષ્ટથી મુક્ત બનાવી હૃદયસ્થ (હૃદયમાં રહેલા) રામચંદ્રજીનું સદાકાલ ધ્યાન ધરવું. કે જેથી મનુષ્ય જન્મની કાર્ય પુર્ણતા થાય એજ વાંચકવૃંદ પ્રતિ અભ્યર્થના છે.

ઉપરોક્ત કારણથી પરમાત્મા શ્રીમત્ રામચંદ્રજીને સીતાજીનું ધ્યાન ધરવાની જરૂર પડી. ધ્યાન ધર્યું કે; મહા માયા સતી સીરોમણી સીતાજીએ સ્વામીનું સંકટ જાણી સમરાગણમાં તેજ વખતે પ્રગટ થયાં. રામચંદ્રજી તેમને જોતાં ઘણાજ ખુશી બની બોલ્યા, સત્યવક્તા સતી ! તારા ઓચરેલા શબ્દો સર્વ સાચા થયા છે. આ સતમુખને જીતવો અતી દુર્ઘટ હોવાથી મેં તારૂં ધ્યાન કર્યું છે. દેવી ! આ સઘળું સૈન્ય પૃથ્વીપર પરાજીત થઈ પડેલું છે અને સમરાગણમાં (રણક્ષેત્રમાં) સંત્તપ્ત થઈ મારે તે બધાની સાથે સુઈ જવાની જરૂર પડી હતી. મારી પ્રતિજ્ઞા પુર્ણ થવાને હવે પુરા બે પહોર પણ નથી, માટે સતી પ્રથમ આખા લશ્કરને સચેતન્ય બનાવી પછી ત્વરાથી સતમુખનો નાશ કર. એવાં વચન વિશ્વ સ્વામીનાં સાંભળી સીતાજી બોલ્યાં, નાથ ! આપના હુકમને હું શીરપર ધારણ કરૂંછું એમ બોલી મહા સતીએ અમૃત દૃષ્ટીથી નીહાળતાં, સર્વે સૈન્ય સજીવન થયું, અને જગદંબા જાનકીના ચરણને તે સર્વેએ પ્રણામ કર્યા. ત્યારે ફરી સીતાજી પાછાં રામચંદ્રજીને કહેવા લાગ્યાં, સ્વામીનાથ ! આપની આજ્ઞા પ્રમાણે સતમુખનો નાશ કરવા

મરાઠી ચાલની સાખી.

રણમાં જામ્યું યુદ્ધ અતીશે છુટે બાણ અનંત
ગરજે ઘન આશાઢી જેવો શોર કરે બળવંત
અંત સૌ અસુર તણો......આવ્યો છે આ વખતેજ ગણો
સતમુખ દળને ક્ષણમાં હણીકે (જ્યારે) રહ્યા એકલો આપ
કરી ગર્જના ઘોર અંતરે આણી ક્રોધ અમાપ
ભેદી બ્રહ્માંડ ગયું......જાણ જગદીશ્વરનેજ થયું
પવન પુત્ર પ્રભુ પાસે આવી બોલ્યા મુખથી વાણ

હું તૈયાર છું; પણ સમય ઘણો થોડો છે છતાં મારા કહેવા પ્રમાણે કરો તો સત્વરથી હું સતમુખનો નાશ કરૂં. તમે આપણા લશ્કર સહીત પાસેના પર્વતની ગુફામાં પ્રવેશ કરો અને કોઇને પણ બહાર નીકળવા આપશો નહીં. હું હમણાંજ તે દુષ્ટનો નાશ કરી આવુંછું. મારા વચન પર વિશ્વાસ લાવી ત્યાં બેસો કોઇપણ મારી આજ્ઞાને ઉલંઘન કરી બહાર આવશે તો જરૂર બેહાલ થશે, માટે નાથ ! કોઇને પણ બહાર નીકળવા દેશો નહીં.

આ પ્રમાણે સીતાજીનાં વચન સાંભળી તમામ સૈન્ય સાથે શ્રીરામે પાસેની પર્વતની ગુફામાં પ્રવેશ કર્યો. પછી અહીં જાનકીજીએ પોતાના સ્વરૂપને પ્રચંડતા આપી એક જરાવારમાં તો દેવીનું મસ્તક અંડજ ફોડી સ્વર્ગ સુધી પહોંચ્યું અને ચરણ કમલ પાતાલની અંદર ગયા. સતમુખના નાશની ઇચ્છાથી જેણે મહા ભયંકર ડાઢોવાળું વદન વિકાસ્યું છે, અને અઢારે ભુજાઓમાં કાલદંડ જેવા અસ્ત્રાસ્ત્રની સાથે ખપરને પણ ધારણ કર્યું છે. માણસના મુંડ (મસ્તક) ની માળા કંઠ વિષે પહેરી વસ્ત્રાભ્રણથી સજ થઈ સમરભુમીમાં મોટી ગર્જના કરી કે જે સાંભળતાં સતમુખનેએ ભય પ્રાપ્ત થયો પણ પોતાને મળેલા વરદાનના પ્રભાવે તે પાછો નીરભય બન્યો. અને તમામ લશ્કરને એકઠું કરી યુદ્ધ ભુમીમાં આવ્યો. ત્યાં મહા માયાની અતી ભયંકર પ્રતીમા (સ્વરૂપ) જોતાં તેના વિજયી યોધાઓ પણ ભયભીત બની ગયા. તે જોઈ તેમને ધીરજ આપવાના હેતુથી સતમુખે પોતાનું ઉન્નત અને ભયંકર શરીર બનાવી દેવી સામે આવી એવી ગર્જના કરી કે જાણે આશાઢી

શ્રીપતિ આજ્ઞા અમને દીજે એ યુદ્ધ જોવું જાણુ
દાસ પર દયા ધરી........હામ પુરોને શ્રી હરી
રઘુપતિ આનંદ આણી બોલ્યા સાંભળ કપીવર વાણુ
ત્યાં જોવામાં માલ નથી કંઇ એતો નીશ્ચય જાણુ
છતાં મરજી તારી........જોઇને આવ યુદ્ધ ભારી
આજ્ઞા પામી કપીવર ત્યાંથી વીવર બા'ર જ્યાં આવે
વીકટ ભયંકર રૂપ દેવીનું સુધ બુધ સર્વ નસાવે
પડયાં મુર્છા ખાઈ........કપીવર શક્તિ કંઈ ન રહી.

મેઘ ગર્જના કરતો હોય, તેમ જણાવા લાગ્યું. તેથી તેના સૈનીકોને ધીરજ આવી અને લડાઈ શરૂ થઇ, હમણાં જ મળેલા વિજયથી મદાંદ્ધ થયેલો સતમુખ આખા સેન્ય સાથે સાક્ષાત મૃત્યુ પ્રેરીત થઈ સ્વયં (પોતાની મેળે) કાળના મુખમાં જતો હોય તેમ આખા સેન્ય સહિત આગળ વધી અસ્ત્રાસ્ત્રનો અગણીત વરસાદ કરવા લાગ્યો. અમીત મેઘધારાની પેઠે થતી હથીઆરોની વૃષ્ટીને જોઇ સમર્થ દેવીએ પતિવ્રતાના પરમ દૈવત્યે પોતાનું શરીર વજ્ર કરતાંએ કઠોર બનાવ્યું. કે જેથી તેઓનાં મુકેલાં તમામ શસ્ત્રો વ્યર્થ જવા લાગ્યાં. પછી મહા પ્રબળ શક્તિએ વિજળી જેવાં અસંખ્ય બાણો અનુક્રમે છોડયાં કે ટપોટપ પડતા સતમુખના કરોડો સૈનીકોનો જરાવારમાં નાશ થઈ ગયો. આ વખતે સતમુખને એવો ક્રોધ આવ્યો કે તેના નેત્રોમાંથી અગ્ની વરસતો હોય તેમ જણાવા લાગ્યું; તેણે ક્રોધાવેશથી એવી ગર્જના કરી કે તેનો પ્રચંડ ધ્વની સમસ્ત બ્રહ્માંડને ભેદી અખીલ વિશ્વમાં વ્યાપ્ત થયો. પછી તેણે લાખો બાણો કર્ણ પર્યંત પ્રત્યંચા તાણી એવાં મુક્યાં કે જાણે આખા વિશ્વને બાળી નાંખશે કે શું? પણ મહાદેવીએ તરતજ ત્રીસુલવડે તેનાં તમામ બાણો વ્યર્થ કર્યાં. અને બીજા લાખો બાણોનો પ્રહાર કરી તેના આખા લશ્કરનું નીકંદન કરી નાંખ્યું.

અહીં ગુફાની અંદર રામચંદ્રજીની બાજુમાં બેઠેલા હનુમાનજીએ પ્રલય કાળના જેવી ગર્જનાઓ પર ગર્જનાઓ થતી સાંભળી. સમરોત્સાહી (યુદ્ધમાં ઉત્સાહ ધરાવનારા) મહાવીરને તે યુદ્ધ જોવાની ઘણીજ પ્રબળ ઇચ્છા થઈ.

ગીતી.

બ્રહ્મા કહે ભવપતિને સર્વે હકીકત મહેશને કૈએ,
તુમુલ યુદ્ધ કયાં થાએ ત્રણુ જણુ મળીને તે સ્થળમાં જઇએ
એજ સમયમાં આવી સર્વે વિગત પશુપતિએ શીઘ્ર કહી
આજ જાનકી હાથે સતમુખ રાવણુ નાશ થશેજ સહી.

તેથી પ્રભુ પાસે હાથ જોડી પ્રાર્થના કરી કહેવા લાગ્યા. ભક્ત વત્સલ ! દયા નીધી પ્રભુ મને આ યુદ્ધ જોવાની ઘણી જ હોંશ થાએ છે તેથી આપ દયા કરી આજ્ઞા આપો તો આ સેવક પોતાની ઇચ્છા પુરી કરે. તે સાંભળી રામચંદ્રજી બોલ્યા પરમ ભક્ત પવનપુત્ર ! આ તમારી માંગણી જો કે અયોગ્ય છે (કેમકે સતીએ કોઇને બહાર જવાની મના કરી છે) પણ તમે યુદ્ધોત્સાહી હોતાં તમને આ ભયંકર સંગ્રામ જોવાની તીવ્ર ઇચ્છા થઈ છે તો હું તમને રજા આપું છું ભલે તમે તે યુદ્ધને જુવો. પણ દેવીના વચનને વિચારતાં તેમાં તમને કંઈ ફાયદો થાય એમ નથી. આમ પ્રભુનાં વચનો સાંભળ્યા છતાં જેની નસે નસમાં વીરતાનો ઉગ્ર પ્રવાહ વહ્યા કરે છે તેવા હનુમાનજીએ તેનો વિચાર ન કરતાં માત્ર પ્રભુની આજ્ઞા મળી છે એવું સમજી રણોત્સાહી અંજની પુત્ર પ્રભુને પ્રણામ કરી ત્યાંથી ચાલ્યા. જ્યાં ગુફાના દ્વાર પાસે ઉભા રહી નજર કરી કે ભયની એક બુમ પાડી અચૈતન્ય થઈ પૃથ્વીપર પડયા. વાંચનાર ! તે શાથી ? માત્ર આદ્યશક્તિના અદ્ભુત રૂપની ભયંકરતા જોઇનેજ. જે હમણાંજ મેરૂ પર્વત જેવડું રૂપ ધરી અઢાર પદ્મ વાંદરોને પોતાની ભૂજાઓ ઉપાડનાર, લક્ષ્મણજીની મુર્છા વખતે હજારો યોજનથી દ્રોણાચલ જેવા પર્વતને મુળમાંથી ઉખેડી લાવનાર, સો જોજનના સમુદ્રને ઓળંગી કરોડો રાક્ષસની મધ્યમાં આવી રાવણુના પ્રીય પુત્ર અક્ષય કુમારનો નાશ કરનાર, અને લંકાને આગ લગાડનાર, વળી, પાતાલમાં અસંખ્ય રાક્ષસોથી રક્ષાયલા અને વર પ્રભાવે ઉન્મદ બનેલા અહીરાવણુ મહીરાવણુને મારી પોતાના સ્વામી રામલક્ષ્મણુને ત્યાંથી લાવનાર, કરોડો વાંદરાઓના ભક્ષક કુંભકરણુ જેવા મહા બળવાન રાક્ષસને મુષ્ટી પ્રહારથી મુર્છા આપનાર, અને જન્મતાંજ સુર્યને પકડી ગળી જનાર, મહા-

રાગ-ગગન ગભીરસેં ગાત એ રાહ.

આણીને પ્રચંડ રીશ, કરી ગર્જના મહીશ,
મુક્યાં બાણુ સસ્ત્ર વીશ ક્રોધ ધારીને અતી;
મહાકાળીના મુખમાંય પડ્યાં બાણુ આવી ત્યાંય,
અસુર મનમાં ખીજાય જોઈ દેવીની કૃતી.
માયા રચી છે અપાર, પ્રલયકાલનો પ્રચાર.
કર્યો ઘોર ત્યાં અંધાર વાયુ વેગથી વહે;
કડાકા વિજળીના થાય, તારા તુટે નભ માંય,
ધરા કંપે છે ત્યાંય શેષ ભાર ના સહે.
દેવી કોપ્યાં અપાર, કર્યો ધનુષનો ટંકાર;
થતાં બાણુનો પ્રચાર સર્વ નાશ પામીઉં;
વળી સાંધ્યાં સતબાણુ લાગ્યાં શીરમાં પરમાણુ,
ઢળે શ્રોણીત ત્યાં જાણુ, વહન પૃથ્વીમાં થયું.

વીરને મુર્છા આવી એવું તે કેવું ભયંકર સ્વરૂપ તેણે જોયું હશે ? ઘણુંજ ઉગ્ર ઘણુંજ ભયંકર શ્રોતાજનો ! જેની વક્રદષ્ટી જોતાં મહાકાલ પણુ લય પામી જાય, તેની વક્રતાનું કોનાથી વર્ણન થઈ શકે ? તે કાલરાત્રી મહાદેવીને જોતાં મહાવીરને મુર્છા આવે એ સંષય જેવું ગણાય નહીં.

સતમુખ અને દેવીની બ્રમાંડ ભેદક ગર્જનાઓ શ્રવણુ કરી પીતામહ બ્રહ્મા, વિષ્ણું પાસે વૈકુંઠમાં આવી પુછવા લાગ્યા. પણુ તેજ વખત ત્યાં મહાદેવજીએ આવી તમામ વૃતાંત કહ્યું–પછી બોલ્યા કે આજ જાનકીજીના હાથે સતમુખ રાવણુનો અવસ્ય નાશ થશે. આ સાંભળી સર્વને તે યુદ્ધ જોવાની ઇચ્છા થઈ અને પોતપોતાના વાહનપર બેશી ત્યાંથી ચાલ્યા. એ ત્રણે મોટા દેવોને યુદ્ધ જોવા જતા જોઈ, ઇંદ્ર પણુ સમસ્ત દેવગણો સાથે વિમાનમાં બેશી તેમની સાથે થઈ આકાશનાં વિમાન અને વાહનો સ્થીર કરી સર્વ યુદ્ધ જોવા લાગ્યાં.

હવે સમરભુમીમાં માત્ર એકલોજ રહેલો સતમુખ પોતાનું સર્વ સેન્ય નાશ થવાથી અત્યંત ક્રોધાયમાન થઈ મોટી ગર્જનાઓ કરતો એકદમ

થયા એકમાં અનેક ગણતાં ન આવે છેક,
ઘેરી દેવીને વિષેક માર માર ત્યાં કરે;
વિચારી દેવીએ ત્યાં વાત, કરવા અસુર તણી ઘાત,
જીભ કરી જોજન સાત, ઉપર અસુર સૌ ફરે.
પછી કરીને હુંકાર બાણુ મુકયાં અપાર,
થયો સર્વનો સંહાર એક સત મુખ રહ્યો;
દેવીએ કરી વીચાર લીધો કરની મોઝાર,
તોડયાં ઝુંડ તેણીવાર વિજય દેવીનો થયો.
ક્રોધ વ્યાપ્યો અપાર રૂધીર પીધું નીરધાર,
સર્વ દેવ તેણીવાર સ્તુતી દેવીની કરે;
તોય શાંતી નવ થાય મહાદેવ આવ્યા ત્યાંય,
જઈ પડયા ચરણમાં એ દેવી દયા તું ધરે.

વીસહજાર બાણોનો પ્રહાર તેણે દેવીપર કર્યો. પણ સમર્થ શક્તીએ તે સર્વ બાણો પોતાના મુખમાં લઈ કરાલ ડાઢોવડે કચરી રજ સમાન કરી નાંખ્યાં. દેવીનો આવો અદ્દ્ભુત ચમત્કાર જોઈ અને પોતાનો પ્રયત્ન નીષ્ફલ જોતાં સતમુખે અત્યંત ક્રોધિત થઈ આસુરી માયાને ઉત્પન્ન કરી; કે સર્વત્ર ઘોર અંધાર વ્યાપી રહ્યો. ભયંકર ગર્જનાઓની સાથે વિજળીના કડાકાપર કડાકા થવા લાગ્યા, આકાશમાંથી તારાઓ ત્રુટવા લાગ્યા, વળી પ્રલયકાલનો પ્રચંડ વાયુ મહાવેગથી વાતાં, સાથે મુશલધાર વરસાદ પણ ઝપાટાબંધ થવા માંડયો. સેષનાગથી જાણે પૃથ્વીનો ભાર સહન ન થવાથી પોતાનું મસ્તક સંકોચતો હોય તેમ વારંવાર પૃથ્વી કંપાયમાન થવા લાગી. વિશેષમાં વિજયની આશાથી અસંખ્ય બાણોનો વરસાદ કર્યો. પણ તેણે વિચાર્યું નહીં કે જેનું નામ મહામાયા છે, અને જે અપાર શક્તિમાન છે, સમસ્ત બ્રહ્માંડોને રચવામાં યાતો નાશ કરવામાં જેની ઇચ્છા માત્રનુંજ કામ છે, તેની પાસે આ આસુરી અલ્પમાયા તે કેટલે સુધી ટકી સકશે ? તેની માયાનો વિધ્વંશ (નાશ) કરવા દેવીએ વિદ્યુત સમાન બાણનો પ્રહાર કર્યો, કે તરત સર્વત્ર પ્રકાશ થઇ તેનું કૃતવ્ય નષ્ટ થયું. પછી તે અસુરનો નાશ કરવાનો વિચાર

મરાઠી ચાલની સાખી.

ચર્ણું વીષે આળોટે શીવજી કરે પ્રાર્થના પ્રીતે
દૈત્ય જાણીને દોટ મારી ત્યાં જાણ્યું રૂદ્ર ખચીતે;
શાંત ઉર માંહીં થયાં......શીવને ઉત્તમ વચન કહ્યાં,
માગો માગો કહું છું મુખથી મહારૂદ્ર મહારાજ.
શું હિત ધારી મારી પાસે આળોટો છો આજ,
લીઓ મુખથી માગી........સંષય સર્વ તમે ત્યાગી;
શંકર કહે શક્તિની પાસે માગું શું વરદાન,

કરી દેવીએ સો બાણુ મુકી તેનાં સો માથાં પ્રથ્વીપર પાડયાં. પણ પૂર્વની પેઠે તેના રૂધીર બીંદુવડે લાખો સતમુખો થઇ ચારે તરફથી ઘેરી મહાદેવીને મારમાર કરવા લાગ્યાં. ત્યારે દેવીએ વીચાર કર્યો કે આ વરદાનના પ્રભાવેજ તેણે રામચંદ્રજી પાસે વિજય મેળવ્યો છે. હવે તેનાપર અસ્ત્રનો ઉપયોગ કરતાં તેની સંખ્યામાં વધારો કરવો છે; માટે કોઈ બીજા ઉપાયથી તેનો નાશ કરવો જોઇએ. એવું નીશ્ચય કરી પોતાની જીભને વધારી પૃથ્વીપર પાથરી અને મહાદેવી પાછળ હઠતાં હઠતાં સાત જોજન સુધી તે જીભનો વિસ્તાર કર્યો. અને મદાંદ્ધ સતમુખો વિજયના વેગમાં તે પથરાયલી જીભપર દોટાદોટ કરવા લાગ્યા. તે વખતે મહાદેવીએ હુંકાર શબ્દ કરી તે સતમુખોનો નાશ કરવા લાગ્યાં, અને તેઓમાંથી નીકળતું રૂધીર પૃથ્વીપર પડવા ન દેતાં પોતાની જીભથી તેનું પાન કરવા લાગ્યાં. એમ થોડાજ વખતમાં તમામ સતમુખોનો નાશ કરી નાંખ્યો. પછી માત્ર એકજ સતમુખ રહ્યો તેને પોતાની ભૂજાઓથી પકડી વગર શસ્ત્રે હાથેવતીજ તેનાં માથાં તોડીને તેના રૂધીરનું પાન કર્યું. અને તેનાં સોએ મસ્તકની માળા બનાવી પોતાના કંઠમાં ધારણ કરી.

મહા શક્તિ વિજય પામ્યા છતાં તેમના ક્રોધની સમાપ્તી થઈ નહીં તે વખત દેવીના અનીવાર્ય ક્રોધથી ત્રણે લોક તપાયમાન થયા, અને મહા ભય પામ્યા. જોવા આવેલા દેવતાઓ પણ ભયથી વ્યાકુલ બની સ્તુતી કરવા લાગ્યા, પણ શક્તિના ક્રોધની સમાપ્તી થઇ નહીં. આ ક્રોધ જો ઘણી-

સુર સર્વેનાં કષ્ટ હર્યાં છે લઈ સતમુખના પ્રાણ.
હવે તો હાણ થશે........જો નહીં અતર રીશ જશે,
મહા ભયંકર વિકટ દેહ તે સમાવીને આ ઠામ;
મુળ રૂપમાં મળો પ્રભુને વાટ જુવે ઘનશ્યામ,
વિશ્વ સઘળું કંપે........જોઇ આ દેહ નહીં જંપે.
અર્જ સ્વીકારી અવીનાશીની થયાં જાનકી રૂપ,
વિવર દ્વાર પાસે જોયું તો પવન પુત્ર અનુપ;
પડયાં મુરછા ખાઇ.........નહી સુધ સાન હોશે કાંઇ,
કપી શીર હાથ ધર્યો છે જ્યારે ક્ષણમાં થયા સચેત,

વાર ચાલુ રહ્યો તો ત્રણે લોક બળી ભસ્મ થશે, એવું જોઇ બ્રહ્મા વિષ્ણુ સહીત ઇંદ્ર વગેરે સર્વ દેવો મળી મહાદેવજીની સ્તુતી કરવા લાગ્યા. સ્વાયંભૂ! આપ સદા સર્વેનાં કલ્યાણ રૂપ છે, અખંડ છો, અવીનાશી છો, દયાના ભંડાર છો, સમુદ્રના મથન વખતે પણ ત્રણે લોકપર ઉપકાર કરવાને અર્થે આપે હળાહળ ઝેરનું પાન કર્યું હતું. દયાઘન ચંદ્રમૌલી! હમણાંનો સમય તેના કરતાં પણ વીકટ સમજી, આ મહાદેવીના ક્રોધની શાંતી કરવા આપ ત્યાં જાઓ, અને ભયહરણ ભોળાનાથ! અમો સર્વને સંકટમાંથી મુક્ત કરો. પ્રભુ પાર્વતીપતિ તેમ કરવાથી ત્રણેલોકનું રક્ષણ થશે. આપના શીવાય કોઇનાથી પણ એ કામ થવાનું નથી. માટે દેવના દેવ અમારી પ્રાર્થના સ્વીકારો એમ ઘણી પ્રકારની સ્તુતી દેવોએ કરી કે દેવાધિદેવ મહાદેવજીને દયા આવી, અને તેજ વખતે સમરાંગણમાં આવી દેવીના ચરણ પાસે આળોટવા લાગ્યા. મહાશક્તિએ શીવને આમતેમ આળોટતા જોઇને જાણ્યું કે કોઇ અસુર હજી જીવતો રહ્યો છે કે શું? એવું સમજી તેનો નાશ કરવાની ઇચ્છાથી ચરણ પ્રહાર કરવાને જમણો પગ ઉંચો કર્યો કે શાક્ષાત શંકરને જોઇ આશ્ચર્ય પામી દેવી બોલ્યાં અહો!! મહારૂદ્ર આપ અહીં કયાંથી! આપ શું ઇચ્છાથી અહીં આળોટો છો? તમારી જે ઇચ્છા હોય તે મારી પાસે માગી લ્યો. આમ દેવીનાં વચન સાંભળી શીવ પ્રાર્થના કરતાં બોલ્યા,

રામચંદ્ર પાસે આવીને ચરણે નમ્યા સહેત;
હળી મળી સૌ સંગે........બીરાજ્યા હર્ષ ધરી અંગે
કેમ સતી સતમુખ સંહાર્યો કહો સકલ વિસ્તારી,
વચન સાંભળી વિગત વર્ણવી સંક્ષેપેથી ન્યારી;
ખુશી શ્રીરામ થયા......તાપ તનમાંથી સર્વ ગયા,
પ્યાર ધરીને પુછ્યું પ્રભુએ પવન પુત્રને ત્યારે.
યુદ્ધ વિષે શું જોયું કપીવર સત્ય કહો આ વારે,
શુણી સરમાઈ ગયાં......ગદગદ કંઠે વચન કહ્યાં;
આપ કૃપાથી યુદ્ધ કર્યાં છે જોયા સમર મહાન,

મહાશક્તિ! હવે આપના ક્રોધને શાંત કરો, નહીં તો ત્રણે લોકમાં મોટો ઉત્પાત થશે. મહા પાપી અને બળવાન વરદાઈ સતમુખને મારી આપે સર્વ દેવોને સુખી કર્યા છે અને તેઓના શીરપર રહેલો ભય ટાળ્યો છે તો તેથી વિશેષ વરદાન બીજું હું શું માગું? પતિવ્રતા મહા સત્તાધારી સતી! આપના પતિવ્રત રૂપ પુર્ણ તપે આ કોઈનાથી પણ ન થાએ તેવું દુર્ઘટ કામ કર્યું છે. હવે તો શ્રીમન્ પરમાત્મા રામચંદ્રજી આપની રાહ જોયા કરે છે તેથી શાંત થઇ મુળ સ્વરૂપને ધારી તેમની પાસે પધારો, એવી મારી વિનંતી છે. દેવાધીદેવ શ્રીમન્ શંકરનું આ સ્તવન સાંભળી આદ્યશક્તિના ક્રોધની સમાપ્તી થઈ. એટલે સદાશીવ સર્વ દેવો પાસે આવી સર્વને નીર્ભય કરી પછી સૌ પોત પોતાના સ્થાનપર ગયા.

અહીં દેવી સીતાજીના સ્વરૂપને ધારણ કરી ગુફાના દ્વાર પાસે જ્યાં આવે ત્યાં તો હનુમાનજીને મુર્છાવશ પડેલા જોઇ તેના મસ્તકપર સીતાજીએ પોતાનો હાથ મુક્યો, કે તરત જ મહાવીર હનુમાનજી સાવધ થયા અને મહા સતી જાનકીજીના ચરણમાં પડી કહેવા લાગ્યા, માતુશ્રી! આપની અલૌકિક શક્તિને ધન્ય છે. મારો અને બીજા વાનર વિરોનો પોતાના બળ વિષે ખોટો મોહ આપના આ અમોઘ કાર્યથી નીવૃત થયો છે એમ સ્તુતી કરી એટલે સીતાજીએ તેને યોગ્ય સાંત્વના કરી પોતાની સાથે લઈ

આદ્ય શક્તિનું સ્વરૂપ નીરખી સર્વ ગઈ સુધશ્રાન.
ભયંકર રૂપ અતી......જોઇને હામ રહે ન રતી,
હમણા આવી આદ્યશક્તિએ કરમુજ શીરપર દીધો;
કૃપા કટાક્ષે જોઇ દાસને સદ્ય સચેતન કીધો,
દયાળી દેવી અતી......ઘણી છે અકળીત જેની કૃતી.
શ્રવણ કરીને સર્વ હકીકત વિસ્મય પામ્યા રામ,
પછી વિભીક્ષણ સામે જોઇ બોલ્યા શ્રીઘનશ્યામ;
સાંભળો અસુર પતિ......કરીએ પ્રયાણ લંક પ્રતી;

પ્રભુ પાસે આવી તેમને નમન કર્યું અને પ્રભુની આજ્ઞાથી તેઓ બેઠા કે સર્વ સૈન્યે લક્ષ્મણજી સુદ્ધાં મહાસતિ સીતાજીને ઘણાં હર્ષથી પ્રણામ કર્યાં. ત્યારે રામચંદ્રજીએ પુછ્યું મહાસતી! તમે સમર્થ સત મુખનો કેવી રીતે નાશ કર્યો, તે કહો. આ સાંભળી સીતાજીએ સંક્ષેપથી બધી હકીકત વર્ણવી કહી. જે સાંભળી સર્વને આનંદાશ્ચર્ય થયું. પછી રામચંદ્રજીએ હનુમાનજી સામે જોઇ કહ્યું કપીવર ભક્તરાજ! યુદ્ધ ભુમીમાં તમે શું જોયું તે કહો. તે સાંભળી શરમને લીધે માથું નીચું કરી ગળગળા સાદે બોલ્યા, પ્રભુ! મેં આપની કૃપાથી ઘણા ભયંકર સંગ્રામ કર્યા છે. અને જોયાં પણ છે. છતાં આતો આદ્ય શક્તિનું તે સમયનું સ્વરૂપ જોતાં જ હું તો મુર્છા વશ પડયો, જેથી યુદ્ધ ભુમીમાં શું થયું તેની મને જરા ભાન રહી નથી. જ્યારે દેવીએ મારા શિરપર હાથ આપ્યો ત્યારે જ મને શુદ્ધી આવી. મેં જે સ્વરૂપ દેવીનું જોયું તે એવું તો ઉગ્ર હતું કે ગમે તેવો શુરવીર હોય તેનું પણ હૃદય ફાટી ગયા વિના રહેજ નહીં. આ વૃત્તાંત સાંભળી રામચંદ્રજી ઘણાજ વિસ્મય પામ્યા. પછી પ્રસન્ન ચિત્તે વિભીક્ષણ સામે જોઇ બોલ્યા અસુરેશ! હવે પ્રથમ તો લંકામાંજ જઇ તમારા સત્રુ પુન્ડરીકનો નાશ કરી તમને લંકાનું નીસ્કંટક રાજ અપાવવું એ મારૂં કામ બાકી છે. કારણ કે પુન્ડરીક જ્યાં લગી જીવતો હશે ત્યાં લગી સુખ રૂપ તમને રાજ્ય કરવા આપશે નહીં. માટે તે કંટકને દુર કરવો જરૂરનો છે. તેથી પ્રથમ તેનો

મરાઠી ચાલની સાખી ટુંકી ચાલની.

પુંડરીકના પ્રાણુ હરીને આપું લંકનું રાજ,
નહીંતો વળી કંટક નડશે ક્યાં શીઘ્ર કરૂં એ કાજ;
ક્રોધ યુક્ત વાણી વિભુ વરની શ્રવણુ કરી અસુરેશ,
ગદ ગદ કંઠે વચન ઉચારે દયા કરો વિશ્વેશ.
સર્વ કુટુંબ હણાયું મારૂં શેષ રહ્યો આ બાલ,
મુજપર મેર કરી કરૂણા કર હણો ન દીન દયાલ;
સત મુખ તણું સુખાસન સ્વામી પુર માયાવી જેહ,
આપો પ્રેમ ધરી પુન્ડરીકને મમ ઇચ્છા છે એહ.

નાશ કરી લંકાનું રાજ્યાસન તમને સોંપી પછી અયોધ્યામાં અમો જઇશું. આવી ક્રોધ યુક્ત વાણી રામચંદ્રજીની સાંભળી હાથ જોડી વિભીક્ષણુ ગળગળા સ્વરથી કહેવા લાગ્યા, પ્રભુ! અમારા આખા કુટુંબનો નાશ થવા પછી શેષમાં આ એક બાળકજ પુન્ડરીક બાકી રહ્યો છે. માટે ભક્ત વત્સલ! મારા પર પુર્ણ કૃપાકરી તેને ન મારતાં આ સત્‌મુખનું રાજ્યાસન માયાવીપુરનું તેને આપી સુખી કરો, એવી મારી ઇચ્છા છે. તે કૃપા કરી પુર્ણ કરશો. દયાનીધી! હું આપનો દીન સેવક છું માટે મારી અરજ ધ્યાનમાં લેશો. આવાં વિભીક્ષણુના વચન સાંભળી અત્યંત પ્રસન્ન થઇ રામચંદ્રજી બોલ્યા ધન્ય છે ભક્તરાજ આપને ધન્ય છે. તમારી પરોપકાર વૃતીને હજારવાર ધન્ય છે. પુડરીકે જ્યારે તમારા નાશનો ઉપાય રચ્યો ત્યારે તમે તેનાજ બચાવ માટે મારા પાસે વિનંતી કરી મને સમજાવો છો, તે તમારી ઉત્તમ વૃતીથી હું ઘણો પ્રસન્ન થયો છું. ખરેખર મારા ભક્તો તો મને સર્વમાં વ્યાપ્તમાન થયેલો અને પુર્ણ અંશે ભરેલોજ જોઇ રહ્યા છે. તો તે પછી કોનાથી વિરોધ કરે? તે એોને સત્રુ કે મીત્ર કોઇ છેજ નહીં. કારણુ કે ચરાચરમાં મને એક સરખો જોઇ સર્વની સાથે સમ્ભાવથી પોતાનું વર્તન કરે છે, તેવા સમાન દ્રષ્ટિવાળા ભક્ત જેવું આખા બ્રમાંડમાં કોઇ મને પ્રીય નથી. માટે ભક્તરાજ! તમારે જે ગમે તે વરદાન મારી પાસે માગી લ્યો. કારણુ કે તમે શત્રુ પર દ્વેષબુદ્ધી

રાગ ભેરવી ગજલ.

(કરી કૃપાનાથ નટવર હાથ મારો મુકશોમાં એ રાગ.)

ક્ષમા કરી ભક્ત પ્યારા જગતને શુભ શીખ આપી,
દયા દુશ્મન પરે કરવી સૌ રીશને ઉથાપી—ક્ષમા.
દીધું મમ દાસને હું સર્વ બ્રમાંડે ભરેલો,
કરે નહીં ક્રોધ આણી વિરોધ કોનાથી કદાપી—ક્ષમા.
તમારી જેમ ઇચ્છા તેમ હું તત્પર રહ્યો છું,
માગો વરદાન બીજું જે ગમે મનને પ્રતાપી—ક્ષમા.

ન રાખતાં ક્ષમા કરી અને તેનું હિતચિંતન કર્યું. ઉપકારપર પ્રતિ ઉપકાર કરેવા એતો જગતનો સામાન્ય વ્યવહાર છે, પણ અપકારપર ઉપકાર કરનારને હું અતીશય શ્રેષ્ટ સમજું છું, અને તેનાપર ઘણોજ પ્રસન્ન રહું છું. તમે આ દાખલાથી આખી દુનીયાંને શીખામણ આપી છે, માટે પરમ ભક્ત મારા પાસે માગો હું તમારા પર ઘણોજ ખુશી છું. આવાં પ્રેમમય પ્રભુનાં વચન સાંભળી વિભીક્ષણે રામચંદ્રજીના ચરણ પકડી અચળ ભક્તિ વર માગી લીધો. જે અત્યંત પ્રેમની સાથે પ્રભુએ આપ્યો. પછી હનુમાનજીને આજ્ઞા કરતાં તેમણે સર્વ સૈન્ય સાથે રામચંદ્રજી, લક્ષ્મણજી ને શીતાજીને પોતાના સ્કંધ પર બેસાડી સમુદ્રમાં રહેલા મગરની પીઠ પર સર્વને ઉતાર્યા. કે મગર મત્સ પરમાત્માને પ્રણામ કરી તેમની આજ્ઞાથી લંકા પ્રતિ પ્રયાણ કરવા લાગ્યો. શાંતીથી ચાલતાં પણ બે પ્રહરમાં સર્વ સાથને લંકામાં પહોંચાડયાં. તેથી તેનાપર પ્રભુ ઘણાંજ પ્રસન્ન થઈ વરદાન માગવાનું કહેતાં તેણે અખંડ વૈકુંઠ ધામની પ્રાપ્તી માગી કે તેજ વખતે પરમાત્માની ઇચ્છાંથી તે દીવ્ય રૂપને પામ્યો. ત્યારે વૈમાનમાં બેસાડી પોતાના ધામમાં અખંડ નીવાસ કરવા તે જલચરને રામચંદ્રજીએ મોકલાવી દીધો, અને સૈન્યમાં તથા સ્વર્ગમાં જય જયકારનો શબ્દ થયો.

લંકામાં પુન્ડરીકને ખબર મળી કે માયાવીપુરમાં વિભીક્ષણની પક્ષ કરી રામચંદ્રજીએ સતમુખને માર્યો છે, અને હવે લંકા સુધી પહોંચી આવ્યા છે.

રાગ મરાઠી શાખી ટુંકી ચાલની.

સુણી વાકય વિભુના તે વખતે બોલ્યા છે લંકેશ,
અવર અચળ ભક્તિ માગું હું આપો શ્રી અવધેશ.
એવમસ્તુ કહી કરી તૈયારી સૈન્ય સાથ રઘુનાથ,
મગર પીઠપર ચડી દીયામે પોતે લંકા સાથ.
પુન્ડીક વિચારે મનમાં છે બહુ જબરૂં કામ,
સત મુખ તણો વિનાશ કર્યો તો મને ન મુકે રામ.

એ સાંભળતાં મનમાં વિચાર કરવા લાગ્યો કે જેણે સત મુખ જેવા અગાધ પરાક્રમી વીરનો તેના વિજયથી સૈન્ય સહીત નાશ કર્યો, તેની સામે થવું એ કેવળ મુર્ખતાજ ગણાશે. કેમકે સતમુખ જેવા વિશ્વ વિજયી વિરનો નાશ કરનારને તે આ જગતમાં તો શું પણ ત્રણ લોકમાં એ કોણ જીતી શકે ? માટે તેને શર્ણ થવા વગર ઉગરવાનો બીજો કોઇ પણ ઉપાય નથી. જેથી તેમને શરણજ થવું. (તેણે સાંભળ્યું હતું કે રામચંદ્રજી શરણે આવનાર કદી શત્રુ હોય તેને પણ મારતા નથી) એમ વિચાર કરી શ્રીરામચંદ્રજીને શરણ ગયો. ત્યાં સૈન્યની મધ્યમાં બીરાજમાન થયેલા રામચંદ્રજીના ચરણનું ચુંમ્બન કરી બોલ્યો, અધમોદ્ધારણ પ્રભુ ! હું આપને શરણ છું. દયાના ભંડાર વિભુ મારા પર કૃપા કરી મને ભયથી મુકત કરો. રામચંદ્રજીએ તેને શરણે આવેલો અને દીન વાકયો કહે તો સાંભળી, તેમજ વિભીક્ષણના વચનનો વિચાર કરી, તેના મસ્તક પર પોતાનો હાથ મુકી તેને નીર્ભય બનાવી બોલ્યા, પુન્ડરીક ! તું નીર્ભય થા. તારે હવે બીવાનું કાંઇ કારણ નથી. તને તો ક્યારનોએ વિભીક્ષણે મારા પાસે વચન માગી નીર્ભય બનાવ્યો છે, માટે તેનો ઉપકાર માન. આવાં રામચંદ્રનાં વચન સાંભળી તે આશ્ચર્ય પામ્યો અને વિચાર્યું કે હું જેને કુલાઘાતી સમજતો હતો, વળી સતમુખનો આશ્રય મેળવી જેને મેં રાજ્યાસનપરથી પદભ્રષ્ટ કર્યો હતો, છતાં તે જરાએ મનમાં ન લાવતાં મને પોતાનો સમજી મારો બચાવ કર્યો, માટે મારે તેનો ઉપકારજ માનવો જોઇએ. એવું વીચારી વિભીક્ષણને તેણે દંડવત પ્રણામ કર્યા. તેને ઉઠાડી લંકાપતિએ છાતી સરસો દાબી પોતાની પાસે બેસાડયો એટલે ફરી

એક શરણુ થાતાં ઉગરશું અવર ન કાંઇ ઉપાયે,
એમ વિચારી ગયો અસુર જ્યાં બેઠા શ્રીરઘુરાએ.
શરણાંગત રક્ષક શરણે છું એમ કરી પોકાર,
અસુર તણા શીરપર કર ધારી અભય કર્યો નીરધાર.
આપ્યું રાજ સતમુખનું તેને ખુશી થયો તે મન્ન,
અસુર પતી નીજ પુરીને પામી પુરણ થયો પ્રસન્ન
શેષ, રમા, સહ સેન્ય સજી પ્રભુ ગયા અવધ ધરી કોડ,
રેવાશંકર કહે સભાજન બોલો શ્રી રણછોડ.

રામચંદ્રજી બોલ્યા પુન્ડરીક ! વિભીક્ષણે માત્ર તારો બચાવજ નથી કર્યો, પણ માયાવીપુરનું રાજ્ય પણ તને આપવું એવું માગ્યું છે, માટે તું તારી માતા સવર્તમાન તેપુરનું રાજ્ય કર. અને હમેશાં વિભીક્ષણ પ્રતિ પીત્રભકિત રાખી આનંદ ભોગવ. આ સાંભળતાં તો તેના હર્ષનો પાર ને રહ્યા અને વિભીક્ષણ તરફ તેને અથાગ લાગણી ઉત્પન્ન થઈ. અનંત સુખનું સ્થાન માયાવીપુર તેણે પોતાને અપાવ્યું તેથી તેનો અપાર આભાર માનવા લાગ્યો. પછી પ્રભુની આજ્ઞાથી રસાતલમાં ગયો અને ત્યાંથી પોતાની માને સાથે લઇ માયાવીપુરમાં પોંચ્યો અને ત્યાંનું સમૃદ્ધિ યુકત રાજ્ય ભોગવવા લાગ્યો. તેના ગયા પછી પ્રભુએ વિભીક્ષણને લંકાના રાજ્યાસનપર બીરાજમાન કર્યા કે તેથી તેઓ પણ ઘણાંજ પ્રસન્ન થયા. પછી પુષ્પકવિમાન પર બેશી લક્ષ્મણ સીતાજી અને વાંદર રીંછોના સર્વ સેન્ય સુદ્ધાં ઘણા આનંદથી રામચંદ્ર અયોધ્યાપુરીમાં આવ્યા ત્યાં સતમુખના નાશની હકીકત સાંભળી સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો અને ઘર ઘર મંગલાચાર થયા. હવે છેવટ સતી પતિવ્રતા મહાશક્તિ આદ્યમાયા સીતાજી, વળી અજ અખંડ વિશ્વ વ્યાપક દયાનિધી રામચંદ્રજીને પ્રણામ કરી "રેવાશંકર" આ કથા પ્રસંગ અહીં પુર્ણ કરે છે જેથી વાચક વૃંદ કે શ્રોતા જન જય જય શ્રીરણછોડ એ શબ્દનો પવિત્ર ઉચ્ચાર કરી પાવન થાઓ. ઇત્યોમ્ ઇતીશ્રી રેવાશંકર વિરચીત સતમુખ સંહાર સમાપ્ત. ઇત્યોમ્ શ્રીહરી.

અગાઉથી આશ્રયદાતા ગ્રાહકોના મુબારક નામ.

નકલ નામ.

કચ્છ તુણાબંદર.

૫ રા. રા. મોતીચંદભાઇ રણછોડદાસ બોમ્બે સ્ટીમ નેવીગેશન કંપનીના એજંટ.

૩ રા. હીરજીભાઈ વિશ્રામ ઠકર હેડ કલાર્ક બી. એસ. એન. કું.

૨ ઠા. પ્રાગજી દેવકરણ હા. મોતી પ્રાગજી પલણ

૧ ઠા. દામજી દેવકરણ હા. હીરજી દામજી પલણ.

૧ ઠા. એચર રાઘવજી હા. રામજી એચર જોબન પોત્રા.

૧ ઠા. ગોવિંદજી કુંવરજી માધવજી

૧ ઠા. ઓધવજી જેઠા.

૧ ઠા. વેલા ગોપાલ કમીશન એજંટ

૧ ઠા. ખીમજી નારણજી

૧ ઠા. દેવજી હરજી

૧ રા. રા પાઠક કલ્યાણ રાયભાઇ મોરલીધર સ્ટેશન માસ્તર

૧ જોશી કાનજી મુરારજી ડોકટર

૧ શોની કલ્યાણજી ખીમજી શીવજી

૧ સાધુ પુરૂષોતમદાસ રણછોડદાસ

કચ્છ કુંભારીઆ.

૧ મીસ્ત્રી લાલજી વસ્તા

૧ મીસ્ત્રી હીરજી રત્નુ

નકલ નામ

૨ મીસ્ત્રી જેરામભાઇ જગમાલ કંટ્રાકટર મરમગોઆ

૧ ઠા. જાદવજીભાઈ નરશીંહ

૧ મીસ્ત્રી માધવજી જેઠા

કચ્છ વલાડીઆ.

૨ ઠા. પુરૂષોતમ નથુભાઈ

કચ્છ સંઘડ.

૧ ઠા. લાલજી મુલજી

૧ ઠા. રવજી ભાણજી

૧ ઠા. દેવશી જુઠા

કચ્છ અંજાર.

૧ ઠા. પરશોતમ હંસરાજ

૧ દોશી ભવાનજી દામજી

કચ્છ મુંદ્રા બંદર.

૧ ઠા. વીશનજી લધા

૧ ઠા. હરજી મુરારજી હા. કેશવજી રતનશી

કચ્છ ચાંદ્રાણી.

૧ ઠા. રણછોડ પ્રાગજી

૧ ઠા. ભવાનજી વાલજી

કચ્છ ગુંદાલા.

૧ ઠા. લધા પદમશી

૧ ઠા રતનશી નથુ

કચ્છ રતાળીઆ.

૧ જાડેજા માલાજી સુમરાજી હા. ઠા. એચર નરશી

નકલ નામ.

કુચ્છ—કુકમા.

૧ ઠા. મોતી નારાણજી

કુચ્છ કીદાણા.

૧ ઠાં શીવજી રામજી હા. ગોવીંદજી શીવજી

૧ ઠા. ભવાનજી અખઈ

૧ ઠા. રતનશી વાલજી

૧ ઠા. પ્રધાન અખઇ મુંબઇબંદર

૫ દોશી મુલચંદ વાઘજી મારફત

૧ દોશી મુલચંદ વાઘજી

૧ શાહ મુલજી ધરમશી

૧ શાહ વચ્છરાજ કાનજી

૧ પારેખ ગોવિંદજી નથુ

૧ શેઠ જગશી ટોકરશી

૩ શેઠ રણછોડદાશભાઈ હા. ઠા. દેવકરણ ગાંગજી પાકીટવાલા

૧ ઠા. વિઠલદાસ હરીરામ

૧ ઠા. દામજી ત્રીકમજી

૧ ઠા. હીરજી ઉર્ફે પોપટ મુલજી

૧ જોશી ભવાનજી જયશંકર કણબીના ગોર દુધઇવાલા

૧ જોશી ડુંગરશી દયારામ ખટરીઆ

નકલ નામ.

૧ જોશી ઠાકરશી કલ્યાણજી

૧ ઠા. ભાણજી લધા

કુચ્છ વરસામેડી.

૧૦ શેઠ લધુભાઇ લાલજી

૧ શેઠ જીવરાજ આણંદજી

૨૨ શેઠ નારણજી હીરજી

૧ શેઠ મુરારજી રામજી

૧ શેઠ વેલજી વીરજી

૧ શેઠ માધવજીભાઇ ગંગાધર કંટ્રાકટર કચ્છ રીઆવાલા

ભદ્રેસર કચ્છ.

૫ શેઠ રામજી શેલજી

૧ ઠા. દેવજી ધરમશીહ

૧ ઠા. ડુંગરશી રતનશી

કરાંચી બંદર.

૧ શેઠ ધરમશી લખમશી

૧ શેઠ નરશીંહદાસ રવજી

૧ માહારાજ નારાણજી વિજયરામ

૧ જોશી શીવજી નારણજી હા. રામજી શીવજી

૧ જોશી ભુતુ પુરૂષોતમ

કુચ્છ માંડવી બંદર.

૨ ઠા. દામોદર કાનજી

આ પુસ્તક માટે શેઠ રાઘવજીભાઇ પરશોતમની ઇચ્છાથી વધારે ગ્રાહકો કરવાની કોશેશ કરી નથી.